# જ્ઞાનયાત્રાનાં આનંદી સુકાની







# જ્ઞાનયાત્રાનાં આનંદી સુકાની

**પ્રકાશક:**
શ્રી આનંદીબહેન (આનંદોત્સવ) અભિવાદન સમિતિ
સમાજકાર્ય વિભાગ, મ.દે. સમાજસેવા સંકુલ,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

જ્ઞાનયાત્રાનાં આનંદી સુકાની

નકલઃ ૫૦૦

વર્ષઃ ૨૦૨૩

પ્રકાશકઃ
શ્રી આનંદીબહેન (આનંદોત્સવ) અભિવાદન સમિતિ
સમાજકાર્ય વિભાગ, મ.દે. સમાજસેવા સંકુલ,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પરામર્શનઃ ડૉ. દામિની શાહ, ડૉ. ઈશાની પટેલ, ડૉ. મનોજ પરમાર


સંપાદનઃ સંજય દવે - ચરખા

લેઆઉટ-ડિઝાઇનઃ સચિન પટેલ

મુદ્રકઃ સત્યમ્ પ્રિન્ટ, અમદાવાદ

# આમુખ

- પ્રો. (ડૉ.) ભરત જોશી
(કા. કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ)



શિક્ષક એવો વ્યવસાયિક છે, જેનું નિવૃત્ત થવું લગભગ શક્ય નથી. સરકારી વ્યવસ્થાનાં માળખામાં ધોરણો અનુસાર નિશ્ચિત વયમર્યાદા, શિક્ષકને નિવૃત્તનો દરજ્જો આપે છે એટલા પૂરતું ‘નિવૃત્ત શિક્ષક’ સંજ્ઞાનું અસ્તિત્વ સ્વીકારવું રહ્યું. સામાજિક કાર્ય અને શિક્ષણ અવિનાભાવથી જોડાયેલા છે. શિક્ષણ નોકરી હોવા ઉપરાંત, સામાજિક કાર્ય હોવાથી આ વ્યવસાયનું વિશેષ અદકેરું મહત્ત્વ સ્થાપિત થયેલું છે. વ્યક્તિ જ્યારે શિક્ષક બને છે, ત્યારે તેનું સામાજિક ઊર્ધ્વીકરણ અનાયાસ થાય છે અને સામાન્ય રીતે તે જળવાતું જોવા મળે છે. ડૉ. આનંદીબહેન પટેલનો કિસ્સો આ દૃષ્ટિએ ઘણો વિશિષ્ટ છે, કારણ કે તેઓ તો સમાજકાર્યના શિક્ષક છે. તેમનું સામાજિક કાર્યકર હોવું તો વ્યવસાયિક રીતે પણ સ્વાભાવિક બાબત ગણાય અને વળી, ગૂજરાત વિદ્યાપીઠના શિક્ષક હોવાથી તે વાતનું કલેવર જ બદલાઈ જાય.

ગૂજરાત વિદ્યાપીઠનો સમાજકાર્ય વિભાગ, નોખી ભાત ઉપસાવી કાર્યરત છે. તેમાં વિભાગના નેતૃત્વની ભૂમિકા મહત્ત્વની બને છે. ડૉ. આનંદીબહેને આ વિભાગમાં અધ્યક્ષ તરીકે ઘણી લાંબી સેવાઓ આપી છે તેની અસરો આ વિભાગના આજના કલેવરમાં સહજ રીતે જોઈ શકાય છે. તેઓ સ્વયં શિક્ષક-સંતાન હોવાથી અને કદાચ એક સામાજિક-કર્મશીલના જીવનસંગિની હોવાથી તેમનું શિક્ષકત્વ સામાજિક કાર્યના ક્ષેત્રમાં સુવિકસિત થયું. વારસાગત સંસ્કારોથી અર્જિત પર્યાવરણમાં તેમનું ઘડતર રંગ લાવ્યું. તેમની આ લાક્ષણિકતા વ્યવસાયિક નિખાર પામી. તેનાં પરિણામો સમાજકાર્ય વિભાગના આજના સ્વરૂપમાં વ્યક્ત થાય છે.

વિદ્યાર્થીમાં શિક્ષક પુનરાવતાર પામે છે. આનંદીબહેનના વિદ્યાર્થીઓની મોટી ફોજ છે. આ પુસ્તકમાં જ આમાંનાં ઘણાએ તેમના મનની બારીઓ ઉઘાડી તેમના પ્રિય શિક્ષકની ઝાંખી કરાવી છે તે જોઈ કોઈનેય આનંદ થયા વિના ન રહે. અહીં સંગ્રહાયેલાં લખાણોમાં ડૉ. આનંદીબહેન પટેલના વ્યક્તિત્વની નોખી-અનોખી છટાઓ પ્રગટે છે. કોઈ સંશોધક આ બધાં લખાણોનું વિષયવસ્તુ વિશ્લેષણ કરે તો તેમાંથી આનંદીબહેનના વિશિષ્ટ વ્યક્તિ-લક્ષણોની યાદી મળી આવે. માત્ર

શીર્ષકોનું વાચન કરીએ તો પણ કેળવણીના કલાકાર તરીકે આનંદીબહેનનાં ઊર્જા, ધૈર્ય, પ્રેરણા, પ્રેમ, દઢતા, શાંતિ, કૌશલ્ય, જ્ઞાન, માર્ગદર્શન, હકારાત્મકતા, માતૃત્વ, આચરણ જેવાં લક્ષણો પ્રગટ થાય છે. શિક્ષકે 'પહોંચાડવાનું' નથી, પણ 'પહોંચવાનું' છે તે વાત ડૉ. આનંદીબહેન પટેલે સિદ્ધ કરી છે તેવું આ લખાણો દર્શાવે છે. આ પુસ્તક, આ રીતે ઘણું અગત્યનું બને છે. કલાપી 'માણ્યું તેનું સ્મરણ કરવું તેય છે એક લહાણું' એમ કહે છે તે આ પુસ્તકના લેખકોએ પુરવાર કર્યું છે. વિદ્યાર્થીઓ ઉપરાંત, સહયોગીઓએ પણ તેમાં સૂર પુરાવ્યો છે તેની પણ નોંધ લેવી જોઈએ.

આનંદીબહેનના નિવૃત્ત થવાના સંદર્ભને, કાયમી ભૌતિક સ્મૃતિનું રૂપ આપવાના વિચારમાંથી મૂર્તિમંત થયેલું આ પુસ્તક, સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રકાશિત થાય છે તે ઘણું સરાહનીય છે.

ડૉ. આનંદીબહેન પટેલ પ્રોફેસરના પદથી નિવૃત્ત જરૂર થશે, પણ 'પ્રોફેસરી'માંથી નિવૃત્ત થઈ શકશે નહીં, તે તેમના પિતાનો તેમને મળેલો વારસો દર્શાવે છે. તેમનું નવો વળાંક લેતું નિવૃત્ત જીવન, તેમના નામાર્થથી છવાયેલું રહે તેવી મારી શુભકામનાઓ પાઠવું છું.



# અનુક્રમણિકા


| ક્રમ | | | પાના નં. |
|---|---|---|---|
| • | આમુખ | પ્રો. (ડૉ.) ભરત જોશી (કા. કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ) | ૩ |
| • | વિદ્યાર્થીઓનાં સંભારણાં | | ૧૦ |
| ૧. | આનંદીબહેનમાં નેતૃત્વ ઓળખવાની અને ખીલવવાની ગજબની શક્તિ છે | અમરત ચૌધરી | ૧૧ |
| ૨. | ગુરુમા, આપનાં વચનો શ્રેષ્ઠત્તમ ઊર્જાવાન રહ્યાં છે | અમિત બિરારી | ૧૩ |
| ૩. | આનંદીબહેને મારામાં પ્રામાણિકતા, ધીરજ અને પરિશ્રમના ગુણોનું સિંચન કર્યું | અલ્પેશ ચૌહાણ | ૧૪ |
| ૪. | આનંદી મૅડમે ભેટમાં આપેલા પુસ્તકમાંથી મને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાની પ્રેરણા મળી | અલ્પેશ બારોટ | ૧૫ |
| ૫. | તેમણે વિદ્યાર્થીઓ અને સહકર્મીઓમાં વિશ્વાસ રાખ્યો છે તેમ જ તેમને વિચારવાની, વ્યક્ત કરવાની... | અવની ઋષિ | ૧૬ |
| ૬. | તેઓ મને એક ઉમદા અધ્યાપકની સાથે-સાથે એક ગુરુ-કમ-મિત્ર જેવાં લાગ્યાં છે | આનલ ભટ્ટ | ૧૮ |
| ૭. | અમારાં મોજીલાં અધ્યાપક આનંદીબહેન | આરતી પાડવી | ૧૯ |
| ૮. | શિક્ષણના જીવ તરીકે આપે, વિદ્યાર્થી તથા સમાજ-કાર્યકરો સાથે નિર્માણ કરેલું સોનું હંમેશાં અકબંધ રહેશે | ઉર્મિલા જી. દંતાણી | ૨૦ |
| ૯. | ના કોઈ સ્વાર્થ, ના કોઈ પીડા કે ના કોઈ ક્રીડા, સમજણથી મહેકાવે  પ્રેમને, એવા મળ્યા રે અમને... | એલિસન એમ. દરજી | ૨૧ |
| ૧૦. | કેળવણીનાં કલાકાર ડૉ. આનંદીબહેન પટેલ | કમળા માળી | ૨૨ |
| ૧૧. | પ્રૉફેશનલની સાથે-સાથે પર્સનલ લાઇફમાં પણ તેમણે હંમેશાં સારી સલાહ, સપોર્ટ અને સાંત્વના આપ્યાં છે | કાજલ નાયી | ૨૩ |
| ૧૨. | અઘરા લાગતા વિષયો ભણાવવાની તેમની શૈલી ખૂબ સરળ અને વિષયને ઝડપથી સમજી શકાય તેવી આકર્ષક લાગી | કિરણભાઈ વા. લકુમ | ૨૪ |
| ૧૩. | તમારી ક્યારેય ન સમાપ્ત થતી ધીરજ, પ્રેરણા અને દ્રઢતા બદલ આભાર | કીર્તિ પ્રજાપતિ | ૨૫ |
| ૧૪. | મને તમારી પાસેથી શિક્ષણ અને જ્ઞાનરૂપી જે વારસો મળ્યો છે તેને હું સદાયે મારું સદનસીબ સમજું છું | કૃપા જાની | ૨૬ |
| ૧૫. | "આપણે લોકોને બદલવાનાં નથી, આપણે બદલાવાનું છે" | ગાયત્રી પટેલ | ૨૮ |
| ૧૬. | સરળ, સહજ અને કાળજીભર્યું વ્યક્તિત્વ ધરાવતાં આનંદીબહેન | ગિરિજા મહંત | ૨૯ |
| ૧૭. | સઘન ફિલ્ડવર્ક માટે વિદ્યાપીઠની પ્રાર્થનામાંથી મુક્તિ અપાવનારાં ડૉ. આનંદીબહેન | ગિરીશકુમાર ત્રિવેદી | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | અમારી ઉંમર કરતાં ત્રણ ગણી વધારે વય, તેમ છતાં અમારાં પ્રિય મૅડમમાં જુસ્સા અને હિંમતની કમી ન હતી | ગુંજન માછી | ૩૧ |
| ૧૯. | હર્ષાનંદની જીવંત મૂર્તિ : આનંદીબહેન | ડૉ. ઘનશ્યામ વાઘેલા | ૩૨ |
| ૨૦. | કોઈ પણ મુદ્દાને શાંતિથી, પણ સચોટ રીતે મૂકવાની તેમની રીતનું અનુકરણ કરવા પ્રયત્ન કરતી રહું છું | જયશ્રી અરગડે | ૩૪ |
| ૨૧. | આનંદીબહેને અમને જ્ઞાતિ, સંપ્રદાય, નકારાત્મક વલણો અને પૂર્વગ્રહોથી પર રહેવાનું શીખવ્યું | જયા રાવલ | ૩૫ |
| ૨૨. | લોકો સાથે વર્તવાની અને વાત કરવાની રીત તેમ જ દરેક પરિસ્થિતિમાં ખૂબ સારી રીતે... | જયેન્દ્ર કનુભાઈ વસાવા | ૩૭ |
| ૨૩. | તેમનાં વર્ષોના અનુભવોના ખજાનાનો લાભ અમને સાંપડ્યો | જાનવી ડી. આચાર્ય | ૩૮ |
| ૨૪. | આનંદી મૅડમ અને વિદ્યાપીઠે આપેલા સંસ્કારો મેં મારા વર્તન-વ્યવહારમાં જાળવી રાખ્યા છે | જાનવી જોષી | ૩૯ |
| ૨૫. | તમારી કાર્યપ્રણાલીએ અમારા વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં પણ સર્જનાત્મક પ્રેરણા આપી છે | જીતેન્દ્રકુમાર શ્રીમાળી | ૪૦ |
| ૨૬. | વિદ્યાર્થીઓ સ્વ-ઘડતર કરી શકે એ માટે તેઓ હંમેશાં ઉત્તમ માર્ગદર્શક રહ્યાં છે | ક્વિન્કલ પટેલ | ૪૧ |
| ૨૭. | આદરણીય આનંદીબહેનને આ કવિતા અર્પણ... | દક્ષા કે.ચાવડા | ૪૨ |
| ૨૮. | વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર-સ્તંભો અને ગાંધીજીની ફિલસૂફીને... | દિનેશ ડાભી | ૪૩ |
| ૨૯. | આનંદીબહેને વર્ગખંડમાં ભણાવેલા અભ્યાસક્રમ કરતાં તેમનાં આચરણ અને વિચારમાંથી અમે વધારે શીખ્યા છીએ | દિનેશ સોલંકી | ૪૪ |
| ૩૦. | ડૉ.આનંદીબહેન પટેલઃમારા માટે પ્રથમ ગુરુજી, માર્ગદર્શક અને બાળ-અધિકારના જતન માટે સતત પ્રેરણાસ્રોત | દિલીપ જે. મેર | ૪૫ |
| ૩૧. | આનંદીબહેને સમાજકાર્ય વિભાગને એક અડગ નેતૃત્વ પૂરું પાડ્યું | દૃષ્ટિ વિજય | ૪૬ |
| ૩૨. | સમાજ-કાર્યકરો માટે પથદર્શકઃ પ્રો.આનંદીબહેન પટેલ | ધર્મેશકુમાર ચૌધરી | ૪૭ |
| ૩૩. | સમાજકાર્યનાં ઊંડાં અભ્યાસુ અને માર્ગદર્શકશ્રીઃ ડૉ. આનંદીબહેન પટેલ | નયના મછાર | ૪૯ |
| ૩૪. | અમારાં વર્તન, મૂંઝવણો, ગુસ્સો, તરવરાટને સાચી દિશા આપનારાં તમે છો!... | નિધિ ભટ્ટ | ૫૦ |
| ૩૫. | આપના સાનિધ્યમાં પસાર કરેલા અમૂલ્ય સમયની સ્મૃતિ મારા માટે પ્રેરણા-સ્રોત બની ગઈ છે | નિર્મલ ડી. ચૌધરી | ૫૧ |
| ૩૬. | વિદ્યાપીઠમાં અમારાં સૌનાં માતા એટલે આનંદીબહેન | નિશા મકવાણા | ૫૨ |
| ૩૭. | Your calm nature, wisdom and simplicity inspires me a lot | Nisha Soni | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૩૮. | સમાજકાર્યના શિક્ષણમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન, મારાં બાળકોના ઉછેરમાં પણ મને બહુ ઉપયોગી સાબિત થયું | નેહા પટેલ | ૫૪ |
| ૩૯. | વિદ્યાર્થીઓમાં રહેલી ખૂબીઓ નિખારવા અને ખામીઓ દૂર કરવા માટે તેઓ હરહંમેશ પ્રયત્નશીલ રહેતાં | પંકજ બી. પટેલ | ૫૫ |
| ૪૦. | આનંદીબહેન એટલે ‘વહાલનું અક્ષયપાત્ર’ | પૂર્વાંગ પંડ્યા | ૫૬ |
| ૪૧. | આનંદીબહેનઃ માર્ગદર્શન, નેતૃત્વ અને શાણપણની દીવાદાંડી | પ્રદીપ વાઘેલા | ૫૭ |
| ૪૨. | મારામાં વ્યવસાયિક કૌશલ્યોનું સિંચન કરનારાં આનંદીબહેન | બિનલ પટેલ | ૫૮ |
| ૪૩. | વ્યવસાયિક સમાજકાર્ય-શિક્ષણનાં સમર્પિત ઉપાસકઃ પ્રો.આનંદીબહેન પટેલ | ડૉ. ભલુભાઈ શેખ | ૫૯ |
| ૪૪. | તેમની પાસે કોઈ નાનકડી બાબત પણ લઈને જનારા વિદ્યાર્થીને, નારાજ થઈને પાછા આવતા જોયા નથી | મધુભાઈ ભાદરકા | ૬૧ |
| ૪૫. | અમારી કોઈ પણ નાનામાં નાની મૂંઝવણનો પણ તેઓ એકાગ્ર મનથી સાંભળીને ઉકેલ લાવતા | મહેશ રાઠોડ | ૬૩ |
| ૪૬. | આનંદીબહેનના બહોળા અનુભવ, સરળ અભિવ્યક્તિ અને કુશળ મૅનેજમેન્ટમાંથી વિદ્યાર્થીઓને વાસ્તવલક્ષી જ્ઞાન મળ્યું | મૃદુલા પાટીલ | ૬૫ |
| ૪૭. | મારા જેવી ઓછું બોલનારી વ્યક્તિના વિચારોને પણ આનંદીબહેન સરળતાથી સમજી જાય | રશ્મિકા ડાભી | ૬૬ |
| ૪૮. | હંમેશાં હસતા ચહેરે વાતચીત કરતાં અને વિદ્યાર્થીઓની સમસ્યાને સમજી તેનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરતાં | રાજદીપ | ૬૭ |
| ૪૯. | આનંદીબહેનની ઈમાનદારી, મજબૂત મનોબળ અને સાહસિક વૃત્તિથી હું પ્રભાવિત છું | રીના લોકડિયા | ૬૮ |
| ૫૦. | મારી કાર્ય-પદ્ધતિ તથા ક્ષમતા ઉપર તેમના દ્વારા સિંચિત સંસ્કાર અને આવડતની અસર છે | વર્ષા શાંતિલાલ પટેલ | ૭૦ |
| ૫૧. | આગેવાની લેવામાં, સહજીવનના પાઠ શીખવામાં અને કોઈ પણ વિષય બાબતે મૂંઝવણમાં... | વિજય દૃષ્ટિ | ૭૩ |
| ૫૨. | પછાત વર્ગો માટે સંવેદના તથા તે અંગેની તેમની જાણકારી અને ઊંડાણપૂર્વક સમજાવવાની રીતે દરેક વિદ્યાર્થીને સ્પર્શી ગઈ | ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ | ૭૪ |
| ૫૩. | માત્ર સમાજકાર્ય શિક્ષણ જ નહિ, પરંતુ સમાજકાર્ય વ્યવસાયના વિકાસમાં તેમનો ફાળો અમૂલ્ય રહ્યો છે | ડૉ. વિનોદ સોનવણે | ૭૬ |
| ૫૪. | સમાનતા બંધુતા અને ભાઈચારાનાં મૂલ્યો અમે આપની રગેરગમાં અનુભવ્યા છે | વિપુલ એ. પરમાર | ૭૭ |
| ૫૫. | તેમનાં અધ્યક્ષપણાં હેઠળ શરૂ થયેલો ‘રાહબર’ કાર્યક્રમ, તેમની વિચારશીલતા અને ચિંતનશીલતાનું જ પરિણામ | ડૉ. વિપુલ સી. રામાણી | ૭૮ |
| ૫૬. | કોરોનાકાળમાં જયારે પોતાનાં સગાં-સંબંધી પણ દૂર ભાગતાં હતાં, એવા સમયે... | વિશાખા કુકડિયા | ૮૦ |

| | | | |
|---|---|---|---|
| ૫૭. | આનંદીબહેન હંમેશાં વિદ્યાર્થીઓને સાચો માર્ગ બતાવતાં | શ્રેયસકુમાર ભીમસેન | ૮૧ |
| ૫૮. | આપે આપના આચાર-વિચારમાં સમાનતા રાખીને, અમને પણ ગાંધીજીના માર્ગે ચાલવા ખૂબ જ પ્રેરણા પૂરી પાડી છે | શ્રેયા ઠાકર | ૮૨ |
| ૫૯. | તેમણે શિસ્ત અને શિષ્ટાચારનું પાલન કરતા શીખવ્યું | સુનીલ રાઠોડ | ૮૪ |
| ૬૦. | આનંદીબહેને કોઈ પણ અપેક્ષા વગર મારા જેવા ગરીબ-પછાત વિદ્યાર્થીઓ માટે... | સુરેશ પરમાર | ૮૫ |
| ૬૧. | સમાજકાર્ય વિભાગમાંથી, તમારાં ગયાં પછી... | સંજય ડાભી | ૮૬ |
| • | **આનંદીબહેનનું વૃત્તાંત!** | | ૮૭ |
| ૬૨. | ઋણ-સ્વીકાર : એક નિવૃત્ત થતા પ્રોફેસરનું વૃત્તાંત! | પ્રો. (ડૉ.) આનંદી પટેલ | ૮૮ |
| ૬૩. | સમાજકાર્ય વિભાગમાં મારી અધ્યક્ષતા વખતનાં સંભારણાં | પ્રો. (ડૉ.) આનંદી પટેલ | ૯૬ |
| • | **કુટુંબીજનોનાં સંભારણાં** | | |
| ૬૪. | થોડીક (અ)મારી જાણવા જેવી વાત | સુખદેવ પટેલ | ૧૦૫ |
| ૬૫. | મમ્મી, તું તારી આત્મકથા લખવા બેસીશ તો, તારી પાસે ટૉપિક્સની કોઈ અછત નહીં હોય | તપન | ૧૦૮ |
| • | **સહકર્મીઓ અને સાથીઓનાં સંભારણાં** | | ૧૦૯ |
| ૬૬. | Anandiben has contributed a lot in social work education and practice, both locally and nationally | Prof. (Dr.) Aruna Khasgiwala | ૧૧૦ |
| ૬૭. | પરસ્પર પારિવારિક ભાવના વિકસે, બધા એક બીજા સાથે વધારે હળેમળે અને ટીમ-વર્કથી કામ થાય એવા... | ડૉ. અશોક પટેલ | ૧૧૧ |
| ૬૮. | ગાંધીવાદી સમાજકાર્યનો, નારીવાદી વિચારધારા સાથેનો સમન્વય એટલે આનંદીબહેન | પ્રો.(ડૉ.) ભાવના મહેતા | ૧૧૨ |
| ૬૯. | A Few Sweet Words of Associational Memory on Retirement of Professor Anandiben Patel | Prof. (Dr.) Chhaya Patel (Retired) | ૧૧૩ |
| ૭૦. | જ્ઞાન, પ્રેમ, અને શક્તિનો સમન્વય : પ્રો. આનંદીબહેન પટેલ | ડૉ. દામિની શાહ | ૧૧૫ |
| ૭૧. | ડૉ. આનંદીબહેન : ઉત્તમ શિક્ષક અને માર્ગદર્શક | ડૉ. હેમુભાઈ જાંબુકિયા | ૧૧૭ |
| ૭૨. | વિદ્યાર્થીઓ પાસે SWOT ઍનાલિસિસ કરાવી, પોતાની મર્યાદાઓ, ખામીઓ જાણવાનું ખુલ્લાપણું દાખવનાર... | ડૉ. હિતેશ જાગાણી | ૧૧૯ |
| ૭૩. | સંભાળ અને જવાબદારીનો અદભુત સમન્વય એટલે આનંદીબહેન | ડૉ. ઈશાની પટેલ | ૧૨૨ |
| ૭૪. | Prof. Anandiben possesses a profound understanding... | Prof. (Dr.) Jagdish Solanki | ૧૨૪ |
| ૭૫. | કાર્યક્ષેત્રમાં નિપુણતાની સાથેસાથે, પ્રેમ અને વ્યવહારિકતા પણ વાત્સલ્યમૂર્તિ આનંદીબહેનની... | ડૉ. જયશ્રી દેસાઈ | ૧૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૭૬. | We all learned a lot from your compassionate and wise counsel | Kirtee Shah | ૧૨૭ |
| ૭૭. | આનંદીબહેને હજારો યુવક-યુવતીઓનાં જીવનમાં પ્રકાશ પાથર્યો છે | પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર | ૧૨૮ |
| ૭૮. | સ્વાયત્તતા અને સ્વતંત્રતાની સમજણ ધરાવતું વ્યક્તિત્વ એટલે ડૉ.આનંદીબહેન | ડૉ. મનોજ પરમાર | ૧૩૦ |
| ૭૯. | ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા અનેક વિભાગોમાં સમાજકાર્ય વિભાગનું સ્થાન ખૂબ ઊંચાઈ પર... | ડૉ. બાદર કુરેશી | ૧૩૪ |
| ૮૦. | મૅડમ પાસેથી, કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ, શાંતિ અને આત્મવિશ્વાસથી કામ કરવાની શીખ મળી | મહેશ બી. દરજી | ૧૩૫ |
| ૮૧. | પ્રા. આનંદીબહેને ભારત અને ગુજરાત સરકારનાં અનેક સંશોધનો, તેમ જ કાર્યક્રમ-મૂલ્યાંકનના પ્રકલ્પો કર્યા... | પ્રો. (ડૉ.) મંજુલા લક્ષ્મણ | ૧૩૭ |
| ૮૨. | આનંદીબહેને છાત્રાલયની વિદ્યાર્થિનીઓ તથા અમારી સરસ કાળજી રાખી, તેમ જ અમારું મનોબળ વધારવાનું કાર્ય કર્યું | ડૉ. રીટાબહેન પટેલ | ૧૩૯ |
| ૮૩. | આનંદીબહેનઃ નારીનું ગૌરવ અને ગૌરવવંતી નારી | રૂચિતા શાહ | ૧૪૦ |
| ૮૪. | આનંદીબહેને સમાજકાર્યના વિદ્યાર્થીઓની સરકારમાં ભરતી અને પસંદગી માટે સરકાર સાથે સતત પરામર્શન કર્યું છે | ડૉ. રોશન અગ્રવાલ | ૧૪૧ |
| ૮૫. | Anandiben has contributed tremendously to the Social Work profession | Shweta Bajaj | ૧૪૨ |
| ૮૬. | આનંદીબહેન પટેલ : નખશીખ સામાજિક નિસબતને વરેલાં અધ્યાપક | પ્રો. (ડૉ.) સત્યકામ જોષી | ૧૪૩ |
| ૮૭. | પ્રૉફેશનલની સાથે-સાથે પર્સનલ લાઇફમાં પણ તેમણે હંમેશાં સારી સલાહ, સપોર્ટ અને સાંત્વના આપ્યાં છે | સમીના મન્સૂરી | ૧૪૫ |
| ૮૮. | સમાજકાર્ય (મનોચિકિત્સા) અભ્યાસક્રમનાં નિર્માતા અને રાહબર : ડૉ. આનંદીબહેન | ડૉ. વિપિન મકવાણા | ૧૪૭ |
| ૮૯. | હૃદયમાં સ્નેહ અને માનવીય સંવેદના સાથે જ્ઞાન વહેંચનારાં ઉમદા શિક્ષકઃ આનંદીબહેન | સંજય દવે | ૧૪૯ |

# વિદ્યાર્થીઓનાં સંભારણાં

# આનંદીબહેનમાં નેતૃત્વ ઓળખવાની અને ખીલવવાની ગજબની શક્તિ છે

**- અમરત ચૌધરી**
(MSW વર્ષ ૨૦૦૯)

હું આનંદીબહેનને એમના ગુણો થકી ઓળખું છું. ગુજરાતમાં સમાજકાર્યના ક્ષેત્રે આનંદીબહેનનો સિંહફાળો છે. એમણે સમાજકાર્યના ક્ષેત્રને આગળ ધપાવવા સરકારમાં ભલામણોથી લઈને, બીજાં અસંખ્ય જોડાણો અને કાર્યક્રમો થકી એક આખું માળખું ઊભું થાય એ માટે અથાક પ્રયત્નો કર્યા છે. ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગ ઉપરાંત, તેમણે નવી શરૂ થયેલી સમાજકાર્યની ઘણી કૉલેજો અને યુનિવર્સિટીઓને જરૂરી સાથ-સહકાર આપીને નવું બળ પૂરું પાડ્યું છે. એમના અડગ અને નીડર નેતૃત્વમાં લવચિકતા પણ વિશેષ જોવા મળે. એમના શબ્દો અને કામ વચ્ચે સારો સુમેળ. કામ થાય એવું હોય તો જ હા પાડે, અને ન થાય તેમ હોય તો કોઈક નવો રસ્તો બતાવે.

આનંદીબહેનમાં નેતૃત્વ ઓળખવાની અને ખીલવવાની ગજબની શક્તિ છે. એમણે ઘણા વિદ્યાર્થીઓની કુશળતાઓ પારખીને તેમને માત્ર પગભર જ નહીં, પરંતુ નેતૃત્વની ભૂમિકા ભજવતા કર્યા છે. એમનામાં વિદ્યાર્થીઓને વિચાર-પ્રેરિત કરવાની વિશેષ કુશળતા છે. એ વિદ્યાર્થીઓને ઘેટાંની જેમ દોરતાં નહીં. તેઓ હંમેશાં વિદ્યાર્થીઓને એક વ્યક્તિ તરીકે, સ્વતંત્ર રીતે વિચારીને આગળ વધવાની હિમાયત કરે. એક ઉડીને આંખે વળગે એવો એમનો ગુણ એટલે ‘વ્યક્તિ જેવી છે તેવી’, ‘વ્યક્તિના મૂળભૂત અસ્તિત્વનો સ્વીકાર’ની એમની પ્રતિબદ્ધતા. વ્યક્તિનો મૂળભૂત સ્વીકાર કરીને, એને એની સમસ્યા ઉકેલવામાં સાથ આપવો એ વાતનું ઉમદા ઉદાહરણ એમણે એમનાં કાર્યો થકી આપ્યું છે.

ન્યાય માટે એ ખડા પગે ઊભાં રહે. તેઓ કોઈ લોભ, લાલચ, લાગણીઓના ઉભરાના મોહતાજ નહીં, કે ન કોઈના અજુગતા દબાણમાં રહીને કામ કરે. સમાજકાર્યના અભ્યાસ બાદ, મને એમની પાસે ભણવા ઉપરાંત, ‘ચાઇલ્ડ લાઈન’માં સાથે કામ કરવાની એક ઉત્તમ તક મળેલી. મને એમની સાથે કામ કરતી વખતનો એક પ્રસંગ હજુ યાદ છેઃ હું અને ‘ચાઇલ્ડ લાઈન’ ટીમના સભ્યો ઉસ્માનપુરાની એક રેસ્ટોરન્ટમાંથી બે-ત્રણ બાળકોને મજૂરીનાં કામમાંથી છોડાવી લાવ્યાં અને પોલીસ પાસે જઈ રેસ્ટોરેન્ટના માલિક સામે ફરિયાદ દાખલ કરી. પોલીસ સ્ટેશને મને લાંચ આપી ભીનું સંકેલવાના પ્રયત્નો કર્યા. તેમનાએ પ્રયત્નો નિષ્ફળ જતા, માલિકભાઈ પોતે ‘ચાઇલ્ડ લાઈન’ના કાર્યાલયે આનંદીબહેનને અને મને મળવા આવ્યા. એ ભાઈ આવીને ફરિયાદ પાછી ખેંચવા આનંદીબહેનને વીનવવા લાગ્યા, પણ આનંદીબહેન બાળકોના ન્યાયની બાબતમાં એકનાં બે ન થયાં. એમનો જવાબ ખાસ્સો વિચાર-પ્રેરક હતોઃ “તમે આવાં નાનકડાં બાળકોને મજૂરીએ કેવી રીતે રાખી શકો?” એમના આવા ન્યાય માટે અડગ રહેવાના પ્રસંગોની યાદી ઘણી લાંબી થઈ શકે.

એ મળવા જેવા માણસ છે. એક વખત હું કૅનેડાથી થોડાક અઠવાડિયાં માટે ઘરે આવેલો, પણ આનંદીબહેનને મળ્યા વગર તો કેમ રહેવાય? અને જયારે મળેલો ત્યારની યાદો આજે છ વર્ષ પછી પણ એકદમ તાજી થઈ આંખ સામે તરવરે છે. એમની આંખમાં વિદ્યાર્થીઓ પ્રત્યે આદર અને સત્કારની ભાવના હંમેશાં છલકતી. અભ્યાસ કરતી વખતે પણ એમને મળવામાં કે કોઈક મૂંઝવતા પ્રશ્નો પૂછવામાં ક્યારેય ખચકાટ થતો નહીં. એમની પાસેથી હંમેશાં એક ઠરેલ, વિચારપૂર્વકનો, દૂરંદેશી પ્રત્યુત્તર કાયમ મળી રહેતો. આનંદીબહેન પાસેથી મેળવેલાં જ્ઞાન અને મૂલ્યો મારા માટે જીવનભરનું ભાથું છે. સેવાનિવૃત્તિ પછીનું એમનું જીવન આનંદમય રહે એવી ખૂબ-ખૂબ શુભકામનાઓ!



# ગુરુમા, આપનાં વચનો શ્રેષ્ઠત્તમ ઊર્જાવાન રહ્યાં છે

**- અમિત બિરારી**
(MSW વર્ષ ૨૦૧૩)

ડૉ.આનંદીબહેનની ગુરુમા તરીકેની છબી મારા હૃદયમાં સદાય ઝળહળતી છે. તેમના ઊર્જાવાન, પ્રેરણાદાયી, આદર્શ વ્યક્તિત્વનું પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રીતે દર્શન કરતા જ માનસ તૃપ્ત થાય. એમ.એસ.ડબ્લ્યુ.ની પ્રવેશ-પરીક્ષાના બીજા તબક્કામાં બહેનશ્રીના પ્રથમ દર્શનની અહોભાગ્ય પ્રાપ્તિ થઈ. વિદ્યાપીઠની પરંપરા મુજબ નીચે પાટલી પાસે બેસવાનું હોય. મને પગની ઈજાને કારણે બેસી શકાતું નહોતું. બહેનને એ વાતની જાણ થઈ કે તરત તેમણે મારા માટે ખુરશીની વ્યવસ્થા કરી. મને બેસવા માટે અનુકૂળતા થઈ તેની મારા હૃદયમાં અમીટ છાપ સ્થાપિત થઈ.

'સેતુ કાર્યક્રમ' દરમ્યાન, બહેનનાં સાચાં ગુરુમા તરીકેના શ્રેષ્ઠ વ્યક્તિત્વનો પરિચય થયો. અભ્યાસ દરમ્યાન, મને ડૉ. દામિનીબહેન શાહ અને ડૉ. આનંદીબહેન પટેલ, એમ બે ગુરુમાની મમતા અને વિદ્યાશક્તિ રૂપી પ્રસાદ પ્રાપ્ત કરવાનો અવસર મળ્યો. આ બન્ને ગુરુમાએ અમારા અભ્યાસને આનંદપૂર્ણ બનાવ્યો અને મારામાં રહેલી ત્રૂટીઓ દૂર કરી. હું હજુ પૂર્ણ બન્યો નથી, પણ મને એક સારા માનવી તરીકે કંડારવાનું કામ તો થયું.

"અમિત જેવા વિદ્યાર્થીઓ હોય તો, એના ગુરુને ક્યારેય ભૂખ્યા તો ન જ રાખે." તેમના આ શબ્દોને સૌથી મોટું સન્માન સમજ્યો છું. બનાસકાંઠાના અમીરગઢમાં વર્ષ ૨૦૧૨ની પદયાત્રા દરમ્યાન બોલાયેલા આ શબ્દોએ મને ધન્ય કરી દીધો. એની સ્મૃતિ આજે પણ મને ઊર્જા આપી રહી છે.

બીજા વર્ષમાં ફીની વ્યવસ્થા બાબતે મારી ચિંતાના ભાવ તેમણે મારા ચહેરા પર તરત જ વર્તી લીધા. આખરે તો ગુરુમા. તરત પૂછ્યું, "અમિત, કોઈ ચિંતામાં છો, બધું બરાબર છે ને, લવાજમ કે ફીની તો ચિંતા નથી ને, એવું કંઈક હોય તો નિસંકોચ જણાવ." આ શબ્દની સાથે જ જાણે માથા પરથી હિમાલય જેવો ભાર ચપટીમાં ઉતરી ગયો. ત્યારપછી તો ગૃહપતિ સાથે વાર્તાલાપ કરી તેમણે સમસ્યા હલ કરી દીધી. મને બહેનના વર્ગમાં જવાની ઉત્કંઠા રહેતી. હું બહેનના વર્ગમાં ક્યારેય ગેરહાજર ન જ રહ્યો.

ડૉ.આનંદીબહેન, આપના સેવા વયનિવૃત્તિના અવસરે, આપને અઢળક મંગલકામનાઓ. અનેક છાત્રોના શિરે આપે જ્ઞાનપથથી યશ, કીર્તિ, ઓજ, તેજ, વિદ્યા, સેવા અને ભક્તિના આશિષ આપ્યા છે. આપનાં વચનો શ્રેષ્ઠત્તમ ઊર્જાવાન રહ્યાં છે. નિવૃત્તિ બાદ પણ વિદ્યાર્થીઓને પ્રેરકબળના આશિષ આપજો. આપની પ્રેરણાની આવશ્યકતા છે, તેથી આપનું પ્રેરક-પ્રવાહનું ઝરણું વહેતું રાખશો. બહેન વિશેની વાતોનો આખો ગ્રંથ લખી શકાય એવું તેમનું વ્યક્તિત્વ છે. કવિવર ગુરુદેવ ટાગોરની આ પંક્તિ, ગુરુમા ડૉ.આનંદીબહેન પટેલને અર્પિત કરું છું.

"આનંદ લોકે, મંગલા લોકે, બિરાજો સત્ય સુંદર! મહિમા તવ ઉદ્ભાષિત, મહા ગગન માઝે!"

# આનંદીબહેને મારામાં પ્રામાણિકતા, ધીરજ અને પરિશ્રમના ગુણોનું સિંચન કર્યું

**- અલ્પેશ ચૌહાણ**
(MSW વર્ષ ૨૦૦૪)

મારી કારકિર્દીમાં ગુરુ અને ગાઇડ તરીકે આદરણીય આનંદીબહેનનું મોટું યોગદાન છે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં, તેમણે મને ગાઇડ તરીકે માર્ગદર્શન પૂરું પાડીને, મારામાં પ્રામાણિકતા, ધીરજ અને પરિશ્રમના ગુણોનું સિંચન કર્યું. તેમણે મને સંશોધન-કાર્ય દરમિયાન 'પ્રૉફેશનલ સોશ્યલ વર્ક' વિષયની પસંદગી કરવાથી માંડીને સમગ્ર કાર્ય દરમ્યાન અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું. મારા સંશોધન-કાર્ય દરમ્યાન મને તેમની મદદથી સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત લેવાની અને તેમનાં કાર્યો વિશે જાણવાની તક મળી. તે પછી, સંસ્થાની પસંદગી કરવામાં તેમનું માર્ગદર્શન મળવાથી શ્રમિક, આદિજાતિ ક્ષેત્રનું વ્યાપક જ્ઞાન મળ્યું. પરિણામે, મને તેમાં ઊંડો રસ પડ્યો અને મેં તે એક જ ક્ષેત્રમાં બહોળો અનુભવ મેળવ્યો.

આજે શ્રમ અને રોજગાર ક્ષેત્રમાં હું છેલ્લાં દશ વર્ષથી રોજગાર અધિકારી વર્ગ-૨ તરીકે કાર્યરત છું. મને આદિજાતિ વિસ્તારમાં સેવા કરવામાં સફળતા મળી છે. નબળા વર્ગના કલ્યાણ માટે સતત ચિંતન કરવાથી તથા આનંદીબહેનનું માર્ગદર્શન મળવાથી મને દિવ્યાંગજનોને રોજગારી આપવાનું કામ કરવાની તક મળી. મને ભારત સરકારનો બેસ્ટ પ્લેસમેન્ટ ઑફિસરનો ૨૦૨૦નો નૅશનલ ઍવૉર્ડ, મહામહિમ રાષ્ટ્રપતિના હસ્તે મેળવવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. તે પણ મારા ગુરુજીના માર્ગદર્શન અને પ્રેરણાને આભારી છે. મને જે સન્માન મળ્યું છે તે મારા ગુરુનું અને મારા પ્રૉફેશનનું સન્માન છે.

મારી કારકિર્દીમાં યોગદાન આપવા બદલ ગુરુ અને ગાઇડ એવાં આનંદીબહેનનો દિલથી આભાર માનું છું.

# આનંદી મૅડમે ભેટમાં આપેલા પુસ્તકમાંથી મને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાની પ્રેરણા મળી

**- અલ્પેશ બારોટ**
(MSW વર્ષ ૨૦૦૮)

મારો જન્મ, ઉછેર અને સમાજકાર્ય સુધીનું શિક્ષણ જુદી-જુદી સંસ્થાઓમાં થયું હતું. પરંતુ, સમાજકાર્યની તાલીમ દ્વારા મારામાં એવી નવી દ્રષ્ટિ વિકસી કે, જ્યાં સુધી પલાંઠી વાળીને બેસીને કામ ન કરીએ ત્યાં સુધી હાંસિયામાં ધકાયેલા કે વિકાસથી વંચિત રહી ગયેલા લોકોનાં જીવનમાં ખાસ ફરક પાડી શકાતો નથી. મને બરાબર યાદ છે હું પ્રથમ વર્ષમાં હતો ત્યારે નવા વર્ષની ભેટ સ્વરૂપે આનંદી મૅડમે અમને સૌ મિત્રોને ‘સેવાગ્રામથી શોધગ્રામ’ પુસ્તક ભેટમાં આપેલું. આ પુસ્તકે મને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી કામ કરવાની પ્રેરણા પૂરી પાડી. ત્યારથી મેં નક્કી કર્યું કે, જે લોકો મુખ્ય પ્રવાહ સાથે જોડાયેલા નથી તેમની વચ્ચે અંતરિયાળ ગામમાં બેસીને કામ કરીશ. આજે હું આદિવાસી વિસ્તારના ગામમાં રહી કામ કરી રહ્યો છું. તેમાં આનંદી મૅડમની અનેક શુભકામનાઓ મળતી રહે છે.

આનંદી મૅડમ સ્વચ્છતાનાં આગ્રહી. ખાસ સૂચનાઓ ન આપે, પણ જાતે જ કર્મ કરીને દ્રષ્ટાંત પૂરું પાડે. મને એક પ્રસંગ બરાબર યાદ છેઃ એક શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ચોટીલામાં આવેલા ‘એકેઆરએસપીઆઈ’ના કૅમ્પસમાં અમે રોકાયા હતા. સવારે નાસ્તો કરી બધા બસમાં બેસતા હતા. એ દરમિયાન આનંદી મૅડમ રસોડાનાં સ્થળે પહોંચી જાતે સફાઈ કરી રહ્યાં હતાં. એ કૅમ્પસમાંથી અમે જતા રહીએ તે પછી કોઈ ખામી ન રહી જાય એની ઝીણી દ્રષ્ટી રાખી સ્વંય કામ કરતા મેં એમને જોયાં છે.

પ્રવાસ વેળાએ અમારી સાથે મન ભરીને નાચતાં જે અમને ખૂબ ગમતું. જે કશુંક નવું કરે તે યુવાન, અને ઘરેડમાં પેસે તે ઘરડો. આનંદી મૅડમે હંમેશાં નીત નવું વાંચી-વિચારી આપણા સમાજકાર્ય વિભાગને સતત યુવાન રાખ્યો છે.

આનંદી મૅડમ નિવૃત્તિમાં પણ સતત પ્રવૃત્તિઓ કરતાં રહે અને આપણને સૌને માર્ગદર્શન આપતાં રહેશે એમાં કોઈ શંકા નથી. પોતાના અનુયાયીઓનેય નેતૃત્વ કળા શીખવે તે જ સાચો નેતા, એ આનંદી મૅડમે સાબિત કરી બતાવ્યું. ભગવાન તમને નિરામય દીર્ઘાયુ આપે અને નિવૃત્તિમાં તમે તમને મનગમતી પ્રવૃત્તિઓ કરતાં રહો તેવી પ્રાર્થના. વિદ્યાપીઠ અને સમાજકાર્ય વિભાગને ઉજળો કરનાર આનંદી મૅડમને વંદન...

# તેમણે વિદ્યાર્થીઓ અને સહકર્મીઓમાં વિશ્વાસ રાખ્યો છે તેમ જ તેમને વિચારવાની, વ્યક્ત કરવાની અને અમલમાં મૂકવાની સ્વતંત્રતા આપી છે

**- અવની ઋષિ**
(MSW વર્ષ ૨૦૦૭)

કુદરતે સર્જનમાં દરેક જીવની ભૂમિકા નિર્ધારિત કરી છે. દરેક જીવ તે ભૂમિકા ભજવવાનો પ્રયત્ન પણ કરે છે. પરંતુ, અમુક વ્યક્તિ એવી ખાસ પણ હોય છે, જે તેમની ભૂમિકાને અગત્યની બનાવે છે. આવી જ એક વંદનીય વ્યક્તિ એટલે મારાં પરમ આદરણીય ગુરુ આનંદીબહેન.

વર્ષ ૨૦૦૫માં હું ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ. અગાઉ સ્નાતકનો અભ્યાસ અમદાવાદ શહેરની નામાંકિત કૉલેજમાં પૂર્ણ કરી અહીં આવી હતી. વિદ્યાપીઠમાં, ગુરુજનો, સહપાઠીઓ, વાતાવરણ, નિયમો, અભ્યાસ લગભગ બધું જ નવું હતું. કૉલેજ અને વિદ્યાપીઠના વાતાવરણમાં ઘણો ફરક હતો. રોજ પ્રાર્થના, કાંતણ, જમીન પર બેસી ઢાળિયા પર પુસ્તકો રાખીને ભણવાનું, યુનિફોર્મ પહેરવાનો વગેરે. શરૂઆતમાં મૂંઝવણ થતી. અનુસ્નાતક, જેને અંગ્રેજીમાં 'Post Graduation' કહેવાય તેનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આવું બધું કરવાનું? એવો વિચાર આવ્યા કરતો. સહપાઠીઓ સાથે ગુરુજનો પણ નવા. એ કેવા હશે? તેઓ કેવી રીતે સ્વીકારશે? કેવું વર્તન કરશે? એવાં પ્રશ્નો થતા રહેતા.

એવામાં વિભાગના અધ્યક્ષ દ્વારા એક દિવસ બધા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત ગોઠવવામાં આવી. ત્યારે પહેલી વખત આનંદીબહેન સાથે મુલાકાત થઈ. શાંત, સ્પષ્ટ અને સદાય સ્મિત સાથે જોવાં મળતાં મારાં ગુરુ. તેઓ અમારાં વિભાગીય વડાં હતાં અને ત્યારબાદ મારા પ્રથમ વર્ષનાં માર્ગદર્શક. માર્ગદર્શક તરીકે તેઓએ પ્રથમ વર્ષમાં મારા વ્યક્તિત્વ ઘડતરમાં ઘણો ફાળો આપ્યો છે. મારી શરમ, બીક, ઓછું બોલવાની આદત, લોકો સાથે વાત કરવાની રીતભાત વગેરેમાં જે સુધારો થયો તે તેમના કારણે જ છે. અમે ક્ષેત્રકાર્ય કરીને આવીએ એટલે અમારી સાથે તેઓ ખૂબ વિગતે ચર્ચા કરતાં અને તેમાં જરૂરી સૂચનો આપતાં. તે વખતે પ્રથમ વખત તેમના માર્ગદર્શનથી એક નાનકડો કાર્યક્રમ ગ્રામ કક્ષાએ કરવામાં સફળતા અને આવડત મળી.

બહેન પાસેથી હું ઘણું શીખી છું. પ્રથમ વર્ષમાં જ્યારે તેમણે ૩ પ્રકારની 'NEED' વિશે ભણાવ્યું હતું તે, હજી મને ઘણું કામ લાગે છે. સમાજ કલ્યાણ વહીવટનો વિષય, જે મને ભણવો પણ ખૂબ ગમતો અને જે મારી કારકિર્દીમાં મને ખૂબ ઉપયોગી પણ થયો, તે બહેન ભણાવતાં અને વ્યાખ્યાન-અવધિ ક્યારે પૂરી થઈ જતી તે ખબર પણ ન પડતી.

વર્ષ ૨૦૦૫થી લઈને અત્યાર સુધી તેઓ મારાં માર્ગદર્શક છે જ અને જીવનપર્યંત રહેશે. કોઈક આ વાંચીને વિચારે કે, આ બહેનને હજી માર્ગદર્શનની જરૂર પડે છે? મારો જવાબ છે, હા. તેઓ માત્ર મારા અભ્યાસનાં માર્ગદર્શક નથી, પણ મારા જીવનમાં પણ માર્ગદર્શક છે. તેઓએ વર્ગમાં અભ્યાસના ભાગરૂપે જે જ્ઞાન આપ્યું, તે વર્તમાન જીવનમાં પણ ખૂબ ઉપયોગી છે. અનુભવો ઘણા

બધા છે, જે બધા અહીં વર્ણવી નહીં શકું. જ્યાં હું મૂંઝાઈ કે દ્વિધામાં આવી ત્યાં સચોટ અને સ્પષ્ટ નિર્ણય લેવામાં તેઓએ હંમેશાં મને મદદ-માર્ગદર્શન પૂરાં પાડ્યાં. તેમની પાસે માત્ર જઈને બેસીએ ને, તો પણ તેઓ આપણા મનની વાત જાણી લે. જ્યારે હું મારી કારકિર્દીના મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી હતી, ત્યારે બહેને મને ટેકો આપ્યો. એ માત્ર કામગીરીનો કે આર્થિક ટેકો જ નહીં, પણ માનસિક અને હૂંફનો ટેકો પણ હતો.

તેમના માર્ગદર્શન હેઠળ કામ કરવાની તક મળી ત્યારે પણ ઘણું શીખવા મળ્યું. તેઓની ઘણી-બધી ખાસિયતો છે, પણ તેમની સૌથી ખાસ બાબત એ કે, તેમણે તેમના વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતી વ્યક્તિઓમાં વિશ્વાસ રાખ્યો છે. તેમણે તેમને વિચારવાની, વિચાર વ્યક્ત કરવાની અને તેને અમલમાં મૂકવાની સ્વતંત્રતા આપી છે. એક વડાં તરીકે તેઓ સંચાલન અને સંતુલન બંને જાળવે છે. બહેન સાથે બે પ્રોજેક્ટમાં કામ કરવાની તક મને મળી. તેમાં મારા કામમાં બહેન હંમેશાં મારી સાથે રહ્યાં. ઉનાળાનું વૅકેશન હોય કે જાહેર રજાનો દિવસ, બહેન મારી સાથે રહેતાં. એક પ્રોજેકટ કે પ્રોગ્રામને તેના પાયાથી લઈને અમલ સુધી સફળ કેવી રીતે બનાવવો, એ તેઓએ મને સાથે રાખીને શીખવ્યું છે. મારી કુશળતાઓ અને નબળાઈઓને જાણીને મને તે સુધારવામાં પણ ખૂબ મદદ કરી છે. મારા માટે તેઓ માત્ર મારાં ગુરુ નથી, પણ 'મા', 'માર્ગદર્શક' પણ છે. મારા જીવન-ઘડતરમાં તેઓનો ફાળો અમૂલ્ય છે. "સ્વથી સર્વ સુધી પહોંચવાની અને સમજવાની પ્રેરણા આપનારાં મારાં વંદનીય ગુરુને કોટિ-કોટિ પ્રણામ."



# તેઓ મને એક ઉમદા અધ્યાપકની સાથે-સાથે એક ગુરુ-કમ-મિત્ર જેવાં લાગ્યાં છે

**- આનલ ભટ્ટ**
(MSW વર્ષ ૨૦૦૮)

બે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન એક અધ્યાપક તરીકે, વિવિધ વિસ્તારો અને અલગ-અલગ પરિવારોમાં સામાજિકરણ પામેલા વિદ્યાર્થીઓ સાથે માત્ર અભ્યાસ પૂરતો જ નહીં, પરંતુ વર્ષોવર્ષનો સંબંધ સ્થાપિત કરીને, નિભાવનારાં શ્રીમતી આનંદીબહેન પટેલ વિશે મારું સંભારણું લખતા હું આનંદ અનુભવું છું.

એક અધ્યાપકની ભૂમિકા નિભાવતી વેળા જ્યારે જ્યારે મૅડમને ફિલ્ડમાં કરેલી કામગીરી બાબતે મળવાનું થાય ત્યારે તેઓ ચહેરા પર સ્મિત સાથે વિદ્યાર્થીને માર્ગદર્શન આપતાં. તે દરેક વિદ્યાર્થીને ન્યાય મળે તેની કાળજી રાખતાં. વિદ્યાર્થીએ ગામમાં શું શું જોયું? શું ગમ્યું? તેમની શું ઇચ્છા છે? તેમનું શું નિરીક્ષણ છે? વગેરે પૂછતાં તેમ જ વૈયક્તિક સમાજકાર્ય અને જૂથ-કાર્યમાં સમસ્યાની ઓળખ તથા તેના નિવારણમાં વિદ્યાર્થીની ભૂમિકા બાબતે વિગતવાર સમજણ ઊભી કરતાં. તેમની આ રીત, અભ્યાસ દરમિયાન અને તે પછી વ્યવસાયિક સમાજ-કાર્યકર તરીકે પણ મને ખૂબ ઉપયોગી નીવડી છે.

અભ્યાસના ભાગ રૂપે કચ્છ-ભુજના પ્રવાસ દરમિયાન મૅડમશ્રી ક્યારેય એક અધ્યાપક તરીકે નહીં, પણ એક સહપાઠી તરીકે હોય એવો ઉમદા વ્યવહાર કરતાં મેં તેમને જોયાં છે, અનુભવ્યાં છે. પ્રવાસમાં રાત્રિ-રોકાણ વખતે, વિદ્યાર્થીને મળેલી સગવડ જેવી જ સાદી સગવડમાં રહેવાનું પસંદ કરતાં. તેઓ અમારી સાથે નીચે જમીન પર પથારી કરી સૂઈ જતાં. તેમની એ ઉમદા વાત મને આજે પણ ભૂલાતી નથી. પદયાત્રામાં મૅડમ સાથે રહીને ઘણું માર્ગદર્શન મેળવ્યું છે.

અભ્યાસ દરમિયાન અને અભ્યાસ બાદ મૅડમને જયારે મળીએ ત્યારે તેઓ બૅચના અનેક વિદ્યાર્થીઓને યાદ કરે. વિદ્યાર્થી અને અધ્યાપકનો સંબંધ સામાન્ય રીતે અભ્યાસ પૂરતો સીમિત હોય છે, પરંતુ આનંદીબહેનને જયારે ફોન કરીએ ત્યારે કે ક્યાંક મળ્યા હોઈએ ત્યારે તેઓ સહ-સ્મિત બધાને યાદ કરે જ. આ બધી બાબતોને કારણે તેઓ મને એક ઉમદા અધ્યાપકની સાથે-સાથે એક ગુરુ કમ મિત્ર જેવાં લાગ્યાં છે. મૅડમ વયનિવૃત્ત થાય છે ત્યારે, તેઓની તંદુરસ્તી સારી રહે તથા તેઓનાં અધૂરા રહી ગયેલાં કાર્યો નિવૃત્તિ બાદ તેઓ હાથ ધરે તેવી આશા રાખું છું. તેઓનું માર્ગદર્શન અમને મળતું રહેશે તેવી આશા છે.

# અમારાં મોજીલાં અધ્યાપક આનંદીબહેન

**- આરતી પાડવી**
(MSW વર્ષ ૨૦૨૨)

આનંદી મૅમ અમારા તમામ વિદ્યાર્થીઓનાં મોજીલાં અધ્યાપક છે. મારી પ્રથમ મુલાકાત મનોચિકિત્સકીય અભ્યાસક્રમ અર્થે થઈ હતી. તેઓ જે રીતે ભણાવે છે, જે રીતે શીખવે છે, એ રીત મને ખૂબ જ ગમતી. આમ તો તેઓ MPSWમાં એક પણ લૅક્ચર લેવા માટે આવતાં ન હતાં, પરંતુ અમારે CBCSના ભાગ રૂપે 'લગ્ન અને કૌટુંબિક જીવન-શિક્ષણ' વિષય પસંદ કરવાનો થયો તે આનંદી મૅમ ભણાવતાં હતાં. તેમાં અમને ભણવાની સાથે-સાથે જીવન-ઘડતરના પાઠ શીખવા મળ્યા. મને એ વર્ગ ખૂબ જ ગમતો. તેઓ અમને અઠવાડિયામાં એક જ વાર ભણાવતાં. તેમના લૅક્ચરની હું હંમેશાં રાહ જોતી. જ્યારે તેઓ ભણાવતાં હોય ત્યારે સાંભળવું ખૂબ ગમતું.

અમે કોરોનાકાળમાં પ્રવેશ લીધો હતો, એટલે શરૂઆતમાં ઓનલાઈન શિક્ષણ પ્રાપ્ત થયું. પરંતુ, તે સમયે અમારી શિબિર ગોઠવનાર એવાં આનંદી મૅમ જ હતાં. ત્યારે તેમનો પ્રત્યક્ષ પરિચય થયો. તેમનો સ્વભાવ ખૂબ જ સારો. એમની સાથે બેસવું મતલબ, પોતાનાં બધાં દુઃખ ભૂલી જવું. વિભાગમાં MPSWનો અભ્યાસક્રમ એમના થકી શરૂ થયો. તેમાં મારું ભણતર પૂરું કરીને હું આજે સિવિલ હૉસ્પિટલમાં ફૅમિલી કાઉન્સેલર તરીકે ફરજ બજાવું છું. એ માટે હું ઈશાની મૅમ, વિપિન સર અને ડૉ. બિબિન સરનો આભાર માનું છું. ખાસ કરીને, આનંદીબહેનનો દિલથી આભાર, કારણ કે આ અભ્યાસક્રમનો પાયો તેમણે નાખ્યો. અમે તમારી પાસે ઘણું-બધું શીખ્યા છીએ. તે અમારાં જીવનમાં હંમેશાં યાદ રહેશે.



# શિક્ષણના જીવ તરીકે, વિદ્યાર્થી તથા સમાજ-કાર્યકરો સાથે આપે નિર્માણ કરેલું સોનું હંમેશાં અકબંધ રહેશે

**- ઉર્મિલા જી. દંતાણી**
(MSW વર્ષ ૨૦૨૩)

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोस्त्वकर्मणि॥

ભગવદ્ ગીતાના ઉપરોક્ત શ્લોકને સાચા અર્થમાં ચરિતાર્થ કરી, આપ વર્ષોની લાંબી શૈક્ષણિક યાત્રા પૂર્ણ કરી વયનિવૃત્ત થઈ રહ્યાં છો ત્યારે અમે વ્યવસાયિક સમાજકાર્ય વિભાગ પરિવાર આપના કરકમળમાં આ શબ્દરૂપી પુષ્પગુચ્છ મૂકતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સમય એ વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ અને કીમતી ઘરેણું છે, જેનો સાચા અર્થમાં ઉપયોગ કરી આપની શૈક્ષણિક સફરના પહેલા દિવસથી નિવૃત્તિ સમય સુધી આપે આપની ક્ષણેક્ષણ શિક્ષણના સાનિધ્યમાં વીતાવી છે. સમાજના ઉચ્ચ દરજ્જા સાથેની પવિત્ર સેવા એટલે 'શિક્ષણ', જેને આપે સાચા અર્થમાં નિભાવી છે. આપે શિક્ષણની સાથે-સાથે સંસ્કાર સિંચન કરી સાચા અર્થમાં શિક્ષણને દિપાવ્યું છે. શિક્ષણના જીવ તરીકે આપે વિદ્યાર્થી તથા સમાજ-કાર્યકરો સાથે નિર્માણ કરેલું સોનું હંમેશાં અકબંધ રહેશે. પરોપકારિતા, કાર્યપરાયણતા, સમર્પણ એ તો આપની વારસાગત ગુણોની દેણ છે. શિક્ષણની સાથે-સાથે શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં આપના યોગદાનને અવગણી શકાય એમ નથી.

ગાંધીવિચાર અને કાઉન્સેલિંગ જેવા વિષયના જ્ઞાતા તરીકે આપે વિદ્યાર્થીઓમાં સીંચેલું ગહન જ્ઞાન કાયમ માટે મિસાલરૂપ બની રહેશે. વિભાગના વિકાસમાં આપ જયારે પગથિયું બન્યાં છો, ત્યારે વિદ્યાર્થી સમાજ-કાર્યકરો તથા ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર હંમેશાં આપનો ઋણી રહેશે.

આપ સતત સચોટ માર્ગ અને સાચી દિશા ચીંધનાર રહ્યાં છે. નામ પ્રમાણે હંમેશાં ચહેરા પર પ્રસન્નતા રાખનાર એવાં આનંદીબહેનને નિવૃત્તિકાળમાં ઈશ્વર, કીર્તિ, તંદુરસ્તી અને દીર્ઘાયુ બક્ષે એવી પ્રભુને પ્રાર્થના.

## "ના કોઈ સ્વાર્થ, ના કોઈ પીડા કે ના કોઈ ક્રીડા, સમજણથી મહેકાવે પ્રેમને, એવા મળ્યા રે અમને ડૉ. આનંદીબહેન પટેલ"

**- એલિસન એમ. દરજી**
(MSW વર્ષ ૨૦૨૧)



અનીશ્વર ઊર્જા, અપ્રતિમ તેજ અને વિચારોની મૌલિકતા ધરાવનાર અતુલ્ય વ્યક્તિત્વના ધણી, તમે વિષયની માવજત ખૂબ જ સારી રીતે કરી જાણો છો. તમારું લખાણ ઑથેન્ટિક છે. અભ્યાસુ નજરે લખાયાની એ પ્રતીતિ કરાવે છે, અને ખાસ કરીને જીવનને સ્પર્શતા તમારા લેખો અમારા સૌના માટે બ્રેઇન સ્ટૉર્મ જેવા હોય છે. તમારું ફોકસ વિષય પર અને વ્યક્તિત્વ પર કેન્દ્રિત હોય છે. તમારું વ્યવસાયિક પ્રદાન ખૂબ જ મહત્ત્વ ધરાવે છે, પરંતુ આ સ્થળ ખાલી રહેશે તે કઠિની થશે. તમારી અદ્વિતીયતા છે, તમારું જીવન શૈક્ષણિક અને વ્યક્તિગત-વિકાસ સુધીનું સમર્પણ-માત્ર નથી, પરંતુ તે, સમાજના તકવંચિતોની સેવામાં પરિણમે છે. તમારું કાર્ય વાસ્તવમાં કંઈ કેટલાય લોકોને ઉપયોગી બન્યું છે.

તમારાં જેવાં અણમોલ વ્યક્તિ મળ્યાં તેને હું મારું સદભાગ્ય સમજુ છું. તમારો સ્નેહ, મારાં દરેક કામમાં મને વધુ ને વધુ પ્રોત્સાહન પૂરું પાડે છે અને મને વધુ આગળ વધવા પ્રેરિત કરે છે. તમને મેં હંમેશાં ખૂબ જ પ્રેમાળ, સંવેદનશીલ, દયાળુ, સરળ અને સેવાભાવી અનુભવ્યાં છે. તમારી ઊર્જા અને આસ્થા પ્રેરણાદાયી છે. તમારા વ્યક્તિત્વ અને પ્રભાવે લોકોને નવી દિશા આપી છે. તમારું વ્યક્તિત્વ એટલું મોહક છે કે તમારા દર્શન માત્રથી હ્રદય પુલકિત બને છે.

તમારી સેવાનો લાભ લેનાર તમામ વિદ્યાર્થીઓ તરફથી, હ્રદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. અમે તમને ખુશ, આરોગ્યવંત અને પૂર્ણ નિવૃત્તિ પામવાની શુભેચ્છા પાઠવીએ છીએ. તમે આપેલ જ્ઞાનની વિરાસત અમને પ્રેરણા આપતી રહેશે. તમારી આસ્થા, એ અમને મળેલા સૌથી મોટા આશીર્વાદ છે. તમને અમારું અઢળક વહાલ અને વંદન. Thank you so much. હું જીવનભર તમારો આભારી રહીશ.

# કેળવણીનાં કલાકાર ડૉ. આનંદીબહેન પટેલ

**- કમળા માળી**
(MSW વર્ષ ૨૦૨૨)

મારાં અધ્યાપક ડૉ. આનંદીબહેન પટેલના શિક્ષણકાર્યની મારા જીવન ઉપર ખૂબ રચનાત્મક અસર પડી છે. ડૉ. આનંદીબહેન પટેલનું વર્ગ દરમ્યાનનું શિક્ષણકાર્ય, તેમની ભણાવવાની પદ્ધતિ તથા શૈક્ષણિક મુદ્દાઓને જીવન-વ્યવહાર સાથે અનુબંધિત કરી ખૂબ જ સરળ રીતે સમજાવવાનું તેમનું કૌશલ્ય કાબિલેદાદ છે.

વર્ગના શિક્ષણ દરમ્યાન મને ક્યારેય કંટાળો નથી આવ્યો, કે ક્યારેય ઊંઘનો અહેસાસ નથી થયો. આખો કલાસરૂમ જીવંત બની જતો. શિક્ષણના મુદ્દાઓનો પ્રૅક્ટિકલ અનુભવ થતો હોય એવું મેં હંમેશાં અનુભવ્યું છે. તેમનો વર્ગ છોડવાનું મને ક્યારેય મન થયું નથી, એને બદલે હંમેશાં હું તેમના ક્લાસમાં આવવાની ચાતક નજરે રાહ જોતી. તેઓ ભણાવતી વખતે શૈક્ષણિક મુદ્દાઓમાં ઓતપ્રોત થઈ જતાં અને અનેક દાખલા, દલીલો, સંદર્ભો તેમ જ તેને આનુષંગિક ઉદાહરણોની ભરમાર રજૂ કરી વિદ્યાર્થીઓમાં જીજ્ઞાસાવૃત્તિ પેદા કરતાં. તેમને સાંભળવાનું સતત મન થયા કરતું. તેમનો ક્લાસ ગુમાવવો એટલે કંઈક ગુમાવ્યું છે એવો અહેસાસ થતો. તેમની શિક્ષણ પદ્ધતિ અને શૈલી પરથી અમને થતું કે તેમનું વાંચન, વિચાર અને ચિંતન કેટલું ઊંડાણભર્યું, વિશાળ અને તલસ્પર્શી હશે.

તેમનું માર્ગદર્શન હંમેશાં અમને ઉપયોગી અને જીવનલક્ષી રહ્યું છે. ગાંધીયન ફિલોસોફીને આત્મસાત કરી હોય તેવાં એક ઉમદા વ્યક્તિત્વ ધરાવતાં ડૉ. આનંદીબહેનના જીવનમાંથી અમે અમારા વ્યક્તિગત જીવનમાં તેમ જ કાર્યસ્થળે હંમેશાં પ્રેરણા મેળવતા રહીશું.

મારા સમાજકાર્ય અનુસ્નાતકના અભ્યાસ દરમ્યાન તેમની સાથે થયેલો એક નાનકડો અનુભવ અત્રે રજૂ કરું છું. આમ તો એમની સાથે મને અનેક અનુભવ થયા છે પણ આ અનુભવ જીવનમાં હંમેશાં યાદ રહેશે. વર્ગ-શિક્ષણ દરમ્યાન એક ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવી રહી હતી. તેનો વિષય ખૂબ સંવેદનશીલ હતો. પુખ્તવયના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વચ્ચે HIV/AIDSની detailમાં ચર્ચા કરવી ખૂબ પડકારજનક રહે. તેમ છતાં, એ ફિલ્મની વિષયવસ્તુની છણાવટ તેમણે પૂરેપૂરી ગંભીરતા સાથે સુરુચિનો ભંગ ન થાય એ રીતે કરી.  ક્ષેત્રકાર્ય દરમ્યાન, ફિલ્મની કથાનું કાઉન્સેલિંગ કેવી રીતે કરવું તેની ખૂબ જ્ઞાનવર્ધક અને પ્રૅક્ટિકલ સમજ તેમણે પૂરી પાડી. ડૉ. આનંદીબહેન પટેલના આ અધ્યાપન-કૌશલ્યો મારી દ્રષ્ટિએ શ્રેષ્ઠ અને યાદગાર છે. એક અધ્યાપક તરીકે તેમની છાપ મારા જીવન પર અમીટ છે.

# પ્રૉફેશનલની સાથે-સાથે પર્સનલ લાઇફમાં પણ તેમણે હંમેશાં સારી સલાહ, સપોર્ટ અને સાંત્વના આપ્યાં છે

**- કાજલ નાયી**
(MSW વર્ષ ૨૦૨૦)

મારા પ્રિય અધ્યાપકોમાંનાં એક એવાં આનંદીબહેન, તમારાથી હું શીખેલી કે વ્યવસાયિક સમાજકાર્યકર અને સમાજ સેવકમાં ઘણો ફરક હોય છે. તમે અમને વ્યવસાયિક સમાજકાર્યનું સાચું જ્ઞાન આપ્યું. એ સાથે ક્ષેત્રકાર્ય, શિબિર અને પદયાત્રામાં તમારા તરફથી અમને ઘણો સહકાર અને આત્મવિશ્વાસ મળ્યો. અમારા ભાગ્ય કે, તમારો પ્રેમ, તમારું જ્ઞાન અને તમારો સહયોગ મળ્યો, પણ હવે નવાં ખીલતાં વિદ્યાર્થી રૂપી ફૂલોને તમે નહીં મળી શકો.

તમે મારી અંગત જિંદગીની ગૂંચવણોમાંથી બહાર લાવવામાં મને ઘણી મદદ કરી હતી, એ મને બરાબર યાદ છે. એક સમયે હું બધી જ રીતે હારી ગઈ હતી. પરંતુ, તમારા માર્ગદર્શન તથા મારાં અધ્યાપકો એવાં ડૉ. વિપિન સર, ડૉ. ઈશાનીબહેન તેમ જ મારા મિત્રોના સહયોગને લીધે આજે હું મારી જિંદગીમાં અડીખમ ઊભી છું. નાનામાં નાના માણસ અને નબળામાં નબળા વિદ્યાર્થી પ્રત્યે પણ તમે એકસરખો પ્રેમભાવ અને સહયોગ દાખવ્યો છે. તમારા ચહેરા પર મેં ક્યારેય કોઈ મોટાપો કે ઘમંડ જોયો નથી. કુદરત આ ચહેરાને હંમેશાં હસતો રાખે એ જ પ્રાર્થના. અમારાં દિલોમાં તમારા માટે અઢળક પ્રેમ રહેશે. ઘણી-બધી યાદો અને અશ્રુભીની આંખ સાથે આપને વયનિવૃત્તિ ટાણે શુભેચ્છાઓ પાઠવું છું.



# અઘરા લાગતા વિષયો ભણાવવાની તેમની શૈલી ખૂબ સરળ અને વિષયને ઝડપથી સમજી શકાય તેવી આકર્ષક લાગી

**- કિરણભાઈ વા. લકુમ**
(MSW વર્ષ ૨૦૧૦)

પ્રો. આનંદીબહેન તા. ૩૧/૧૨/૨૦૨૩ના રોજ પોતાની ફરજમાંથી નિવૃત્ત થવાના છે એવી જાણકારી મળી ત્યારે થોડું દુઃખ થયું, સાથે આનંદ પણ થયો. કારણ કે, લાંબા સમયની મોટી જવાબદારીના મોટા ભારમાંથી બહાર આવી, તેઓ શાંતિમય જીવનનો અહેસાસ કરી શકશે.

હાલમાં હું દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી(વર્ગ-૨) તરીકે ફરજ બજાવું છું. સમાજકાર્ય વિભાગના અધ્યાપકો અને ગૂજરાત વિદ્યાપીઠ સાથે મારે વર્ષ ૨૦૦૮-૨૦૧૦ તથા વર્ષ ૨૦૧૪-૨૦૧૬ એમ લગભગ ચાર વર્ષ અભ્યાસ-હેતુ મધુર નાતો રહ્યો. જે બદલ હું પોતાને ભાગ્યશાળી માનું છું. સમાજકાર્યના અભ્યાસ દરમિયાન માનનીય આનંદીબહેનની નજીક આવી શક્યા. તેમના નામ મુજબ આનંદિત, સરળ, મૃદુ અને જ્ઞાનમય વ્યક્તિત્વથી હું પ્રભાવિત થયો. સમાજકાર્યનાં મૂલ્યો-ગુણો-કૌશલ્યો, આચારસંહિતા, કાઉન્સેલિંગ, સમાજકાર્યની થિયરી વગેરે જેવા અઘરા લાગતા વિષયો ભણાવવાની તેમની શૈલી ખૂબ જ સરળ અને વિષયને ઝડપથી સમજી શકાય તેવી આકર્ષક લાગી.

વધુમાં, માસ્ટર ઑફ ફિલોસોફીમાં પણ વિષય-પસંદગીથી માંડીને વાયવા સુધીનું તેમનું ખૂબ સારું માર્ગદર્શન મળ્યું. તેઓ પોતાની અનુકૂળતા મુજબ નહીં, પણ વિદ્યાર્થીની અનુકૂળતા મુજબ સમય ફાળવતાં. તેઓ તેમનાં વ્યસ્ત શિડ્યુલમાં પણ સમય ફાળવીને વિદ્યાર્થીને વધુ મહત્ત્વ આપતાં. તે તેમની સરળતા અને ખૂબી બતાવે છે. તેઓના માર્ગદર્શનમાં અભ્યાસકાળ દરમ્યાન થયેલી શિબિરો, પ્રવાસો, પદયાત્રાઓ, કેન્દ્ર નિવાસ, મૂલ્યલક્ષી શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓના લીધે અમારું સાચું જીવન-ઘડતર થયું છે અને અમારામાં જીવન-મૂલ્યોનું સિંચન થયું છે. તે માટે અમારાં આનંદિત આનંદી બહેન, સમાજકાર્ય વિભાગ અને ગૂજરાત વિદ્યાપીઠનો આભાર આ તબક્કે માનીએ તેટલો ઓછો પડે.

છેલ્લે માનનીય આનંદીબહેનના નિવૃત્તિના પ્રસંગે તેમને હું ખૂબ હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. સાથે-સાથે તેમની નિવૃત્તિ બાદનું જીવન, ખૂબ સુખમય અને આરોગ્યપ્રદ પસાર થાય તે માટે અઢળક શુભેચ્છાઓ.

# તમારી ક્યારેય ન સમાપ્ત થતી ધીરજ, પ્રેરણા અને દ્રઢતા બદલ આભાર

**- કીર્તિ પ્રજાપતિ**
(MSW વર્ષ ૨૦૨૩)

શિક્ષક એવી વ્યક્તિ છે, જે માત્ર શૈક્ષણિક વિષયો અથવા કોઈ પણ અભ્યાસક્રમ જ ભણાવતી નથી, પણ વિદ્યાર્થીના સમગ્ર જીવનમાં પરિવર્તન લાવે છે. શિક્ષક વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને નિરક્ષરતાના આંતરિક અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરે છે. તેઓ તેમના વિદ્યાર્થીઓની આંતરિક ઇચ્છામાં જ્ઞાનનો પ્રકાશ ભરે છે. એટલે જ આપણી પરંપરા અને ધાર્મિક ગ્રંથોએ શિક્ષકોને માતા-પિતાથી એક સ્તર ઉપર રાખ્યા છે.

અમારા પ્રોફેસર આનંદીબહેને વિદ્યાર્થીઓનાં જીવનઘડતરમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. તેઓ અમને માત્ર ભણાવવા માટે નહિ, પણ કેળવવા માટે અનેક ઉદાહરણો સાથે સમજાવતાં હતાં. તેમણે અમારા માટે જે કંઈ કર્યું છે, તે માટે તેમનો ખૂબ-ખૂબ આભાર. અમને વધુ સારી વ્યક્તિ તરીકે વિકસાવવામાં મદદ પૂરી પાડવા બદલ તેમ જ તમારી ક્યારેય ન સમાપ્ત થતી ધીરજ, પ્રેરણા અને દ્રઢતા બદલ આભાર.



# મને તમારી પાસેથી શિક્ષણ અને જ્ઞાનરૂપી જે વારસો મળ્યો છે તેને હું સદાયે મારું સદનસીબ સમજું છું

**- કૃપા જાની**
(MSW વર્ષ ૨૦૨૧)

આનંદી મૅડમ, જેવું નામ એવો જ સ્વભાવ. હંમેશાં આનંદમાં રહે અને બીજાને આનંદમાં રાખે. સદાય હસતો ચહેરો અને સાથેસાથે શાંત-સરળ વ્યક્તિત્વ. બે વર્ષના સમાજકાર્ય અભ્યાસ દરમિયાન મેં મૅમને ક્યારેય ઉદાસ કે થાકેલા જોય નથી. અધ્યાપિકાની સાથેસાથે મૅમ પાસે, વિભાગનાં વડા તરીકેની જવાબદારીઓ તો ખરી જ. એટલું જ નહીં, પણ સમાજકાર્યની અન્ય ઘણી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવા છતાં તેઓ ક્યારેય કામનાં ભારણને કારણે, કે પછી વિદ્યાર્થીઓના પ્રશ્નોને કારણે થાકેલા કે કંટાળ્યા હોય તેવાં જોવાં ન મળે.

એક અધ્યાપક તરીકે તેમની ભણવવાની પદ્ધતિ જેટલી સરળ, એટલી જ સરળ ભાષા. ગમે તેટલો જટિલ કૉન્સેપ્ટ હોય, વિદ્યાર્થીઓને તે સમજવામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે તેઓ ફક્ત થીયરી જ નહીં, પણ અલગ-અલગ ઍક્ટિવિટી કરાવીને સમજણ આપે. મને હજુ પણ યાદ છે, કાઉન્સેલિંગ વિષે ભણાવતી વખતે મૅડમે અમને દરેકને એક-એક ખ્યાલ પ્રૅક્ટિકલ કરીને એવી રીતે સમજાવેલા કે આજ સુધી અમે ભૂલી શક્યા નથી.

મારા બે વર્ષના અભ્યાસના સમયગાળા દરમ્યાન હું ઘણી બધી વાર, મારા અંગત અને કૌટુંબિક કારણોસર ઉદાસીનતા અને હતાશાનો ભોગ બનેલી. હું માનસિક રીતે નાસીપાસ થઈ ગયેલી. તેવા સમયે મૅડમ મને પોતાની દીકરી ગણીને સમજાવતાં. તેઓ મારી વાત સાંભળતાં, મારી સમસ્યાઓને સમજતાં અને મને ઘરથી દૂર હોવા છતાં હૂંફ, પ્રેમ અને પ્રેરણા પૂરી પાડતાં. તે દિવસે મૅડમે આપેલી શિખામણ અને સમજણને ધ્યાને રાખી હું મારો અભ્યાસ શાંતિપૂર્ણ રીતે પૂરો કરી શકી. તે માટે હું મૅમની જીવનભર માટે આભારી છું. મને આજ પણ એમના શબ્દો યાદ છે કે, “સમાજકાર્યકર જ્યાં સુધી પોતે પોતાની સમસ્યાઓનું સમાધાન ન કરે ત્યાં સુધી તે સેવાર્થીઓની સમસ્યાનું નિરાકરણ ન કરી શકે. સમાજકાર્યકર પહેલાં પોતે માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ હોવો જોઈએ.”

તેઓ જ્યારે ક્લાસમાં અમારી સામે આવે અને એક હળવું સ્મિત આપે ત્યારે મને એમ થાય કે, મૅડમ આટલો બધો ભાર હોવા છતાં કેવી રીતે આટલું સરસ સ્મિત આપી શકતાં હશે? આજે અમે અમારા વ્યવસાયિક કાર્યમાં થોડો બોજ વધે એટલે ગુસ્સે થઈ જઈએ, નાસીપાસ થઈ જઈએ અને એમ થાય કે નોકરી જ કરવી નથી. તો મૅડમ કેવી રીતે બધું સંભાળતાં હશે અને એ પણ આટલી શાંતિપૂર્ણ રીતે!

વહાલાં આનંદી મૅમ, અમે ક્યારેય તમારાં જેટલાં મૃદુ, શાંત અને સરળ બની નહીં શકીએ. પરંતુ, તમારાં જીવનમૂલ્યો, તમારા ગુણો અને તમે આપેલાં શિક્ષણ-કેળવણી અને સંસ્કારોને

જીવનમાં સાચા અર્થમાં સાર્થક કરી શકીએ તે માટે સદાયે પ્રયત્ન કરીશું. મને તમારી પાસેથી શિક્ષણ અને જ્ઞાનરૂપી જે વારસો મળ્યો છે તેને હું સદાયે મારું સદનસીબ સમજું છું. મને સાચા અર્થમાં સમાજકાર્યકર તરીકે સમાજમાં સ્થાપિત કરવામાં જેમનો સિંહફાળો છે એવા મારા અધ્યાપકોનું અને ગૂજરાત વિદ્યાપીઠનું મસ્તક ગર્વથી સદાયે ઊંચું રહે તેવા પ્રયત્નો કરીશ.

# "આપણે લોકોને બદલવાનાં નથી, આપણે બદલાવાનું છે"

**- ગાયત્રી પટેલ**
**(MSW વર્ષ ૨૦૦૧)**

*"આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાની છું. તેથી જો કશી મમતા બતાવી શકું તેમ હોઉં તો લાવ અત્યારે જ તે કરી લઉં, કારણ કે હું અહીંથી ફરી નીકળવાની નથી... જીવન વિશેની કેટલી ઊંડી ફિલોસોફી આ વાક્યમાં સમાયેલી છે. પ્રિય ગાયત્રી, તારા જીવનમાં તું ફૂલની જેમ હંમેશાં ખીલેલી રહે અને બધાને સુવાસ ફેલાવતી રહે, એવી અંતરથી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ."*

*- આનંદી પટેલ (તા. ૩૧-૫-૨૦૦૧)*

પૂ. આનંદીબહેને, ઉપરનું લખાણ મારા માટે લખેલું છે. સમાજકાર્યનો અભ્યાસ પૂરો કર્યાનો છેલ્લો દિવસ હતો. સાથીમિત્રો અને અધ્યાપકશ્રીઓ વિદાય લઈ રહ્યા હતા. તે વખતે મને મનમાં થતું હતું કે, આજીવન મારી સાથે રહે તેવું શું સંભારણું મારી સાથે લઈ જાઉં? આ પ્રશ્નના જવાબ માટે મેં એક ડાયરી લીધી અને આનંદીબહેનના રૂમમાં ગઈ. બહેનના ચરણસ્પર્શ કરી મેં તેમને ડાયરી આપીને તેમાં કંઈક લખી આપવા કહ્યું. તેમણે એક પળની પણ રાહ જોયા વિના ડાયરી હાથમાં લીધી અને ઉપરોક્ત સંદેશ મને લખી આપ્યો. આજે પણ જ્યારે ઉદાસ હોઉં કે કોઈ મુશ્કેલીમાં હોઉં ત્યારે ડાયરી ખોલી, આપની આ વાત વાંચી લઈ ઊર્જાનો અનુભવ કરું છું.

સમાજકાર્યના અભ્યાસમાં આદર્શ વાતો શીખીએ છીએ, જયારે પ્રૅક્ટિકલ જિંદગીમાં તેને જીવવાનું થાય ત્યારે મનમાં સંઘર્ષ થાય...આવી જ એક સંઘર્ષની પળે, ગામના કોઈ ખેતરમાં ઊભાં-ઊભાં મેં તેમને ફોન કર્યો અને મારા મનની મૂંઝવણ કહી. ત્યારે તેમણે મને ખૂબ ધીરજથી કહ્યું હતું કે, "આપણે લોકોને બદલવાનાં નથી, આપણે બદલાવાનું છે." તેમણે શીખવેલો આ પાઠ, આજના હરીફાઈના યુગમાં પ્રૅક્ટિકલ રીતે મને ટકી રહેવાનું બળ આપે છે.

આપણો સમાજકાર્યનો વિભાગ ગામડાના છેવાડાના વિદ્યાર્થીઓને દિશા આપી રહ્યો છે. હું ૨૦૦૧ની બૅચની વિદ્યાર્થિની, થોડી અંતર્મુખી. આજે પણ જલદી કોઈ સાથે વાત ન કરું, પણ આપણા વિભાગના અધ્યાપકશ્રીઓ અને આનંદીબહેનની સાથે સહજતાથી વાત કરી શકાય છે. તે ખૂબ મહામૂલી વાત છે. તેનું જતન કરવાનો મોકો મળ્યો તે માટે આભાર.

સૌ અધ્યાપકશ્રીઓના, બે વર્ષના અભ્યાસકાળના દિશા-સૂચનથી મારા જીવનને યોગ્ય દિશા મળી છે. ગુજરાતની પ્રતિષ્ઠિત અને છેવાડાના લોકો માટે કામ કરતી 'સેવા રૂરલ-ઝઘડીયા' સંસ્થામાં આજે કામ કરી રહી છું. નર્મદા કિનારે રહેવાનો અને કામ કરવાનો આનંદ છે. મારું જીવન સાર્થક બનાવવા બદલ આનંદીબહેન અને સૌ અધ્યાપકોનો આભાર માનું છું.

# સરળ, સહજ અને કાળજીભર્યું વ્યક્તિત્વ ધરાવતાં આનંદીબહેન

**- ગિરિજા મહંત**
(MSW વર્ષ ૨૦૧૩)

જીવન જેમ જેમ આગળ-આગળ વધે તેમ-તેમ, ઉતાર-ચઢાવ સાથે અઢળક સારી-નરસી યાદો અને અનુભવ કરાવે છે. પ્રાથમિકથી લઈને સમાજકાર્ય પારંગત સુધીની સફરમાં યાદ રહી જાય તેવું વ્યક્તિત્વ એટલે આનંદીબહેન. હંમેશાં હસતો ચહેરો અને સાદગીપૂર્ણ જીવન. સહાયરૂપ અને પ્રેરણાદાયી એવાં આનંદીબહેન, મારા જીવનમાં અનોખી છાપ છોડી ચૂક્યાં છે. જેમ સમયના સથવારે જિંદગી ચાલે તેમ સમય સાથે યાદો પણ તાજી થઈ ચાલતી રહે છે.

સમાજકાર્ય પારંગતના પ્રથમ સત્ર દરમિયાન, મારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માઈગ્રેશન સર્ટિફિકેટ મેળવવાનું હતું. તે માટે મારે રજા જોઈતી હોવાથી હું શ્રી આનંદીબહેન પાસે ગઈ ત્યારે આનંદીબહેને ખૂબજ પ્રેમથી મારી સાથે કેટલીક ચર્ચા કરી હતી. અન્ય યુનિવર્સિટી અને કૉલેજમાંથી અભ્યાસ કર્યા પછી વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવ્યો હોવાથી મને અહીંનું વાતાવરણ અત્યંત નવું અને જુદું લાગતું. બધા જ નવા લોકો, ઘરથી દૂર છાત્રાલયનો નવો અનુભવ, ઉપરાંત, રેંટિયો, ખાદી, વગેરે સાથેના સાવ નવા જ જીવનની શરૂઆત હતી. તેમાં પણ શિક્ષકો ખૂબ જ મિલનસાર અને કૌટુંબિક ભાવનાવાળા એનું આશ્ચર્ય હતું! આટલા નવા અને આશ્ચર્યપૂર્વક જીવનમાં, અમારાં વિભાગીય વડા અન્ય વિશ્વવિદ્યાલયોના વડાથી તદ્દન જુદા! શિસ્ત-શિષ્ટાચાર તો ખરો જ, પરંતુ કોઈ જ ઔપચારિકતા નહિ! તેનાથી વિશેષ બીજો શું અનુભવ હોય! સીધા જ વિભાગીય વડાને મળી શકો! રસ્તા પર, સીડી પર, વર્ગખંડમાં, વર્ગખંડની બહાર, એમ ગમે ત્યારે બહેન મળે અને સહજતાથી કેમ છો એમ પૂછે. વળી, જે પ્રશ્ન હોય તેનો જવાબ આપે. આટલું સરળ જીવન બહેનશ્રીનું.

પ્રથમ વખત રજા લેવા ગઈ તેની વાત કરું. તે દરમિયાન મેં બહેનને રજા માટે વાત કરી. રજાચિઠ્ઠીમાં સહી કરી મને બેસાડી, ક્યાંથી ભણીને આવી? શું ભણી? ગમે છે કે નહિ? છાત્રાલયમાં બધું ગોઠવાઈ ગયું કે કેમ? બધા જ સવાલોના સંતોષકારક જવાબ લીધા. બહેન, વિદ્યાર્થીઓને ચહેરાના હાવભાવ પરથી જ જાણી જાય. દીર્ઘદ્રષ્ટા, સાથે-સાથે પરાનુભૂતિ અઢળક, બહેનના જીવનમાંથી દરેક વ્યક્તિ ખૂબ જ શીખી શકે. તેમનું આખું જીવન તાલીમકક્ષ ગણાવી શકાય. ભણાવવામાં, નોકરીમાં, ઇન્ટરવ્યૂમાં દરેક બાબતે વિદ્યાર્થીને ખૂબ જ સહજતાથી પ્રોત્સાહિત કરે. વળી, બીજાને તેમણે કંઈક શીખવ્યું કે તેમનામાંથી બીજા લોકો કંઈક શીખ્યા તેવો લેશમાત્ર ભાવ નહિ. તેઓની વયનિવૃત્તિ પ્રસંગે તેમને અઢળક શુભેચ્છાઓ. દરેક વિદ્યાર્થીના જીવનમાં તેમણે છોડેલી છાપ કદી નહિ ભૂસાય તેવી મને ખાતરી છે. બહેન વયનિવૃત્ત થાય છે, પરંતુ તેઓનું જીવન સદાય પ્રવૃત્ત રહેવાનું છે. અમારા જેવા વિદ્યાર્થીઓ, બહેન પાસે સતત પ્રવૃત્તિ કરાવશે, તેમનું માર્ગદર્શન લેશે તથા તેમને હંમેશાં નાની-મોટી વાતમાં યાદ કરશે જ. બહેને હંમેશાં બધાને મદદ કરી છે અને કરશે. તેમના ગુણો હંમેશાં જીવનમાં પ્રેરણારૂપ બનશે...અંતે કહી શકાય... "આનંદમૂર્તિ, ગુણના ભંડાર".

# સઘન ફિલ્ડવર્ક માટે વિદ્યાપીઠની પ્રાર્થનામાંથી મુક્તિ અપાવનારાં ડૉ. આનંદીબહેન

**- ગિરીશકુમાર દામોદરપ્રસાદ ત્રિવેદી** (MSW વર્ષ ૧૯૭૪)
એફ.એસ.આઈ.ડબ્લ્યુ.,એફ.એસ.પી.એસ.ડબ્લ્યુ (બેંગ્લોર), એન.ડી.ડી.વાય.(દિલ્હી), એલએલ.બી.(ગુ.યુ.)

'પ્રાર્થના એ આત્માનો ખોરાક છે.' તેથી ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપનાથી જ, વિદ્યાપીઠની પરંપરા મુજબ પ્રાર્થનાનું વિશેષ મહત્ત્વ છે, ગૂજરાત વિદ્યાપીઠનો કોઈ પણ શૈક્ષણિક કાર્યક્રમ, પ્રાર્થનાના ભોગે ન થાય તેવી એક સમજ પહેલેથી જ વિદ્યાપીઠના વહીવટમાં હતી.

માસ્ટર ઑફ સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ કાર્ય માટે માનસિક આરોગ્યની હૉસ્પિટલમાં જાય તે માટે આનંદીબહેન મંજૂરી લેવા માટે હૉસ્પિટલમાં આવ્યા ત્યારે તેમને પ્રત્યક્ષ મળવાનું થયું હતું. તે વખતે વિદ્યાપીઠની પ્રાર્થનાના સમય દરમ્યાન, હૉસ્પિટલની OPDનો સમય પણ સવારે ૮થી ૧૨ સુધી નિર્ધારિત હતો. તેમાં બહારના દર્દીઓના વિભાગમાં વિવિધ માનસિક બીમારીનો ભોગ બનેલા દર્દીઓ આવતા હતા. તેમનાં લક્ષણો વિદ્યાર્થીઓ જુએ તો તેમને માનસિક રોગ વિશે પ્રત્યક્ષ અનુભવ થાય. પરંતુ, તે માટે પ્રાર્થનાના સમયમાંથી મુક્તિ અપાવવી જરૂરી હતી. મારી આ વિનંતી ધ્યાને લઈ વિદ્યાર્થીઓના હિતમાં વિદ્યાપીઠના વહીવટી તંત્રને સમજાવવામાં તેઓ સફળ રહ્યાં. તેમની ઉમદા ભાવનાથી તેમણે જે કંઈ કાર્ય કર્યું તેનું સરસ પરિણામ આવ્યું.

સમાજકાર્ય વિભાગનાં અધ્યક્ષ તરીકે વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ક્યાં અને શું કામગીરી કરે છે તેના વિશેની બધી જ વિગતોથી તેઓ વાકેફ રહેતાં હતાં. સમાજકાર્ય વિભાગની સ્થાપનાનાં ૫૦ વર્ષ નિમિત્તે તેમણે ૫૦ તેજસ્વી તારલાઓને શોધી સન્માનિત કર્યા હતા. આ ૫૦ તેજસ્વી તારલાઓ પૈકી એક હું પણ હતો, તેનો મને અનહદ આનંદ છે.

આનંદીબહેનના વ્યક્તિત્વની એક વિશેષતા એ હતી કે, તેઓ કોઈ વ્યક્તિને મળે એટલે તેમની ક્ષમતાને બરાબર પારખી લે. સમાજકાર્ય વિભાગમાં મનોચિકિત્સાનો કોર્ષ ચાલુ થયો. એટલે મને પરીક્ષા અને વિષય-નિષ્ણાત તરીકે બોલાવી વિદ્યાર્થીઓ સાથે સંવાદની તક પૂરી પાડી હતી. તે બદલ તેમનો આભારી અને ઋણી છું.

ડૉ. આનંદીબહેન પટેલની બીજી મહત્ત્વની વાત એ છે કે, તેમનામાં સેવાભાવના ખૂબ છે. જે સેવાભાવના તેમણે વિભાગના વિદ્યાર્થીઓમાં કેળવી છે તે વિદ્યાર્થીઓમાં દ્રષ્ટિમાન થાય છે. ડૉ. આનંદીબહેન નિવૃત્તિમાં પણ સદાય પ્રવૃત્તિમય રહી, વ્યાવસાયિક સમાજકાર્યના ક્ષેત્રે વધુ પ્રવૃત્તિમય રહી કાર્ય કરે તેવી શુભકામનાઓ.

# અમારી ઉંમર કરતાં ત્રણ ગણી વધારે વય, તેમ છતાં અમારાં પ્રિય મૅડમમાં જુસ્સા અને હિંમતની કમી ન હતી

**- ગુંજન માછી**
(MSW વર્ષ ૨૦૨૧)

મારાં પ્રિય અધ્યાપક આનંદીબહેન દ્વારા, સમાજકાર્યના અભ્યાસ દરમિયાન, જે શીખ અને શિક્ષણ મળ્યાં છે તે જીવન ઉપયોગી છે. તેમને પદ-પ્રતિષ્ઠાનો અહમ્ નહીં. પ્રથમ સત્રમાં ક્ષેત્રકાર્યમાં, સદભાગ્યથી મૅડમ મને ક્ષેત્રકાર્યના ગુરુ તરીકે મળ્યાં. મેં B.com.નું ભણતર પૂર્ણ કરી MSW વિષય પસંદ કર્યો હતો. તે મારા માટે ખૂબ નવો વિષય હતો. મૅડમ ન હોત તો એ મારા માટે અઘરો વિષય બની જાત. સરળ ભાષામાં શિક્ષણ આપવાની તેમની રીત, અમને ક્યારેય વર્ગખંડ છોડવા દેતી નહીં.

એક ખાસ અનુભવ અને શીખવા જેવી બાબત તો પદયાત્રા સમયની. ડાંગની પદયાત્રા અને વિસ્તાર-હિસાબે સગવડો ઓછી. મૅડમ બધી જ પરિસ્થિતિમાં અનુકૂળ થઈ જતાં. એક આદિવાસી ભાઈને ત્યાં રાત્રિ-ભોજનમાં વાંસનું શાક બનાવ્યું હતું . તે મને ખાવાની ઇચ્છા ન હતી. ત્યારે મૅડમે તે સૌથી પહેલા લઈને, હસતાં-હસતાં કહ્યું કે, પ્રેમથી બનાવેલી બધી જ વસ્તુને ખાવાનો આનંદ અલગ જ હોય છે. વિસ્તાર મુજબ બધાની ખાણી- પીણી અને વાણીમાં વિવિધતા જોવા મળે છે, ત્યારે માણસની લાગણીઓ અને આદર-સત્કારનું માન રાખવું જોઈએ. એમના વર્તન પરથી શીખવા મળ્યું. તેમનો સ્વભાવ પ્રેમાળ, તેમ જ બધા લોકોને એકસમાન રીતે જોવાની દ્રષ્ટિ.

અમારી ઉંમર કરતાં ત્રણ ગણી વધારે વય, તેમ છતાં અમારાં પ્રિય મૅડમમાં જુસ્સા અને હિંમતની કમી ન હતી. આગલા દિવસે તાવ હોવા છતાં, બીજા દિવસે તેમણે અમારી સાથે ત્રણ કલાક કરતાં વધુ, પહાડી રસ્તાનું ટ્રૅકિંગ કર્યું હતું. Never give up અને ક્યારેય પોતાની કમજોરીને માર્ગમાં બાધા ન બનવા દેવી એ પણ મૅડમ પાસેથી એ સમય દરમિયાન શીખવા મળ્યું. હું ખૂબ જ ભાગ્યશાળી છું કે, મને મારા જીવનમાં એમનાં જેવાં ગુરુ મળ્યાં. ભણતર સાથે જીવન- ઘડતર અને સમાજને જોવા-સમજવાનો તેમનો દ્રષ્ટિકોણ આપનારાં મારાં પ્રિય આનંદી મૅડમનો ખૂબ આભાર.



# હર્ષાનંદની જીવંત મૂર્તિ : આનંદીબહેન

**- ડૉ. ઘનશ્યામ વાઘેલા**
(MSW વર્ષ ૨૦૦૯)

આજે હું મારા ગુરુની વાત કરું છું. હું એ જ વ્યક્તિની વાત કરવા જઈ રહ્યો છું, જેમણે ‘યારાના’ ફિલ્મમાં અંજાન લિખિત ગીતના શબ્દો ‘મેરી જિંદગી સવારી, મુઝ કો ગલે લગા કે, બૈઠા દિયા ફલક પે, મુઝે ખાક સે ઉઠા કે’ની જેમ મારા જેવી રજને, ગજા મુજબનું આકાશ આપ્યું. હા, વાત છે મારાં પરમ આદરણીય પ્રો. આનંદીબહેનની.

વિગતે વાત કરું તો સૌ પ્રથમ એમ.એસ.ડબ્લ્યુ.ની પરીક્ષા વખતે જૂથ ચર્ચાનો મુદ્દો હતો ‘અનામત’. તે સમયે પોઝિટિવ ડિસ્ક્રિમિનેશન વિશે અંગ્રેજીમાં ખોટું બોલાયેલું વાક્ય એમણે સુધાર્યું ત્યારે પ્રથમ વખત, જૂથ ચર્ચામાં આવડશે નહિ એવી ગભરામણ હતી તે દૂર કરવા આનંદીબહેને મને પહેલી મદદ કરી હતી. આ મદદ પછી મારો પડછાયો બનીને સાથે રહ્યાં. એમ.એસ.ડબ્લ્યુ. ના પ્રથમ વર્ષનાં ફિલ્ડવર્કનાં માર્ગદર્શક રહેવાની સાથે-સાથે એમ.ફિલ., પીએચ.ડી. તેમ જ વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનના ઉતાર-ચઢાવના પ્રત્યેક તબક્કે, પ્રત્યક્ષ-પરોક્ષ રીતે તેઓ સદાય માર્ગદર્શક રહ્યાં છે.

એમ.એસ.ડબ્લ્યુ.ના પ્રથમ વર્ષમાં ભુવાલડી ગામમાં ફિલ્ડવર્ક દરમિયાન, ‘સૃષ્ટિ’ સંસ્થાનું ‘લોકસરવાણી’ સામયિક વાંચ્યું. તે વાંચીને મેં ખેડૂતો માટે ક્ષેત્રકાર્ય કરવાની ઇચ્છા દર્શાવી, પરંતુ સમસ્યા એ હતી કે, ક્ષેત્રકાર્ય સમયે સવારથી સાંજ, ખેડૂતો ખેતરે કામે હોય અને ખેતર મુલાકાતે એકાદ-બે જ ખેડૂતો મળે, આનંદીબહેને કહ્યું કે, “ઘનશ્યામ, ખેડૂતોને ગમે ત્યારે મળી શકાય. સવારે કે સાંજે જ મળવું જરૂરી નથી.” મેં રાતે મળવાનું વિચાર્યું. આમ કરીને મેં કુલ ૧૮ જેટલી રાત્રિસભાઓ કરી અને પરિણામ સ્વરૂપે ‘કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-રાંધેજા’ ખાતે ૪૦ જેટલા ખેડૂતોનો પ્રેરણા-પ્રવાસ સફળતાપૂર્વક કર્યો. આમ, અંધારામાં દીવા પ્રગટાવવાની હામ આપી બહેને.

આનંદીબહેન સાથે કરેલો સૌરાષ્ટ્ર-પ્રવાસ યાદ કરીએ તો માનવામાં નથી આવતું કે અમે જ્યાં રહેતા, અમે જે ખાતા, અમે જ્યાં ફરતા, એ જ રીતે રહીને તેમણે અમને સમાજકાર્ય શીખવ્યું. એ દસ દિવસ શિયાળાની હાડ થીજવતી ઠંડીમાં સંસ્થાઓ કે શાળાના મોટા હૉલમાં જ્યાં જગ્યા મળે ત્યાં રાતવાસો કરેલો. આજના આ આધુનિક યુગમાં હું મારી જાતને નસીબદાર માનું છું કે, મને આવાં સહજ અધ્યાપક મળ્યાં.

પીએચ.ડી.ના અભ્યાસ વખતે, વિષય પસંદગીથી લઈને છેલ્લાં પ્રેઝન્ટેશન સુધી આનંદીબહેને સાથ-સહકાર આપી સતત માર્ગદર્શન આપ્યું. તેમણે મને, હું પીએચ.ડી. પૂરું કરી શકીશ એવો વિશ્વાસ અપાવ્યો. એકવાર મેં તેમને સવાલ કર્યો કે, “મૅડમ બધાને બે-ત્રણ વર્ષમાં પીએચ.ડી. પૂરું થાય છે, તો મારાથી કેમ નથી થતું?” ત્યારે એમણે કહ્યું કે, “ઘનશ્યામ, તારી ક્ષમતાઓ અને મહેનત

જોતાં, એક માર્ગદર્શક તરીકે, તારી પાસેથી મારી અપેક્ષાઓ વધુ છે." જ્યારે મેં. પીએચ.ડી.નું પ્રેઝન્ટેશન કર્યું ત્યારે, 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ'નાં પ્રોફેસર આરમાઈતી દેસાઈ મૅડમ આવ્યાં હતાં. તેમણે કહ્યું કે, "જમીન-સંપાદનનો મુદ્દો ૧૦૦ વર્ષ પહેલાં સંવેદનશીલ હતો, અને આજે પણ છે તથા આવતાં ૧૦૦ વર્ષ સુધી પણ યથાર્થ રહેશે." તેમણે મારા સંશોધનનું પુસ્તક પ્રકાશિત કરવાનું પણ સૂચન કર્યું. વિદ્યાર્થીને મળતું આ માન-સન્માન, આનંદીબહેનના માર્ગદર્શનમાં જ શક્ય બને, એમાં લગીરેય અતિશયોક્તિ નથી.

મારા વ્યક્તિગત જીવનમાં પણ તેઓ માર્ગદર્શક રહ્યાં છે. ઘણીવાર વ્યવસાયિક જીવનમાં નોકરીની ઘણી તકો મળી, પણ આજ દિન સુધી આનંદીબહેનને પૂછ્યા વગર, કે તેમનાં માર્ગદર્શન વગર એક પણ નોકરી સ્વીકારી હોય એવું મને યાદ નથી. હું જ્યારે જીએલપીસીમાં કૉન્ટ્રાક્ટવાળી નોકરી કરતો હતો, ત્યારે એએમસીમાં આસિસ્ટન્ટ કૉમ્યુનિટી ઑર્ગેનાઇઝર, ખેતીવાડી ખાતામાં ગ્રામસેવક અને ક્લાર્કની પરીક્ષાઓમાં પાસ થયો હતો. ત્યારે તેમણે આડકતરી રીતે એવો સંદેશો આપ્યો કે, ઘનશ્યામ તું આવી નોકરીઓ માટે નથી બનેલો. એમના માર્ગદર્શનથી જોખમ લીધું અને કાયમી સરકારી નોકરી ન સ્વીકારી. આ જોખમ મારા માટે આશીર્વાદ રૂપ સાબિત થયું. કદાચ મેં આ નાની-મોટી નોકરીઓ મેળવવામાં માર્ગદર્શન મેળવ્યું ન હોત તો, આજે નાયબ નિયામક, વર્ગ-એકના હોદ્દા ઉપર પહોંચી ન શક્યો હોત. આનંદીબહેનના માર્ગદર્શન હેઠળ મેં અત્યાર સુધી ક્યારેય સમાજકાર્યના ક્ષેત્રની બહાર જઈને નોકરી કરી નથી.

વર્ષ ૨૦૧૫માં મેં જીપીએસસીમાં સમાજ કલ્યાણ અધિકારી તરીકેની વર્ગ-૨ની પરીક્ષા પાસ કરી. મારી તૈયારી સારી હતી. ઇન્ટરવ્યૂ માટે ગયો, ત્યારે ખબર પડી કે, આનંદીબહેન ઇન્ટરવ્યૂ લેવાં બેઠાં છે. આનંદીબહેને મને આવડે એવા નહિ, પણ ન આવડે એવા સવાલો પૂછીને, નિષ્પક્ષ રહીને મારું તટસ્થ મૂલ્યાંકન કર્યું. એ દિવસ કદાપિ નહીં ભૂલું. જીપીએસસીના ઇન્ટરવ્યૂ બાદ હું આનંદીબહેનને મળ્યો. તેમને પૂછતાં, તેમણે મને કહ્યું કે, "મેં તારો એક પણ માર્ક મૂક્યો નથી. મેં માર્ક્સ મૂકવા માટે પેનલને ના પાડી હતી." છ માસ બાદ ફરીથી નાયબ નિયામક, વર્ગ-એકનો ઇન્ટરવ્યૂ આવ્યો. તેમાં પણ આનંદીબહેન બેઠાં હતાં. બંને ઇન્ટરવ્યૂમાં આનંદીબહેને મને એક પણ માર્ક ન આપીને, પોતાનાં નૈતિક મૂલ્યો જાળવી રાખ્યાં.

મને જ્યારે પણ નોકરીમાં કોઈ મુશ્કેલી અનુભવાય, ત્યારે સૌથી પહેલા આનંદીબહેન જ યાદ આવે. એ વખતે તેમણે મારા મનનું સમાધાન ન કર્યું હોય એવું બન્યું નથી. આવાં, સૌના જીવનમાં આનંદનું બીજારોપણ કરનારાં પ્રો. આનંદીબહેન વયનિવૃત્ત થાય છે, ત્યારે તેઓનો જીવન-ઉત્તરાર્ધ પણ આમ જ સુખમય, આરોગ્યપ્રદ અને આનંદમય રહે એવી શુભ કામનાઓ.

# કોઈ પણ મુદ્દાને શાંતિથી, પણ સચોટ રીતે મૂકવાની તેમની રીતનું અનુકરણ કરવા પ્રયત્ન કરતી રહું છું

**- જયશ્રી અરગડે**
(MSW વર્ષ ૨૦૦૯)



આનંદીબહેન સાથેની પ્રથમ મુલાકાત, MSWમાં ઍડમિશન વખતે અને ગ્રુપ ડિસ્કશન વખતે થઈ. ત્યારથી તેમનાથી પ્રભાવિત થઈ. તે પછી તેઓ પ્રથમ વર્ષનાં મારાં ગાઇડ અને ત્યારબાદ ચાઇલ્ડ લાઈનમાં તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. ખરેખર ખૂબ શીખવા મળ્યું. આનંદીબહેન તેમનાં નામ પ્રમાણે સદા આનંદી. તેઓ હંમેશાં હસે અને હસાવે. મને હસવા ખૂબ જોઈએ એટલે હું જયારે તેમને મળવા જાઉં એટલે એક વખત મારા ખડખડાટ હસવાનો અવાજ આવે.

MSWના પ્રથમ વર્ષમાં તેમની સાથે પદયાત્રામાં જવાનો મોકો મળ્યો. આટલાં મોટાં પ્રોફેસર પણ ખૂબ સરળ અને સહજ. તેમની સાથે વાત કરવામાં ખચકાટ ન અનુભવાય. હું ઓછું બોલું પણ હંમેશાં તેમની સાથે વાત થાય. કોઈ પણ મુદ્દાને શાંતિથી, પણ સચોટ રીતે મૂકવાની તેમની રીતનું અનુકરણ કરવા પ્રયત્ન કરું છું, પણ ક્યારેય સફળ નથી થઈ. મારે મારી વાત રજૂ કરવાની હોય ત્યારે હંમેશાં હું મૅડમને યાદ કરું છું. મને લાગે છે કે, હું ક્યારેક તો તેમની જેમ બોલવા-લખવામાં સફળ થઈશ.

મારે અહીં એક ખાસ વાત કહેવી છે, કદાચ મૅડમને મેં ક્યારેય કહી નથી. MSWનો અભ્યાસ પૂરો કરીને, ચાર વર્ષ કામ કર્યા બાદ બાળકના કારણે હું ૧૦ વર્ષ ઘરે હતી. મને પહેલેથી કામ કરવાની બહુ ઇચ્છા, પણ કામ કરી ન શકવાના કારણે ખૂબ મૂંઝવણમાં હતી. એવામાં એક દિવસ આનંદીબહેનનો ફોન આવ્યો અને મને બાળગૃહના રીવ્યૂના એક પ્રોજેક્ટની ટીમમાં તેમણે મને જોડી. તે વખતે મૅડમે મારા પર મૂકેલો વિશ્વાસ, મારા માટે ખૂબ મોટી વાત હતી. ઉપરાંત, ૧૦ વર્ષના બ્રૅક બાદ તેમણે મને ચાઇલ્ડ લાઈનમાં કામ કરવાની તક આપી તે બદલ હું તેમની ઋણી છું. Thank you so much મૅડમ. Wishing you all the best for your new journey of Life.

# આનંદીબહેને અમને જ્ઞાતિ, સંપ્રદાય, નકારાત્મક વલણો અને પૂર્વગ્રહોથી પર રહેવાનું શીખવ્યું

**- જયા રાવલ**
(MSW વર્ષ ૨૦૨૩)

વિદ્યાપીઠમાં પ્રવેશ લીધા પછી હું જ્યારે પ્રોફેસર આનંદીબહેનને મળી, ત્યારે તેમનાં વ્યક્તિત્વથી હું પ્રભાવિત થઈ ગયેલી. તેમણે અમારામાં, સમાજકાર્યના પાયાના જ્ઞાનનું સિંચન કર્યું. તેમનું પુસ્તક ‘સમાજકાર્યનાં આધાર-સ્તંભો’ અમને MSWના પહેલા વર્ષમાં આપવામાં આવ્યું, તેના દ્વારા અમે સમાજકાર્યને સમજી શક્યા.

અત્યારે મૅમની પાસે ભણી રહેલા અને ભણી ચૂકેલા વિદ્યાર્થીઓ, મૅમ વિશે લખી રહ્યા હશે, ત્યારે મારી જેમ દરેકના માનસપટલ પર તેમનું નીડર, તટસ્થ વ્યક્તિત્વ તરી આવતું હશે. તેમને MSW વિભાગને અને MSW વિભાગના વિદ્યાર્થીઓને પોતાનાં બાળકોની જેમ સાચવ્યાં છે.

એમની સાથેના અનેક અનુભવોમાંથી થોડાક અનુભવો અહીં ટાંકવાનો પ્રયાસ કરી રહી છું. ૯ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ અમારા વિભાગમાં શિક્ષક-દિવસની ઉજવણી રાખી હતી. તેમાં ભાગ લેનારી અમે બધી વિદ્યાર્થિનીઓ સાડી પહેરીને ક્લાસ રૂમમાં પહોંચી. અમારી સાડી ખાદીની ન હતી. અમને એમ કે, મૅમ અમારી પ્રશંસા કરશે, કંઈક સારું કહેશે, પણ મૅમે અમને કહ્યું કે, “તમે બધા અત્યારે જ ખાદીની સાડી પહેરીને આવો, હજુ લૅક્ચર શરૂ થવાની વાર છે, ખાદીની સાડી પહેરીને આવે તે પછી જ લૅક્ચર શરૂ કરો.” અને એ જ વખતે તેમણે વિભાગમાંથી ખાદીની સાડીની વ્યવસ્થા પણ કરી આપેલી, અને અમે ખાદીની સાડી પહેરીને અમારા શિક્ષક-દિવસની ઉજવણી કરેલી.

બહેને ભણાવેલો કાઉન્સેલિંગનો વિષય આજેય અમને યાદ છે. એક બીજો પ્રસંગ પણ આંખો સામે તરી આવે છે. છાત્રાલયનાં ગૃહમાતા દ્વારા MSW વિભાગની છોકરીઓની કોઈક ફરિયાદ મૅમ પાસે ગઈ, ત્યારે અમને બધાને મૅમે ક્લાસ રૂમમાં બોલાવીને ખૂબ જ પ્રેમથી અમારી જવાબદારી અને અમારી ફરજ-નિષ્ઠાનું જ્ઞાન આપેલું. તે સમજ્યા પછી અમે બધાએ ગૃહમાતાને રૂબરૂ મળીને ‘સોરી’ કહેલું અને હવે પછી આવી ફરિયાદો ન રહે એવી અમે ખાતરી પણ આપી હતી. આવા અનેક પ્રસંગો મૅમની સાથે અમારાં સંભારણાં રૂપે છે.

મૅમે કહેલાં અને હૃદયને સ્પર્શી ગયેલાં કેટલાંક વાક્યો અહીં રજૂ કરું છું:

૧. તમે જ્યારે સોશ્યલવર્કર કે પછી કાઉન્સેલર તરીકે સમાજ સામે જાઓ છો, ત્યારે સામેની વ્યક્તિ તમારાથી અંજાઈ જાય, અને તમને એમના કરતાં કંઈક અલગ કે કંઈક વિશેષ માને, આપણને જોઈને પોતાની જાતને નાની-નીચી સમજવા લાગે, તો એવું સમજજો કે, તમારા જ્ઞાનમાં કંઈક અધૂરપ છે. એ વખતે તમારી વાતમાં અને કાર્યમાં કંઈક હજુ ખૂટે છે એવું માનજો. તમે કંઈક વિશેષ નથી અને તમે તેમના જેવા જ છો એવી અનુભૂતિ તમે જ્યારે સામેની વ્યક્તિને કરાવશો ત્યારે એ લોકો તમારી વાત સાંભળશે, સ્વીકારશે અને અનુસરશે.

૨. અન્યાય સામે તમારો અવાજ ઉઠાવતા થાવ, તમે સમાજ-કાર્યકર છો, સમાજ-કાર્યકરની વૉચ ડૉગ જેવી ભૂમિકા છે. કોઈ પણ જગ્યાએ કંઈ ખોટું થાય તો, તે અવાજ તો ઉઠાવશે.

૩. વિદ્યાપીઠનો MSWનો વિદ્યાર્થી ફિલ્ડવર્કમાં ક્યારેય પાછો નહિ પડે.

૪. તમે એક સમાજ-કાર્યકર છો. તમારે જ્ઞાતિ, સંપ્રદાય, નકારાત્મક વલણો, પૂર્વગ્રહોથી પર રહેવાનું છે.

આનંદીબહેને સભ્યતા, વિવેક, પ્રામાણિકતા, નિષ્ઠા વગેરે જેવા ગુણો અમારામાં કેળવ્યા છે. મૅમે શીખવેલી ઝીણી-ઝીણી બાબતો આજે પણ અમને ખૂબ જ ઉપયોગી નીવડે છે, ક્યાંય પણ જૉબ કે ઇન્ટરવ્યૂ માટે જઈએ અને આનંદીબહેનનાં વિદ્યાર્થી છીએ એવું ઇન્ટરવ્યૂ લેનારને જાણવા મળે તો ઇન્ટરવ્યૂ લેનાર પણ ગર્વ અનુભવે છે. બસ, ભગવાનને અર્ચના કરીએ છીએ કે, તમે હંમેશાં સ્વસ્થ રહો, મસ્ત રહો. અમારા જેવા વિદ્યાર્થીઓ અને સમાજને તમારો લાભ મળતો રહે એવી આશા.



# લોકો સાથે વર્તવાની અને વાત કરવાની રીત તેમ જ દરેક પરિસ્થિતિમાં ખૂબ સારી રીતે કામ પાર પાડવાની રીતમાંથી હું ઘણું શીખ્યો છું

**- જયેન્દ્ર કનુભાઈ વસાવા**
(MSW વર્ષ ૨૦૨૩)

મારા બે વર્ષના અભ્યાસકાળ દરમિયાન તમારી સાથે સીધી રીતે ખૂબ જ ઓછી વાત થઈ છે, પણ આપની સાથે થયેલી પહેલી મુલાકાતમાં મેં મારું બૅકગ્રાઉન્ડ તમને કહ્યું હતું. તે પછી તમે તમારું પુસ્તક ‘વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો’ મને ગિફ્ટ આપ્યું હતું એ મને હજી યાદ છે. હું જયારે એ વિશે વિચારું છું ત્યારે અંતરથી એક વિશેષ પ્રકારના આનંદની અનુભૂતિ કરું છું. મારા સમાજકાર્ય અભ્યાસના બે વર્ષ દરમિયાન અનેક બાબતો તમારી પાસેથી શીખ્યો છું. તેમાં વિશેષ તમારો સ્વભાવ, તમારું વિદ્યાર્થીઓ સાથેનું ઉમદા વર્તન, ભણાવવાની રીત વગેરે મને ખૂબ પસંદ પડ્યા. વિશેષ તો, તમામ બાળકોએ જે તમારો સ્વીકાર કર્યો છે એ વાત મને સૌથી વધુ સ્પર્શી છે.

દરેક વિદ્યાર્થીના મુખેથી તમારી વિશેષતાઓ સાંભળી અને એનો મેં પ્રત્યક્ષ અનુભવ પણ કર્યો. તમે એક સારા શિક્ષક, મિત્ર, સલાહકાર-માર્ગદર્શક, કાઉન્સેલર છો. ખુશ કઈ રીતે રહેવું એ પણ તમારી પાસેથી શીખ્યો છું. હા, સીધી રીતે તમારી સાથે ખૂબ ઓછી વાત થઈ છે, પણ તમારી ભણાવવાની પદ્ધતિ, અન્ય સાથે વર્તવાની રીત, વાત કરવાની રીત, દરેક પરિસ્થિતિમાં ખૂબ સારી રીતે કામ પાર પાડવાની રીતમાંથી હું ઘણું શીખ્યો છું.

આ બે વર્ષ દરમિયાન મારા મનને બસ એક જ વાત ખટકે છે કે, હું તમારી સાથે વધુ સમય વીતાવી ન શક્યો. જ્યારે પણ વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે તમને મળવાની અને સાથે બેસી અનેક મનની વાતો કહેવાની રાહ જોતો રહ્યો, પણ મળી ન શક્યો અને મળ્યો તો વાત ન થઈ શકી. તમે કામમાં હોવાથી અનેકવાર દરવાજાથી પાછો ફર્યો. તમારી સાથેની પ્રથમ મુલાકાતથી જ તમારો પ્રિય વિદ્યાર્થી બનું, મારું શ્રેષ્ઠ પ્રદર્શન કરું, એ પ્રયત્નમાં  હું સતત રહ્યો. હજુ પણ જયારે વિદ્યાપીઠમાં આવું છું ત્યારે તમને મળવાનો પ્રયત્ન કરું છું. તમે કામમાં હોવ ત્યારે સામાન્ય મુલાકાત પણ ખૂબ આનંદ આપી જાય છે. તમારી મુલાકાત લઈ, તમારા રૂમમાંથી નીકળ્યા પછી શાંતિ અને આનંદની અનુભૂતિ થાય છે. તમે અપ્રત્યક્ષ  રીતે પણ અનેક બાબતો શીખવી તે જીવનમાં ઉતારું છું અને જે બાબતો જીવનમાં ઉતારવી મુશ્કેલ પડે છે તે ઉતારવાની મથામણ કરતો રહું છું. આ ખૂબ ઓછા શબ્દો છે, પણ ખરેખર તો આજે પણ તમારી સાથે મારાં મન- હૃદયની વાતો કરવા માટે ઉત્સુક છું.

અંતે તમારું માર્ગદર્શન અને શીખવેલી અનેક બાબતો માટે આભાર માની, તમને નમન-વંદન કરું છું. તમારા આગળના તંદુરસ્ત જીવન માટે પ્રાર્થના કરું છું.

# તેમનાં વર્ષોના અનુભવોના ખજાનાનો લાભ અમને સાંપડ્યો

**- જાનવી ડી. આચાર્ય**
(MSW વર્ષ ૨૦૨૩)

આનંદીબહેનનું નામ યાદ કરતાં જ મન શાંત અને ચિત્ત પ્રફુલિત થઈ જાય. આનંદીબહેન એટલે સમાજકાર્ય વિભાગનું હૃદય. તેમણે આ વિભાગને નામ અપાવ્યું, આ વિભાગનો સિતારો ચમકાવ્યો. મને વ્યક્તિગત રીતે તેમનો સીધો લાભ ખૂબ જ ઓછો મળ્યો છે, પરંતુ વર્ગમાં વિવિધ વિષયો ભણાવવાની એમની આગવી શૈલી મજાની રહી છે. ખૂબ જ સહજ રીતે ઘણા ગહન વિષયની સમજ આપવાની એમની શૈલી અકલ્પનીય છે. તેમનાં વર્ષોના અનુભવોના ખજાનાનો લાભ અમને સાંપડ્યો તે બદલ હું પોતાને ભાગ્યશાળી માનું છું.

પૂ. બાપુના સત્ય-અહિંસાના પાઠ, પુસ્તકમાં વાંચેલા, પરંતુ આનંદીબહેનના સંસર્ગ અને સંપર્કમાં આવ્યા બાદ તે આત્મસાત થયા. એક સમાજ-કાર્યકરના ગુણોમાંનો એક કે તે મૃદુભાષી, ધારદાર સમજણ ધરાવતો ને સ્પષ્ટ વક્તા હોવો જોઈએ. તે આનંદીબહેનના વ્યક્તિત્વમાંથી મુજ શક્તિ મુજબ આત્મસાત થયું છે. વિદ્યાપીઠના દરેક ખૂણામાં ગાંધી મળે તેવી, આ પાવન તપોભૂમિમાં તેમનું બાળપણ વીત્યું, વિદ્યાપીઠ જેમની કર્મભૂમિ રહી એવાં સત્યનિષ્ઠ, ખુદ્દાર ને જુસ્સાવાન આનંદીબહેનને વંદન.



# આનંદી મૅડમ અને વિદ્યાપીઠે આપેલા સંસ્કારો મેં મારા વર્તન-વ્યવહારમાં જાળવી રાખ્યા છે

**-જાનવી જોષી**
(MSW વર્ષ ૨૦૨૧)

આનંદી મૅડમ...જેમનું નામ જ આનંદથી શરૂ થાય એવાં અમારા વિભાગનાં અધ્યક્ષા. એકદમ સરળ સ્વભાવવાળાં અને પહેલી જ વારમાં બધાને પોતાના શબ્દોથી પ્રભાવિત કરે તેવું વ્યક્તિત્વ. મારામાં એટલી ત્રેવડ નથી કે આનંદી મૅડમ માટે કશુંક લખી શકું, પરંતુ કંઈક લખવાનો પ્રયત્ન કર્યો છે.

હું પહેલી વાર આનંદી મૅડમને મળી, ત્યારે જ વિચારી લીધું હતું કે, વક્તા થઈશ તો આનંદી મૅડમ જેવી જ. શરૂઆતથી જ એમણે મારા જીવનમાં એક આગવી જગ્યા બનાવી દીધેલી, કારણ કે તેમનું વ્યક્તિત્વ ભૂલાય એવું છે જ નહિ. એમના વિચારો અમને હંમેશાં પ્રેરિત કરતા આવ્યા છે. આટલા બધા અનુભવી અને વિભાગનાં અધ્યક્ષા હોવા છતાં કોઈ પણ પ્રકારનો ઍટિટ્યૂડ નહિ. બધાની સાથે હસતાં મોઢે વાત કરવાવાળાં એવાં અમારાં આનંદી મૅડમના ચહેરા પર હંમેશાં આ જ રીતે સ્મિત રહે એવી પ્રભુપ્રાર્થના.

મને યાદ છે જયારે તેમણે મારો ઇન્ટરવ્યૂ લીધો હતો ત્યારે તેમણે મને પૂછ્યું હતું કે, તને અહીં ફાવશે ને? ત્યારે મેં જવાબ આપ્યો તો કે, હમણાં ખ્યાલ નહિ આવે, થોડોક વખત રહું પછી ખબર પડે. ત્યારે તેમણે તરત જ મને કહ્યું હતું કે, એક સમાજ-કાર્યકરને ગમે ત્યાં ફાવી જાય, તું ચિંતા ન કરીશ. એમના એ શબ્દો મને ઘણી હિંમત આપી ગયા હતા. આવા તો કેટલાય અનુભવો છે, જે કાગળમાં ઉતારવા અઘરા છે. આજે હું IT કંપનીમાં HR તરીકે કામ કરું છું. આનંદી મૅડમ અને વિદ્યાપીઠે આપેલા સંસ્કારો મેં મારા વર્તન-વ્યવહારમાં જાળવી રાખ્યા છે અને તે હું હંમેશાં જાળવી રાખીશ.

We will miss you Ma'am!!

# તમારી કાર્યપ્રણાલીએ અમારા વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં પણ સર્જનાત્મક પ્રેરણા આપી છે

**- જીતેન્દ્રકુમાર શ્રીમાળી**
(MSW વર્ષ ૧૯૯૭)

ખૂબ લાંબા ગાળાની સમાજકાર્યની વ્યવસાયિક સેવા બાદ વયનિવૃત્તિ ટાણે, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન માટે પ્રાર્થના તથા ખૂબ ખૂબ શુભકામનાઓ...નામ પ્રમાણે જ શરૂઆતથી આજ સુધી સતત આનંદી, શાંત અને હસમુખા ચહેરા સાથે તમે દિલથી કામગીરી કરી છે. તમારી કાર્યપ્રણાલીએ અમારા વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં પણ સર્જનાત્મક પ્રેરણા આપી છે. તે બદલ તમારું ઋણ ચૂકવી શકીએ તેમ નથી, પરંતુ અંતરના ઊંડાણથી આવેલી શુભકામનાઓનો સ્વીકાર કરશો એ જ આશા સહ...



# વિદ્યાર્થીઓ સ્વ-ઘડતર કરી શકે એ માટે તેઓ હંમેશાં ઉત્તમ માર્ગદર્શક રહ્યાં છે

**- ટ્વિન્કલ પટેલ**
(MSW ૨૦૦૬ અને M.Phil. ૨૦૦૮)

પ્રાધ્યાપક શ્રી આનંદીબહેનની વયનિવૃત્તિ પ્રસંગે એમની સાથે વીતાવેલાં ચાર વર્ષનાં સંભારણાં, હું અહીં ભાવપૂર્વક, આદરપૂર્વક રજૂ કરું છું, જે મારા હૃદયનાં ઊંડાણમાંથી સ્ફૂર્યાં છે. વિદ્યાર્થીઓનું ગાંધી-વિચાર મૂલ્યો અનુસાર ઘડતર થાય તે માટે તેઓ સદાય ઉત્સાહી રહેતાં. વિદ્યાર્થીઓ સ્વ-ઘડતર કરી શકે એ માટે તેઓ હંમેશાં ઉત્તમ માર્ગદર્શક રહ્યાં છે. સમાજકાર્ય વિભાગનાં વડાં તરીકે તેઓએ હંમેશાં વિભાગ અને વિદ્યાર્થીઓનાં હિત માટે સતત ચિંતન અને કાર્ય કર્યું છે.

આનંદીબહેન સાથેનો એક પ્રસંગ મને બરાબર યાદ છે. MSWના બીજા વર્ષમાં એટલે કે વર્ષ-૨૦૦૬માં અમારો એક શૈક્ષણિક પ્રવાસ યોજવાનો હતો. વર્ગના CR તરીકે શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં મેં મુખ્ય જવાબદારી લીધી હતી. તેના આયોજન બાબતે બહેનને અવાર-નવાર મળવાનું થતું. પ્રવાસના આયોજનમાં તેમણે રાખેલી કાળજી કાબિલેદાદ હતી. વર્ગના તમામ વિદ્યાર્થીઓને ખર્ચમાં પરવડે એવું આયોજન તેમણે કરાવ્યું હતું. ઘણી-બધી ટ્રાવેલ ઍજન્સીઓના ભાવ મંગાવીને સૌથી ઓછા ભાવવાળા તથા સારી સર્વિસ પૂરી પાડવાની ખાતરી મળે એવી જ ઍજન્સી પસંદ કરવાની તેમણે સૂચના આપી હતી.

પ્રવાસ દરમ્યાન, બધાના આરોગ્યને ધ્યાનમાં રાખીને ભોજનનું મેનુ નક્કી કરવાની ચીવટ તેમણે રખાવી હતી. તમામ વિદ્યાર્થીઓને અનુકૂળ આવે એવું મેનુ નક્કી કરાવ્યું હતું. પ્રવાસ દરમિયાન, વ્યક્તિત્વ-વિકાસ સંબંધી પ્રવૃતિઓનું આયોજન થાય તથા વર્ગના તમામ વિદ્યાર્થીઓ તેમાં જોડાય એ બાબતને તેમણે પ્રાધાન્ય આપ્યું હતું. વર્ગના વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય-સંબંધી પ્રશ્નો હોય તો, એની માહિતી મેળવીને જરૂરી દવાની વ્યવસ્થા કરવાની કાળજી લેવા પણ જણાવ્યું હતું.

મારા વ્યક્તિત્વ-વિકાસમાં શ્રી આનંદીબહેનનો સિંહફાળો છે. સ્પષ્ટ વક્તા, સોંપેલું કામ પૂર્ણ કરવું, કરેલાં કામની નોંધ ડાયરીમાં રાખવી, બીજાને સોંપેલાં કામનું સંકલન અને મૂલ્યાંકન કરીને પ્રતિભાવ આપવો, નવી બાબતો/પદ્ધતિથી સતત માહિતગાર રહેવું વગેરે જેવી સુટેવો, આવડતો અને ગુણોનું સિંચન તેમણે કર્યું. સમાજકાર્ય ક્ષેત્રમાં, જરૂરિયાતવાળી વ્યક્તિ પ્રત્યે સંવેદનશીલ રહીને પરાનુભૂતિ ભાવથી મદદ કરવાનું પણ તેમની પાસેથી શીખ્યા. તે મારી હાલની વ્યવસાયિક અને સામાજિક પ્રવૃત્તિમાં સતત ઉપયોગી બની રહ્યું છે. તે બદલ હું આદરણીય શ્રી આનંદીબહેનની હૃદયપૂર્વક આભારી છું. તેમનો વયનિવૃત્તિ કાળ પ્રવૃતિમય, આરોગ્યમય તેમ જ નામ મુજબ આનંદમય બની રહે એવી અભ્યર્થના સહ વંદન.

## આદરણીય આનંદીબહેનને આ કવિતા અર્પણ...

**- દક્ષા કે.ચાવડા**
(MSW વર્ષ ૨૦૨૨)

શીખવાનો એ સમય યાદગાર છે,
વિચારો તમારા આજેય સલાહકાર છે,
કેમ વર્ણવું, શબ્દો ને લયથી,
તમારા વ્યક્તિત્વનું વ્યોમ વિશાળ છે.

વર્ગખંડ હોય કે કોરોના કાળનું ડિજિટલ શિક્ષણ,
તમે મિત્ર બની સાંભળ્યા દરેક સવાલ છે,
પથદર્શક બની રહે છે પરામર્શના પાઠ,
તમારી કેળવણીની કળા કમાલ છે.

શિક્ષણ ગાંધીજીનાં મૂલ્યોનું ને,
GO, NGOના ઉદાહરણ પણ અપાર છે,
થકી તમારા, જીવનમાં અમારા,
આજેય સ્ત્રી-સશક્તિકરણનો ખુમાર છે.

સાદગીપૂર્ણ જીવન ને, નિખાલસ સ્વભાવ,
ખાદી પ્રત્યેના અભિગમને દાદ છે,
જીવનઘડતરમાં પણ સિંહ-ફાળો આપી,
તમે બનાવ્યા અમને જ અમારી ઢાલ છે!

'મિત્રો', 'છોકરાઓ' ને 'વિદ્યાર્થીઓ',
યાદ હજીયે એ વહાલભર્યો સાદ છે,
સમાજકાર્ય વિભાગમાં તમારી હંમેશાં
હતી, રહેશે, જે જોડાયેલી યાદ છે.

# વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર-સ્તંભો અને ગાંધીજીની ફિલસૂફીને અનેક વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવામાં તેઓ સફળ રહ્યાં છે

**- દિનેશ ડાભી**
(MSW વર્ષ ૨૦૦૭)

સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવી, પરમ પૂજય મહાત્મા ગાંધીજીનાં મૂલ્યો સાથે વ્યવસાયિક સમાજકાર્ય અભ્યાસ શરૂ કર્યો ત્યારે હું સમાજકાર્ય વિશે સાવ શૂન્ય હતો. બે વર્ષના અભ્યાસક્રમ દરમિયાન પ્રથમ વર્ષે જ માનનીયશ્રી આનંદીબહેનના માર્ગદર્શનનો અવસર મળ્યો હતો. આનંદીબહેન હંમેશાં તેઓનાં નામ અનુસાર અમને આનંદ સાથે મળ્યાં છે. એક અધ્યાપક તરીકે તેઓના અનુભવના ભથ્થામાં રહેલાં જ્ઞાન, મૂલ્યો અને કુશળતા દરેક વિદ્યાર્થીમાં વિકસે એવો તેમણે ભરપૂર પ્રયાસ કર્યો છે. તેથી વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર-સ્તંભો અને ગાંધીજીની ફિલસૂફીને અનેક વિદ્યાર્થીઓના જીવનમાં ઉતારવામાં તેઓ સફળ રહ્યાં છે. સાવ છેવાડાનાં ગામોમાંથી આવતા ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ અને અભ્યાસ સિવાયની મુશ્કેલીઓ દરમ્યાન પણ તેઓ રાહબર બન્યાં છે. વર્ષોવર્ષ સુધી વિભાગમાં રહી અનેક સમાજકાર્યનાં કાર્યો તેમણે સ્થાપિત કર્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠના સામજકાર્યના વિદ્યાર્થીની આગવી ઓળખ ઊભી કરવામાં તેઓનું મહત્ત્વનું  યોગદાન છે.

એક અધ્યાપક તરીકે વિદ્યાર્થીમાં વર્ગશિક્ષણ અને ફિલ્ડની કામગીરીનો સમન્વય રહે તેની તેમણે કાળજી લીધી છે. વિદ્યાર્થીઓ સમાજકાર્યનાં જ્ઞાન, મૂલ્યો અને કુશળતા મુજબ સાચી દિશામાં જઈ રહ્યા છે કે કેમ તે અંગે તેમણે ગંભીરતાપૂર્વક ચિંતા કરી છે. અભ્યાસના ભાગરૂપે દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના શૈક્ષણિક પ્રવાસમાં, આદિવાસી વિસ્તાર અને સામાજિક સંસ્થાઓની કામગીરી તેમ જ સામાજિક કાર્યકરોની મુલાકાતે મને પ્રેરણા આપી છે. આનંદીબહેન એક અધ્યાપક હોવા છતાં અંભેટી આશ્રમમાં રાત્રિ-રોકાણ વખતે વિદ્યાર્થી સાથે સહપાઠીની જેમ કોઈ પણ ઊંચનીચના ભેદભાવ વિના એકસમાન સગવડમાં રહેનારાં આનંદીબહેનને સલામ! જે જગ્યાએ રોકાણ કર્યું હોય ત્યાં જવાબદારીપૂર્વક સ્વચ્છતા રહે તે માટે પોતે જ સાવરણો લઈને સાફસફાઈમાં લાગીને તેમણે અનેક વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવજન્ય શિક્ષણ આપ્યું છે.

બે વર્ષના અભ્યાસ બાદ ગૂજરાત વિદ્યાપીઠમાં આવવાનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે માનનીય આનંદીબહેન રહ્યાં છે. મારા જીવનકાળમા તેમનું માર્ગદર્શન મને મારા જીવનની સારી-નરસી ઘટનાઓ દરમ્યાન ઉપયોગી થયું છે. અભ્યાસ પૂરો થયા પછી ઘણીવાર મૅડમને મળવાનું થયું છે. મૅડમ હંમેશાં હસતાં મોઢે મળ્યાં છે અને પોતીકાં લાગ્યાં છે. વ્યવસાયિક સમાજકાર્ય અને સામાજિક કાર્યકરો માટે નવી ક્ષિતિજો ખુલે તે માટે, મૅડમ વયનિવૃત્તિ પછી, સમાજકાર્યનાં અધૂરાં કાર્યોમાં પ્રવૃત્ત થાય એવી આશા રાખું છું.  હવે અમને બંધનમુકત માર્ગદર્શન મળતું રહે તેવી પણ અપેક્ષા રાખું છું.

# આનંદીબહેને વર્ગખંડમાં ભણાવેલા અભ્યાસક્રમ કરતાં તેમનાં આચરણ અને વિચારમાંથી અમે વધારે શીખ્યા છીએ

**- દિનેશ સોલંકી**
(MSW વર્ષ ૨૦૦૭)

આજે મન થોડું ઉદાસ છે! અમે જ્યારે-જ્યારે વિદ્યાપીઠમાં આવતા ત્યારે એક હસતો ચહેરો અમને આવકારવા સદા તત્પર રહેતો. તેમની સાથે વાત નહિ, સંવાદ થતો. અને તે પણ કોઈ પણ જાતના સંકોચ વગર, સહજ ભાવે! અમારા માટે વિદ્યાપીઠની જે વ્યાખ્યા છે તેના તેઓ અવિભાજ્ય અંગ છે. સાંભળ્યું છે કે, તેઓ હવે નિવૃત્ત થઈ રહ્યાં છે, એટલે મન જરા ઉદાસ છે.

આનંદીબહેન એક આદર્શ શિક્ષક એટલા માટે છે, કારણ કે તેઓ એક સતત આદર્શ વિદ્યાર્થી પણ રહ્યાં છે. અમે તેમને સતત નવું શીખતાં અને શીખવાડતાં જોયાં છે. સમાજકાર્ય વિભાગના વિકાસ માટેના તેમના પ્રયત્નોથી આપણે અજાણ નથી. મારા અનુભવની વાત કહું તો, અમને શિબિરના ભાગરૂપે 'મોચા'માં થતી ખનન પ્રવૃત્તિ વિરુદ્ધ લડતના ભાગીદાર બનાવ્યા હતા. સૂરતમાં આવેલા વિનાશક પૂર બાદની સ્થિતિમાં અમે ઘેર-ઘેર જઈ સમાજકાર્યના પાઠ શીખ્યા હતા. 'રાહબર' કાર્યક્રમ દ્વારા અમે એવા વિરલાઓને પ્રત્યક્ષ મળ્યા છીએ, જેઓ આજ દિન સુધી અમારા આદર્શ બની રહ્યા છે. તો તેમના જ અધ્યક્ષપણા હેઠળ અમને નામાંકિત 'સ્વૈચ્છિક સંસ્થાઓ'માં કામ કરવાની તક મળી હતી. આનંદીબહેનની ખાસિયત એ હતી કે, તેઓ દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે ઓળખતાં. દરેક વિદ્યાર્થીની પ્રતિભા અને મર્યાદાઓથી તેઓ સુપરિચિત હતાં. મને યાદ છે કે, તેઓ જયારે બીજા વર્ષમાં મારાં માર્ગદર્શક હતાં ત્યારે મારા સંશોધનની ઉત્કલ્પનામાં મારે ત્રણથી ચાર વાર ફેરફાર કરવો પડ્યો હતો, કારણ કે તેમને તેમાં કચાશ જણાતી હતી. તેમણે આ સંદર્ભે મને ભારપૂર્વક સમજાવતા કહ્યું હતું કે, "તારા પસંદ કરાયેલા વિષયની ઉત્કલ્પનાઓ તારાથી વધારે સારી રીતે કોઈ તૈયાર ન કરી શકે. બીજા સંદર્ભો છોડીને વિષય પર વિચારણા કરી જાતે ઉત્કલ્પનાઓ તૈયાર કર." મને યાદ છે કે, ત્યારબાદ તૈયાર કરેલી ઉત્કલ્પના તેમને ખૂબ પસંદ પડેલી. એક વિદ્યાર્થી તરીકે અમને પ્રશ્નો કરવાની, ચર્ચા કરવાની એમણે ખૂબ છૂટ આપી હતી. હું જરૂર કહી શકું કે, અમે તેમણે વર્ગખંડમાં ભણાવેલા અભ્યાસક્રમ કરતાં તેમનાં આચરણ અને વિચારમાંથી વધારે શીખ્યા છીએ. તેઓનું સમાજકાર્ય પણ કયારેય 'કોર્સ' પૂરતું મર્યાદિત નથી રહ્યું. તેઓ વર્તમાન જગતમાં બની રહેલી ઘટનાઓને સાંકળીને અમને શીખવતાં.

તેમનામાં ભણાવવાની ઉત્તમ કળા છે. કદાચ તેઓને પણ એ ખબર હશે માટે જ 'સમાજકલ્યાણ અધિકારી'નો રૂઆબદાર હોદ્દો છોડી શિક્ષણકાર્યને તેમણે પસંદ કર્યું હતું. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે, મને તેમના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરવાનો મોકો મળ્યો. આવનારાં વર્ષોમાં પણ સમાજકાર્ય વિભાગને તેમના આશીર્વાદ અને સહકાર મળી રહશે તેવી આશા છે. વિશેષ તો તેમના વિશે શું લખું, જેમણે મને લખતાં શીખવાડ્યું છે.

"Miss you so much."

## ડૉ. આનંદીબહેન પટેલઃ મારા માટે પ્રથમ ગુરુજી, માર્ગદર્શક અને બાળ-અધિકારનાં જતન માટે સતત પ્રેરણાસ્રોત

**- દિલીપ જે. મેર**
(MSW વર્ષ ૨૦૦૯)

વર્ષ 2007માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગમાં 'Master Of Social Work'ની ડિગ્રી મેળવવા માટે પ્રવેશ મળ્યો, જે મારા જીવનને એક નવી દિશા આપનાર સાબિત થયો. પ્રથમ વર્ષમાં મારાં માર્ગદર્શક તરીકે ડૉ. આનંદીબહેન પટેલ પાસેથી સમાજકાર્યના ક્ષેત્રની પા...પા... પગલી ભરવાનું શરૂ કર્યું. તેઓએ મને સમાજની સમસ્યાઓની ઓળખ અને તેનું નિદાન કેવી રીતે કરી શકાય તેની સમજ આપી.

અભ્યાસ પૂર્ણ કર્યા બાદ બાળકોના અધિકારો માટેની કામગીરીમાં જોડાયો. 2014માં સમાજકાર્ય વિભાગમાં ચાલતી ચાઇલ્ડ હેલ્પલાઈનમાં જોડાયો અને ફરી મેડમશ્રીના માર્ગદર્શનમાં કામ કરવાનો મોકો મળ્યો. તેના કારણે મારા વ્યવસાયિક જીવનના જ્ઞાનમાં વધારો થયો. બાળકોની સુરક્ષા, અધિકાર તથા કાળજી માટેના મારા અભિગમો વધારે સ્પષ્ટ બન્યા. એ બે વર્ષ દરમ્યાન મળેલાં માર્ગદર્શનના કારણે અમદાવાદ જિલ્લામાં બાળ સુરક્ષા અધિકારી તરીકે જોડાયો. તે કામગીરીના સાત વર્ષના સમયગાળા દરમ્યાન, જ્યારે જરૂર પડી ત્યારે મૅડમશ્રીનું માર્ગદર્શન સતત મળતું રહ્યું છે.

ગૂજરાત વિદ્યાપીઠ જેવી આદર્શ સંસ્થાના સમાજકાર્ય વિભાગમાં અભ્યાસનો અને કામ કરવાનો અવસર મળ્યો તેમાં ડૉ. આનંદીબહેન પટેલનો ફાળો ખૂબ જ છે. આપનું નિવૃત્તિનું જીવન પણ હંમેશની જેમ નિરોગી અને આનંદભર્યુ રહે તેવી પરમાત્માને પ્રાર્થના.

# આનંદીબહેને સમાજકાર્ય વિભાગને એક અડગ નેતૃત્વ પૂરું પાડ્યું

**- દ્રષ્ટિ વિજય**
(MSW વર્ષ ૨૦૧૭)

મને પાક્કું યાદ નથી, પણ લગભગ ૨૦૦૭-૦૮ના વર્ષમાં પહેલીવાર હું આનંદીબહેનને ભાવનગરમાં એક કિશોરી સંમેલનમાં મળી હતી. ત્યારે તેઓ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આવેલા હતા. એટલે વધારે વાતચીત ન થઈ. જ્યારે વિદ્યાપીઠમાં ભણવા માટે આવવાનું થયું, ત્યારે ખબર ન હતી કે, આનંદીબહેન પાસે જ ભણવાનું છે. હું જ્યારે વિદ્યાપીઠમાં હતી ત્યારે તેઓ વિભાગીય વડા હતા. તેમના નેતૃત્વમાં સમાજકાર્ય વિભાગને ઘણી સફળતા મળી છે. મને યાદ છે, તેઓ અમને આગેવાનોના ગુણો વિશે જે ભણાવતાં હતાં, તેને અનુસરતાં પણ હતાં. તે મેં તેમની કામ કરવાની પદ્ધતિ અને વ્યક્તિગત જીવનમાં પણ જોયું છે. સમાજકાર્ય ભણાવવામાં જ નહિ, પરંતુ સમાજકાર્ય કરવામાં પણ તેમણે યોગદાન આપ્યું છે. અભ્યાસ દરમ્યાન જ્યાં અમે ભૂલ કરી ત્યાં અમને ટોક્યા પણ છે અને સાચો રસ્તો બતાવ્યો છે.

તેમણે વિભાગ કે વિદ્યાર્થીઓ માટે જે નિર્ણયો લીધા, તેમાં તેઓ, બીજા શું કહેશે એ વિચાર્યા વગર પોતાના નિર્ણય પર અડગ રહ્યાં છે. તેમણે સમાજકાર્ય વિભાગને એક અડગ નેતૃત્વ પૂરું પાડ્યું છે. કાઉન્સેલિંગ કરવામાં અને ભણાવવામાં ગુજરાતમાં સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ એટલે આનંદીબહેન. કોઈ પણ વિષય ભણાવતી વખતે તેઓ આપણને વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનમાં તેનું અનુસરણ કરતા શીખવે. તેમની વયનિવૃત્તિથી, વિભાગને તેમની ખોટ પડશે, પણ આશા રાખું કે તેમણે કરેલાં કાર્યો, વિભાગને ચોક્કસથી યાદ રહેશે.



# સમાજ-કાર્યકરો માટે પથદર્શક : પ્રો.આનંદીબહેન પટેલ

**- ધર્મેશકુમાર દેવસીંગભાઈ ચૌધરી**

(MSW વર્ષ ૨૦૧૮)

'ગૂજરાત વિદ્યાપીઠ' એટલે સમાજના છેવાડાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેનું જ્ઞાન-સંકુલ. તેમાં 'સમાજકાર્ય વિભાગ' એટલે ગુજરાતના તમામ ખૂણાઓમાંથી આવતા પચરંગી વિદ્યાર્થીઓનો મેળાવડો. વિભાગે કેટલાયે ઉત્તમ સ્તરના સમાજ-કાર્યકરો નિર્માણ કર્યા છે. એવા વિભાગનાં ભૂતપૂર્વ અધ્યક્ષ અને અધ્યાપક પ્રો.આનંદીબહેન એટલે વિદ્યાર્થીઓ માટે સ્નેહનું ઘરેણું.

વિદ્યાપીઠના અભિમુખતા કાર્યક્રમથી શિક્ષણની શરૂઆત થઈ. પ્રો.આનંદીબહેન વ્યવસાયિક સમાજકાર્યની વિચારધારા, સમાજકાર્યમાં ગાંધી-વિચારધારા, વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસ, માનવ-વિકાસ અને વર્તન, ગ્રામ જીવનમાં સમાજકાર્યકરની ભૂમિકાઓ અને વલણો વગેરે વિષયો, જીવંત ઉદાહરણો સાથે ભણાવતાં. તેથી સમાજ માટે કંઈક કરી છૂટવાની સજાગતા અને તાલાવેલી અમારા મનમાં નિર્માણ પામી છે. તેમના માર્ગદર્શન હેઠળ એજન્સી ક્ષેત્રકાર્ય, સંશોધન-કાર્ય, શૈક્ષણિક-પ્રવાસ, પદયાત્રા વગેરેમાંથી ઉત્તમ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત થયું છે. ત્રીજા સત્રની આંતરિક પરીક્ષાના સમયગાળામાં મારે જયપુર(રાજસ્થાન) ખાતે મનોવિજ્ઞાન વિષયના સેમિનારમાં જવાનું હતું. ત્યારે તેમણે નિખાલસપણે પરીક્ષાનો મર્મ સમજાવીને જવા માટેની પરવાનગી આપી હતી. સિદ્ધપુર તાલુકામાં ગ્રામજીવન પદયાત્રા દરમ્યાન, તેમની ગ્રામજનો સાથેની મુલાકાતો, સાથી-મિત્રો સાથેની આંતરક્રિયા, સંસ્થાઓની મુલાકાતો દરમ્યાન સેવાર્થીઓ સાથેની આંતરક્રિયામાં નિખાલસ સ્વભાવ, વાસ્તવિકતાને પારખવાની આવડત વગેરે, અમારા માટે અનુભવના ખજાના સમાન બની રહી છે. દલિત-આદિવાસી સમુદાય અને કાઉન્સેલિંગ જેવા સંવેદનશીલ વિષયો, વિદ્યાર્થીઓ વ્યવહારિક રીતે અને સરળતાથી સમજી શકે તે માટે તેમને હંમેશાં પ્રયત્નશીલ રહેતાં જોયાં છે. તેમના વર્ગમાં કંટાળો આવ્યો હોય એવો એક પણ દિવસ મને યાદ નથી. વર્ગખંડમાં ક્યારેક જીજ્ઞાસા ઉત્પન્ન કરે એવા પ્રશ્નો પૂછવામાં અમને સંકોચ થાય તો, વર્ગખંડની બહાર પણ તેમની સાથે સરળતાથી ચર્ચા કરી શકતા.

વિદ્યાવાચસ્પતિના અભ્યાસમાં પ્રવેશ મેળવવો અને માર્ગદર્શક તરીકે પ્રો.આનંદીબહેનની ફાળવણી થવી, એ મારા માટે સંશોધન અને શિક્ષણકાર્યમાં કારકિર્દી બનાવવાની સોનેરી તક બની રહી છે. સંશોધન-વિષયની પસંદગીથી લઈને આજ સુધી મને અભ્યાસ બાબતે નિરાશાનો અનુભવ થયો નથી. સંશોધન-પ્રક્રિયાના તમામ તબક્કાઓ દરમ્યાન ઉત્તમ કાર્ય કરવાની પ્રેરણા દ્વારા જીજ્ઞાસામાં વધારો થાય છે. શૈક્ષણિક-કાર્ય સિવાય પણ આપની સાથેની ચર્ચાઓ અને આપના અનુભવો હંમેશાં વાસ્તવિકતા તરફ દોરી જતા હોય છે.

તેમના વડપણ હેઠળ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓની મનોસામાજિક સ્થિતિનો અભ્યાસ, ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫નું મૂલ્યાંકન, કિશોરી વિકાસ કેન્દ્ર કાર્યક્રમનો અભ્યાસ, NACCની વિભાગીય કામગીરી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંમેલનના આયોજનની કામગીરી, કોવિડ-૧૯ની કામગીરી, સમાજકાર્ય સેતુની લેખન-પ્રક્રિયા તથા ચાઇલ્ડ લાઈન ઇન્ડિયા ફાઉન્ડેશનની કામગીરી જેવા વિવિધ પ્રકલ્પોમાં સમાજકાર્યકર તરીકે મને મારી જાતને વિકસિત કરવાની ઉત્તમ તક મળી છે. તે બદલ હું તેમનો  આજીવન આભારી રહીશ.

સૌનાં વહાલાં પ્રો.આનંદીબહેન, શિક્ષણપ્રેમી અને વિદ્યાર્થીપ્રેમી તરીકે પોતાની આગવી ઓળખ ધરાવે છે. અભ્યાસકાળ દરમ્યાન તેમને હંમેશાં વિદ્યાર્થીઓનું સતત ધ્યાન રાખનારાં અને વિદ્યાર્થીઓની પ્રગતિ માટે ચિંતન કરનારાં પથદર્શક તરીકે જોયાં છે. છેલ્લાં સાત વર્ષથી એમની પાસે શિક્ષણ મેળવવાની તક મળી. તે દરમ્યાન તમામ વિદ્યાર્થીઓ/સહઅધ્યાપકોને, વિદ્યાપીઠ અને વિદ્યાર્થીકાળનો ઉપયોગ કેવી રીતે કરવો તે માટે પ્રેરણા અને માર્ગદર્શન આપતાં જોઉં છું. વિદ્યાર્થીઓનાં જીવનની પ્રગતિમાં પથદર્શક, માયાળુ વ્યક્તિ તથા દીર્ઘદ્રષ્ટા તરીકે તેમને જોઈ રહ્યો છું. તેઓ વિદ્યાર્થીઓને પારિવારિક, સામાજિક અને આર્થિક સમસ્યાઓમાં વ્યક્તિગત સ્તરે સહાયરૂપ બનતાં. હું જયારે અસમંજસની સ્થિતિમાં મૂકાઈ જતો, ત્યારે તેમની સમક્ષ સહજતાથી મારા વિચારો રજૂ કરીને, સમસ્યાઓમાંથી સમાધાન મેળવતો હોઉં છું. જીવનમાં આવતી સમસ્યાઓ, મારાં શિક્ષણકાર્ય ઉપર અસર કરતી. તે વખતે તેમના દ્વારા સ્વતંત્રપણે કાર્ય કરવાની તકો ઊભી કરી આપવામાં આવતી. તેથી શૈક્ષણિક અને વ્યક્તિગત બાબતોમાં સમાયોજન કેળવવાનું મારા માટે સરળ બન્યું હતું.

અનુસ્નાતકથી લઈને વિદ્યાવાચસ્પતિ સુધી સાત વર્ષના લાંબા સમયગાળા સુધી એમના સાનિધ્યમાં શિક્ષણ મેળવવું એક અનોખો અનુભવ રહ્યો છે. શિક્ષણકાર્યમાં ઘણીવાર અયોગ્યતા દાખવી છે, તે વખતે તેમણે ખૂબ ધીરજથી મને ટકોર કરીને યોગ્ય કરવા માટે જણાવ્યું છે.

એમના દ્વારા વિકસાવવામાં આવેલા જ્ઞાનમાં વધારો કરીને અમે સમાજ માટે અમારી જાતને ઉપયોગી સાબિત કરીશું. વ્યવસાયિક જીવનમાં, આપના જ્ઞાનની સૂઝનાં બીજ હંમેશાં ખીલતા રહેશે તેની હું ખાતરી આપું છું. આપની સાથે ભવિષ્યમાં પણ કાર્ય કરવાની જીજ્ઞાસા અને તાલાવેલી રહેશે. સૌનાં પથદર્શક ગુરુને કોટિ-કોટિ વંદન.

# સમાજકાર્યનાં ઊંડાં અભ્યાસુ અને માર્ગદર્શકશ્રીઃ ડૉ. આનંદીબહેન પટેલ

**- નયના મછાર**
(MSW વર્ષ ૨૦૨૩)

આનંદીબહેન સાથે રૂબરૂ મળવાનું તો ઓછું થયું છે, કારણ કે તેઓ MPSWમાં વર્ગ લેતાં ન હતાં. જોકે, તેમને ઘણી વખત વિભાગીય કામો માટે મળવાનું થયું છે. તેમનું વ્યક્તિત્વ ખૂબ વિશાળ, તેમને એક વાર મળીએ એટલે ફરી મળવાનું મન થાય. તેમનાં નામ તેવા જ તેમના ગુણ. હંમેશાં હસતાં જ હોય. મને બે બાબતો થકી તેમનો વિસ્તૃત પરિચય થયો છે - સમાજકાર્યનાં આધાર- સ્તંભો પુસ્તક અને ગૂજરાત વિદ્યાપીઠની વૅબસાઈટ. સત્ર-૧માં તેમનું પુસ્તક, વ્યવસાયિક સમાજકાર્યના ઇતિહાસથી લઈ સમાજકાર્ય વિશે ઊંડાણપૂર્વક જાણકારી મેળવવામાં બહુ ઉપયોગી રહ્યું. છાત્રાલયના સામાન્ય પ્રશ્નોની વાત હોય તો પણ, ખૂબ સહજ ભાવે તેનો ઉકેલ લાવી આપતાં.

એમનું  પ્રેમાળ વ્યક્તિત્વ હંમેશાં પ્રેરણા આપતું રહે છે. પરિવારની જવાબદારી સાથે સમાજ વિકાસ-યાત્રામાં પણ તેમનું ખૂબ યોગદાન છે. બાળકો, મહિલાઓ અને નવા સમાજકાર્યકરોનાં ક્ષેત્રોમાં તેમનું ખૂબ પ્રદાન જોવા મળે છે. વ્યક્તિત્વ ઘડતર માટે તેઓ દરેક વિદ્યાર્થીમાં પ્રેરણાત્મક બની રહેશે.

સેવાનાં આટલાં વર્ષોના પડાવ બાદ તેમની આધ્યાત્મિક યાત્રાનો માર્ગ મોકળો થાય તેમ જ આગળ પણ સમાજકાર્ય ક્ષેત્રે વધુ કાર્યરત રહે તેવી અભ્યર્થના સાથે ખૂબખૂબ શુભકામના.



## અમારાં વર્તન, મૂંઝવણો, ગુસ્સો, તરવરાટને સાચી દિશા આપનારાં તમે છો! અમારી સિદ્ધિ અને સફળતાની સૌથી વધુ ઉજવણી કરનારાં, આનંદી મૅડમ તમે છો!

**- નિધિ ભટ્ટ**
(MSW વર્ષ ૨૦૧૦)

'સેતુ કાર્યક્રમ'નો ત્રીજો દિવસ એ મારો વિદ્યાપીઠનો પહેલો દિવસ! આંનદી મૅડમને પહેલીવાર જોયાં. કપાળે ચાંદલો...ઊર્જાવંત ચહેરો, હોઠ પર માયાળુ સ્મિત....! એક જ ક્ષણમાં જાણે હું એમની પોતાની હોઉં એ લાગણી મેં અનુભવી. "સમાજકાર્યના વિદ્યાર્થી તરીકે કોઈ પણ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે, સામેવાળી વ્યકિત/પરિસ્થિતિ જેવી છે એવો જ એમનો સ્વીકાર કરવો જરૂરી છે." એમ કહીને અમારું સમાજકાર્ય શિક્ષણ શરૂ કર્યું. મૅડમના વર્ગમાં સમાજકાર્યની મોટી-મોટી થિયરીઓ આવે. ક્યારેક બે થિયરીઓ વચ્ચેનો પાતળો ભેદ મૂંઝવણ ઊભી કરે ત્યારે, તેઓ તે સાંપ્રત પ્રવાહ સાથે જોડી અમને આગવી છટાથી સમજાવતાં. તે આજે પણ અમને વ્યક્તિગત અને વ્યવહારિક જીવનમાં મદદરૂપ થાય છે.

સમાજકાર્યના બે વર્ષ દરમિયાન જે કંઈ શીખ્યા એ મારા આખા જીવનનું ભાથું બન્યું. હું જીવનપર્યંત પરમાત્માની ખૂબ આભારી છું કે, હું વિદ્યાપીઠમાં ભણી અને મને આનંદી મૅડમ મળ્યાં!

"અમારામાં રહેલ ખૂબીઓને ઓળખી, બહાર લાવનારાં તમે છો! અમારાં વર્તન, મૂંઝવણો, ગુસ્સો, તરવરાટને સાચી દિશા આપનારાં તમે છો! અમારી મનોવેદનાને આગવી નજરથી ઓળખી, એકલામાં બોલાવી સાંત્વના આપનારાં તમે છો! અમારી સિદ્ધિ અને સફળતાની સૌથી વધુ ઉજવણી કરનારાં, આનંદી મૅડમ તમે છો!"



# આપના સાનિધ્યમાં પસાર કરેલા અમૂલ્ય સમયની સ્મૃતિ મારા માટે પ્રેરણા-સ્રોત બની ગઈ છે

**- નિર્મલ ડી. ચૌધરી**
(MSW વર્ષ ૨૦૦૯)

આદરણીય ડૉ. આનંદીબહેન પટેલ, આપના નિવૃત્તિ સમારંભમાં આ લેખિત સંદેશો મોકલતા હું ગૌરવ સાથે દુ:ખની લાગણી પણ અનુભવી રહ્યો છું. આપની માર્ગદર્શનભરી સેવા અમારા જેવા વિદ્યાર્થીઓ તથા સંસ્થાના સહકાર્યકરો હંમેશાં યાદ રાખશે.

નિવૃત્તિ એટલે મનગમતી પ્રવૃત્તિ કરવાનો પૂર્ણ અવકાશ. પ્રભુ આપને દીર્ઘાયુ અને તંદુરસ્તીભર્યું આરોગ્ય આપે અને પરિવાર સાથે આપનું જીવન આનંદમય પસાર થાય એવી પાર્થના સાથે દિલથી શુભેચ્છાઓ. આપશ્રીના લાગણીભર્યા સ્વભાવ અને સાથ-સહકાર બદલ આભારી છું. આપના સાનિધ્યમાં પસાર કરેલા અમૂલ્ય સમયની સ્મૃતિ મારા માટે પ્રેરણા-સ્રોત બની ગઈ છે. આપનો સદાય ઋણી.



# વિદ્યાપીઠમાં અમારાં સૌનાં માતા એટલે આનંદીબહેન

**- નિશા મકવાણા**
(MSW વર્ષ ૨૦૨૩)

ઉચ્ચ અભ્યાસ અને ઉચ્ચ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ઉચ્ચ કોટિના ગુરુની જરૂર હોય છે. મારા વિદ્યાપીઠના અભ્યાસકાળ દરમિયાન આવા જ ઉચ્ચ કોટિના ગુરુ મને મળ્યા છે, જેમનું નામ ડૉ. આનંદીબહેન પટેલ છે. આપના દ્વારા પ્રાપ્ત થયેલાં શિક્ષણ માટે હું આપને વંદન કરું છું. આપની નિવૃત્તિ બાદ પણ આપશ્રી અનેક લોકોનાં જીવનમાં જ્ઞાનનો પ્રકાશ પ્રજ્વલિત કરો તેવી શુભેચ્છા પાઠવું છું.

લોકો કહે છે કે, નામ હોય તેવા ગુણ હોવા જરૂરી છે. આ ખૂબી તમારામાં મેં જોઈ છે. તમે હંમેશાં ખુશ રહો છો. મને એક કિસ્સો યાદ આવે છે, જ્યારે હૉસ્ટેલની બધી જ છોકરીઓથી એક ભૂલ થઈ હતી અને તેનું પરિણામ નકારાત્મક આવ્યું હતું. ત્યારે પણ તમે અમને બધી જ છોકરીઓને ખૂબ શાંતિથી અને પ્રેમથી સમજાવી હતી. જીવનમાં નાની ભૂલ પણ ખરાબ પરિણામ આપી શકે, એમ સમજાવ્યું હતું.

હું તો તમારા ઘરે પણ આવી છું, જ્યાં તમે અમને ખૂબ પ્રેમથી જમાડ્યાં છે. તમારી સાથેના કિસ્સાઓ યાદ કરવામાં સમય ખૂટે તેમ છે. વર્ગ દરમિયાન તમારા ક્લાસમાં ઊંઘ ન આવતી. અમારું ધ્યાન વર્ગમાં જ રહે તે માટે તમે વચ્ચે-વચ્ચે અમારી સાથે હસી-મજાક કરતાં રહેતાં. તમારા જીવનના ઘણા-બધા કિસ્સા તમે અમને કહ્યા છે, જે અમારા માટે આદર્શરૂપ છે. વિદ્યાપીઠમાં અમારાં સૌનાં માતા એટલે આનંદીબહેન.



# Your calm nature, wisdom and simplicity inspires me a lot

**- Nisha Soni**
(MSW 2009)

You are the perfect example of what a Guru should be like for young people. Thank you for being a good teacher to us. You touched the heart of so many students. I really appreciate all the support that you have provided me during the two years. You made a real difference in the lives of the students you taught, me being one of them.

What inspires me about you is your calm nature, wisdom and simplicity. Your perspective of life is unique, and you believe in equality for all.

We did so many study-tours together and the way you have led the social work department is phenomenal. I remember, I was in your filed-work group and your guidance was excellent to learn about community work and humanity. You showed care and empathy to me when I was going through the tough time. Even after the study you have showed the same care for me.

While writing this I am feeling grateful for all the work you have done for the department. The way you listen to all the students with calm and compassion is the example of great leadership. You have helped me so many times and with patience and care. I hope to meet you soon and talk about your experience and life.

I wish you all the best for your retirement life. Please relax and enjoy the reward of your years of hard work.

# સમાજકાર્યના શિક્ષણમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન, મારાં બાળકોના ઉછેરમાં પણ મને બહુ ઉપયોગી સાબિત થયું

**- નેહા પટેલ**
(MSW વર્ષ ૨૦૦૬)

સમાજકાર્ય વિભાગમાં અભ્યાસ કરવાની તક મળી એ, મારા જીવનના ઘણા જ યાદગાર દિવસો બની ગયા. મેં ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો અને વિદ્યાપીઠમાં ઍડમિશન મળ્યું. બન્ને કૉલેજોનાં વાતાવરણ અને પહેરવેશમાં આભ-જમીનનો ફરક લાગ્યા કરતો હતો. સમાજકાર્યમાં પ્રવેશ લેવા માટે ખૂબ મહેનત કરી હતી. જીવનની સામાન્ય સમજ કેળવાઈ ત્યારથી, સમાજ-ઉપયોગી કાર્યો થાય એવાં ફિલ્ડની પસંદગી કરવાની અંતરાત્માથી ચાહના હતી.

શરૂઆતના અભ્યાસના થોડા દિવસો સુધી મન લાગતું ન હતું, પરંતુ જેમ-જેમ મૅડમને સાંભળ્યાં-સમજ્યાં તે પછી ગૂજરાત વિદ્યાપીઠમાં મન લાગવા લાગ્યું. મને બહેનના વ્યક્તિત્વનો પરિચય થવા લાગ્યો. મૅડમની સાદગી અને નિરભિમાની સ્વભાવનું મને આકર્ષણ થવા લાગ્યું. તે પછી તો મૅડમ મારાં આદર્શ જ બની ગયાં. પછી, મનમાં નક્કી કરી લીધું કે, બસ, હવે તો બે વર્ષનો અભ્યાસ અહીં જ પૂરો કરવો છે.

મારાં લગ્ન થયાં એટલે મારે ઑસ્ટ્રેલિયામાં સ્થાયી થવાનું થયું. હાલ હું છેલ્લાં ૧૫ વર્ષથી ત્યાં જ રહું છું. સમાજકાર્યના શિક્ષણમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન મને મારા કૌટુંબિક જીવન તથા બાળકોના ઉછેરમાં પણ બહુ જ ઉપયોગી સાબિત થયું છે. અત્યારે હું અહીં વૉલન્ટરી વર્ક થકી સમાજકાર્યમાં મારું થોડું પ્રદાન આપવાનો પ્રયત્ન કરી રહી છું.

આનંદીબહેનને બે વખત ઑસ્ટ્રેલિયામાં મળવાનું થયું તેનો ખૂબ જ આનંદ છે. મારાં આમંત્રણને માન આપીને, તેઓ ઑસ્ટ્રેલિયામાં મારા ઘરે આવ્યાં તેમ જ એમનો સ્નેહ અને આત્મીયતા દાખવ્યાં તેનો આનંદ છે. મૅડમ સાથેની આ પળો મારા જીવનમાં ઘણી જ યાદગાર બની રહી છે. તેમની નિવૃત્તિ બાદના સુખમય જીવન માટે ખૂબ શુભેચ્છાઓ.

# વિદ્યાર્થીઓમાં રહેલી ખૂબીઓ નિખારવા અને ખામીઓ દૂર કરવા માટે તેઓ હરહંમેશ પ્રયત્નશીલ રહેતાં

**- પંકજ બી. પટેલ**
(MSW વર્ષ ૨૦૦૬)

સમાજકાર્ય વિભાગમાં અભ્યાસ કરવાની તક મળી, જે મારા જીવન માટે અમૂલ્ય રહી. મારા જીવનને હકારાત્મક દિશા તરફ લઈ જવા માટે આ સમયગાળો ઘણો જ ઉપયોગી થઈ પડયો છે. એમાં પણ આનંદીબહેનનાં અમૂલ્ય માર્ગદર્શનો-સૂચનો-અભિપ્રાયો-મીઠી ટકોર અને ઠપકા પણ ઘણા જ ઉપયોગી બન્યા હતા તેમ જ તે હાલ પણ ઉપયોગી બની રહ્યા છે, અને ભવિષ્યમાં પણ ઉપયોગી બની રહેશે.

આનંદીબહેન તમામ વિદ્યાર્થીઓને વ્યક્તિગત ધોરણે બહુ નજીકથી ઓળખતા. વિદ્યાર્થીઓમાં રહેલી ખૂબીઓ નિખારવા અને ખામીઓ દૂર કરવા માટે તેઓ હરહંમેશ પ્રયત્નશીલ રહેતાં હતાં. વ્યક્તિ, કુટુંબ તથા સમાજને જોવાની અને ઉપયોગી થવાની તેમની દીર્ઘદ્રષ્ટિ લા-જવાબ હતી. આ દીર્ઘદ્રષ્ટિ અમોને અમારા વ્યવસાયિક કાર્ય (દહેજ પ્રતિબંધક સહ-રક્ષણ અધિકારી વર્ગ-૨) કરવામાં હાલ ઘણી જ ઉપયોગી અને પ્રેરણારૂપ બની રહી છે.

અભ્યાસ પૂરો થતાં જ બધા વિદ્યાર્થીઓને નોકરી મળે તેવી મહેચ્છા અને ચિંતા રહેતી. ત્યારે આનંદીબહેન, જે-તે વર્ષની બૅચના તમામ વિદ્યાર્થીઓને નોકરી મળે તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેતાં હતાં. અભ્યાસ પૂરો કર્યા પછી અમારી બૅચમાંથી કોઈ એક વિદ્યાર્થી, મૅડમને મળવા જાય, તો મૅડમ આખી બેચના વિદ્યાર્થીઓના ખબર અંતર પૂછી લેતાં.

આપણાં તમામનાં પ્રિય અને ઉમદા-માયાળુ વ્યક્તિત્વ ધરાવતાં આનંદીબહેન પટેલ વય-નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે વિભાગને તો મોટી ખોટ સાલશે. જોકે, તેઓ સમાજસેવાનાં કાર્યો કરવામાંથી ક્યારેય વય-નિવૃત્ત નથી જ થવાના એવો મને દ્રઢ વિશ્વાસ છે. ઈશ્વર મૅડમને દીર્ઘાયુષ્ય અર્પે અને વય-નિવૃત્તિ બાદનું તેમનું જીવન આનંદદાયી બની રહે તેવી પ્રાર્થના.

# આનંદીબહેન એટલે 'વહાલનું અક્ષયપાત્ર'

**- પૂર્વાંગ પંડ્યા**
(MSW વર્ષ ૨૦૨૦)

મનુષ્ય જીવન ગતિશીલ છે અને તેમાં વિરામનો પડાવ આવે તે જ છે નિવૃત્તિ. આનંદીબહેન, આપના પ્રેમના પ્રતીકરૂપ 'વહાલનું અક્ષયપાત્ર' શીર્ષક આપ માટે બિલકુલ યથાર્થ છે. કારણ કે, આપે મારા જેવા ઘણા વિદ્યાર્થીઓ પર અનહદ પ્રેમ-આશીર્વાદ અને માર્ગદર્શન વરસાવ્યું છે. બે વર્ષના અભ્યાસ દરમિયાન, મેં આ માનવીય અક્ષયપાત્ર ક્યારેય ખાલી થયેલું અનુભવ્યું નથી. આપના જીવનનું આગળનું પ્રકરણ હજુ અલિખિત છે. નિવૃત્ત-જીવન માટે અઢળક શુભેચ્છાઓ.



# આનંદીબહેનઃ માર્ગદર્શન, નેતૃત્વ અને શાણપણની દીવાદાંડી

**- પ્રદીપ વાઘેલા**
(MSW વર્ષ ૨૦૧૯)

જેમ-જેમ જીવનના આગળના પડાવ પર આગળ વધતા, પાછળની સફરને પ્રતિબિંબિત કરું છું, ત્યારે તમારી મારા જીવન પર અવિશ્વસનીય અસર એક માર્ગદર્શક દીપ તરીકે ઊભી થતી દેખાય છે. આપનાં મારા જીવનમાં હોવાં-માત્રથી, મારાં શૈક્ષણિક કાર્યોને જ નહીં, પરંતુ નેતૃત્વ અને જીવન પ્રત્યેના મારા અભિગમને પણ આકાર મળ્યો છે. મારી માસ્ટર ડિગ્રી દરમિયાન મારાં માર્ગદર્શક તરીકેનો સમય મારા માટે એક પરિવર્તનકારી અનુભવ રહ્યો છે. તમે સારી રીતે બધી જ બાબતો સમજાવીને, મને ઉમદા માણસ કઈ રીતે બનવું તેનો પ્રારંભ કરાવ્યો હતો, જે તરફની ગતિ અવિરત ચાલુ છે. એ માટે આભાર વ્યક્ત કરવો એ તો બહુ નાની વાત કહેવાય, પરંતુ હું મારી ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

તમારાં જ્ઞાન, અનુભવ, ઉપદેશો, પાઠ્યપુસ્તકોની મર્યાદાઓથી આગળ વિસ્તર્યાં છે. નેતૃત્વ, કાર્ય-નીતિ અને પડકારો માટે શાંત, એકત્રિત અભિગમના અમૂલ્ય પાઠો આજે પણ મને વ્યક્તિગત રીતે પ્રભાવિત કરે છે. તમારું મૃદુ વર્તન, અવિરત વિચારશીલતા, મજબૂત નિર્ણયશક્તિ, સાથે સ્મિતવાળું વ્યક્તિત્વ મને સતત પ્રેરણા પૂરી પાડે છે. જ્યારે નેતૃત્વ કરવાની મને તક મળે ત્યારે હું શાણપણ, સંયમ અને અન્યો માટે સાચી ચિંતા જેવા, તમારામાંથી શીખેલા નેતૃત્વના ગુણો કેળવવાનો પ્રયાસ કરું છું. તમારા લૅક્ચર્સ માત્ર શૈક્ષણિક સૂત્રો ન હતાં, પણ તે કોઈ પણ વિષયની પ્રાથમિકથી લઈને ઉચ્ચ-સ્તરની વિભાવનાઓ સુધીની તરબોળ સફર હતી. પ્રભાવિત વિચારો સાથે ઊંડે સુધી પડઘો પાડતી ભાષા આજે પણ મારા હૃદયમાં ગુંજે છે. આપના લાંબા લૅક્ચર સમયે કંટાળાની એક ક્ષણ પણ ક્યારેય આવી નથી, કારણ કે તેમાં તમારા વિચારો કે અનુભવનો લાભ મળ્યો છે. એટલું જ નહીં, આપ વાત કરો ત્યારે આપે મારા મનમાં વિચારોનો સતત પ્રવાહ સ્થાપિત કર્યો છે.

સામાજિક કાર્ય પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતાએ મારી સમજણ પર અમીટ છાપ છોડી દીધી છે. કેવી રીતે એક વ્યક્તિ, ટીમમાં નેતૃત્વ લઈને સમગ્ર વાતાવરણમાં સકારાત્મક પરિવર્તનને ઉત્પ્રેરિત કરી શકે છે એ તમારામાંથી હું શીખ્યો છે. તમારી કાર્ય કરવાની રીત અને વિચારોની ઊંડી અસર નિઃશંકપણે માત્ર મને જ નહીં, પરંતુ મારા જેવા હજારો વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે, જેઓને તમારા માર્ગદર્શન હેઠળ રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

જ્યારે તમે જીવનના આ નવા તબક્કામાં પ્રયાણ કરી રહ્યા છો, ત્યારે હું આપને એક પ્રોફેસર કરતાં વધુ, માર્ગદર્શન, નેતૃત્વ અને શાણપણની દીવાદાંડી બનવા બદલ તમારો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. તમારો વારસો, તમે સ્પર્શેલા દરેક વિદ્યાર્થી, સંસ્થામાંસતત વિકસે. તમારી સકારાત્મકઊર્જાની અસર અમે જે માર્ગો પર ચાલવાનું સ્વપ્ન જોઈ રહ્યા છીએ, તેમાં થતી રહે એવી પ્રભુને પ્રાર્થના.અત્યંત આદર અને કૃતજ્ઞતા સાથે...

## મારામાં વ્યવસાયિક કૌશલ્યોનું સિંચન કરનારાં આનંદીબહેન

# આપની નીડરતા મને હંમેશાં અચરજ આપે છે અને મને પણ તેમ કરવા પ્રેરે છે

**- બિનલ પટેલ**
(MSW વર્ષ ૨૦૧૪)




ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગમાં વિદ્યાર્થી તરીકે જોડાઈ ત્યારથી આજ સુધી આપ સાથેનો નાતો અકબંધ રહ્યો છે. વિદ્યાર્થી તરીકે જોડાઈ ત્યારે હૉસ્ટેલનો એ દિવસ યાદ આવે છે કે, જ્યારે આપ અમારી મુલાકાતે આવેલાં અને અમારા રૂમોની હાલત જોઈ આપે અમને આપવામાં આવેલી વ્યવસ્થાઓ સંદર્ભે ફરિયાદ કરેલી. અમારા માટે લીધેલી આ કાળજી આજે પણ યાદ છે. આપે મારાં અધ્યાપિકા અને માર્ગદર્શક તરીકે મને કરી આપેલી સહજતા અને અનુકૂળતાથી હું ખૂબ મજાથી શીખી, ભણી અને આનંદ કર્યો. એકવાર આપે ક્લાસરૂમમાં બારી બહાર જોઈ જે દેખાય એ વર્ણન કરવાની પ્રવૃત્તિ કરાવેલી, એનો બોધપાઠ આજે પણ યાદ છે. આપે વ્યવસાયિક જીવન અને વ્યક્તિગત જીવન માટે આપેલી સલાહોએ મને ઘણું શીખવ્યું છે. કદાચ આજે હું જે છું એ એના જ આધારે છું. મારામાં વ્યવસાયિક કૌશલ્યોનો પાયો આપે જ નાખ્યો. વિદ્યાર્થી-જીવન પૂર્ણ કરી કામમાં જોડાયા ત્યારે પણ વર્ગોમાં આપે શીખવેલું કાઉન્સેલિંગ કામે લાગ્યું. તે શીખ, મને ભીખ માંગતાં બાળકોની નજીક જવામાં ખૂબ મદદરૂપ બની.

ત્યારપછી ૨૦૧૫થી ચાઇલ્ડ લાઈનમાં જોડાઈ અને બહુ જ નજીકથી આપની સાથે કામ કરવાની તક મળી. આપની કામ કરવાની શૈલી નજીકથી જોઈ આપની પાસેથી ખૂબ શીખી છું. નાનામાં નાની વાત પણ કેટલી અગત્યની હોય છે, તે આપની પાસેથી શીખવા મળે છે. આપના કામમાં સ્પષ્ટતા, ચોકસાઈ, અને નવીનતા જોવા મળે, અને એટલે જ તરેહ-તરેહના પ્રોજેક્ટ્સ, કામો અને જોડાણમાં આપને કામ કરતા અમે જોયાં છે. આપે બનાવેલી મીઠાઈઓ ખાઈને, આપની પાક-કલાની કુશળતાની પણ સાક્ષી બની છું. આપને મૂલ્યો સાથે જોડાઈને કામ કરતાં જોયાં છે. આપની નીડરતા મને હંમેશાં અચરજ આપે છે અને મને પણ તેમ કરવા પ્રેરે છે. આપે સમાજકાર્ય વિભાગને આપનો સંપૂર્ણ સમય આપીને સીંચ્યો છે. આ વિભાગના વિદ્યાર્થીઓ સમાજના ખૂણે-ખૂણે જઈ ફૂલોની જેમ મહેકી રહ્યા છે, જે આપની ઉમદા માવજતનું પરિણામ છે. મને આપના માટે ખૂબ માન છે.

આપશ્રીએ અનેક વિદ્યાર્થીઓનાં જીવનમાં પથદર્શક, માર્ગદર્શકની ભૂમિકા ભજવી છે. આપના નિવૃત્તિ પ્રસંગે આપને ખૂબ શુભકામનાઓ. નિવૃત્તિ બાદ પણ આપ સ્વભાવગત વધુ પ્રવૃત્ત રહેવાનાં જ હશો એનો મને ખ્યાલ છે. આપ હંમેશાં મારાં રોલ મૉડલ રહેશો. ખૂબ પ્રેમ સહ.

# વ્યવસાયિક સમાજકાર્ય-શિક્ષણનાં સમર્પિત ઉપાસકઃ પ્રો.આનંદીબહેન પટેલ

**- ડૉ. ભલુભાઈ શેખ**
(MSW વર્ષ ૨૦૦૫)

*"પગલાં એવાં તે કોણ આગળ મૂકતું આવે,*
*કે આખું આકાશ એની પાછળ ઝૂકતું આવે!"*

પ્રકૃતિના કવિ શ્રી દાદની કલમે લખાયેલી આ કાવ્ય-પંક્તિઓ પ્રો.આનંદીબહેનના વ્યક્તિત્વને ખૂબ જ સુંદર રીતે લાગુ પડે છે. તેમની જીવન-યાત્રા વ્યવસાયિક સમાજકાર્યકરોના ઉત્તમ શિલ્પી તરીકે સમર્પિત રહી. તેમણે અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનમાં અમીટ ઉજાસ પાથર્યો, વ્યવસાયિક સમાજકાર્યના ઉત્તમ ગુણો તથા મૂલ્યોનું સિંચન કર્યું તેમ જ સમાજકાર્યના ક્ષેત્રમાં તેમને આગવી ઓળખ અપાવી. વ્યવસાયિક સમાજકાર્ય-શિક્ષણના ક્ષેત્રમાં તેઓએ એવાં પ્રેરક પગલાં પાડ્યાં છે કે, એમના અસંખ્ય વિદ્યાર્થીઓ, તેમણે આપેલાં જ્ઞાન, મૂલ્યોને અનુસરી રહ્યા છે. ખરા અર્થમાં સમાજકાર્ય-શિક્ષણનાં સંનિષ્ઠ અને સમર્પિત ઉપાસક પ્રો.આનંદીબહેને આપેલી શિક્ષા-દિક્ષાથી અમારા સૌના જીવનમાં શાશ્વત અજવાળાં પથરાયાં છે. તેનું કોઈ મૂલ્ય થઈ ન શકે. આજે તેઓ આટલા લાંબા અનુભવ, જ્ઞાન અને સમાજમાં પ્રદાનરૂપી વટવૃક્ષ બનીને આપણને પ્રેરણા આપી રહ્યાં છે, આપતાં રહેવાનાં છે.

તેમના એક વિદ્યાર્થી તરીકે, મને સમાજકાર્ય પારંગત, એમ.ફિલ. અને પીએચ.ડી.ની શિક્ષા-દિક્ષા મેળવવાનું સદભાગ્ય સાંપડ્યું છે. સ્નાતક અભ્યાસ કાળથી જ મને ગૂજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય પારંગતનો અભ્યાસ કરવાની ઉત્કટ ઝંખના હતી. જે. સી. કુમારપ્પા મહાવિદ્યાલય-ગઢડાના મારા પ્રાધ્યાપકશ્રીઓના માર્ગદર્શન અને મહેનતથી સમાજકાર્ય વિભાગ-ગૂજરાત વિદ્યાપીઠમાં મને પ્રવેશ મળ્યો. સમાજકાર્યમાં આ પ્રવેશ મળ્યાની ખુશી મારા જીવનની સર્વોચ્ચ ખુશીઓ પૈકીની એક ગણી શકાય. સાથે જ, તે મારી જીવનયાત્રાનો મુખ્ય વળાંક હતો. આજે હું જે પણ છું, તે ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગના શિક્ષણને કારણે છું.

સમાજકાર્યનો અભ્યાસકાળ અનેક યાદગાર પ્રસંગો અને અનુભવોથી ભરેલો છે.વર્ષ ૨૦૦૩-૦૪માં સમાજકાર્ય પારંગત અભ્યાસમાં પ્રથમ દિવસથી જ વિભાગમાં 'સેતુ કાર્યક્રમ'નો ઉત્સાહભર્યો માહોલ હતો. અમે સૌ વિદ્યાર્થીઓમાં પરસ્પર તથા સમાજકાર્યનાં ક્ષેત્રો સાથે કાયમ માટેનો સેતુ રચાયો હતો. સવારથી સાંજ સુધી નવા-નવા વક્તાઓ, સામાજિક કાર્યકરો, કર્મશીલો વગેરે સાથે આદાન-પ્રદાન થતું. પ્રાધ્યાપકશ્રીઓ અને સિનિયર વિદ્યાર્થી-મિત્રોનું માર્ગદર્શન મળતું. વિવિધ જૂથોમાં સહપાઠી મિત્રો સાથેની કામગીરીથી ભરપૂર 'સેતુ કાર્યક્રમ' જીવનનું એક અમૂલ્ય સંભારણું બની રહ્યો છે. 'સેતુ કાર્યક્રમ' દરમિયાન એક દિવસ ડૉ. આનંદીબહેન પટેલ એક વિષય લઈ રહ્યાં હતાં, જેમાં પ્રવૃત્તિના ભાગરૂપે વિદ્યાર્થીઓના અભિપ્રાયો હું બૉર્ડ પર લખી રહ્યો હતો. બૉર્ડ

પર લખાતાં લખાણને જોઈને મૅડમ સહજ રીતે બોલી ગયાં કે, 'તારા અક્ષર સારા છે, તું અધ્યાપક બને એવી શુભેચ્છા.' આ વાક્ય બોલીને મૅડમ અને સાંભળનાર સહપાઠી મિત્રો તો ભૂલી ગયાં હશે, પરંતુ જેના માટે સારાં વાક્યો બોલાય છે તેના માનસપટ પર આ વાક્યો ઝીલાય છે અને તે દિશામાં તે જાણ્યે-અજાણ્યે આગળ વધવા લાગે છે. તે રીતે એક દિવસ, હું સાચે જ ગઢડાના જે.સી. કુમારપ્પા મહાવિદ્યાલયના સમાજકાર્ય વિભાગનો અધ્યાપક બન્યો. ત્યારે મેં મારા માનસપટ પર કંડારાયેલી શુભેચ્છાનું વાક્ય યાદ કરીને મૅડમનો આભાર માન્યો. આમ, વર્ષ ૨૦૦૩માં ડૉ. આનંદીબહેન દ્વારા શુભેચ્છા માટે બોલાયેલું એ વાક્ય મને આજે પણ ઊર્જા પૂરી પાડે છે.

આવો જ એક અનુભવ પ્રથમ વર્ષના ક્ષેત્રકાર્યમાં કરેલી કામગીરીનો છે. અમારાં માર્ગદર્શકશ્રી દામિનીબહેને વિચાર્યું કે, ચારેય વિદ્યાર્થીઓ હંમેશાં એક સાથે એક જ કામમાં રોકાયેલા રહેશે તો, એક કે બે વિદ્યાર્થીઓ જ સક્રિય રહેશે. તમામ વિદ્યાર્થીઓને સ્વતંત્ર કામનો અનુભવ મળી રહે તે માટે માર્ગદર્શકશ્રીએ સિંગરવા ગામના ચાર વિભાગોમાં એક-એક વિદ્યાર્થીને અલગ-અલગ ક્ષેત્રકાર્યોની સોંપણી કરી, જેનાથી અમે ક્ષેત્રકાર્યનો ખૂબ સારો અનુભવ મેળવી શક્યા તેમ જ ક્ષેત્રકાર્યમાં નમૂનારૂપ કામગીરી કરી શક્યા. સિંગરવા ગામના ચોસમિયા સિમ વિસ્તારમાં શાળા ન હોવાથી બાળકો શિક્ષણથી વંચિત રહેતાં હતાં. અહીં ક્ષેત્રકાર્યના ભાગરૂપ, લાંબી મથામણના અંતે શાળા માટે ગામલોકો પાસેથી જમીન દાનમાં મેળવીને સરકારને આપી, અને ત્યાં પ્રાથમિક શાળાનું નિર્માણ થયું. આજે ધોરણ ૧થી ૮ની આ શાળામાં ૭ શિક્ષકો સાથે ૧૭૦ બાળકો ઘરઆંગણે શિક્ષણ મેળવી રહ્યાં છે. આ સફળ અનુભવ માટે હું માર્ગદર્શકશ્રી દામિનીબહેનની ક્ષેત્રકાર્ય અંગેની વ્યૂહરચના, કાળજીભરી દેખરેખ (Monitoring) અને માર્ગદર્શનને જવાબદાર ગણું છું. આ બાબતની નોંધ લઈને આપણા સમાજકાર્ય વિભાગની સુવર્ણ જયંતી વર્ષ ૨૦૧૯ની ઉજવણી નિમિત્તે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પ્રતિ બૅચ એક વિદ્યાર્થી, એમ કુલ ૫૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૦૦૫ની બેચમાંથી મારી પસંદગી કરીને પ્રૉ. આનંદીબહેનનાં અધ્યક્ષપણાં હેઠળ, વિભાગે મારું સન્માન કર્યું. આ સન્માનને હું મારા એકનું નહીં, પરંતુ સમગ્ર ૨૦૦૫ની બૅચનું સન્માન ગણું છું.

મને વર્ષ ૨૦૦૮-૧૦માં, એમ.ફિલ. અને વર્ષ ૨૦૧૫-૨૦માં પીએચ.ડી.ની શિક્ષા-દિક્ષા આનંદીબહેનના અત્યંત કાળજીપૂર્ણ માર્ગદર્શન હેઠળ મળી. આ એક લાંબી શિક્ષણયાત્રા આનંદીબહેનની પ્રેરણા અને પ્રયત્નોનું ફળ છે. તેઓએ મારા અભ્યાસોને, વિષય-પસંદગીથી લઈને અહેવાલ લેખન સુધીના દરેક તબક્કે કાળજીપૂર્વક પથનિર્દેશ કર્યો, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ સાથેનું જ્ઞાન, ધીરજ, ચોક્કસાઈ અને ગુણવત્તા સાથે સતત આગળ વધવાનું દિશાબળ પૂરું પાડ્યું. તે માટે હું તેઓનો આજીવન ઋણી રહીશ.

ખરા અર્થમાં તેઓનું સાનિધ્ય 'સ્વ'થી આગળ વધીને 'સર્વ'ના જીવનને સુખમય બનાવવા માટેની વિચારધારા અને ક્ષમતાઓ બક્ષી ગયું. સમાજકાર્ય-શિક્ષણના અવિરત અને સમર્પિત ઉપાસક એવાં પ્રા.આનંદીબહેનની વયનિવૃત્તિએ યોજાયેલા અભિવાદન પ્રસંગે હું તેઓને વંદન કરું છું. તેઓનાં અમૂલ્ય જ્ઞાન અને અનુભવો ગ્રંથસ્થ થઈને આપણને હજુ વધુ ને વધુ મળતા રહે એવી આશા. એમને આરોગ્યપ્રદ અને સુખમય જીવન માટે શુભેચ્છા પાઠવું છું.

# તેમની પાસે કોઈ નાનકડી બાબત પણ લઈને જનારા વિદ્યાર્થીને, નારાજ થઈને પાછા આવતા જોયા નથી

**- મધુભાઈ ભાદરકા**
(MSW વર્ષ ૨૦૨૧)

વર્ષ ૨૦૨૧ કોવિડના સમયગાળા દરમિયાન પાસ આઉટ કર્યા બાદ જ્યારે અમદાવાદ જવાનું થાય ત્યારે, ગૂજરાત વિદ્યાપીઠની મુલાકાત ન લીધી હોય એવું ક્યારેય નથી બન્યું. હંમેશાં એવું મન થાય કે, ગૂજરાત વિદ્યાપીઠની એક ઝલક લઈ લઉં. એમાંય મહાદેવ દેસાઈ સમાજ સેવા સંકુલ, જેને અમે ટૂંકમાં મ.દે તરીકે ઓળખીએ, ત્યાં પહોંચતાની સાથે આનંદીબહેન પટેલનો ચહેરો યાદ ન આવે એવું આજ દિન સુધી બન્યું નથી.

આનંદીબહેન હંમેશાં આનંદમાં રહેતી વ્યક્તિ. તેમનું વ્યક્તિત્વ સમુદ્ર  સમાન છે. જ્યારે કોઈ પણ સમયે સામે મળે તો હસમુખો ચહેરો અને ચાલતાં- ચાલતાં સમાજકાર્યનું  એક-એક પાસું સમજાવતાં હોય એ આનંદીબહેન! તેમણે અનેક વ્યવસાયિક સમાજ-કાર્યકરો અને કાઉન્સેલરોનું ઘડતર કરીને, સમાજને આપ્યા છે. તેમની પાસે કોઈ નાનકડી બાબત પણ લઈને જનારા વિદ્યાર્થીને, નારાજ થઈને પાછા આવતા જોયા નથી.

હું જયારે વિદ્યાપીઠમાં આવ્યો ત્યારે અલગ વિચારચરણી સાથે આવ્યો હતો. મેં જ્યારે સમાજકાર્ય વિભાગમાં પ્રવેશ મેળવ્યો ત્યારે, આનંદીબહેન, વિભાગના અધ્યક્ષ  હતાં. હું કોઈ પણ સમસ્યા લઈને ગયો હોઉં ત્યારે તેનો જવાબ મને હંમેશાં સંતોષકારક મળ્યો છે. તેઓ વિદ્યાર્થીના હિતને હંમેશાં ધ્યાને રાખતા. અમારા સમયે એક વિદ્યાર્થીને ઍડમિશન બાબતે કોઈ સમસ્યા સર્જાઈ હતી, ત્યારે વિદ્યાર્થીઓએ આક્રોશ સાથે આંદોલન કર્યું હતું. તે સમયે આનંદીબહેને દરેક સ્થિતિને આવકારીને, બધી બાબતો પૂરી થઈ ત્યારે ખૂબ કોમળતાથી જવાબ આપ્યો હતો. તે દરેક વિદ્યાર્થીના મનને સ્પર્શી ગયું હતું. ત્યારે તેમણે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, “આ તમે જે કરી રહ્યા છો એમાં ગાંધીવિચાર અને સમાજકાર્યનો સમાવેશ થાય છે? જો થતો હોય તો તમે યોગ્ય રસ્તે જઈ રહ્યા છો, અને જો ન થતો હોય તો કોઈક ક્ષતિ રહી છે, એ હંમેશાં યાદ રાખવું.” આ રીતે તેઓ દરેક સમસ્યાનો ઉકેલ લાવતાં. ત્યારથી મેં મારા જીવનમાં ગાંધી અને ગાંધીની વિચારધારાને અપનાવી છે. ત્યારથી મારા જીવનમાં સમાજકાર્યનાં મૂળ રોપાયાં.

કૉલેજના સમયગાળા દરમિયાન ગમે એટલા કંટાળ્યા હોય અને કોઈ કહે આનંદી મૅમનો ક્લાસ છે તો ક્યારેય કંટાળો આવતો નહીં. ક્યારેક એક કલાકના ક્લાસમાં, બે કલાક લઈ લેવામાં આવે તો પણ અમને તેનો ખ્યાલ રહે નહીં એટલો રસ પડતો. શીખેલી બાબતોનું પુનરાવર્તન તો જાણે ઉદાહરણો મારફતે થઈ જતું. કોઈ વિદ્યાર્થી મૂંઝવણથી ઘેરાયો હોય અને તેમની સામે આવે તો તેમને હંમેશાં ખ્યાલ આવી જાય. તેઓ તેનો ઉકેલ લાવી વિદ્યાર્થીની મૂંઝવણ દૂર કરી દેતા. આજ સુધી ઘણા વિદ્યાર્થીઓ પોતે પોતાના જીવનનો રસ્તો મેળવી લેતા જોવા મળ્યા છે, પણ વિભાગમાં  વિદ્યાર્થી જો

કોઈ સમસ્યાથી ઘેરાય તો, આનંદીબહેન વ્યક્તિગત રીતે તેમના પ્રશ્નોનો ઉકેલ લાવતાં જોવા મળે. જ્યારે વર્ગમાં કોઈ વિદ્યાર્થીને કોઈ બાબત ન સમજાય તો ખૂબ સરળ દાખલાઓ આપીને તેઓ સમજ આપતાં. તેઓમાં વિશાળ નેતૃત્વ સમાયેલું છે. જયારે વિદ્યાર્થી અભ્યાસ પૂર્ણ કરી બહાર જાય ત્યારે પણ અધ્યાપક સાથે જોડાયેલો હોય છે, કારણ કે આનંદીબહેન હંમેશાં મદદ માટે તૈયાર હોય છે.

જયારે મેં સન ૨૦૧૯માં વિદ્યાપીઠમાં ઍડમિશન મેળવ્યું ત્યારે અભિમુખતા કાર્યક્રમમાં તેમણે ‘છાત્રાલયની જીવનશૈલી’ અંગે વાત કરી હતી. ત્યારથી આનંદીબહેન કોણ એનો ખ્યાલ આવ્યો હતો. આનંદી મૅમ મૂળ વિદ્યાપીઠના વિદ્યાર્થી અને તેમનું કર્મ-સ્થળ પણ વિદ્યાપીઠ. એટલે વિદ્યાપીઠના નિયમો અને રીતભાત પણ તેમનામાં ઊંડાણથી વણાયેલી જોવા મળે છે. ખાદી એમના જીવનની  એક ઊંડી ઓળખ છે. તેઓ ગાંધી-વિચારસરણી સાથે જોડાયેલાં છે. જીવનમાં કોઈ પણ સમસ્યા આવે ત્યારે તેઓ ગાંધીના માર્ગે સામનો કરી ઉકેલ મેળવે છે.

હું જયારે છેલ્લે ગૂજરાત વિદ્યાપીઠમાં ગયેલો ત્યારે આનંદીબહેન સાથે એક નાની મુલાકાત થઈ હતી. ત્યારે તેઓ અમારા ક્લાસના દરેક વિદ્યાર્થીનાં નામ, કામ અને તેમની પ્રવૃત્તિઓથી સંપૂર્ણ વાકેફ હતાં.

તેઓ જ્યારે વય-મર્યાદાને કારણે  નિવૃત્ત થવા જઈ રહ્યાં છે ત્યારે પહેલો એક વિચાર એ આવે કે, શું હવે પછીના વિદ્યાર્થીઓને આવાં બીજાં કોઈ આનંદીબહેન મળશે ? ગૂજરાત વિદ્યાપીઠ અમારો એક પરિવાર હોય એવી લાગણી છે અને એમાં આનંદીબહેન મળે એટલે એક માનસિક સંતોષ થતો. હવે આવનાર સમયમાં તેની ઉણપ વર્તાશે. આપે વિદ્યાપીઠમાં જેટલો સમય આપ્યો અને દરેક વિદ્યાર્થી માટે ઉપયોગી થયાં એ રીતે હંમેશાં આપ મદદરૂપ થતાં રહો. આપનું જીવન સુખમય અને આનંદમય રીતે પસાર થાય એવી હાર્દિક શુભકામનાઓ...

# અમારી કોઈ પણ નાનામાં નાની મૂંઝવણનો પણ તેઓ એકાગ્ર મનથી સાંભળીને ઉકેલ લાવતા

**- મહેશ રાઠોડ**
(MSW વર્ષ ૨૦૦૭)

મેં હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યું ત્યાંસુધી જે શિક્ષકો મળ્યા તે બધામાંથી થોડાક મારા આદર્શ હતા. કારણ કે, ત્યાં સુધીનું શિક્ષણ અનૌપચારિક લાગ્યું હતું. પરંતુ, યુનિવર્સિટીના શિક્ષણમાં કૉલેજના અધ્યાપકો મને ઔપચારિક લાગ્યા, કેમ કે તેઓનો અમારી સાથે ફક્ત વર્ગખંડ પૂરતો, નહિવત્ સંપર્ક રહેતો. તેથી ક્યારેય તેમના માટે કોઈ આદર્શ શિક્ષકવાળો ભાવ પેદા જ ન થયો. જોકે, મને વિદ્યાપીઠમાં ભણવાનો મોકો મળ્યો એ મારું સદભાગ્ય. મને અમદાવાદ મધ્યના આ લીલા હૃદય-સમાન વિદ્યાપીઠનો કોઈ પરિચય જ ન હતો.

MSWના સેતુ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ જ બધું આયોજન કરવાનું, અધ્યાપકો માત્ર નિરીક્ષણ કરે. આ મારા માટે નેતૃત્વ કરવાનો પ્રથમ અનુભવ અને આ નેતૃત્વના ગુણો વિકસાવનારાં અધ્યાપક આનંદીબહેનનો પણ પ્રથમ પરિચય. કુટુંબ જેવું વાતાવરણ ઊભું કરનારાં મારાં પ્રિય શિક્ષક મારા દિલમાં એ ક્ષણે જ વસી ગયાં. મારા બે વર્ષના અભ્યાસ દરમ્યાન, અમારા કોઈ પણ નાનામાં નાની મૂંઝવણનો પણ તેઓ એકાગ્ર મનથી સાંભળીને ઉકેલ લાવતા. તેઓ તેમના વહીવટના વ્યસ્ત શિડ્યુલમાંથી પણ અમારા માટે હંમેશાં સમય કાઢતાં. તેમના મુખ પર અવિરત સ્મિત ફરકે. નિર્ણયોમાં અને નિયમોમાં કઠોર પણ ખરા. તેઓ નિયમો બાબતે જરા પણ બાંધછોડ ન ચલાવે. તેમને રોજ જોતાં-જોતાં તેમના કેટલાક ગુણો અમારામાં સહજ રીતે આવી ગયા. તેના પરિણામ સ્વરૂપે, આજે જ્યારે વહીવટી ક્ષેત્રે કોઈ મુશ્કેલ ઘડી મારા સામે ઊભી થાય છે, ત્યારે મને નિર્ણય લેવામાં જરા પણ મુશ્કેલી થતી નથી.

વિદ્યાર્થી અને શિક્ષકનો નાતો ફક્ત ક્લાસ પૂરતો કે કૉલેજ પૂરતો હોતો નથી, પણ જીવનભરનો છે તે મને રોજ અનુભવાય છે. ક્યારેક આ ભાગદોડની જિંદગીથી કંટાળી જવાય છે, ત્યારે વિદ્યાપીઠના એ સોનેરી દિવસો યાદ કરીએ છીએ, જ્યાં વાલીતુલ્ય આનંદીબહેનને મળીને ફરી પાછા તાજાં-માજાં થઈ જતાં. જોકે, હવે પછી આપની ઑફિસમાં મારી આંખો આપને શોધશે અને એક નિરાશા પણ વ્યાપશે, પણ આપ ક્યાં બહુ દૂર છો, એક રસ્તો તો ઓળંગવાનો છે. તે વિચારથી મન ખુશ થઈ જાય છે. આપે ભણાવેલા એક-એક પાઠ મારા જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી થઈ રહ્યા છે અને થશે.

આપનો પ્રિય વિષય એટલે અપરાધશાસ્ત્ર, અને આ વિષય ભણાવવાની આપની છટાથી અમને કોઈ દિવસ આ વિષય રટવાની જરૂર નથી પડી. આજે જ્યારે ૧૨ વર્ષથી કેદીઓ સાથે કામ કરી રહ્યો છું, ત્યારે તમે ભણાવેલા સુધારાત્મક સિદ્ધાંતો અને સહાનુભૂતિ જ નહિ, પણ પરાનુભૂતિનો ખ્યાલ ખૂબ જ ઉપયોગી થઈ રહ્યો છે. આપનો સહજ અને સરળ સ્વભાવ વિરોધીઓને પણ પોતાના

કરી દે તેવો છે. આજે જ્યારે તમે પોતાનો અધ્યાપનનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યાં છો ત્યારે, આવનારા નવા દરેક વિદ્યાર્થીઓને આપના ગહન જ્ઞાનનો લાભ નહીં મળે. સમાજકાર્ય વિભાગ અને અમે સૌએ જે પ્રગતિ કરી, તે આપના નેતૃત્વ અને માર્ગદર્શનના પ્રતાપે જ. મારી પરમેશ્વરને એ જ પ્રાર્થના કે આપ સદા સ્વસ્થ રહો, આમ જ હસતા રહો અને જ્યારે પણ અમને આપના માર્ગદર્શનની જરૂર પડે ત્યારે આપ ઉપલબ્ધ રહો.



# આનંદીબહેનનાં બહોળા અનુભવ, સરળ અભિવ્યક્તિ અને કુશળ મૅનેજમેન્ટમાંથી વિદ્યાર્થીઓને વાસ્તવલક્ષી જ્ઞાન મળ્યું

**- મૃદુલા પાટીલ**
(MSW વર્ષ ૨૦૦૯)

**विद्वत्त्वं दक्षता शीलं सङ्क्रान्तिरनुशीलनम्।**
**शिक्षकस्य गुणाः सप्त सचेतस्त्वं प्रसन्नता॥**

વિદ્વતા, નિપુણતા, નમ્રતા, ઉદારતા, જ્ઞાન, એકાગ્રતા અને પ્રસન્નતા એ સાત ગુરુના ગુણો છે. એવાં ગુણ-સંપન્ન ડૉ. આનંદીબહેન પટેલ, ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગનાં અધ્યક્ષ અને અધ્યાપક તરીકે લાંબાગાળા સુધી સેવા આપીને નિવૃત્ત થઈ રહ્યાં છે. તેઓના બહોળા અનુભવ, સરળ અભિવ્યક્તિ, કુશળ મૅનેજમેન્ટમાંથી વિદ્યાર્થીઓને વાસ્તવલક્ષી જ્ઞાન મળ્યું.

પોતાની શિક્ષણ-યાત્રા દરમ્યાન, વિદ્યાર્થીઓ અનેક શિક્ષકોના સંપર્કમાં આવે છે, પરંતુ વિદ્યાર્થીઓના જીવનમાં અમીટ છાપ છોડવામાં બહુ જ ગણ્યાગાંઠ્યા ગુરુજનો સફળ થાય છે. માત્ર એક અધ્યાપિકા તરીકે જ નહીં, પણ એક આત્મીય વ્યક્તિ તરીકે પણ ઘણા વિદ્યાર્થીઓ તેમની સાથે સંપર્કમાં રહીને પોતાના જીવનની કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે માર્ગદર્શન મેળવતા રહે છે. તેમણે સમાજકાર્યનાં શિક્ષણનું વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરીને, સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષણ મેળવે તે માટેના પૂરતા પ્રયત્નો કર્યા છે. મેં છેલ્લે સમાજકાર્યમાં  એમ.ફિલ.નો અભ્યાસ કર્યો. જોકે, હાલમાં નવી શિક્ષણ નીતિમાં એમ.ફિલ.નો અભ્યાસ નાબૂદ થઈ ગયો છે, તેમ છતાં ડૉ. આનંદીબહેનના પ્રયાસોથી વૈશ્વિક સ્તરની થીયરીઓ એમ.ફિલ.ના અભ્યાસક્રમની વિષય-સૂચિમાં સામેલ થઈ હતી. તેમાં તેમની દીર્ઘ-દ્રષ્ટિના દર્શન થાય છે.

તેમણે સમાજકાર્યને સરળ ભાષામાં સમજાવતું તેમ જ ગાંધીવાદી ફિલસૂફી આવરી લેતું સરસ પુસ્તક લખ્યું. તે પુસ્તક, દર વર્ષે નવા જોડાતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતું રહે છે. સમાન્ય રીતે, કોઈ પણ શૈક્ષણિક-સંસ્થામાં અભ્યાસ પૂરો કર્યા પછી, વિદ્યાર્થીઓનો તે સંસ્થા સાથે બહુ ઓછો સંપર્ક કે લાગણી રહે છે. પરંતુ, ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગના વિદ્યાર્થીઓને આ વિભાગ પ્રત્યે આગવી લાગણી અને જોડાણ રહેતાં હોય છે, તેનું કારણ, અહીંના અધ્યાપકો દ્વારા દાખવવામાં આવતી આત્મીયતા છે. વિભાગ દ્વારા યોજાયેલા વિવિધ પ્રવાસો, અમારાં માટે જીવનભરનાં સંભારણાં બની ગયાં છે.

આનંદીબહેને ગૂજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય વિભાગની એક આગવી ઓળખ ઊભી કરી છે. તેમણે વિભાગમાં વિદ્યાર્થીઓને ઉપયોગી અવનવી પ્રવૃત્તિઓ યોજી, જૂના-નવા વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહ્યાં અને પોતાના દરેક કાર્યમાં પ્રાણ પરોવ્યાં. સંનિષ્ઠ, કર્તવ્યપરાયણ આનંદીબહેન, સમાજકાર્ય વિભાગમાંથી નિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે વિભાગને અને વિદ્યાપીઠને તેમની ખોટ જરૂર વર્તાશે.

# મારા જેવી ઓછું બોલનારી વ્યક્તિના વિચારોને પણ આનંદીબહેન સરળતાથી સમજી જાય

**- રશ્મિકા ડાભી**
(MSW વર્ષ ૨૦૧૯)

આનંદીબહેન એક એવું વ્યક્તિત્વ, કે જેઓ તમને હંમેશાં કંઈક નવું કરવાની પ્રેરણા આપે. કોઈ નવી પ્રવૃત્તિ કે કામ કરવાનું હોય તો તેઓ હંમેશાં સાથ-સહકાર આપે. મારા જેવી ઓછું બોલનારી વ્યક્તિના વિચારોને પણ સરળતાથી સમજી જાય, તે ખૂબ મોટી બાબત છે મારા માટે.

આનંદીબહેન એટલે સરળ, સાદગીપૂર્ણ, જોશીલુ અને સ્ફૂર્તિવાન વ્યક્તિત્વ. મારા અભ્યાસકાળ દરમ્યાન, વિદ્યાપીઠમાં હૉસ્ટેલ ફરજિયાત. તેથી બધા વિદ્યાર્થીઓ પોતાના ઘરથી ઘણા દૂર હતા. આપણા સમાજકાર્ય વિભાગમાં શિક્ષણની સાથે-સાથે ક્ષેત્રકાર્ય પણ હોય. આથી બધા વિદ્યાર્થીઓએ ઘણીવાર સવારે વહેલું જવું પડતું હોય અને ઘણીવાર સાંજે મોડું પણ થાય. આ સમયે હૉસ્ટેલમાં જમવાનો ટાઇમ ફિક્સ હતો. આથી, આનંદીબહેનને બધા વિદ્યાર્થીઓએ વાત કરી, તો તેમણે તરત જ અમારા માટે જમવાના ટાઇમમાં ફેરફાર કરાવ્યો.

કહેવાનો અર્થ એ છે કે, આનંદીબહેન વિદ્યાર્થીઓને એટલા પોતીકાપણાંથી રાખતા હતા કે, કોઈ વિદ્યાર્થીને કોઈ સમસ્યા હોય તો તેમને સરળતાથી કહી શકતા હતા. માસ્ટર કર્યાના બે વર્ષ દરમિયાન તેમની પાસેથી ઘણું-બધું શીખવા મળ્યું છે. હજુ પણ તેમનું માર્ગદર્શન મળી રહે છે તે બદલ તેમની આભારી રહીશ.



# હંમેશાં હસતા ચહેરે વાતચીત કરતાં અને વિદ્યાર્થીઓની સમસ્યાને સમજી તેનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરતાં

**- રાજદીપ**
(MSW વર્ષ ૨૦૨૩)

મારે વ્યક્તિગત રીતે ડૉ. આનંદીબહેન સાથે વાતચીત ઓછી થતી, કારણ કે હું MPSWનો વિદ્યાર્થી. પરંતુ, જ્યારે અમુક સમયે વાતચીત થતી ત્યારે તેઓ હંમેશાં હસતા ચહેરે વાતચીત કરતાં અને વિદ્યાર્થીઓની સમસ્યાને સમજી તેનો નિકાલ લાવવાનો પ્રયત્ન કરતાં હતાં.

તેમનું 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો' નામનું પુસ્તક, સમાજ-કાર્યમાં વિવિધ સ્તરે ઉપયોગી બને છે. તે વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં અને સમજવામાં સરળ બને છે. સમાજકાર્ય વિભાગમાં મનોચિકિત્સકીય સમાજકાર્યનો કોર્સ ચાલુ કરવામાં ડૉ. આનંદીબહેનની ભૂમિકા મહત્ત્વની છે.

હંમેશાં તમારું સ્મિત અકબંધ રહે તેવી MPSWના તમામ વિદ્યાર્થીઓની અભ્યર્થના.



# આનંદીબહેનની ઈમાનદારી, મજબૂત મનોબળ અને સાહસિક વૃત્તિથી હું પ્રભાવિત છું

**- રીના લોકડિયા**
(MSW વર્ષ ૨૦૧૩)

આનંદીબહેન ખૂબ જ ધૈર્યવાન. તમામ વિષયોમાં ઊંડી સમજ ધરાવે તેમ જ દરેક વ્યક્તિ અને તેમની પરિસ્થિતિને સમજીને એમને સાચો નિર્ણય લેવા માટેના જુદા-જુદા રસ્તા બતાવે. એક કોચ તરીકે કોચિંગ કરવાની ખૂબ જ ઉમદા ક્ષમતા આનંદીબહેન ધરાવે છે. એક શિક્ષકનું કામ, વિદ્યાર્થીમાં પડેલી ક્ષમતાને બહાર લાવનારા કોચ તરીકેનું જ હોય છે, જે હકીકતમાં ખૂબ જ મુશ્કેલ કામ છે. આનંદીબહેનમાં આ ગુણ રહેલો છે અને સાચા અર્થમાં તેઓ એ જ રીતે વિદ્યાર્થી સાથે કામ કરે છે. તેનો મેં મારા અભ્યાસ દરમ્યાન અનુભવ કર્યો છે.

એક વિદ્યાર્થી તરીકે જ્યારે આપણામાં કોઈ સુધારાત્મક ગુણ લાવવાની અથવા કોઈ વિષયમાં વધારે ઊંડું ઉતરવાની જરૂર હોય ત્યારે તેઓ સીધા એ વાત નહોતા કહી દેતા. તેઓ વિદ્યાર્થીને વિષયને અનુરૂપ વિવિધ પ્રશ્નો પૂછીને, હજુ વધુ ઊંડાણપૂર્વક કામ કરવાની જરૂર છે એ વાતનો અનુભવ કરાવતાં. મારા પીએચ.ડી. અભ્યાસ દરમ્યાન મેં પણ આ અનુભવેલું. મને તેઓની આ વાત ખૂબ જ ગમી છે, કારણ કે એમના કારણે હું મારામાં ઊંડી ઉતરી (Self-Explore) શકી છું અને મારી સુધારાત્મક બાબત જોઈ શકી છું. તેમના કારણે જ ઘણી બાબતોમાં હું સારી માહિતી અને જ્ઞાન પણ મેળવી શકી છું. કોઈ પણ બાબતને વિવિધ દ્રષ્ટિકોણથી પણ જોઈ શકાય એ વાત હું બહેન પાસેથી શીખી છું.

તેઓ કોઈ પણ વ્યક્તિને ખૂબ જ ધ્યાનથી સાંભળે છે, સમજે છે અને સ્પષ્ટિકરણ પણ કરે છે. આમ, તેઓની રોજિંદી વાતચીત ખૂબ જ સ્પષ્ટ હોય છે. તેમની વાતમાં ક્યારેય કોઈ ગેરસમજ ઊભી થવાની શક્યતા નથી હોતી. સત્ય, સચ્ચાઈ અને વ્યક્તિના હક્ક માટે તેઓ કોઈ પણ પરિસ્થિતિનો મુકાબલો કરી લે છે. તેમની આ ઈમાનદારી, મજબૂત મનોબળ અને સાહસિક વૃત્તિથી હું પ્રભાવિત છું. આનંદીબહેને, ભૂતકાળમાં આવી પડેલી એક પરિસ્થિતિને ખૂબ જ સારી રીતે હાથ ધરી હતી એ વાતની હું સાક્ષી છું. આમ, તેઓ ખૂબ જ નીડર છે.

આનંદીબહેનનું અનુભવ જગત ખૂબ જ વિશાળ સમુંદર જેવું છે. મારી અને અન્ય વિદ્યાર્થીઓની મુશ્કેલ પરિસ્થિતિઓને સરળ બનાવી તેમણે હૂંફ અને પ્રેરણા પૂરી પાડી છે. તેઓ હંમેશાં સમાધાનવાળું વલણ ધરાવે છે. વ્યક્તિને પહાડ જેવી મુશ્કેલ લાગતી વાતને તેઓ પોતાના અનુભવના આધારે હળવી બનાવતાં. આમ, તેઓ મદદરૂપ થવાનો સ્વભાવ ધરાવે છે. તેમનો સ્વભાવ બિલકુલ ભેદભાવવાળો નથી તેમ જ અનુભવ કે હોદ્દાની અતિશયોક્તિ ક્યારેય તેમની મનોવૃત્તિમાં આવી નથી. અભ્યાસ પૂર્ણ થઈ ગયા પછી પણ કોઈ પણ વિદ્યાર્થી પોતાના અંગત સમાધાન માટે બહેનની મુલાકાત કરી શકે એટલા તેઓ સહજ અને ઉપલબ્ધ રહ્યાં છે.

આનંદીબહેન ખૂબ જ સાદગી ધરાવે છે. પદયાત્રા અને શૈક્ષણિક પ્રવાસ દરમ્યાન તેઓ વિદ્યાર્થી સાથે જ જમવા-બેસતાં, રહેતાં. પ્રવાસ દરમ્યાન એમના રૂમમાં જ્યારે બે વ્યક્તિની જગ્યા હતી, તો તેઓએ કોઈ પણ બે વિદ્યાર્થિનીને સૂવા માટે પોતાનો રૂમ શેર કર્યો હતો. આ ઉપરાંત, તેઓ પદયાત્રા દરમ્યાન ગામમાં જે જમવાનું મળતું હતું, તે વિદ્યાર્થીઓ સાથે બેસીને જમતાં હતાં, જે તેમની મહાનતા છે. તેઓ દરેક પરિસ્થિતિમાં અને દરેક વ્યક્તિ સાથે અનુકૂળ થવાનો ગુણ ધરાવે છે. બીજું કે, જ્યારે તેઓ બીજી વ્યક્તિ સાથે આપણો પરિચય કરાવે ત્યારે તેઓ આપણી હકારાત્મક બાબતોનો પરિચય કરાવી આપણને સારી લાગણીનો અનુભવ કરાવે છે. આનંદીબહેનની વાતને રજૂ કરવાની શૈલી મને ખૂબ જ ગમે છે. તેઓ ખૂબ જ સારા વક્તા અને શ્રોતા એમ બંને ગુણો ધરાવે છે. દરેક પરિસ્થિતિમાં તેમની લાગણી સમતુલિત હોય છે. વાતચીત દરમ્યાન આવેગો પર તેમનું ખૂબ જ નિયંત્રણ જોવા મળે. અત્યારે પણ જ્યારે હું તેમને મળું છું, ત્યારે મારું પહેલું રિફ્લેકશન એ જ હોય છે કે, હું મારા જીવનમાં તેમના જેવા ગુણો કેવી રીતે લાવી શકું.

# મારી કાર્ય-પદ્ધતિ તથા ક્ષમતા ઉપર તેમના દ્વારા સિંચિત સંસ્કાર અને આવડતની અસર છે

**- વર્ષા શાંતિલાલ પટેલ**
(MSW વર્ષ ૧૯૯૯)

શ્રી આનંદીબહેન સાથેનાં 'સંભારણાં' લખવાનાં છે એવા સમાચાર મળ્યા એટલે, ચલચિત્રની જેમ અનેક ઘટનાઓ સ્મૃતિપટલ પર ઉભરી આવી અને હું ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસકાળના સોનેરી ભૂતકાળમાં ખોવાઈ ગઈ. વર્ષ ૧૯૯૯માં ગાઇડ તરીકે આદરણીય શ્રી આનંદીબહેનના જ્ઞાનનો લાભ મને મળ્યો.

MSWના બીજા વર્ષ દરમ્યાન મારું પ્લેસમેન્ટ હેલ્થ સાથે સંકળાયેલી 'આઇડિયલ' નામની સંસ્થા સાથે થયું હતું, જે તે વખતે 'નવસર્જન' સંસ્થાના કાર્યકરોને હેલ્થની ટ્રેનિંગ આપતી હતી. તેની સાથે જોડાવાનો લાભ મળ્યો અને કરમસદ ક્રિશ્ના હૉસ્પિટલમાં બ્લૉક પ્લેસમેન્ટ માટે જવાનું થયું. આ તો થયો પ્રાથમિક પરિચય. બીજું વર્ષ એટલે, પોતાના વ્યક્તિત્વને અભ્યાસના ભાગ રૂપ આકાર આપવો, સમાજકાર્યના શિક્ષણને સમજવું, તેને સમાજમાં પ્રૅક્ટિકલ બનાવવું અને તેને પોતાનામાં ઓતપ્રોત કરવું.

બીજા વર્ષના અનુભવમાં ખાસ તો એ કે, વર્ષ ૧૯૯૯માં મારા થીસિસનો વિષય હતો – 'બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રીઓની માનસિક-સામાજિક સ્થિતિ'. આ વિષય ચૅલેન્જિંગ હતો. મેં ગાઇડ શ્રી આનંદીબહેન સામે આ વિષયનો પ્રસ્તાવ મૂક્યો. અન્ય વિદ્યાર્થીઓના વિષયોની સરખામણીમાં, આ વિષય અત્યંત ગંભીર અને અગત્યનો હોઈ, શરૂઆતમાં તો શ્રી આનંદીબહેને મને બીજો નવો વિષય પસંદ કરવા જણાવ્યું. જોકે, તે પછી તેમણે મારા વિષય માટેની મારી જીદને



પારખવા માટે ઘણા પ્રશ્નો કર્યા તેમ જ વિષય માટેની જવાબદારી અને ગંભીરતાનું વર્ણન કર્યું. પરંતુ મેં તે બાબતે પહોંચી વળવા માટેની તૈયારી દર્શાવી. ત્યારબાદ મારા અને શ્રી આનંદીબહેન વચ્ચે ગુરુ-શિષ્યની ગાઢ પરંપરાની શરૂઆત થઈ.

થીસિસ માટેની પ્રસ્તાવનાથી માંડીને કેસસ્ટડી અને સમાપન સુધી તેમણે મારો જે માર્ગ પ્રસ્થાપિત કર્યો, તેના કારણે આપત્તિનો ભોગ બનેલી સ્ત્રીઓની માનસિક અને તે સમયની સામાજિક સ્થિતિને હું રજૂ શકી. તે માટે તેમણે 'નવસર્જન' સંસ્થાના શ્રી માર્ટિન મેકવાન સાથે મારો સંપર્ક કરાવી આપ્યો. ત્યારપછી મેં સુરેન્દ્રનગર, ધંધુકા અને ધ્રાંગધ્રા વિસ્તારમાં જઈ, બહેનોનો વિશ્વાસ સંપાદન કરીને અને તેમના પરિવારજનોને મળીને માહિતી મેળવી તથા મારો થીસિસ પૂર્ણ કર્યો.

મારા વિદ્યાર્થીકાળના ટેન્શનમાં શ્રી આનંદીબહેને મને અવારનવાર તેઓના ઘરે બોલાવીને મારો માર્ગ પ્રશસ્ત કર્યો, હિંમત આપી. તેથી મારું એ ટેન્શન, વિશ્વાસ અને આત્મવિશ્વાસમાં ક્યારે પરિવર્તિત થઈ ગયું તે ખબર જ ન પડી. આનંદીબહેનના સાનિધ્યમાં સારું કામ કરવા માટેની પદ્ધતિ મારામાં વિકાસ પામી.

આ તો થઈ અભ્યાસ દરમિયાન થયેલા અનુભવની વાત. પરંતુ, આજે સમાજમાં જે 'વર્ષા' છે, તે સમાજકાર્ય વર્ષ ૧૯૯૮-૯૯માં પ્રૉફેસરોએ આપેલો આકાર છે, વિચારોનું ઘડતર છે. હું જ્યાં પણ કામ કરતી ત્યાં શ્રી આનંદીબહેનનાં સહકાર અને માર્ગદર્શન સાથે જ છે તેવા વિશ્વાસથી કામની શરૂઆત કરતી. એ વિશ્વાસનો આનંદ અંતરમનમાં રહેતો. મને હજુ પણ યાદ છે કે, જયારે અમે કરમસદ બ્લૉક પ્લેસમેન્ટમાં હતા, ત્યારે શ્રી આનંદીબહેન અમને મળવા રૂબરૂ કરમસદ આવ્યાં હતાં. ત્યાં અમને તેમણે સમાજકાર્યની ઉપયોગિતા વિશે વાત કરી હતી. બહેનના ત્યાંથી ગયા પછી ત્યાંનો મેડિકલ સ્ટાફ, બહેનની અમારા જેવા વિદ્યાર્થીઓ માટેની દરકાર અને ચિંતા જોઈને દંગ રહી ગયો હતો.

કૉલેજ પછીની જિંદગીમાં તેમની રૂબરૂ હાજરી ન હોવા છતાં, મારી કાર્ય-પદ્ધતિ અને ક્ષમતા ઉપર તેમના દ્વારા સિંચિત સંસ્કાર અને આવડતની અસર થઈ હતી તેની વાતઃ

૧. મને 'દિશા' સંસ્થામાં શ્રી વિપુલ પંડ્યા સાથે, પાંચ વર્ષ સુધી કામ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. અસંગઠિત આદિવાસી બાંધકામ મજદૂરોને સંગઠિત કરવામાં અને તેઓની સમસ્યાના નિરાકરણમાં, મારાં માર્ગદર્શક શ્રી આનંદીબહેને આપેલું શિક્ષણ જ કામ આવ્યું છે. તેને કારણે મારાં કામને ચાર ચાંદ લાગતાં. એના પરિણામ સ્વરૂપ, આજે ૨૦ વર્ષ બાદ પણ આદિવાસી મજદૂરોના ફોન આવે છે અને તેઓ જ્યાં મળે ત્યાં બધે જ મારાં જૂનાં કામને યાદ કરે છે. મારી આ સફળતામાં મને શ્રી આનંદીબહેનનું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે. એ સંસ્થામાં પણ હું શ્રી આનંદીબહેનની વિદ્યાર્થિની તરીકે જ ઓળખાતી હતી. આ મારું નહિ, પણ સમગ્ર ગુજરાત વિદ્યાપીઠનું ગૌરવ ગણાય.

૨. સમાજ સાથે કેવી રીતે જોડાવું તે સમાજકાર્યમાં શ્રી આનંદીબહેન પાસેથી જાણ્યું હતું. આજે સાસરીમાં દરેક વડીલો મારાથી ખુશ છે. પોતાનામાં પરિવર્તન લાવી, સકારાત્મક પાસા સાથે બીજા સમાજ સાથે કેવી રીતે રહેવું તે અગત્યની વાત છે, જે શ્રી આનંદીબહેનથી વિશેષ કોણ સમજાવી શકે?

હંમેશાં યાદગાર રહે તેવો પ્રસંગ હમણાં બન્યો. મારે ૧૨/૦૧/૨૦૨૩ના રોજ અમદાવાદની મેટ્રો ટ્રેનમાં જવાનું થયું. ત્યાં અચાનક શ્રી આનંદીબહેન અને તેમના પતિ શ્રી સુખદેવભાઈ સાથે મળી ગયાં. ગુરુ-શિષ્ય ઘણા લાંબા સમય પછી મળ્યા, એટલે હું અને આનંદીબહેન ભેટી પડ્યાં. એ થોડી પળો, જીવનભરનુ સંભારણું બની ગયું. તે એક મિત્ર તરીકે હૂંફની, દીકરી તરીકે વહાલની અને આશીર્વાદની અદભુત, અવિસ્મરણીય પળ હતી. મેટ્રોની આ સફર દરમ્યાન અમે સતત ઘણી-બધી ચર્ચા કરી. પરંતુ, આ સમય દરમ્યાન તેમણે મારો હાથ, જે પ્રેમ અને હૂંફની લાગણીથી પકડી રાખ્યો હતો, તેનાં સ્પંદનો હું હજુ પણ અનુભવી શકું છું. મારા પ્રત્યેની તેમની આત્મીયતા માટે હું હંમેશાં તેમની ઋણી રહીશ.

અભ્યાસ દરમ્યાન અને જીવન જીવવા માટે શ્રી આનંદીબહેને ગુરુભાવે આપેલાં પ્રેમ, માર્ગદર્શન અને સલાહ-સૂચનો માટે તેઓશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.



**महिला कानून जागृति शिविर, समग्र गूजरात विधापीठ के छात्रों के साथ ।**

# આગેવાની લેવામાં, સહજીવનના પાઠ શીખવામાં અને કોઈ પણ વિષય બાબતે મૂંઝવણમાં, બહેન હંમેશાં માર્ગદર્શક બની રહ્યાં છે

**- વિજય દષ્ટિ**
(MSW વર્ષ ૨૦૧૯)



ખરું ને...? આ શબ્દ સાંભળતા જ આજે પણ વિભાગીય વડા અને વિદ્યાર્થીઓનાં પ્રિય પ્રા.આનંદીબહેનની ભણાવવાની અનોખી રીત જીવંત થઈ જાય છે.

હું ૨૦૧૭ની બેચનો વિદ્યાર્થી. મેં એડમિશન મેળવ્યાં પહેલાં વિદ્યાપીઠ અને સમાજકાર્ય વિભાગ વિશે કેટલીક વાતો જાણી હતી. જુવાનીના જોશ અને ખુલ્લા આકાશની જેમ વિશાળ સપનાંઓ સાથે, મેં સમાજકાર્ય પારંગતના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો. તેમાં પ્રથમ વર્ષમાં ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં બહેનના માર્ગદર્શનમાં અમદાવાદ પાસેના ભુવાલડી ગામે વ્યવસાયિક સમાજકાર્યકર બનવાની શરૂઆત થઈ. ગ્રામીણ વિસ્તારોમાં લોકસંપર્ક કેવી રીતે કરવો? લોકો સાથે સમાયોજન કેવી રીતે કરવું? આ તમામ સવાલોના જવાબો, બહેન પાસેથી જાણી-શીખીને ફિલ્ડમાં એક પ્રૉફેશનલ સોશ્યલ-વર્કર બનવાની શરૂઆત કરી. કોઈ પણ ઘટના અને સમસ્યાને તાર્કિક રીતે સમજવામાં બહેનની ખૂબ મદદ મળી.

બહેન ક્લાસમાં ભણાવતી વખતે હંમેશાં, વચ્ચે-વચ્ચે વિષયોક્ત ઘણાં-બધાં ઉદાહરણો આપતાં. તે આજે પણ મારા સામાજિક, વ્યવહારુ જીવનમાં ખૂબ ઉપયોગી બન્યાં છે. આગેવાની લેવામાં, સહજીવનના પાઠ શીખવામાં અને કોઈ પણ વિષય બાબતે મૂંઝવણમાં, બહેન હંમેશાં માર્ગદર્શક બની રહ્યાં છે. મને બરાબર યાદ છે, બહેને ફિલ્ડવર્કમાં મારી રુચિ જાણી, મને ગામની પ્રાથમિક શાળાનાં બાળકો સાથે કામ કરવાની સલાહ આપી. તેમાં એક વ્યવસાયિક સામાજિક-કાર્યકર તરીકેની ભૂમિકા સાથે બાળકોનાં મનોભાવ સમજવા જુદી-જુદી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં તેમણે ખૂબ સહયોગ આપ્યો. તેમાંથી હું ઘણું શીખ્યો છું. શિબિર, પદયાત્રા, પ્રવાસ અને કેન્દ્ર-નિવાસમાં એકતા, નીડરતા, જિજ્ઞાસા અને લોકો સાથે ભળી જવાનું, બહેન પાસેથી શીખ્યો છું.

આજે લખું છું ત્યારે, સામાજિક, વ્યવસાયિક જવાબદારીઓ વચ્ચે જેમના થકી ઘડાયાં એવાં બહેનનાં સ્મરણો જીવંત થઈ આવે છે. કદાચ ક્લાસમાં હવે “મિત્રો ખરું ને...?” નહીં સંભળાય. આભાર.

# પછાત વર્ગો માટેની સંવેદના તથા તે અંગેની તેમની જાણકારી અને ઊંડાણપૂર્વક સમજાવવાની રીત દરેક વિદ્યાર્થીને સ્પર્શી ગઈ

- ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ
(MSW વર્ષ ૧૯૯૯)

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત કરવાની તક મળી છે. અને તેમાંય સમાજકાર્ય વિભાગમાં ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવાની તક મળી તે અમારું અહોભાગ્ય છે. સમાજકાર્ય અભ્યાસનાં બે વર્ષ દરમિયાન અભ્યાસની સાથે-સાથે જીવન-ઘડતરના અમૂલ્ય પાઠ શીખવા મળ્યા છે. દરેક વ્યક્તિના જીવનમાં શાળા-કૉલેજનાં સંભારણાં યાદગાર બની રહે છે. આપણે જો યાદ કરીએ તો આપણા જીવનમાં કેટલાક શિક્ષકો/ગુરુજનો આપણા માટે આદર્શરૂપ હોય છે. દરેક વ્યક્તિના વિકાસમાં, અને મોટાપાયે સમાજના વિકાસમાં શિક્ષક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

ડૉ.આનંદીબહેન પટેલ ડિસેમ્બર ૨૦૨૩માં વયનિવૃત્ત થઈ રહ્યાં છે, ત્યારે તેમનું સમાજકાર્યના અનેક વિદ્યાર્થીઓનાં જીવન-ઘડતરમાં અમૂલ્ય યોગદાન રહેલું છે. તેમના માર્ગદર્શન નીચે કેટલાય વિદ્યાર્થીઓ ભણીને આજે સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં વિશેષ યોગદાન આપી રહ્યા છે. અન્ય વિદ્યાર્થીઓની જેમ મારા વ્યક્તિગત જીવન-ઘડતરમાં ડૉ.આનંદીબહેનનું સવિશેષ યોગદાન છે. ખરેખર હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે, મને તેમના માર્ગદર્શનમાં એમ.ફિલ. (અનુપારંગત) અને પીએચ.ડી.નો અભ્યાસ કરવાની તક મળી, સવિશેષ તેમના પ્રથમ વિદ્યાર્થી તરીકે ડિગ્રી પ્રાપ્ત કરી તેનું મને ગૌરવ છે. હું મારા જીવનમાં જે કંઈ પ્રગતિ કરી શક્યો છું, તેમાં ડૉ.આનંદીબહેન પટેલનું મોટું યોગદાન રહેલું છે. અભ્યાસ દરમ્યાનથી આજ સુધી પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે તેમનું માર્ગદર્શન મળતું રહ્યું છે. તેથી અભ્યાસ ઉપરાંત પણ જીવનમાં ઉપયોગી મૂલ્યો, આદર્શો અને જીવન-ઘડતરનાં ઘણાં પાસાઓનો અનુભવ થયો છે.

મૂકસેવક પૂજ્ય રવિશંકર મહારાજ શિક્ષકો વિશે કહે છે કે, સાચા શિક્ષક માટે ત્રણ ગુણો આવશ્યક છેઃ જ્ઞાન, કર્મ અને ભક્તિ. આ ત્રણેય માર્ગોનો સંગમ, શિક્ષકનાં કાર્યોમાં થવો જોઈએ. એક વિદ્યાર્થી તરીકે સતત આઠ વર્ષ સુધી આનંદીબહેનનું માર્ગદર્શન મળતું રહ્યું છે. એટલે મેં તેમના ઉપરોક્ત ત્રણેય ગુણોને નજીકથી અનુભવ્યા છે. તેમની પછાત વર્ગો માટેની સંવેદના તથા તે અંગેની તેમની જાણકારી અને ઊંડાણપૂર્વક સમજાવવાની રીત દરેક વિદ્યાર્થીને સ્પર્શી ગઈ છે. પરિણામે, વિદ્યાર્થીઓમાં આવા વર્ગો પ્રત્યે જોવાનો દ્રષ્ટિકોણ બદલાયો છે.

પીએચ.ડી.ના અભ્યાસમાં તેમની પાસેથી ઘણું જાણવા અને શીખવા મળ્યું છે. અભ્યાસનાં પ્રકરણ લખીને જયારે તેમની પાસે જઈએ ત્યારે તેઓ ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચી નાની-નાની વિગતોની ભૂલો કાઢતા અને કહેતા કે, "જે-તે પુસ્તકનું લખાણ સીધું લેવાને બદલે આપણા વિષયના સંદર્ભમાં વિચારીને લખો." આમ વિદ્યાર્થી તરીકે તેમની પાસેથી પદાર્થપાઠ શીખવા મળ્યો છે કે, પોતે

સમજ્યા વગર કોઈ માહિતી સ્વીકારી ન લેવી. વાસ્તવમાં વિદ્યાર્થી જાતે જ તત્વને સમજવાની ક્ષમતા કેળવે તેવી તાલીમ તેમણે વિદ્યાર્થીઓને આપી છે.

ડૉ.આનંદીબહેને સંશોધન-કાર્યમાં વિષય-પસંદગીથી માંડીને સંશોધનના આખરી તબક્કા સુધી સતત માર્ગદર્શન આપ્યું છે. તેમણે વિચારોના ઉદ્દીપનનું કાર્ય કર્યું છે. સંશોધકના વિચારોમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને સંશોધક ઇચ્છે તે રીતે તેને અભ્યાસ કરવાની મોકળાશ તેમણે આપી છે. જ્ઞાન-ઉપાર્જનની સહભાગી પદ્ધતિનો અહેસાસ તેમના માર્ગદર્શનમાં થયો છે.

સંશોધનનો એક પણ તબક્કો એવો નથી, કે જેમાં સંશોધન-કાર્યમાં સંશોધકનો વિશ્વાસ તૂટ્યો હોય. સંશોધન-કાર્ય યંત્રવત બનવાને તેમાં સતત એક જીવંતપણાનો અનુભવ થયો છે. આથી, રોજના જીવનમાં બનતી ઘટનાઓનું સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય તપાસવાની મારી ક્ષમતા વધી છે.

માર્ગદર્શક તરીકે અજ્ઞાતની મદદથી જ્ઞાતને જોવાની ટેવ ભૂલાવીને, અને જ્ઞાત તરફથી અજ્ઞાત તરફ જવાની ટેવ કેળવવાની પદ્ધતિને તેમણે પ્રથમ સ્થાન આપ્યું. તેમણે પ્રશ્નની આજુબાજુ ઉદયન કરવાનું બંધ કરીને પ્રશ્નનું મૂળ પકડતા શીખવ્યું. મૂંઝવણના દિવસોમાં મારા માર્ગદર્શકે હું ક્યાં ખોટો છું અને શું સુધારા-વધારા કરવા તે વાત કદી કરી નથી. હું જ્યાં ખોટો હોઉં, કે મારી વૈચારિક ગોઠવણમાં જ્યાં-જ્યાં છિદ્રો રહી ગયાં હોય ત્યાં તેમણે સચોટ અને તાર્કિક પ્રશ્નો પૂછીને મારી ગોઠવણની નબળાઈને દૂર કરી દીધી હતી. તત્વચિંતક તરીકે તેમનામાં ક્યારેય સંશોધનમાં બાંધછોડ કે ચલાવી લેવાની ભાવના જોવા મળી નથી. કોઈ વાતમાં તેમને જ્યાં સુધી સંતોષ ન થાય અને યોગ્ય ન જણાય ત્યાં સુધી આગળ વધ્યાં નથી.

આમ, આનંદીબહેને તેમના સમાજકાર્યના અધ્યાપન-કાર્યની સફરમાં મારા જેવા ઘણા વિદ્યાર્થીઓનાં જીવનમાં અજવાળાં પાથર્યાં છે.



# માત્ર સમાજકાર્ય શિક્ષણ જ નહિ, પરંતુ સમાજકાર્ય વ્યવસાયના વિકાસમાં તેમનો ફાળો અમૂલ્ય રહ્યો છે

**- વિનોદ સોનવણે**
(MSW વર્ષ ૨૦૦૫)

આપણાં સૌનાં પ્રિય શિક્ષક, પ્રોફેસર, માર્ગદર્શક એવાં આનંદીબહેન વયનિવૃત્ત થઈ રહ્યાં છે ત્યારે, તેમના આવનારા જીવનમાં તેઓ સ્વસ્થ રહે અને દીર્ઘાયુષ્ય ભોગવે તેવી પ્રભુને પ્રાથના કરું છું. ગૂજરાત વિદ્યાપીઠ સાથેનાં મારાં છેલ્લાં ૨૦ વર્ષનાં જોડાણ દરમ્યાન મેં તેમને ક્યારેય નિરાશ, હતાશ કે થાકેલાં જોયાં નથી. તેઓ એક કુશળ વહીવટકર્તા, શ્રેષ્ઠ શિક્ષક અને બેસ્ટ કાઉન્સેલર છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. વર્ષ ૨૦૦૫માં સમાજકાર્ય વિભાગનો ચાર્જ સંભાળ્યા પછી, વિભાગમાં તેમના વિઝનને કારણે જુદા-જુદા સરકારી વિભાગો સાથેનું જોડાણ, વિવિધ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓનું ઉત્તમ ફિલ્ડવર્ક અને જૉબ પ્લેસમેન્ટ ગોઠવાતું રહ્યું છે, જે વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં ઉત્તમ સાબિત થયું છે. આજે ઘણા વિદ્યાર્થીઓ તેમના યોગ્ય માર્ગદર્શનને કારણે સરકારી નોકરીથી માંડીને પોતાની સંસ્થાઓનું સફળ સંચાલન કરી રહ્યા છે. એક શિક્ષક શું ન કરી શકે! તેનું એક ઉત્તમ ઉદાહરણ આનંદીબહેન.

મારા અંગત અનુભવ જણાવું તો... મને યાદ છે કે, સમાજકાર્યના પ્રથમવર્ષમાં ડૉ. આનંદીબહેન, ગાંધી-વિચાર ભણાવતાં, હું ગુજરાત યુનિવર્સિટીની કૉલેજમાંથી ભણીને આવેલો, જ્યાં ગાંધીવિચાર બાબતે મારામાં ઘણી ખોટી સમજ હતી, જે આનંદીબહેનના લૅકચરથી દૂર થયેલી. વૈશ્વિકીકરણના યુગમાં, ગાંધીના ખાદી અને માતૃભાષાવાળા વિચારો નહીં ચાલે એવી વિગત સાથેનું એક અસાઈમેન્ટ મેં અભ્યાસના ભાગરૂપે જમા કરાવેલું. ત્યારે મને બોલાવીને તેમણે મારી ગેરસમજ દૂર કરેલી. માત્ર અભ્યાસના પ્રશ્નો જ નહિ, પણ કારકિર્દી કે જીવનના અંગત પ્રશ્નો બાબતે પણ મુશ્કેલી જણાઈ હોય ત્યારે આનંદીબહેન જ યાદ આવે. કારણ કે, તેમનું માર્ગદર્શન ચોક્કસ સમસ્યામાંથી બહાર નીકળવામાં હંમેશાં મદદરૂપ બન્યું છે. માત્ર સમાજકાર્ય શિક્ષણ જ નહિ, પરંતુ સમાજકાર્ય વ્યવસાયના વિકાસમાં તેમનો ફાળો અમૂલ્ય રહ્યો છે. તેમનું પુસ્તક 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો' એ તેમનું એક અમૂલ્ય પ્રદાન છે.

સમાજકાર્ય માટેની જગ્યાઓમાં કોઈ પણ સ્નાતક લેવા બાબતના GR વિરુદ્ધ રજૂઆત કરવા માટે તેમની સાથે મંત્રીશ્રી અને અગ્રસચિવશ્રીને રજૂઆત કરવા જવાનું થયું હતું. ત્યારે સમાજકાર્ય વ્યવસાયની ઉપયોગિતા તેમ જ સમાજકાર્યનું સ્થાન અન્ય કોઈ પ્રૉફેશન ન લઈ શકે તે બાબતે આનંદીબહેને ખૂબ જ સચોટ અને ભારપૂર્વક રજૂઆત કરી હતી. તે તેમની સમાજકાર્ય વ્યવસાય પ્રત્યેની નિસબત દર્શાવે છે. આનંદીબહેનની નિવૃત્તિ, સમાજકાર્ય વિભાગ-ગૂજરાત વિદ્યાપીઠ અને સમાજકાર્ય વ્યવસાય માટે મોટી ખોટ છે, જે પૂરી નહિ શકાય. ઘણી યાદો અને અનુભવો લખી શકાય, પણ શબ્દોની મર્યાદાને ધ્યાનમાં રાખીને અહીં વિરામ લઉં છું...ફરી તેમના સ્વસ્થ નિવૃત્ત જીવનની કામના. તેઓ સમાજકાર્ય વ્યવસાયના વિકાસ માટે આજીવન યોગદાન આપતાં રહે તેવી અભ્યર્થના.

# સમાનતા, બંધુતા અને ભાઈચારાનાં મૂલ્યો અમે આપની રગેરગમાં અનુભવ્યા છે

**- વિપુલ એ. પરમાર**
(MSW વર્ષ ૨૦૨૪)

આપનો સ્વભાવ ખૂબ સરળ છે. આપ હંમેશાં આનંદમાં રહો છો. જ્યારે સત્ય અને વાસ્તવિકતાની વાત આવે ત્યારે આપને યાદ કરવા જ રહ્યાં. આપ જેને જેવું છે તેવું કહેવાની હિંમત ધરાવો છો. તમે અમને ખોટું સહન ન કરવાનું શીખવ્યું છે. અભ્યાસ હોય કે બાહ્ય જીવન, બધામાં આપે અમને એકબીજા સાથે હળીમળીને રહેવાની શીખ આપી છે. આપની પાસેથી શીખેલાં સમાનતા, બંધુતા અને ભાઈચારાનાં મૂલ્યો અમે આપની રગેરગમાં અનુભવ્યા છે. આપ સતત અમારા માટે આદર્શ બની રહો અને પ્રેરણા આપતા રહો તેવી શુભેચ્છા સાથે આભાર અને અભિનંદન.

# તેમનાં અધ્યક્ષપણાં હેઠળ શરૂ થયેલો 'રાહબર' કાર્યક્રમ, તેમની વિચારશીલતા અને ચિંતનશીલતાનું જ પરિણામ

**- ડૉ. વિપુલ સી. રામાણી**
(MSW વર્ષ ૨૦૦૭)

પ્રો.આનંદીબહેન એટલે જેવું નામ તેવો ગુણ. તેઓ હંમેશાં આનંદમાં જ હોય. તેઓ સ્વભાવે ખૂબ જ શાંત અને સૌમ્ય. તેમનાં માતા-પિતાનો અને ગાંધીવિચારનો વારસો સતત તેમના વિચાર અને વર્તનમાં ઝળક્યા કરે. તેઓ ખરેખર શિક્ષણનો જીવ. વિદ્યાર્થીઓને ભણાવવું અને શીખવવું તેમને ખૂબ ગમે, તેવું મેં જ્યારે તેમની પાસેથી સમાજકાર્યનું શિક્ષણ મેળવ્યું ત્યારે લાગેલું. તેઓ હંમેશાં દલિત, આદિવાસી, વંચિત અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા, પછાત, છેવાડાના લોકોની સતત ચિંતા કરનાર. તેમનામાં પ્રામાણિકતા, કર્મનિષ્ઠા, સત્ય વચન, સમયપાલન, ઉત્તમ લેખન અને સમર્પણ જેવા અનેક ગુણો દેખાય. આ ગુણો વિદ્યાર્થીઓમાં ઉતરે તેવું તેઓ સમાજકાર્યના શિક્ષણ દરમિયાન શીખવે અને માર્ગદર્શિત કરે.

હું જૂન-૨૦૦૫માં MSWનો અભ્યાસ કરવા માટે આવ્યો, ત્યારે શિક્ષણકાર્ય દરમિયાન સૌપ્રથમ પ્રો.આનંદીબહેનનો પરિચય થયેલો. તેઓ પ્રથમ વર્ષમાં વ્યવસાયિક સમાજકાર્યનો વિષય શીખવે. આ અભ્યાસ દરમિયાન પ્રથમ વરસના ગ્રામીણ ક્ષેત્રકાર્યમાં હું તેમના માર્ગદર્શન નીચે હતો. તેમણે મને ક્ષેત્રકાર્યની કામગીરી માટે ભુવાલડી ગામમાં મૂક્યો હતો. તેમણે મારી સાથે જતીન રાઠોડ અને રમીલા પરમારને પણ મૂકેલા. અમે જ્યારે આનંદીબહેન સાથે ક્ષેત્રકાર્યના સંદર્ભમાં ચર્ચા કરીએ ત્યારે તેઓ હંમેશાં લોકો (સેવાર્થી)ની જરૂરિયાત અને પ્રશ્નોના ઉકેલને કેન્દ્રમાં રાખીને જ માર્ગદર્શન આપે. દરેક પરિસ્થિતિને જોવાનો અને ઉકેલવાનો એક નવો જ દ્રષ્ટિકોણ સમજાવે તેમ જ તે પ્રમાણે કાર્ય કરવા જણાવે.

પ્રથમ વર્ષમાં અમે મહિલાઓમાં બેરોજગારીની સમસ્યા ઓળખી હતી અને તેના ઉકેલ માટે સીવણ-ક્લાસ શરૂ કરવાનું વિચારેલું. આ બાબત અમે બહેનને જણાવી. તેમણે આ વિચાર સ્વીકારીને, વિસ્તરણ કેન્દ્ર-ગોતા ખાતેના ૧૦-૧૨ સીવણ-સંચા, ભુવાલડી ખાતે મૂકાવીને મહિલાઓ માટે ક્લાસ શરૂ કરાવ્યા હતા. તેથી, બેરોજગાર અને જરૂરિયાતમંદ મહિલાઓને સીવણની તાલીમ મળી. તે આનંદીબહેનને કારણે શક્ય બન્યું. આ કાર્યક્રમ થકી હું સમસ્યાઓની ઓળખથી લઈને સમસ્યાના ઉકેલ સુધીની પ્રક્રિયા શીખ્યો હતો.

બીજા વર્ષ દરમિયાન તેઓ દલિત-સમુદાય અંગે શીખવતા. શિક્ષણકાર્ય દરમિયાન મેં દલિત-સમુદાયની સ્થિતિ, સમસ્યાઓ, યોજનાઓ, કાયદાઓ વગેરે બાબતો અંગેની સમજણ કેળવેલી. દલિતો પ્રત્યેની તેમની લાગણી, સહાનુભૂતિ, સમાનુભૂતિ અને ઊંડું ચિંતન ભારોભાર ઝળકે. બીજા વર્ષમાં NGOના કાર્યવિસ્તારનો શૈક્ષણિક પ્રવાસ થતો. આ શૈક્ષણિક પ્રવાસમાં પણ આનંદીબહેન અમારી સાથે આવેલાં. પ્રવાસ દરમિયાન તેઓ દરેક વિદ્યાર્થીની અપેક્ષાઓ અને લાગણીઓને

સમજે, વિદ્યાર્થીઓ સાથે ગીતો ગાય, ડાન્સમાં જોડાય. આ બધું જોઈને તો નવાઈ જ લાગેલી. તેઓ પ્રવાસ દરમિયાન પ્રોફેસર ન રહેતાં, એક મોટાં બહેનની જેમ સાથે રહે, બધાની સંભાળ અને કાળજી પણ રાખે. તેઓ દરેક વિદ્યાર્થીને કશુંક ને કશુંક શીખવે. તેમનાં અધ્યક્ષપણાં હેઠળ 'રાહબર' કાર્યક્રમ શરૂ થયેલો. આ કાર્યક્રમ દ્વારા તેઓએ સમાજકાર્યના વિદ્યાર્થીઓને NGOનો પરિચય, તેમની પ્રવૃત્તિઓ, કાર્યક્ષેત્ર, કાર્યપદ્ધતિ વગેરે પ્રત્યે માહિતગાર, સંવેદનશીલ અને પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમ તેમની વિચારશીલતા અને ચિંતનશીલતાનું જ પરિણામ. આ પ્રકારની પ્રવૃત્તિમાં લાગ્યા રહેવું તે જ તેમનો મૂળગત સ્વભાવ.

હું વર્ષ-૨૦૧૩માં ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત 'આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર' (TRTI)માં નોકરીએ જોડાયો. ત્યારબાદ આનંદીબહેનને અવારનવાર મળવાનું થતું. તેઓ જ્યારે મળે ત્યારે મને મારી કામગીરી વિશે અચૂક પૂછે. કામગીરી કરવામાં કોઈ મૂંઝવણ હોય તો તેઓ અચૂક માર્ગદર્શન આપે. જરૂર જણાય તો વિભાગમાં આવવા પણ જણાવે. આ જ તેમનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ.

તેમના વિદ્યાર્થીઓ સાથેના સંબંધો પણ ખૂબ જ લાગણીશીલ અને ઉષ્માભર્યા રહ્યા છે. જેમ માતા બાળકને તેની પ્રાથમિક અવસ્થામાં શીખવે, તેવી જ રીતે આનંદીબહેન, સમાજકાર્યના વિદ્યાર્થીઓને તેમની યુવા અવસ્થાઓમાં શિક્ષણ અને માર્ગદર્શન આપી શીખવે. તેઓ કેટલાક વિદ્યાર્થીઓને અઘરા પણ લાગતા, કારણ કે જે વિદ્યાર્થીઓ નિયમિત ક્ષેત્રકાર્યમાં ન જાય, અહેવાલ લેખન ન કરે, શિક્ષણકાર્યમાં ધ્યાન ન આપે તો તેમને બોલાવીને જે સુધારણાત્મક શિક્ષણ આપે તે વિદ્યાર્થીઓને સમજવામાં વાર લાગે અને તત્કાળ તો તે ન જ ગમે, પરંતુ પાછળથી બધું સમજાય.

ડિસેમ્બર-૨૦૦૯માં હું પોલીસમાં લાગી ગયેલો. આ બાબતને લઈને હું આનંદીબહેનને મળવા ગયો, ખુશીના સમાચાર આપ્યા તથા પોલીસની નોકરીમાં જોડાવાની વાત કરી. તેમણે મને અભિનંદન આપ્યા. તે સમયે સમાજકાર્યનો અભ્યાસક્રમ પૂર્ણ થવામાં ચાર-પાંચ મહિના જ બાકી. એક બાજુ પોલીસની સરકારી નોકરી મળી તેની ખુશી હતી, તો બીજી બાજુ સમાજકાર્યનો અભ્યાસક્રમ અધૂરો રહી જતો હતો, તેનું મનમાં દુઃખ પણ હતું. અંતમાં, પોલીસની સરકારી નોકરી કરવાનું નક્કી કર્યું. હું અભ્યાસક્રમ છોડીને પોલીસની નોકરીમાં જોડાવા ગયેલો. પોલીસ સ્ટેશનમાં પોલીસનું અપરાધીઓ સાથેનું વર્તન, તેમની ભાષા, પોલીસ સ્ટેશનની સ્થિતિ વગેરે નજરે નિહાળ્યા. આ તમામ પરિસ્થિતિઓ મારા સ્વભાવથી તદ્દન વિરુદ્ધની લાગી. મનમાં થયું કે, મેં જે વ્યાવસાયિક સમાજકાર્ય શિક્ષણ મેળવ્યું છે, શીખ્યો છું અને સમજ્યો છું, તેનાથી આ તમામ બાબતો તદ્દન વિરુદ્ધની જણાયેલી. તેથી પોલીસની નોકરીમાં ન જોડાયો.

મેં નોકરી પર હાજર થવા માંગતો નથી તેવી અરજી લખી આપી અને ફરી સમાજકાર્યના અભ્યાસક્રમમાં જોડાઈ ગયેલો. પાછા આવીને આનંદીબહેનને ઉપરની વાત કરી. ત્યારબાદ હું સમાજકાર્ય પારંગતનો અભ્યાસ પૂર્ણ કરીને નોકરીએ લાગી ગયેલો. પરંતુ પાછળથી મારા જુનિયર મિત્રો દ્વારા જાણવા મળેલું કે, ઉપરનો પ્રસંગ આનંદીબહેન સમાજકાર્યના વિદ્યાર્થીઓને વર્ગખંડમાં કહેતાં અને નોકરીએ લાગેલા વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરવા માટે પ્રોત્સાહન પણ આપતાં. તે મારા માટે પણ એક પ્રેરણારૂપ ઘટના જ હતી. આનંદીબહેનનું આરોગ્ય તંદુરસ્ત રહે તથા તેઓ નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિમય રહે તેવી હૃદયની શુભેચ્છાઓ.

# કોરોનાકાળમાં જયારે પોતાનાં સગાં-સંબંધી પણ દૂર ભાગતાં હતાં, એવા સમયે એમણે અમને અનેક લોકોને મદદરૂપ થવા માટેની તક આપી

**- વિશાખા ગોવિંદભાઈ કુકડિયા**
(MSW વર્ષ ૨૦૨૧)

કહેવાય છે કે, વૃક્ષ પોતાનું ફળ જાતે નથી ખાતું, પણ બીજાને આપી દે છે. એવું જ કંઈક શિક્ષકનું છે. તેઓ પોતાના જ્ઞાનનો પોતાના માટે નહીં, પણ બીજાનાં હિત માટે ઉપયોગ કરે છે. આવું જ કંઈક અમારાં પ્રિય અધ્યક્ષા આનંદીબહેન પટેલનું છે. તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, વર્તનમાં સાદગી, સ્વભાવમાં નમ્રતા અને તેમની સતત પ્રવૃત્તિશીલતા તેમ જ અલગ-અલગ ક્ષેત્રોમાં તેમનો સિંહ-ફાળો અનોખો છે. આજે પણ મને એ દિવસો યાદ છે, જ્યારે અમે વર્ગખંડમાં તેમની આતુરતાથી રાહ જોતા. દરેક વિષયને રસપ્રદ રીતે સમજાવવાની તેમની કળા, હાવભાવ, થિયરીની સાથે-સાથે પ્રેક્ટિકલ જ્ઞાન આપવાની રીત અમને બહુ સ્પર્શી જતી.

કાઉન્સેલિંગ વિષયની થિયરી અને પ્રૅક્ટિસ, તેમ જ તેમના પુસ્તક 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર-સ્તંભો'એ મારા જીવનની દિશા નક્કી કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. એ પુસ્તક આજે પણ મને ડગલે ને પગલે મદદરૂપ બની રહ્યું છે. વર્ગખંડમાં સાંભળેલાં ઉદાહરણો દ્વારા જ મને ભારત સરકાર દ્વારા ચાલતા HIV/AIDS પ્રોજેક્ટમાં કાર્ય કરવાની પ્રેરણા મળી તથા સતત મુશ્કેલીઓ વચ્ચે પણ લોકોને ઉપયોગી થવાની પ્રેરણા મળી. કોરોનાકાળમાં જયારે પોતાનાં સગાં-સંબંધી પણ દૂર ભાગતાં હતાં, એવા સમયે એમણે અમને અનેક લોકોને મદદરૂપ થવા માટેની તક આપી. તેમણે અમને ડગલે ને પગલે સતત માર્ગદર્શન આપ્યું તેમ જ લોકો માટે કંઈક કરી છૂટવાની મારી ચાહનાને એક દિશા આપી. આજે જયારે હું નાના સમુદાય, ખાસ કરીને સ્ત્રીઓ માટે જે કંઈ પણ કાર્ય કરું છું, તેમાં ઘણા અંશે મને આનંદીબહેનના વ્યક્તિત્વ અને કાર્યોમાંથી પ્રેરણા મળી.

# આનંદીબહેન હંમેશાં વિદ્યાર્થીઓને સાચો માર્ગ બતાવતાં

**- શ્રેયસકુમાર. ડી. ભીમસેન**
(MSW વર્ષ ૨૦૨૩)

*અનુભવ જીવનનું નવનીત, અમસ્થું નહીં મળશે, નહીં મળશે....*
*જે મથશે, તેને મળશે......જે જીતશે, તેને જડશે.......અમસ્થું નહીં મળશે........*

આ પંક્તિમાં જણાવ્યા મુજબ, અનુભવ વગર કોઈ પણ કામ શક્ય નથી. તે માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અનુભવ કરવો જોઈએ. આ પંક્તિ દ્વારા હું એટલું જ કહેવા માંગું છું કે, મેં જે અધ્યાપિકા દ્વારા જ્ઞાન મેળવ્યું હતું તે પરોક્ષ રીતે પ્રાપ્ત કર્યું હતું. તેઓ તેમના ચહેરા પરના સ્મિત સાથે, વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કરતા. ગર્લ્સ હૉસ્ટેલનું તેઓ ખૂબ સારી રીતે સંચાલન કરતાં. કોઈનેય હૉસ્ટેલ બાબતે કોઈ પ્રશ્નો હોય તો તેઓ સરળતાથી તેનું નિરાકરણ લાવી આપતાં. તેઓ હંમેશાં વિદ્યાર્થીઓને સાચી સલાહ/માગદર્શન આપતાં અને સાચો માર્ગ બતાવતા.

ડૉ. આનંદીબહેન પટેલ દ્વારા વિદ્યાર્થીઓ માટે લખાયેલું પુસ્તક 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો' મને મારાં ફિલ્ડવર્કમાં બહુ ઉપયોગી થયું છે. ૨૦૧૭માં સમાજકાર્ય વિભાગમાં MPSW(મનોચિકિત્સા)નો અભ્યાસક્રમ શરૂ થયો હતો. તે અભ્યાસક્રમ તૈયાર કરવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેના દ્વારા મને ઘણુંબધું શીખવા અને જાણવા મળ્યું. હું એટલું કહેવા માંગીશ કે, "જ્યાં-જ્યાં મિલન છે, ત્યાં-ત્યાં જુદાઈ છે, તોય વસમી લાગે આ વિદાય, પળમાં ભેળ તો પળમાં જુદાઈ."

આપણાં અધ્યાપિકા વયનિવૃત્ત થઈ રહ્યાં છે, ત્યારે આપણને દુઃખ ઘણું થાય છે. પરંતુ, સુખની વાત એ છે કે, તેઓ પોતાના જીવનમાં આવનારી એક નવી સવારના ઉદય માટે જઈ રહ્યાં છે. તેઓ તેમના પરિવાર સાથે સુખમય, સમુદ્ધિમય અને તંદુરસ્ત જીવન જીવે એવી શુભેચ્છાઓ.

# આપે આપના આચાર-વિચારમાં સમાનતા રાખીને, અમને પણ ગાંધીજીના માર્ગે ચાલવા ખૂબ જ પ્રેરણા પૂરી પાડી છે

**- શ્રેયા મનોજકુમાર ઠાકર**
(MSW વર્ષ ૨૦૨૧)

આનંદીબહેન, આજે આપશ્રીના અધ્યાપન નિવૃત્તિના દિવસે શું કહું અને શું નહીં તે સમજાતું જ નથી, એટલાં બધાં પ્રસંગો અને યાદો છે. તેમ છતાં આપ સાથેનો મારો થોડો-ઘણો અનુભવ અને એથી પણ વિશેષ મારી લાગણીઓને શબ્દસ્થ કરવાનો પ્રયત્ન કરી રહી છું.

૨૯ વર્ષના લાંબા સમય સુધી અધ્યાપન કાર્ય કરવું અને એ પણ દરરોજ એ જ ઉત્સાહ અને ચહેરા પર સ્મિત સાથે, એ કેટલી મોટી વાત છે! મને ઘણીવાર અચરજ થતું કે કોઈ વ્યક્તિ આટલાં સમર્પણ સાથે પોતાનું કાર્ય કેવી રીતે કરી શકે? પરંતુ, જેમ-જેમ આપની સાથે રહીને શિક્ષણ મેળવતી ગઈ, તેમ-તેમ ખ્યાલ આવ્યો કે આપની આપનાં કાર્ય પ્રત્યેની સત્યનિષ્ઠા જ આપને આપનું ઉત્તરદાયિત્વ પરિપૂર્ણ કરવામાં મદદરૂપ બને છે.

આપશ્રી વર્ગખંડમાં હંમેશાં કહેતાં કે, “હું જ્યારે પણ ગાંધીજીના ‘સત્યના પ્રયોગો’ પુસ્તક વાંચું ત્યારે મને હંમેશાં કંઈક નવું જાણવા મળે.” ગાંધી વિચાર, કે જે આપણી ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાનો પાયો છે, તેને જીવંત રાખવામાં આપશ્રી જેવા અધ્યાપકોનો સવિશેષ ફાળો છે. આપે ગાંધીજીના વિચારો પર ચાલવાનો જે નિર્ણય કરીને શિક્ષણ આપી, સમાજને મદદરૂપ થવા જે પરિશ્રમ કર્યો છે તે ખરેખર સરાહનીય છે. આપે આપના આચાર-વિચારમાં સમાનતા રાખીને, અમને પણ ગાંધીજીના માર્ગે ચાલવા ખૂબ જ પ્રેરણા પૂરી પાડી છે.

આપની સાથે રહીને જે અભ્યાસલક્ષી અને જીવનલક્ષી શિક્ષણ મેળવ્યું છે તે ખરેખર મારા માટે અમૂલ્ય છે. મારે મન હંમેશાં આપની એક ‘Strong and Independent Women’ની છબી નિર્મિત થઈ છે. આપનાં કુશળ નેતૃત્વ, વાકછટા, દૂરદર્શિતા, સ્વભાવની સહજતા તથા લાગણીશીલતા જેવા, એક અધ્યાપિકા, એક અધ્યક્ષા, એક સમર્પિત સમાજ-કાર્યકર અને એક સ્ત્રી તરીકેના ગુણોએ મને પ્રભાવિત કરી છે. ઉપરાંત, આપના સાહસિકતા અને પારદર્શિતાના ગુણોએ મને વધુ પ્રભાવિત કરી છે. તેના બે પ્રસંગો આપ સમક્ષ રજૂ કરી રહી છું:

“તમે સમાજસેવા કરો, હું ઘર અને બાળકો સંભાળી લઈશ.”

આજે ૨૦૨૩નું વર્ષ ચાલે છે, તેમ છતાંય કેટલી સ્ત્રીઓ પોતાના જીવનસાથીને આ શબ્દો કહેવાની હિંમત રાખે છે? આપે જ્યારે વર્ગખંડમાં આપનાં જીવનનો આ પ્રસંગ કહ્યો, ત્યારે હું ઘણી જ પ્રભાવિત થઈ હતી. આજથી આટલાં વર્ષો પહેલાં આવો સાહસિક નિર્ણય લેવો અને તેને એટલી જ સાહસિકતાથી નિભાવવો એ કેટલું મોટું કાર્ય કહેવાય! આપે આ કાર્ય, સફળતાપૂર્વક પરિપૂર્ણ કરી, સાચા અર્થમાં અમારી સમક્ષ સ્ત્રી-સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

“તું નાપાસ થયો એમાં તારા શિક્ષકો પણ જવાબદાર છે.”

આપે જ્યારે વર્ગખંડમાં અમને મોટિવેશન આપવા માટે આપના ઘરનો આ એક પ્રસંગ અમારી સમક્ષ રજૂ કર્યો હતોઃ "મારો એક દીકરો નાનો હતો ત્યારે તે એક વિષયમાં નાપાસ થયો હતો. ત્યારે મેં તેને કહ્યું હતું કે, નિરાશ ન થઈશ, પ્રયત્ન ચાલુ રાખ અને ત્યારબાદ ઘરનો માહોલ હળવો કર્યો હતો." આ પ્રસંગ કહ્યા પછી આનંદીબહેને અમને પણ વર્ગખંડમાં જણાવ્યું હતું કે, તમે નિષ્ફળ થાવ એ અમારા અધ્યાપકોના ઉત્તરદાયિત્વ હેઠળ આવે એટલે પ્રયત્નો ચાલુ રાખવાના. આટલાં પારદર્શી વિચારો ખરેખર આપના મહાન વ્યક્તિત્વની પ્રતીતિ કરાવે છે. આજના આ પાવન અવસરે એક શ્લોક સાથે મારી વાત પૂરી કરી રહી છું.

नारी समाजस्य कुशल वास्तुकारा! "

અર્થાત્ સ્ત્રી સમાજની કુશળ વાસ્તુકાર છે. મારી દ્રષ્ટિએ જેનું આપશ્રી સુંદર ઉદાહરણ છો. ઈશ્વર આપને દીર્ઘાયુ અર્પે તથા આપશ્રી હંમેશાં આનંદમય અને સુખમય રીતે જીવન પસાર કરો તેવી શુભેચ્છાઓ. આપે એક સફળ અધ્યાપિકા તરીકે આટલાં લાંબા વર્ષો સુધી શિક્ષણકાર્ય રૂપી સેવા અમને આપી, તે બદલ આપનો ખૂબ-ખૂબ આભાર તથા આપને અભિનંદન.




चाइल्ड लाइन(१०९८)चाइल्ड सेक्सयुल हेरेस्मेंट के प्रति जागरूकता के लिए टीचर प्रशिक्षण।

# તેમણે શિસ્ત અને શિષ્ટાચારનું પાલન કરતા શીખવ્યું

- સુનીલ રાઠોડ
(MSW વર્ષ ૨૦૨૪)

અમારાં અધ્યાપક આનંદીબહેને એક સારાં શિક્ષિકા તરીકેની તમામ જવાબદારી નિભાવી છે. તેમણે અમને હંમેશાં, શિસ્ત અને શિષ્ટાચારનું પાલન કરવાનું શીખવ્યું. ફિલ્ડવર્ક અંગેના માર્ગદર્શન દરમ્યાન, તેમણે અમારામાં આત્મવિશ્વાસ કેળવ્યો. તેમનો વિષય ભણવામાં ખૂબ આનંદ આવતો અને ક્યારેય કંટાળાજનક લાગતું જ નહીં. તેમણે ભણાવેલું, ફિલ્ડવર્કમાં ખૂબ ઉપયોગી થયું.

જ્યારે હું સૅમેસ્ટર-3માં તેમના માર્ગદર્શનમાં હતો, ત્યારે મારું ફિલ્ડવર્ક દવાખાનામાં કાઉન્સેલિંગ કરવાનું હતું. તેમાં મને રસ ન હતો, ત્યારે તેમણે મારી સાથે બેસીને મને સમજાવ્યો. અંતે, મેં ફિલ્ડવર્ક પૂરું કર્યું ત્યારે મને સમજાયું કે, આ ફિલ્ડવર્ક મારા માટે ખૂબ ઉપયોગી નીવડ્યું. આ ક્ષણ હું ક્યારેય મારા જીવનમાં ભૂલી નહિ શકું.



## આનંદીબહેને કોઈ પણ અપેક્ષા વગર મારા જેવા ગરીબ-પછાત વિદ્યાર્થીઓ માટે આર્થિક અને શૈક્ષણિક મદદની વ્યવસ્થાઓ ઊભી કરી છે

**- સુરેશ સદાભાઈ પરમાર**
(MSW વર્ષ ૧૯૯૭)

મારા વિદ્યાર્થી જીવન દરમ્યાન, ડૉ. આનંદીબહેન પટેલ જેવાં ઉમદા, ઉદાર, પ્રભાવશાળી પ્રાધ્યાપકનું ખૂબ-યોગદાન રહેલું છે. મારા MSWમાં અભ્યાસ દરમ્યાન, મારી આર્થિક પરિસ્થિતિ ખૂબ તંગ હતી. મારાથી અભ્યાસ પૂરો થાય એમ ન હતો. પરંતુ હૃદયથી દયાળુ, પ્રેમાળ, આ પ્રાધ્યાપકે મારા અભ્યાસ-ખર્ચની વ્યવસ્થા કરી મારો અભ્યાસ પૂર્ણ કરવામાં મારી મદદ કરી. કોઈ પણ અપેક્ષા વગર મારા જેવા ગરીબ-પછાત વિદ્યાર્થીઓના પક્ષમાં રહી સતત આર્થિક અને શૈક્ષણિક મદદની વ્યવસ્થાઓ ઊભી કરી છે. આવા નિસ્વાર્થી, ઉદાર પ્રાધ્યાપકને મારા લાખ લાખ વંદન.

વયમર્યાદાની નિવૃત્તિ, સમયની સાથે આવે છે, પરંતુ તેમણે ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગનો વિકાસ કરવામાં સિંહફાળો આપ્યો છે. તેમણે પોતાની જિંદગીનાં ૨૮ વર્ષ આપણા સમાજકાર્યના પ્રૉફેશન માટે ફાળવ્યાં છે. મૅડમ સાથે વીતાવેલાં બે વર્ષ મારી જિંદગીનો પાયો બની ગયાં છે. તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ આજદિન સુધી મેં આ વ્યવસાય પકડી રાખ્યો છે.

હરહંમેશ તેમણે ગરીબ, પછાત વિદ્યાર્થીઓને તક આપવાનો આગ્રહ કર્યો છે. મારા અંગત વ્યક્તિત્વ ઉપર મૅડમનો પ્રભાવ પડ્યો છે. મેં તેમને આદર્શ ગુરુ સમજી હૃદયની લાગણીથી હરહંમેશ વંદન કર્યાં છે. તેઓ મારા પથદર્શક બની રહ્યાં છે. મારી ૨૫ વર્ષની કૅરિયરમાં તેમણે મને સતત માર્ગદર્શન આપ્યું છે. હું એમ કહું તો પણ ચાલે કે, જો આવા ઉદાર અધ્યાપક ન હોત તો મારા જેવા કેટલાય વિદ્યાર્થીઓનાં અભ્યાસ પૂરો કરવાનાં સપનાં અધૂરાં રહ્યાં હોત. ગૂજરાત વિદ્યાપીઠ અને સમાજકાર્ય વિભાગને આવા અધ્યાપકની નિવૃત્તિથી ખૂબ મોટી ખોટ પડશે.

હવે તેમને પરિવાર સાથે નિવૃત્તિની લાઇફ વીતાવવાનો પૂરો સમય મળે તથા તેમનું સ્વાસ્થ્ય સારું રહે એવી અંતરની પ્રાર્થના.

# સમાજકાર્ય વિભાગમાંથી, તમારાં ગયાં પછી...

**- સંજય ડાભી**
(MSW વર્ષ ૨૦૨૨)

સર્વસ્વ છે પહેલાં સમું, તમારાં ગયાં પછી,
બદલાયું છે તો પણ ઘણું, તમારાં ગયાં પછી,
ઝળહળતો દીવો ખુશીઓ તણો, રોશન હતો પ્રથમ,
અંધારું અહીં વ્યાપી ગયું, તમારાં ગયાં પછી.

હોવાપણું અમારું હતું, તમારાં થકી જ તો,
અમારું રહ્યું છે ક્યાં કશું? તમારાં ગયાં પછી,
આનંદ, કલરવ, સ્મિત, પુષ્પો ને પતંગિયાં,
રિસાઈ ગયું છે એ બધું, તમારાં ગયાં પછી.

એકવાર પણ પાછળ વળી જોયું જો હોત તો,
ના હોત એવું! જે હતું...તમારાં ગયાં પછી,
તમારા વિચારોમાં સતત જીવતા રહ્યા 'અમે',
નહોતું વિચાર્યું એ થયું, તમારાં ગયાં પછી

# આનંદીબહેનનું વૃત્તાંત !

ઋણ-સ્વીકાર

# એક નિવૃત્ત થતા પ્રોફેસરનું વૃત્તાંત!

**- પ્રો. (ડૉ.) આનંદી પટેલ**

૩૧ ડિસેમ્બર ૨૦૨૩ને વિદાય, એ મારા જીવનનો નવો વળાંક છે. હું વિદ્યાપીઠમાંથી નિવૃત્ત થવાની છું, તેવું છેલ્લા કેટલાક મહિનાઓથી મને સાંભળવા મળતું હતું. મને ક્યારેય નિવૃત્તિની ઝંખના નહોતી. નિવૃત્તિનો સમય આવશે જ તે ખબર, છતાં તેનાં કારણે કેટલાક સમયથી ઍન્ક્ઝાયટી અનુભવતી હતી. પહેલેથી જ, ઘર હોય કે વ્યવસાય સતત કાર્યશીલ રહેવું તે મારો સ્વભાવ રહ્યો છે. જે વિચાર આવે તેને અમલમાં મૂકીને કામે લાગી જવું એવું મારું વલણ.

અત્યાર સુધી મને ક્યારેય ભૂતકાળ તરફ પાછું વળીને જોવાનું મન નથી થયું,પણ થોડા સમયથી  ભૂતકાળમાં મન જતું રહે છે અને કેટકેટલી યાદો તાજી થાય છે. જિંદગીનાં ૬૫ વર્ષ અને વ્યવસાયિક જીવનનાં કુલ ૪૨ વર્ષનો સમય મને ખૂબ નાનો લાગે છે. કરેલાં કામો વિશે વિચારું તો કંઈક કરી શકી છું તેમ જરૂર લાગે છે.  મારી જિંદગીમાં મેં જે પણ કામો કર્યાં છે, તે મારી સમજણ મુજબ કરતી રહી છું. તેનાંથી મને કોઈ લાભ મળશે કે કેમ તેવું વિચારીને કોઈ કામ કર્યાં નથી, પણ તેમ છતાં મને મારા દરેક કામથી ઓળખ મળી છે, પ્રેમ મળ્યો છે.



હું દોઢ વર્ષની હતી ત્યારે મારા પિતાજી બોચાસણથી વિદ્યાપીઠ આવ્યા. મારું બાળપણ અને યુવાનીનું શિક્ષણ (સ્નાતક સિવાય) વિદ્યાપીઠમાં જ થયું. વિદ્યાપીઠ મને મારી મા જેટલી જ વહાલી છે, કારણ કે ૧૯૬૦થી ૧૯૮૧ અને ૧૯૯૪થી ૨૦૦૦ એમ કુલ ૨૭ વર્ષ વિદ્યાપીઠમાં રહી છું, તેમ જ માર્ચ ૧૯૯૪ થી ડિસેમ્બર ૨૦૨૩ એમ કુલ ૨૯ વર્ષ વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગમાં અધ્યાપનનું કામ કર્યું અને ૨૦૦૫થી માર્ચ ૨૦૨૨ સુધીના ૧૭ વર્ષ, સમાજકાર્ય વિભાગમાં અધ્યક્ષા તરીકે કામગીરી કરી.

ગૂજરાત વિદ્યાપીઠના કુમાર વિનય મંદિરમાં શાળાનું શિક્ષણ રમત-રમતમાં કોઈ પણ જાતના ભાર વગર પૂરું કર્યું. કેટલીક વખત ગણિત જેવા વિષયમાં નાપાસ પણ થયેલી, પિતાજી પ્રગતિપત્રકમાં સહી કરતી વખતે માર્ક્સ નીચે કરેલી લાલ લીટી પર કોઈ દિવસ ધ્યાન પણ ન આપે. વિદ્યાપીઠમાં ગાંધી-વિચારના પ્રોફેસર એવા મારા પિતાજીએ, અમને શું બનાવવા તે વિશે ક્યારેય વિચાર્યું નહોતું, એટલે ખૂબ મુક્ત વાતાવરણમાં અમે પાંચેય બહેનોનો ઉછેર થયો હતો. લગ્ન બાબતે પણ જાતે પસંદગી કરવાની મુક્તતા હતી. વિદ્યાપીઠની કેળવણીને અમે ખરા અર્થમાં પામ્યા હતા.

કૉમર્સ વિષયમાં સ્નાતક કરવું હતું, એટલે વિદ્યાપીઠની સામે જ નવગુજરાતમાં અભ્યાસ કર્યો, આગળ ભણવું હતું એટલે પિતાજી સાથે ચર્ચા કરી વિદ્યાપીઠમાં જ એમએસડબ્લ્યુમાં પ્રવેશ મેળવ્યો. એસએસસી અને સ્નાતકમાં સેકંડ ક્લાસ હતો, પણ મનગમતો વિષય મળ્યો એટલે પ્રથમ વર્ગમાં, પ્રથમ નંબરે આવી. ભણવામાં ખૂબ મહેનત કરતી, મારા પિતાજીનું સતત માર્ગદર્શન મેળવતી.

એમએસડબ્લ્યુનું પરિણામ આવ્યું ને વિદ્યાપીઠના એક ક્લાર્ક તરીકે કામ કરતા ભાઈએ મારા પિતાજીને કહ્યું, ‘જ્યોતિસંઘમાં જગ્યા છે ત્યાં તમારી દીકરીને મોકલો.’ પિતાજીના કહ્યા પ્રમાણે, સંસ્થા સારી છે અને મહિલાઓ માટે કામ કરે છે એ જાણ્યું. અભ્યાસ દરમ્યાન મહિલાઓ માટે કામ કરવું છે તેવું મનમાં હતું જ. ઇન્ટરવ્યૂ આપ્યો અને પસંદ થઈ ગઈ. જ્યોતિસંઘમાં અમરાઈવાડી વિસ્તારમાં ફિલ્ડવર્કર તરીકે કામની શરૂઆત કરી. સ્વાતંત્ર્ય-સેનાની સ્વ.હેમલતાબહેન હેગીસ્ટેનાં નેતૃત્વમાં કામ કરવા મળ્યું. એકાદ વર્ષ ફિલ્ડવર્ક પછી કાઉન્સેલર તરીકે મને લઈ લીધી. અમરાઈવાડીમાં ફિલ્ડવર્ક કરીને આવું પછી, સ્વ. હેમલતાબહેનને વિગતે રિપોર્ટિંગ કરતી, તેઓ મારાં કામથી ખૂબ ખુશ. જ્યોતિસંઘમાં મહિલાઓ પર થતા અત્યાચાર અને હિંસાના કિસ્સાઓ એટલા બધા આવે કે, અમે આઠેક કાઉન્સેલર હતા, છતાં આખો દિવસ કેસ સાથે કાઉન્સેલિંગ કામ રહે.

૮ ડિસેમ્બર, જન્મ દિવસે જ લગ્ન થયાં. નવાં-નવાં લગ્ન થયેલાં. આખો દિવસ કેસ સાથે કાઉન્સેલિંગનું કામ કરીને સાંજે ખૂબ થાકી જાઉં. એક વખત એક બહેનનો કેસ આવ્યો હતો, તેના પતિ સાથે ઝઘડા હતા. મેં તેના પતિને મળવા બોલાવવા બે-ત્રણ પત્રો લખ્યા, આવ્યા નહિ, પછી એ બહેન અને એના પિતાજી પણ ન આવ્યા. છ-આઠ મહિના પછી તેનાં એક કુટુંબીજને આવીને મને સમાચાર આપ્યા કે, એ બહેનને સળગાવી મૂકી છે અને તે વીએસમાં કોલ્ડ-રૂમમાં છે. પોલીસ એનું સ્ટેટમેન્ટ લેવા આવવાની હતી. મેં કહ્યું, હું તે સમયે હાજર રહીશ. સ્વ. હેમલતાબહેનને કહેવા માટે ગઈ તો તેમણે હું સગર્ભા હોવાથી જવાની ના પાડી, પણ મેં જિદ કરી, તેથી મારી સાથે એક વડીલને મોકલ્યા. ત્યાં જઈને જોયું તો બહેન આખા શરીરે દાઝી ગઈ હતી. તેને બોલાવીએ તો માત્ર ‘હમ....’

એવો એક જ સરખો અવાજ નીકળે. એટલે તેનું ડાઇંગ ડેકલેરેશન થયું નહિ. જિંદગીમાં પહેલી વખત એમ થયું કે, 'આ કાઉન્સેલિંગથી શું વળવાનું, સમાજ સુધરવાનો નથી.' મને કશું ન કરી શક્યાની લાગણી થઈ. બે-ત્રણ દિવસ સુધી જ્યોતિસંઘ ગઈ જ નહીં. હેમલતાબહેને બોલાવીને મને સમજાવી કે, 'આમાં તારો કોઈ દોષ નથી. તારા જેવાએ હિંમત હારી ન જવાય.'

૧૯૮૪ જૂનમાં વિદ્યાપીઠમાં ઍડમિશન મળતા જ્યોતિસંઘમાં રાજીનામું આપીને વિદ્યાપીઠમાં જોડાઈ. જ્યોતિસંઘની કારોબારીમાં મારા રાજીનામાની રજૂઆત થઈ. મંત્રીએ કહ્યું કે, 'એક મહિનાની નોટિસ નથી આપી, એટલે આનંદીને એક મહિનાનો પગાર નહિ આપવાનો.' પ્રમુખશ્રી હેમલતાબહેને કહ્યું, 'તમે એને અપોઈન્ટમેન્ટ લેટરમાં એવું કંઈ લખ્યું નથી, માટે પગાર ન કાપવો જોઈએ.' મંત્રીએ કહ્યું, 'પગાર તો કાપવો જ પડશે.' હેમલતાબહેને કહ્યું, 'તો મને મળતા માનદ-વેતનમાંથી હું આનંદીને પગાર આપીશ.' એ વખતે મારો પગાર ૮૦૦ રૂપિયા હતો. મંત્રીએ મને બોલાવી પગાર ધરીને કહ્યું, 'તેં હેમલતાબહેન પર એવું તે શું જાદુ કર્યું છે!' એમણે આખી બીના કહી, મેં એમને કહ્યું, 'તમને મન-દુઃખ હોય તો મને દાનની પાવતી આપી દો.' તેમણે કહ્યું, 'ના-ના તારો પગાર લઈ જા.' આ વાત અહીં સંસ્થાના લીડર કેવા હોય તે સમજવા પૂરતી મૂકી છે.

૧૯૮૫માં વિદ્યાપીઠમાં M.Phil. કર્યું. ત્યારપછી મારા માર્ગદર્શક ડૉ.દયાલ સાહેબે મને સમાજ કલ્યાણ બૉર્ડમાં અરજી કરવા કહ્યું. ત્યાં વૉલન્ટરી ઍકશન બ્યૂરો શરૂ થતો હતો. ત્યાં પસંદગી પામતાં જોડાઈ. ઇન્દિરા ગાંધીની સરકારે, દરેક રાજ્યમાં દહેજને કારણે થતાં અપમૃત્યુ રોકવા માટે વૉલન્ટરી ઍકશન બ્યૂરોની શરૂઆત કરાવેલી. મેં મહિલાઓના પ્રશ્નોમાં કાઉન્સેલિંગ કર્યું. તે જ સમયે સમાજ કલ્યાણ બૉર્ડમાં દરેક જિલ્લામાં કાઉન્સેલિંગ સેન્ટરો શરૂ કરવાની યોજના આવી. આવું કામ કરી શકે તેવી ઉત્તમ સંસ્થાઓની પસંદગી કરી, તેની મુલાકાત લઈ, તેની ભલામણ કરવી અને તેને મંજૂરી મળે પછી તેના માટે સ્ટાફની પસંદગી, તેમની તાલીમ તથા સુપરવિઝનનું કામ કર્યું. તે નિમિત્તે આખા ગુજરાતમાં પ્રવાસ કરવાની તક મળી, અનેક સંસ્થાઓ સાથે પરિચયમાં આવવાનું થયું.

દર વર્ષે ૮ માર્ચની ઉજવણી કરવી, સમાજ કલ્યાણ બૉર્ડના વિવિધ કાર્યક્રમોમાં આયોજન, ઍન્કરિંગ અને રિપોર્ટિંગ કરવાની મળેલી તકોથી સતત વિકસતી રહી. દરેક નવું કામ, નવો પડકાર ઝીલવો, કામમાં કોઈ ફરિયાદ નહીં કરવાની, કામ બીજા પર નાંખી નહિ દેવાનું તે સ્વભાવ. સમાજ કલ્યાણ બૉર્ડમાં કલ્યાણ અધિકારી માટે અરજી કરી. દિલ્હીમાં ઇન્ટરવ્યૂ આપ્યો, પસંદ થઈ. ડાંગ અને કચ્છ જેવા જિલ્લાઓમાં કામગીરી સંભાળી. પ્રામાણિકતા અને કામમાં પ્રતિબદ્ધતાથી સૅક્રેટરી અને ચેરમેન ખુશ. તેમ છતાં ખુશામતખોરી સ્વભાવમાં નહીં, સાચું લાગે ત્યાં કહી જ દેવાનું. ૧૯૮૭માં સૅક્રેટરીએ બોલાવીને એક પત્ર આપ્યો અને કહ્યું, 'યુ.એસ.એ.નો કાઉન્સિલ ઑફ ઇન્ટરનેશનલ પ્રોગ્રામ છે તેમાં અરજી કરો.' હું હસી, મેં કહ્યું, 'સાહેબ મારું અંગ્રેજી સારું નથી, હું કેવી રીતે પસંદ થઉં?' તેમણે કહ્યું, 'અરજી તો કરો.' અરજી કરી, અંગ્રેજીમાં ઇન્ટરવ્યૂ આપવાની ખૂબ તૈયારી કરી. દિલ્હીમાં ઇન્ટરવ્યૂ આપ્યો. ૧૪૦માંથી ભારતમાંથી પાંચ પસંદ થયા, તેમાં હું એક! ચાર મહિના અથવા એક વર્ષ માટે પસંદગી કરવાની હતી. દીકરો નાનો હતો, એટલે ચાર મહિના માટે જવાનું નક્કી કર્યું. મારા માટે મોટી તક હતી. ન્યૂ યૉર્કમાં ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ. વિશ્વમાંથી ૩૫૦

સહભાગીઓ હતા. અમારી ટીમમાં ૧૫ વિવિધ દેશના હતા. મિશિગન સ્ટેટનું કાલામઝુ શહેર, તેમાં અમારું પ્લેસમેન્ટ. ચાર મહિનામાં ચાર હોસ્ટ ફેમિલી સાથે રહી. વિવિધ કલ્ચરનો અનુભવ થયો. યંગ વિમેન્સ ક્રિશ્ચિયન ઑર્ગેનાઈઝેશન સાથે કામ કર્યું, ત્યારે ખબર પડી કે, અહીં પણ મહિલાઓ પર ખૂબ હિંસા થાય છે. આવી મહિલાઓને સરકારનું ખૂબ રક્ષણ અને સહાય મળે તે જાણી ખૂબ સારું લાગ્યું અને એમ પણ થયું કે, આપણા દેશમાં કેમ આવું નહીં? ચાર મહિના દરમ્યાન અમારી ટીમ સાથે કૅનેડા નાયગ્રા ફોલ જોવા ગયા હતા, દુનિયાની અજાયબી. આજે પણ એ યાદગાર દિવસથી રોમાંચિત થઈ જવાય છે.

વૉશિંગ્ટન, શિકાગો, ન્યૂ યૉર્ક અને મિશિગન એમ ચાર સ્ટેટ જોયાં. આ પ્રોગ્રામ/પ્રવાસ દરમ્યાન હું ખૂબ શીખી અને વિકસી. મને આ તક મળી, પણ તેને માટે મારાં બાળકને સાચવવાની જવાબદારી સંભાળનાર સાસુ અને પરિવારનો સહયોગ ન મળે તો તે અશક્ય જ હતું.

સમાજકલ્યાણ બૉર્ડમાં ૮ વર્ષ અને આઠ મહિના કામ કર્યું. ગૂજરાત વિદ્યાપીઠમાં અધ્યાપકની જાહેરાત આવી હતી. મારા પિતાજી વિદ્યાપીઠમાં ગાંધી-વિચારધારાના અધ્યાપક હતા. તેથી મને પણ અધ્યાપક બનવાનું ખૂબ મન હતું. ૧૯૯૪માં મેં અરજી કરી અને પસંદગી પામી. મારા પિતાજીને મેં કહ્યું હતું કે, ‘કુલનાયક શ્રી રામલાલભાઈ તમને મળે તો પણ મારી દીકરીએ અરજી કરી છે તેમ ન કહેતા.’ જો કે, પિતાજી એ બાબતમાં મારાં કરતાં સવાયાં જ હતાં! સમાજ કલ્યાણ બૉર્ડમાંથી મેં સૅક્રેટરીની સહી કરાવીને, નિયમ મુજબ અરજી કરી હતી. જ્યારે કુલનાયકશ્રીએ મારા વિશેનો અભિપ્રાય જાણવા માટે સમાજ કલ્યાણ બૉર્ડનાં ચેરપર્સન શ્રી ઇલાબહેનને ફોન કર્યો, ત્યારે તેમણે કહ્યું, ‘તમે આનંદીને પસંદ કરશો તો મને અહીં મુશ્કેલી પડશે.’ તેમણે સૅક્રેટરીને આ વાતની જાણ કરી. સેક્રેટરીએ કહ્યું, ‘બહેન કોઈની પ્રગતિ થતી હોય તો શું ખોટું છે?’ મારા માટે આ ઍવૉર્ડ હતો!

ગૂજરાત વિદ્યાપીઠમાં ૧૯૯૪ માર્ચમાં જોડાઈ. પ્રો. સુમંતભાઈ અધ્યક્ષ હતા. ખૂબ મહેનત કરીને વર્ગ લઉં અને તેના અનુભવની વાત પ્રો. સુમંતભાઈને કહું. તેમની પાસે પીએચ.ડી. શરૂ કર્યું. દલિતોમાં ઊંચ-નીચ ક્રમ, અત્યાચારો અને દલિતોની હિજરત – વિષય પર અભ્યાસ કર્યો. દલિતોનાં કુટુંબોમાં રહીને માહિતી મેળવી. સમાજમાં તેમની સ્થિતિ વિશેનો સાચો ચિતાર મળ્યો. હું આ વિષય ભણાવું. મારા અભ્યાસ પછી મેં ‘દલિત- આદિવાસી સમુદાયનો વિકાસ’ વિષય નવેસરથી ઘડ્યો. દલિત સમાજ પ્રત્યે વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા જગાવવાનો પ્રયત્ન કરતી. વેંતછેટા, આંબેડકર જેવી ફિલ્મો બતાવીને ચર્ચા પેદા કરતી. પીએચ.ડી. અભ્યાસનું પુસ્તક વિદ્યાપીઠે પ્રકાશિત કર્યું. પીએચ.ડી.ના અભ્યાસથી હું ખૂબ વિકસી. રિસર્ચ, ક્ષેત્રકાર્ય, મુલાકાતો, ફોકસગ્રુપ ઇન્ટરવ્યૂ, ગુણાત્મક સંશોધન વિશે મારી સમજ વધુ ઊંડી બની, જે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં ઉપયોગી બને છે.

શ્રી સુમંતભાઈ નિવૃત્ત થતા, શ્રી રાજેન્દ્રભાઈ અને થોડા સમય માટે શ્રી સાનન સાહેબની અધ્યક્ષતામાં કામ કર્યું. શ્રી રાજેન્દ્રભાઈ સાથે શૈક્ષણિક પ્રવાસો અને શિબિરોમાં પણ ઘણું જવાનું થયું. ખૂબ પ્રેમાળ અને કાળજી લેનાર ગુરુજી. નિવૃત્ત થયા પછી પણ વડોદરા, પુના મળવાનું થયેલું. રાજેન્દ્રભાઈ સાથે ફોન પર વાત થાય એટલી જ તેમનાં પત્ની સુધાબહેન સાથે પણ વાતો થાય. બંને ખૂબ ખુશ થાય, વિભાગના સમાચાર લે અને બિરદાવતા રહે.

૨૦૦૫ ઑગસ્ટથી વિભાગમાં અધ્યક્ષા તરીકેનો ચાર્જ મળ્યો, ૨૦૨૨ માર્ચ સુધી અધ્યક્ષા રહી. સમગ્ર કાર્યકાળ દરમ્યાન વર્ગ-શિક્ષણ, ફિલ્ડવર્ક અને સંશોધન-માર્ગદર્શન તથા વહીવટી કાર્યો સિવાય ઘણા પ્રોજેક્ટ મારી સ્વતંત્ર-ક્ષમતાથી મેળવ્યા છે. વિદ્યાપીઠમાં અધ્યાપક પ્રતિનિધિ તરીકે ટ્રસ્ટી અને કારોબારીની સભ્ય હતી, ત્યારે પણ નીડરતાથી પ્રશ્નો ઉઠાવ્યા છે. અધ્યક્ષ તરીકેનો ૧૭ વર્ષ જેટલો લાંબો સમય, વહીવટી કાર્યો દરમિયાન હંમેશાં વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિવારણ કર્યું છે. તેને માટે હિંમતપૂર્વક મૅનેજમેન્ટને કહેવું પડે તે કહ્યું પણ છે. વહીવટ ત્યારે જ સારો કરી શકાય, જ્યારે ડેડલાઈનની રાહ જોયા વગર, અગાઉથી આયોજન કરીને તમામ કાર્યો નિયમિત થાય. તે મારી કામની પદ્ધતિ રહી છે. આજનું કામ કાલ પર નહીં. ગુણવત્તાનો આગ્રહ ખરો, પણ સમયપાલન સાથે, વિલંબ ન ચાલે. ફાઇલિંગ, રિપોર્ટિંગ, માહિતી આપવી, માહિતી મેળવવી, ટીમ-બિલ્ડિંગ, ટીમમાં દરેકને કામની સ્વતંત્રતા, દરેકને પૂછીને નિર્ણય લેવા, દરેકનાં મનને સીંચવવાં, જ્યાં લાગે કે વ્યક્તિ અસહયોગી છે, તો તે પોતાની રીતે કામ કરે તે જ માત્ર જોવું. જેઓ મારા પ્રોજેક્ટમાં સહભાગી થવા ઇચ્છતા તેઓને હંમેશાં સમાન તક આપી છે. તેથી સૌ વિકસી શક્યા છે. ગમે તેટલાં વહીવટી કાર્યોનાં દબાણો હોય, પણ વર્ગ-શિક્ષણ ક્યારેય ચૂકવાનું નહીં, કારણ કે તે અધ્યાપકનું મૂળ કાર્ય છે.

વિદ્યાપીઠમાં મહિલા સેલ બન્યું ત્યારથી, તેના નૉડલ ઑફિસર તરીકે કામગીરી સંભાળી છે, અને તેમાં આવતા પ્રશ્નોમાં કાયદા મુજબ ત્વરિત કામગીરી કરી છે. કન્યા છાત્રાલયમાં મુખ્ય ગૃહમાતા તરીકે કામગીરી સંભાળી છે. તેમાં જ્યારે ગૃહમાતાઓથી પ્રશ્ન ન ઉકેલાય, તો જ તેમાં દરમ્યાનગીરી કરવી તે મારો નિયમ હતો. છાત્રાલયની વ્યવસ્થાઓ અંગે જરૂર લાગે ત્યારે મૅનેજમેન્ટ સમક્ષ મક્કમ રજૂઆતો કરી છે.

વિદ્યાસભા, છાત્રાલય સમિતિના સભ્ય તરીકે સક્રિય રીતે કામગીરી કરી છે. કોઈ પણ મૅનેજમેન્ટ હોય, તેને સહયોગી બનવાનું, પણ વિદ્યાર્થી, અધ્યાપકો, વિભાગનાં કાર્યો, મારા પ્રોજેક્ટ, નીતિનિયમોની બાબતમાં સાચું લાગે તે રજૂ કરવાનું જ. આથી જ એવું લાગે કે, મૅનેજમેન્ટ આવી વ્યક્તિઓનો મુકાબલો કરવો ન પડે એટલે તેમને કોરાણે રાખે. મને ઘણી બાબતમાં લાગતું કે, મારી શક્તિઓનો વિદ્યાપીઠે પૂરો ઉપયોગ ન કર્યો. જો કે, હું તો જ્યાં પણ હોઉં ત્યાં કામ કરી પરિણામો મેળવતી રહી. નેકની બંને સાઇકલમાં વિભાગની ખૂબ સારી રજૂઆત થઈ, ટીમના સભ્યોએ પણ બિરદાવ્યા!

**નીચે મુજબનાં નોંધપાત્ર કાર્યો કહી શકાય:**

1. ૨૦૦૯થી ૨૦૧૫ સુધી સાત વર્ષ માટે, 'Global fund to fight HIV/AIDS, Tuberculosis and Malaria Counselling Component' માટે તાલીમ-કેન્દ્ર મળ્યું હતું. તેમાં TISS મુંબઈ સાથે રહીને કામગીરી કરી. કુલ ૫૮ તાલીમો કરી અને ૧૧૦૦ કાઉન્સેલરોને તાલીમ આપી. તેમાં ૨,૧૨,૦૦,૦૦૦ રૂપિયા જેટલું ફંડ મળ્યું. વિભાગના અધ્યાપકોએ તાલીમકર્તા તરીકે સહયોગ આપ્યો. વિભાગને અને વિદ્યાપીઠને પ્રોજેક્ટથી ઘણો આર્થિક સહયોગ પણ મળ્યો.

2. સમાજ કલ્યાણ બોર્ડ, સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ વગેરે સાથે, ઘણા તાલીમ અને સંશોધન પ્રોજેક્ટસ કર્યા. કુલ-૩ રિસર્ચ પ્રોજેક્ટ, ૧૦ કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સ તેમ જ ૩,૧૦,૮૭,૮૧૬ રૂપિયાની પ્રોજેક્ટ ગ્રાન્ટ મેળવી.

3. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માટે પરામર્શ કાર્યક્રમ ત્રણ વર્ષ માટે મંજૂર થયો હતો અને વર્ક-ઑર્ડર પણ મળ્યો હતો. તે માટે ૩,૩૦,૦૦,૦૦૦ રૂપિયાનું અનુદાન મંજૂર થયું હતું, જેમાં કોરોનાના કારણે કામ થઈ શક્યું નહિ.

4. કોરોના સમયમાં સમાજકાર્યના વિદ્યાર્થીઓને પ્રેરિત કરીને હૉસ્પિટલમાં સેવા આપવા તૈયાર કર્યા. ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ જીવનાં જોખમે હૉસ્પિટલમાં પ્રથમ અને બીજી કોરોનાની લહેરમાં ખૂબ નિષ્ઠાપૂર્વક કામ કર્યું. તેના અહેવાલ સ્વરૂપે, 'સમાજકાર્ય-સેતુ' પત્રિકાના બે અંક બહાર પાડ્યા.

5. અધ્યક્ષ કાળ દરમ્યાન, માત્ર ગ્રામ શિબિર નહીં, પણ જ્યાં લોકઆંદોલનો ચાલતાં હોય તેમની સાથે જોડીને વિદ્યાર્થીઓને ઉત્તમ અનુભવો મળે તેવા પ્રયત્નો કર્યા.

6. વર્ષ ૨૦૦૪માં, મુંબઈમાં WSF-વિશ્વ સામાજિક મંચ યોજાયેલો. તેમાં વિદ્યાર્થીઓને લઈ જઈને, શીખવાની ઉત્તમ તક પૂરી પાડી.

7. Capacity building of women manager in higher education - જે 'યુજીસી'ની એક યોજના હતી, જેનું સંચાલન 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સ' મારફતે થતું હતું. તેની તાલીમ મેળવી, તેમાં ટ્રેનર બની અને ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મહિલા મૅનેજર્સની તાલીમ યોજી. તેમાં પ્રો.આરમાઈતી દેસાઈ ત્રણ દિવસ હાજર રહ્યાં હતાં. (જેઓ બે ટર્મ માટે યુજીસી ચેરપર્સન હતાં)



8. મારું પુસ્તક 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધાર-સ્તંભો'ની ચાર આવૃત્તિ થઈ. તેની ૫૦૦૦ નકલને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તરફથી સારો આવકાર મળ્યો.

9. Competitive examમાં પેપર સેટર, સરકારમાં/સંસ્થાઓમાં ભરતી-પ્રક્રિયામાં નિષ્ણાત તરીકે ખૂબ સેવાઓ આપી.

10. કાઉન્સેલિંગના બે સર્ટિફિકેટ-કોર્સ આદર્શ અમદાવાદ સાથે રહીને કર્યા. તેમાં ૮૦ જેટલી વ્યક્તિઓએ તાલીમ લીધી અને કેટલાકે કાઉન્સેલિંગનું કામ શરૂ કર્યું.

11. 'પેરેન્ટિંગ ફોર પીસ' નામની સંસ્થા સાથે MOU કરીને, બે વર્ષ લગ્ન અને કુટુંબજીવન-શિક્ષણ વિષય પર સીબીસીએસનો કોર્સ ચલાવ્યો. તેમાં વિવિધ વિદ્યાશાખાના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ લાભ મેળવ્યો. તેમાં અનેક ડૉક્ટર્સ, પોલીસ વડા, શિક્ષણવિદો, મનોવિજ્ઞાનીઓએ વ્યાખ્યાનો આપ્યાં.

12. 'ચાઇલ્ડ લાઈન'માં માનદ નિયામક તરીકે ૨૦૦૫થી કામગીરી સંભાળી. તે દરમ્યાન બાળકોના અધિકારો, મુદ્દાઓ અંગે અનેક તાલીમો કરી અને નિષ્ણાત તરીકે વ્યાખ્યાનો આપ્યાં.

13. 'ચાઇલ્ડ લાઈન'ની કામગીરીના ભાગ તરીકે, બાળકોનું જાતીય-શોષણ અટકાવવા, બાળકોમાં જાગૃતિ માટે તાલીમ મોડ્યુલ બનાવ્યું. અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાના ૧૩૦૦ જેટલા શિક્ષકોને મોડ્યુલની તાલીમ આપી. તે દરેક શિક્ષકે પોતાની શાળાની છોકરીઓ માટે તાલીમ કરી, તેમને જાગૃત કરી.

14. કુલ ૯૦ તાલીમોનું આયોજન, HIV/AIDS કાઉન્સેલર માટેનું તાલીમ સેન્ટર ચલાવ્યું. તેમાં ૫૨ ઑરિએન્ટેશન, રિફ્રેશરની તાલીમો કરી (૨૦૦૯-૨૦૧૫), ૨૨ સેમિનારો/કાર્યશાળાઓ યોજી, વિવિધ તાલીમ/સેમિનારમાં ૨૪૧ વ્યાખ્યાનો આપ્યાં. ૧૦-MOU, ૨-CBCS કોર્સ તૈયાર કર્યા અને શીખવ્યા.

15. કુલ ૧૩ વિદ્યાર્થીઓએ M. Phil. કર્યું અને ૭ વિદ્યાર્થીઓએ Ph.D. કર્યું. ૪ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન ચાલુ છે.

16. કોરોના સમયમાં વિભાગની એક વૅબસાઈટ બનાવી, મારી યુટ્યૂબ ચેનલ બનાવી.

17. ૨૦૨૦માં સમાજકાર્ય વિભાગનાં ૫૦ વર્ષની ઉજવણી કરી. તેમાં ૫૦ ભૂતપૂર્વ તારલાઓને વાજતે-ગાજતે બિરદાવ્યા, સન્માનિત કર્યા.

આ જે કંઈ હું કરી શકી, તે બધું જ મારી ટીમને આભારી છે. ડૉ. દામિનીબહેન, ડૉ. મનોજભાઈ, ડૉ.અશોકભાઈ, ડૉ.બાદરભાઈ, ડૉ. વિપિનભાઈ, ડૉ. ઈશાનીબહેન, નિરૂપાબહેન, અમરતભાઈ, બિનલ, દિલિપ, જયશ્રી, અવની, મહેશભાઈ, સમીનાબહેન, મિલનભાઈ, વૈશાલી, તેજલબહેન, મનીષ તથા વિભાગના સૌ સાથીઓ, તમામનો હું આભાર માનું છું. વિભાગનાં તમામ કાર્યોમાં બધાએ ખૂબ સહયોગ આપ્યો છે.

વિભાગમાં સાથે કામ કરતાં-કરતાં મજા પણ ઘણી કરી છે. પિકનિકો કરવી, સાથે જમવા જવું, બધાના જન્મ-દિવસો ઉજવવા, કોરોનામાં એકબીજાની સંભાળ લેવા જેવી યાદગાર પળો હંમેશાં જીવંત રહેશે. સાથે મળીને કાર્યો કરવામાં, દરેકને એક સાથે રાખવામાં તથા દરેક કાર્યને મજાથી કરવામાં આનંદ મેળવ્યો છે. વિશેષ આભાર મારા વિદ્યાર્થીઓનો, જેમનો મને ખૂબ પ્રેમ મળ્યો છે. શિક્ષણ-કાર્ય મને મનગમતું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો બધી થીયરી/પાઠ કંઠસ્થ થઈ ગયાં હતાં.

વિદ્યાપીઠના સૌ સેવકગણનો આભાર, ઋણસ્વીકાર. મારાં કુટુંબીજનો - સુખદેવ, તપન-ઈશા, મનન-ધરા તથા મને દરેક કામમાં પ્રેરણા આપનાર મારા પિતાજીનો ખૂબ આભાર. મારા ગુરુજનો, જેમની પાસેથી હું વ્યવસાયના પાઠ, જીવનના પાઠ, કાર્યના પાઠ શીખી તેવા પ્રો. સુમન્તભાઈ, પ્રો.રાજેન્દ્રભાઈ, પ્રો. ચંદ્રગુપ્ત સાનન સાહેબ, પ્રો. પ્રવીણભાઈ, એ સૌની હું ઋણી છું.



# સમાજકાર્ય વિભાગમાં મારી અધ્યક્ષતા વખતનાં સંભારણાં

- પ્રો. (ડૉ.) આનંદી પટેલ

## વિભાગનું નેતૃત્વઃ

વિભાગનાં અધ્યક્ષા એટલે વિભાગને નેતૃત્વ પૂરું પાડનાર. નેતૃત્વમાં વિભાગને, એટલે કે શૈક્ષણિક કાર્યોને દિશા આપવી, શીખવાની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોની સામેલગીરી અને સહભાગીદારી ઊભી કરવી, શીખવા માટેનાં સંસાધનો ઊભાં કરવાં અને તેનો ઉત્તમ ઉપયોગ કરવો. અધ્યાપકો સતત વિકસે તે માટે તેમની સાથે ચર્ચાઓ કરી, તેમને તેમની શક્તિ અનુસાર કામ મળે તેમ જ તેમની શક્તિઓ વિકસે તે માટે તકો પૂરી પાડવી. સમાજ પ્રત્યે સમાજકાર્ય વિભાગની જવાબદારી અદા કરવી. મૅનેજમેન્ટની પૉલિસી, વિદ્યાર્થી-કેન્દ્રી અને અધ્યાપક-કેન્દ્રી બને તે જોવું અને જરૂર લાગે ત્યાં પ્રશ્નો ઉઠાવવા અને તરફેણમાં નિર્ણય આવે તે માટેના પ્રયત્નો કરવા. શિક્ષણમાં નવીનીકરણ કરવું. વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં તેમની સહભાગીદારી અને સમજ વિકસે તે રીતે પ્રક્રિયા કરવી.

આમાં નેતૃત્વમાં ક્યાંય ‘સત્તા’ શબ્દ નથી આવ્યો. ‘સત્તા’માં ‘હું કહું તેમ’, એવો ભાવ સમાયેલો છે. ‘સત્તા’નો ખરો અર્થ, સાથીદારોને કામ કરવા માટેની અનુકૂળતાઓ કરી આપવી તે છે. દરેકમાં અલગ-અલગ શક્તિ હોય છે, દરેકની મર્યાદાઓ અલગ-અલગ હોય છે. તે મુજબ કામ કરવાની અનુકૂળતા કરી આપવી અને તેમની મર્યાદાઓને ગાઈ-વગાડવી નહીં. તેમની આવડત અને શક્તિઓનો ઉપયોગ વિભાગ માટે થાય તેમ કર્યું છે. કોઈ લીડર સો ટકા સફળ નથી થઈ શકતા, કારણ કે દરેક સહકર્મીનાં વલણો, પૂર્વગ્રહો, વિચારો અલગ હોઈ શકે છે. તેમ છતાં, સત્તર વર્ષનાં અધ્યક્ષ તરીકેના કાર્યકાળમાં કોઈ પણ વિકટ પ્રશ્નો ઊભા થયા નથી.

આ મેં કર્યું કે, મારાથી થયું તેમ જ્યારે લીડર બોલે છે ત્યારે ટીમવર્ક સંભવિત થતું નથી. જ્યારે બધાને એમ લાગે કે, આ અમે કર્યું છે ત્યાં ટીમવર્ક બને છે, ટકે છે. લીડર વિઝનરી હોય છે, તે પોતાની ટીમ સમક્ષ પોતાનું વિઝન મૂકતા રહે છે, જેમાં ટીમના વિચારો પણ સામેલ થાય છે અને ત્યારે જ તેને માટે સૌને તેમાં કામ કરવું પણ ગમે છે. ભેગા મળીને કરેલાં કામનો જશ સૌ લે, તે બાબતે લીડરને સફળ થયા તેમ લાગવું જોઈએ. લીડર ટીમ પર પ્રભાવક નહીં, અને દબાણ ઊભું કરનાર પણ ન હોય. હું કાયમ એમ કહેતી કે, એકલા કામ કરવું સહેલું છે, ઘણા-બધાની સાથે કામ કરવું ઘણું પડકારજનક છે. બધા જ સમયે બધાને આપણાં વર્તન-વ્યવહારથી સંતોષ ન પણ થાય, કોઈને ખોટું પણ લાગે ત્યારે તે સ્થિતિને વધુ વણસવા ન દેવી. પરંતુ, સામે ચાલીને તેમની પાસે જવું, સંવાદ કરવો, તમે સાચા છો તેમ સાબિત કરવાને બદલે સામેની વ્યક્તિને થયેલું મન-દુઃખ યોગ્ય છે તેમ માનીને હળવાશ ઊભી કરવી જરૂરી હોય છે. બીજું, લીડર તરીકે ટીમ સાથેના સંપર્કો જીવંત રાખવા, હળવું-મળવું, આવતા-જતા વાત કરવી, સાથે ચા પીવી, ક્યારેક સાથે નાસ્તા-ભોજનના અવસરો

ઊભા કરવા, જે સૌને એક તંતુએ બાંધે છે. વિભાગ કિલકિલાટ કરતો લાગવો જોઈએ, જ્યાં અધ્યાપકો ખુશ હોય, વિદ્યાર્થીઓ પણ ધમાલ કરતા હોય.

**વિભાગના અધ્યાપકો સાથે:**

વિભાગમાં દરેક અધ્યાપક, પોતાનાં કામમાં સતત વ્યસ્ત રહેતા જોયા છે. વિદ્યાર્થીઓને ઉત્તમ આપવાની, ખીલવવાની ભાવના હોય છે. વિદ્યાલયમાં સૌથી વહેલા આવનાર અને સૌથી મોડે જનાર વિભાગ એ સમાજકાર્ય હોય. એક પણ વર્ગ ફ્રી ન હોય. ૫:૪૫ સુધીના વર્ગો નિયમિત ચાલે. શિક્ષણમાં વિદ્યાર્થીઓની ભાગીદારી ઊભી થાય તે માટે સૌ ચિંતિત રહે, અને તે માટેના પ્રયત્નો કરે.

અમે સૌ મળીએ ત્યારે ચર્ચાના મુદ્દા વિદ્યાર્થીઓના પ્રશ્નો, કોઈ ખાસ વિદ્યાર્થીની મુશ્કેલીઓ, તેમને મદદરૂપ થવાની વાતો જ હોય. હું મારા માટે અને અમારા અધ્યાપકો માટે કહી શકું કે, ક્યારેય સંશોધન, વિસ્તરણ, લેખન-કાર્યો વગેરે પ્રમોશનને માટે થઈને કર્યા નથી. અંગત રીતે હું એમ માનું છું કે, પ્રમોશન માટે કરેલાં કાર્યો તમારું પોત અને પ્રતિભા ઊભી કરતા નથી. એનો અર્થ એ પણ નથી કે, તમારે આગળ ન વધવું. બઢતી, એ તમારી ક્ષમતાઓમાં થયેલો વધારો જોઈને વધારાની ઉચ્ચ કક્ષાની જવાબદારી આપે છે. ઉચ્ચ પદ, શું ઉચ્ચ જવાબદારીઓને સ્વીકારે છે ? અદા કરે છે ? આપણે જે સમાજમાં છીએ, ત્યાં પ્રતિભા સુગંધની જેમ આપોઆપ ફેલાય છે, જે કામથી ઊભી થાય છે, બોલીને નહીં. જો વાઇસ ચાન્સેલર એમ કહે કે, આ અમારો ફ્લેગશિપ વિભાગ છે કે, કોઈ અધિકારી એમ કહે કે, આ અમારું ઘરેણું છે. તો એ પ્રતિભા છે.

**વિદ્યાર્થીઓ સાથેનું શિક્ષણ:**

બહારના સમાજમાં પણ સમાજકાર્યના વિદ્યાર્થીઓ વિશે ખૂબ સારી છાપ. કેન્દ્ર-નિવાસમાં ઘણી સંસ્થાઓ ફી માંગે, જ્યારે અમારા વિદ્યાર્થીઓને સામેથી સ્વીકારે અને કામનું વળતર પણ આપે, રહેવા-જમવાની વ્યવસ્થાઓ પણ આપે. આ કેવી રીતે ઊભું થતું હશે ? તે વાચકને વિચાર માટે છોડીએ. સંસ્થાઓ સાથેના અધ્યાપકોના સંપર્કો અલગ-અલગ રીતે ઊભા થાય છે. કેન્દ્ર-નિવાસમાં અધ્યાપકો અચૂક સંસ્થાની વિઝિટ માટે જાય. સંસ્થાઓને 'સેતુ કાર્યક્રમ', જેને હવે 'પીપીડીસી કાર્યક્રમ' કહીએ છીએ તેમાં બોલાવીએ. ક્ષેત્ર-કાર્યમાં વિદ્યાર્થીઓને જે સંસ્થામાં મૂકીએ તેમની સાથે પરિચય થાય. સંસ્થાઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી પ્લેસમેન્ટ માટે આવે છે. સંસ્થાઓ અધ્યાપકોને તાલીમ કાર્યક્રમો/સેમિનાર વગેરેમાં નિષ્ણાત તરીકે બોલાવે છે. દર વર્ષે વિભાગના અધ્યાપકો, આવાં ૩૦-૪૦ વ્યાખ્યાનો કે તાલીમ માટે જાય છે. સંસ્થાઓ સાથે રહીને શિબિરો/પ્રવાસ/પદયાત્રાઓ ગોઠવી છે. સંસ્થાઓ સાથે લોકહિતના પ્રશ્નોમાં, આંદોલનોમાં સહભાગી બન્યા છીએ.

**પ્રોજેક્ટ્સ:**

સરકારી સંસ્થાઓ/વિભાગો/યુનિસેફ તરફથી અનેક પ્રોજેક્ટ્સ માટે સામેથી આવીને પ્રપોઝલ માગવામાં આવી છે. તેમની સાથે સ્વતંત્ર-ક્ષમતાથી પ્રોજેકટ મેળવીને સંશોધન અને વિસ્તરણમાં કન્સલટન્સીનાં કામો કર્યાં છે. સરકારી વિભાગોની, મારી પાસે નિવૃત્તિ સુધી વિવિધ પ્રોજેક્ટની અપેક્ષાઓ રહી છે, જેમને મારે ના પાડવી પડી છે. મહિલા બાળ વિકાસ, જૅન્ડર રિસોર્સ સેન્ટર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સમગ્ર શિક્ષા અભિયાન, યુનિસેફ, ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સ, ચાઇલ્ડ લાઈન ઇન્ડિયા ફાઉન્ડેશન વગેરેએ મારામાં જે વિશ્વાસ મૂકીને, મને

પ્રોજેક્ટસ મંજૂર કર્યા હતા તેને માટે હું તેઓની ખૂબ આભારી છું. શૈક્ષણિક સંસ્થાઓનાં ત્રણ મહત્ત્વનાં કાર્યો છેઃ વર્ગ-શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ. તે મુજબ ત્રણેય કાર્યોને મેં પૂરો ન્યાય આપ્યો છે. પ્રોજેક્ટસના ભોગે ભાગ્યે જ વિદ્યાર્થીઓનો વર્ગ ના લીધો હોય તેવું બન્યું હશે. સમાજકાર્યનું શિક્ષણ તો જ અસરકારક બને જો અધ્યાપનનાં ક્ષેત્ર સાથે, સમાજ સાથેનું જોડાણ હોય. તે માટે સંશોધન અને કન્સલટન્સી પ્રોજેક્ટસથી હું ખૂબ શીખી છું, વિકસી છું.

**આપત્તિમાં વિદ્યાર્થીઓનાં પ્રશંસનીય કાર્યોઃ**

નવું વિચારવું અને અમલમાં મૂકવાનું ત્યારે જ શક્ય બને, જ્યારે તમારા સાથીદારોને પણ એ યોગ્ય લાગે. આવી નવી શરૂઆતમાં અમે વિવિધ આંદોલનો સાથે જોડીને શિબિરો કરી. જેમ કે, ભ્રષ્ટાચાર વિરોધી અન્ના હજારેનું આંદોલન, દારૂબંધીમાં છુટછાટો સામે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જોડીને ઝુંબેશ, મીઠી વીરડી અણુઊર્જા સામેનો વિરોધ, જૂનાગઢ બાયપાસ આંદોલન, મોચા પાસે ખાણ-ખનનના પ્રશ્નો, સરદાર સરોવર ટુરિઝમ વિકાસ વિરુદ્ધ સ્થાનિક લોકો વગેરે બાબતો સાથે વિદ્યાર્થીઓને જોડીને ગાંધીજીની અહિંસક સામાજિક ક્રિયા-પદ્ધતિના પાઠ વિદ્યાર્થીઓ શીખ્યા છે.

જ્યારે માનવ-સર્જિત કે કુદરત-સર્જિત આપત્તિઓ આવી છે, ત્યારે વિભાગે તેમાં ઝંપલાવ્યું છે. ૨૦૦૧ના ધરતીકંપમાં શ્રી રાજેન્દ્રભાઈ જાનીના સમયમાં મોરબીમાં કન્યા છાત્રાલય બનાવવામાં મદદ કરી હતી. ૨૦૦૬માં તાપીમાં આવેલા પૂરથી ગામડાઓમાં તારાજી થઈ હતી. તેમાં વિદ્યાર્થીઓની પહેલી ટુકડીને લઈને રાહતના કામ માટે દસ દિવસ માટે હું ગઈ હતી. કશ્મીરની આપત્તિ, સુનામી, બનાસકાંઠામાં અતિવૃષ્ટિથી તારાજીનાં કાર્યોમાં વિદ્યાર્થીઓ અને સમાજકાર્ય વિભાગ અગ્રેસર રહ્યા છે.

સદીની અત્યાર સુધીની સૌથી મોટી આપત્તિ અને પૅન્ડેમિક કોરોનામાં અધ્યક્ષ તરીકે મને એમ થયું કે, આપત્તિ -વ્યવસ્થાપન, કટોકટીમાં રાહત અને પુનઃસ્થાપનના પાઠો શીખવીએ. જો આવી મોટી બીમારી, જ્યાં લોકો મરતા હોય, હૉસ્પિટલો મળતી ન હોય, સારવાર કરનાર ન હોય ત્યારે આપણે બેસી કેમ રહેવાય ? વિદ્યાર્થીઓને તો રજા આપી દીધી હતી. લોકડાઉન હતું. વિદ્યાર્થીઓને પૂછ્યું કે, આમાં આપણે કંઈ કરવું હોય તો કેટલા તૈયાર છો ? મોટાભાગના સિનિયર વિદ્યાર્થીઓએ તૈયારી બતાવી. અમે અમદાવાદ અને પછી સુરત અને બીજી લહેર વખતે રાજકોટની સરકારી હૉસ્પિટલોમાં વિદ્યાર્થીઓને મોકલ્યા. બધા મળીને ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સેવાનું કામ કર્યું. કીટ પહેરીને કેવી રીતે, શું કામ કરવાનું છે તેની મૅન્ટલ હૉસ્પિટલમાં તાલીમ થઈ.રહેવા-જમવાની, લાવવા-લઈ જવાની સરસ વ્યવસ્થા મૅન્ટલ હૉસ્પિટલના સ્ટાફ, ડૉ.અજયભાઈ અને આપણા વિદ્યાર્થી અર્પણભાઈએ કરી.

શરૂઆતમાં વિદ્યાર્થીઓને આ કાર્યમાં જોડવા અંગે વિદ્યાપીઠનું મૅનેજમેન્ટ અને સાથી અધ્યાપકો પણ અવઢવમાં હતા, પણ હિંમત કરીને માતા-પિતાથી વિરુદ્ધ જઈને પણ વિદ્યાર્થીઓ આ સેવા-કાર્યમાં જોડાયા. તેમણે દર્દીઓને સાંત્વના આપી, જમાડ્યા અને સારવાર કરી. એક-બે સિવાય કોઈને કોરોના થયો નહોતો, જે બે છોકરીઓને થયો તે પણ સારવારથી સાજી થઈને પાછી કામમાં જોડાઈ હતી. દેશભરમાં કોરોનામાં દર્દીઓને સીધી સેવા આપવામાં વિદ્યાર્થીઓએ કામ કર્યું હોય તે આ એક માત્ર કિસ્સો હશે. અમે કોઈને કહેવા ગયા નથી. પરંતુ, સરકારના વિભાગોમાં, શૈક્ષણિક

સંસ્થાઓમાં તેની નોંધ લેવાઈ છે. આ કાર્યમાં વિભાગના અધ્યાપકો વિપિનભાઈ અને ઈશાનીબહેને વ્યવસ્થાઓ ગોઠવવામાં તેમ જ વિદ્યાર્થીઓની કાળજી લેવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

બીજી લહેર સમયે, સરકારે કોરોના-મુકત ગામની જાહેરાત કરી હતી. અમે તે કાર્યક્રમને ઝીલી લીધો અને વિદ્યાર્થીઓએ પોતાના જ ગામમાં સરકારી સેવાઓ સાથે જોડાઈને કામ કર્યું. દાન એકત્ર કરીને આ ગામોમાં માસ્ક, સૅનેટાઈઝર અને નાસ લેવાનાં વરાળ યંત્રો વગેરે ૬૭ જેટલાં ગામોમાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓની મદદથી પહોંચતાં કર્યાં. આ તમામ કાર્યોમાં મનોજભાઈ, વિપિનભાઈ, દામિનીબહેન, અશોકભાઈ વગેરેનો સહયોગ મળ્યો, જેના થકી જ આ ઉમદા કામ થઈ શક્યું હતું. ગામના સરપંચો, વિદ્યાર્થીઓનાં કાર્યોથી ખૂબ ખુશ થયા. આ કામ દરમ્યાન બે બુલેટિન બહાર પાડ્યાં, ત્રણ અંક સમાજકાર્ય સેતુના વિસ્તૃત-અહેવાલના તૈયાર કર્યા. આજની પેઢીમાં સંવેદનશીલતા છે, કામ કરવાની ભાવના છે, ફક્ત તેમને સંકોરવાની જ જરૂર છે.

સમાજમાં બનતી અનેક ઘટનાઓ તથા સ્ત્રીઓ પર થતા અત્યાચાર જેવા આત્યંતિક કિસ્સાઓમાં જાગૃતિની રેલીઓ કાઢવી, પોસ્ટર્સ બનાવવા, પોસ્ટર્સ-પ્રદર્શન, શેરી નાટકો વગેરે અનેક કાર્યક્રમો યોજ્યા, જેમાંથી વિદ્યાર્થીઓને ઘણું શીખવા મળ્યું.

**વિદ્યાર્થીઓને સમાજ/ઘટનાઓ/સંસ્થાઓ વિશે વિવિધ રીતે શીખવાની તકઃ**

ઉત્તમ કાર્યો કરતી ગુજરાતની કેટલીક સંસ્થાઓ સાથે રહીને રાહબર કાર્યક્રમ કર્યો. આ કાર્યક્રમ મહિનામાં એક શનિવારે થતો. તેમાં ૨૫ જેટલી સંસ્થાઓ આવી અને સંસ્થાની શરૂઆત, ચડતી-પડતી વિશેની વાત સંસ્થાનાં મુખ્ય માણસ, તેમના કાર્યકરો સાથે આવીને કરતા. તેમાંથી સામાજિક મુદ્દાઓ, સંસ્થા-સંચાલન, લોકોના પ્રતિભાવો વગેરે વિશે ઘણું શીખવા મળતું.

વિવિધ ક્ષેત્રમાં ઉત્તમ કામ કરી રહેલા, વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને બોલાવીને મહિનામાં એક રવિવારે 'નિસબત' નામનો એક કાર્યક્રમ કરતા. તેમાંથી વિદ્યાર્થીઓને ખૂબ જાણવા મળતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ વિભાગ બોલાવે અને ભણી રહેલા વિદ્યાર્થીઓ સમક્ષ તેમને પોતાના અનુભવોની વાત કરવાની થાય તે ગમતું.

સમાજમાં બનતી ઘટનાઓ વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાથી તેમની સમજ વિકસે અને તેમની ગેરમાન્યતાઓ દૂર થાય. એ હેતુથી આવી કોઈ ઘટનાઓ બની હોય ત્યારે 'ચાય પે ચર્ચા' નામનો કાર્યક્રમ રાખતા. તેમાં અધ્યાપકો વાત કરે અને વિદ્યાર્થીઓ તેમાં પોતાના વિચારો રજૂ કરતા.

વિદ્યાર્થીઓ સારાં પુસ્તકો વાંચે તે માટે બે દિવસની બે વાંચન-શિબિરો ગોઠવી હતી. તેમાં વિદ્યાર્થીઓને અમે ઉત્તમ પુસ્તકો સૂચવતાં હતાં, જે વાંચીને તેઓ તે વિશે રજૂઆત કરતા. આ પ્રયોગ પણ ખૂબ સારો રહ્યો હતો.

**વિદ્યાર્થીઓને મદદઃ**

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ, ભણી રહેલા વિદ્યાર્થીઓને નાણાં, કપડાં વગેરે પૂરાં પાડીને નિયમિત રીતે આર્થિક મદદ કરી છે. આ બધું વિદ્યાર્થીઓને લોન પેટે આપવામાં આવે છે. તેમનો આ તબક્કે આભાર. સમાજકાર્ય ભૂતપૂર્વ સંગઠન દ્વારા બે-ત્રણ વર્ષ, બે-બે વિદ્યાર્થીઓને ડૉ. દયાલ સાહેબ શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી. તે સરાહનીય અને વંદનીય કાર્ય છે.

## અનેક વ્યક્તિઓ સાથે મળેલી કામની તકથી ઊજળી થઈ:

વિભાગ દ્વારા ફેમિલી કાઉન્સેલિંગ સેન્ટરના કાઉન્સેલર માટે, જૅન્ડર રિસોર્સ સેન્ટર-મહિલા બાળવિકાસ વિભાગ દ્વારા કાઉન્સેલરોની અનેક તાલીમો યોજી હતી. ગ્લોબલ ફંડ ટુ ફાઈટ મલેરિયા, ટ્યુબરક્યુલોસિસ અને એચઆઈવી એઈડ્સ (કાઉન્સેલિંગ કમ્પોનન્ટ) માટે દરેક રાજ્યમાં ૩૬ ટ્રૅનિંગ સેન્ટર બન્યાં હતાં. તેમાં એક સેન્ટર, ટાટા ઇન્સ્ટિટ્યૂટની મદદથી વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગને મળ્યું હતું. તે ૨૦૦૯થી ૨૦૧૫ સુધી ચાલ્યું. તેમાં સ્ટાફ નર્સ, અને એચઆઈવી/એઈડ્સમાં કામ કરતા કાઉન્સેલરોની ૫૮ જેટલી તાલીમોનું આયોજન-વ્યવસ્થાપન કર્યું. તેમાં મહેશભાઈ, સમીનાબહેન, વૈશાલીબહેન, મિલનભાઈ જેવા ખૂબ સારા સાથીઓ મળ્યા, જેમના થકી ઉત્તમ કામ થયું.

ચાઇલ્ડ લાઈન દ્વારા તેની ટીમની તથા બાળ અધિકારો માટેની અનેક તાલીમો યોજી છે. બાળકોનાં જાતીય-શોષણને અટકાવવા બાળકોની જાગૃતિ માટે કાર્યકરોની તાલીમ માટેનું મોડ્યુલ બનાવ્યું છે. તે માટે અમદાવાદ જિલ્લાના પ્રાથમિક શાળાના ૧૧૦૦ જેટલા શિક્ષકોની તાલીમ કરી હતી. તે દરેકે પોતાની શાળાની ૭૦-૧૦૦ બાળકીઓને આ મુદ્દે જાગૃત કરી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમમાં CIIના યંગ ઇન્ડિયન ગ્રુપ તથા ઉત્તમભાઈ શર્માએ સહયોગ કર્યો હતો.

પૅરેન્ટિંગ ફોર પીસ સાથે MOU કરીને તેમના ખૂબ જ અનુભવી અને નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા, બે વર્ષ માટે લગ્ન અને કુટુંબજીવન-શિક્ષણ વિષય પરનો સીબીસીએસ પાઠ્યક્રમ ચલાવ્યો હતો.

## વિભાગને આગળ લઈ જવાની જહેમત:

વિભાગમાં ક્રેડિટ સિસ્ટિમ શરૂ થઈ ત્યારથી જ, યુજીસીની સંપૂર્ણ ગાઇડલાઈન પ્રમાણે વૈકલ્પિક વિષયો, દરેક પાઠ્યક્રમનું બંધારણ, સીબીસીએસ કોર્સ વગેરે અમલમાં મૂક્યાં હતાં. દરેક કામ સમય-મર્યાદામાં થવું જ જોઈએ અને થતું, પછી તે વાર્ષિક અહેવાલ હોય, ક્રેડિટ પ્રમાણે અભ્યાસક્રમ ઘડવાના હોય, AQAR તૈયાર કરવાના હોય કે તેનાં પ્રૂફ આપવાનાં હોય, તે દરેક કામમાં વિલંબ ન થાય તેની પૂરી કાળજી લીધી છે. એ બધું થઈ શક્યું છે, કારણ કે અધ્યક્ષ તરીકે આ દરેક કામ સોંપી નહીં દેવાનાં, પરંતુ દરેક કામમાં બધાની સાથે રહેવાનું વલણ હતું.

સમાજકાર્ય વિભાગની નેકની બંને સાઇકલની વિભાગીય સ્તરની તૈયારી ખૂબ મહેનત સાથે કરી. બંને વખતે મુલાકાત લેનાર સભ્યોએ વિભાગનું કામ ખૂબ રસપૂર્વક નિહાળ્યું અને કામની સરાહના કરી. નેકની કમિટીઓમાં વિભાગ, છાત્રાલય, મહિલા-સેલ, અધ્યક્ષો સાથેની બેઠક વગેરે અંગે રજૂઆત કરી ત્યારે, નેક કમિટીના એક સભ્યએ કહ્યું, મૅડમ આપ કેટકેટલી જગ્યાઓ પર છો!

અગાઉ ઉલ્લેખ કર્યો તેમ, અધ્યક્ષ સૌથી પહેલાં એક અધ્યાપક છે. અધ્યાપન પહેલું કામ છે. જો તે પોતે દરેક શૈક્ષણિક કાર્યમાં સામેલ નહીં થાય તો, અન્ય સાથીદારો છૂટવા માંગશે. ટીમની સ્પિરિટ હંમેશાં જળવાઈ રહે તે માટે પ્રવાસ, શિબિર, પદયાત્રા અને કેન્દ્ર-નિવાસની મુલાકાતમાં શક્ય તેટલો સમય ગઈ છું.

**પ્રોજેક્ટથી વિદ્યાપીઠને થયેલી સાધન-સહાયઃ**

પ્રોજેક્ટમાંથી મળેલાં નાણાંમાંથી વિભાગની લાઇબ્રેરી બનાવી છે. તેમાં ૨૫૦ જેટલાં પુસ્તકો ખરીદીને મૂક્યાં છે અને ૧૦ સામયિકો આવે છે. તે માટેનાં કબાટ પણ પ્રોજેક્ટમાંથી બનાવ્યાં. સહયોગ-છાત્રાલયમાં પાંત્રીસ તાલીમાર્થીઓ માટે બેડ, ટેબલ, ખુરશી બનાવ્યાં તથા મહાવિદ્યાલયના ધાબામાં ૩૫ તાલીમાર્થીઓ માટે ટેબલ, ચેર, LCD સહિતની તમામ સુવિધાઓ સાથેનો હૉલ બનાવ્યો છે. વિભાગના સભાખંડમાં ગાદી, તકિયા સાથેની ભારતીય બેઠક-વ્યવસ્થા પણ પ્રોજેક્ટમાંથી થઈ શકી હતી.

**અભિમુખતા, મહિલા-સેલ, છાત્રાલયની કામગીરીઃ**

મહાવિદ્યાલયમાં અભિમુખતાનો કાર્યક્રમ નવા આવતા વિદ્યાર્થીઓ માટે ગોઠવવામાં આવે છે. તેમાં આઠેક વર્ષ, યુવાવસ્થા અને સહશિક્ષણ વિષય પર વિદ્યાર્થીઓને રોચક અને જીવન-ઘડતરમાં ઉપયોગી થાય તેવાં વ્યાખ્યાનો આપ્યાં. વિદ્યાર્થીઓ દ્વારા તેની ખૂબ સરાહના થતી.

વિદ્યાપીઠમાં મહિલા-સેલ બનાવવામાં આવ્યો, ત્યારથી તેનાં નૉડલ ઑફિસર તરીકે કામગીરી કરી છે. તેમાં ત્રણેય પરિસરમાં મહિલાઓની જાગૃતિ માટેના ખૂબ સરસ કાર્યક્રમો થતા રહ્યા છે. બે-એક ફરિયાદોમાં નમૂનારૂપ કાર્ય કર્યું છે. નેક મૂલ્યાંકનમાં પણ મહિલા-સેલની કામગીરીને, ડૉક્યુમેન્ટેશનને બિરદાવવામાં આવ્યાં હતાં.

વિદ્યાપીઠના કન્યા-છાત્રાલયમાં મુખ્ય ગૃહમાતા તરીકેની જવાબદારી સંભાળી છે. તેમાં છાત્રાઓના પ્રશ્નો, ગૃહમાતાઓના પ્રશ્નો, ભોજનાલયના સ્ટાફના પ્રશ્નો, વ્યવસ્થાઓના પ્રશ્નોમાં, દરેકને સાંભળીને નિરાકરણ લાવવાના પ્રયત્નો કર્યા છે.

મૅનેજમેન્ટ સમક્ષ, વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ સેન્ટરની માંગ કરી હતી. વિભાગના જ પ્રો. સુમંતભાઈએ ડૉ.સુરભિબહેન સાથે રહીને બે વર્ષ ખૂબ સરસ કામગીરી કરી. ઘણા વિદ્યાર્થીઓએ એમનો લાભ લીધો હતો. એ વ્યવસ્થા ફરી ગોઠવાય તે ખૂબ જરૂરી છે.

આજે કૌટુંબિક અને માનસિક પ્રશ્નો ખૂબ વધી રહ્યા છે, ત્યારે કાઉન્સેલરોની જરૂરિયાત ખૂબ છે. 'આદર્શ અમદાવાદ' સંસ્થામાંથી શ્રી ભરતભાઈ શાહ આવ્યા અને એમણે બે બૅચમાં કાઉન્સેલિંગ અંગે તાલીમકારોની તાલીમ (TOT) કરવાની માગણી કરી. તેથી વિદ્યાપીઠમાં ત્રીસ-ત્રીસ કલાકની બે બૅચને તાલીમ આપી. તેમાં ૭૫ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો. તેમાંથી સાત-આઠ વ્યક્તિઓ ખૂબ સારી રીતે આજે કાઉન્સેલિંગ સેન્ટર ચલાવે છે.

**વિદ્યાર્થીઓ સાથે કામ કરવાની રીત અને મળેલો પ્રેમઃ**

મારા માર્ગદર્શનમાં હોય એવા વિદ્યાર્થીઓને મારો પરિચય વધુ થાય. મારી પદ્ધતિ એવી કે, વિદ્યાર્થીઓ સાથે વાતો કરીને તેમને આંજી ન દેવા, કે ન તેમને પ્રભાવિત કરવા. હું એમ માનું કે, જયારે વિદ્યાર્થી તમારાથી ખૂબ પ્રભાવિત થાય છે, ત્યારે તે પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે. એટલે જેઓ મારાથી નજીકથી સંપર્કમાં રહે તે જ મને ઓળખી શકે/સમજી શકે. વર્ષના અંતે વિદ્યાર્થીઓ એમ કહે કે, અમે નસીબદાર હતા કે, તમારું માર્ગદર્શન મળ્યું. બીજા વર્ષે પણ તમારા માર્ગદર્શનમાં ન રહી શકાય? વિદ્યાર્થીઓની સાથે કડકાઈ જરાય નહીં, ખૂબ મુક્તતા આપું, જેને પરિણામે તેઓ આ

મુક્તતાનો દુરુપયોગ કરે ત્યારે તેમને અહેસાસ થાય અને તેમાંથી જ શીખે. કડકાઈ પણ નહીં અને વધુ પડતા લાડ પણ નહીં.

અનેક વિદ્યાર્થીઓનાં જીવનના પ્રશ્નોમાં માર્ગદર્શન આપ્યું છે. શિબિર-પ્રવાસમાં જઉં ત્યારે, અધ્યાપક તરીકે કોઈ વિશેષ સુવિધા નહીં. વિદ્યાર્થીઓ સાથે જ રહેવાનું-જમવાનું. વિદ્યાર્થીઓ અને અધ્યાપક અરસપરસ કાળજી લે, તે પરિવારભાવના પેદા કરે. કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે પણ 'મા' કહીને બોલાવે.

નવું કંઈ કામ કરવા જતો વિદ્યાર્થી હોય તો તેનાં ખિસ્સામાં શુકનરૂપે સીડ-મની મૂકવાની મારી રીત ખરી. હું મારા કામમાં એટલી વ્યસ્ત રહું કે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે બહુ સંપર્કમાં ન રહી શકું અથવા તે મારી પ્રાયોરિટીમાં ન આવે, પણ હિતેશભાઈ, ઘનશ્યામભાઈ, વિઠ્ઠલભાઈ, અવની, બિનલ, વિપિનભાઈ, ઈશાનીબહેન જેવા કેટલાય વિદ્યાર્થીઓ ખબર-અંતર લે, કાળજી લે.

**કામનું વ્યસનઃ**

મારી વ્યસ્તતા, મારું કુટુંબ અને સાથી-અધ્યાપકો જાણે. સવારે આઠ વાગ્યાથી ઘેરથી જ ઑફિસ શરૂ થઈ જાય. પરિણામલક્ષી બનવું હોય તો નિયમિતતા, સમયપાલન, પ્રતિબદ્ધતા, ચોકસાઈ, કામમાં વ્યવસ્થિતતા અને સતત વિચારશીલ હોવું જરૂરી છે. સવારનો સમય મનને બહુ તાજગી આપે. તે સમયમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકોને કોઈ માહિતી આપવાની હોય તો તે કામ થઈ જાય. અતિશય વ્યસ્તતા વચ્ચે જ મેં પુસ્તક લખ્યું – 'સમાજકાર્યનાં આધાર-સ્તંભો'. તેને ગુજરાતમાંથી ખૂબ આવકાર મળ્યો. તેને લોકો સુધી પહોંચાડવામાં પણ ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ જ કામ કર્યું છે.

**સાથી-અધ્યાપકો/કાર્યકરોનો સહયોગ અને દિલી દોસ્તીઃ**

વિભાગમાં દામિનીબહેન સાથેની મિત્રતા. દામિનીબહેન એટલે સૌ અધ્યાપકો અને વિદ્યાર્થીઓની  કાળજી લેનાર. કેટલાય વિદ્યાર્થીઓને તેમનાં અંગત-જીવનના પ્રશ્નોમાં, આર્થિક રીતે મદદ કરી હશે. ગ્રામ શિલ્પીઓને અને આપણા વિદ્યાર્થીઓ, જેઓ ગામડાંમાં જઈને કામ કરે છે તેઓને આર્થિક મદદ માટેના સંપર્કો કરાવી આપે.  મનોજભાઈ એટલે પ્રશ્નકર્તા. તમે મૂકેલા વિચાર કે આયોજન માટે તમને પ્રશ્ન કરીને વિચારતા કરે. ધૂની માણસ, જે કામ કરતા હોય તે સિવાય બધું ભૂલી જાય. કમ્પ્યુટરમાં અમારો બધો ડેટા સાચવે. વિદ્યાર્થી કેન્દ્રી, વિદ્યાર્થીઓને સમય આપવો વધુ ગમે. કામના અનેક સંપર્કો ઊભા કરે. અન્ય રાજ્યમાં પણ સમાજકાર્ય-શિક્ષકો સાથે તેમને દોસ્તી. અશોકભાઈ વિભાગમાં આવ્યા, અમારું ગોતા કેન્દ્ર સરસ વિકસાવ્યું. તેમને જે કામ સોંપો તે નિષ્ઠાથી અચૂક પૂરું કરે. ખૂબ માયાળુ સ્વભાવ. વિભાગમાં ડૉ.બાદરભાઈનો સહયોગ મળ્યો, જેમણે થલતેજ કેન્દ્ર સરસ રીતે વિકસાવ્યું અને દરેક શૈક્ષણિક કામમાં ઉપયોગી થયા.

વિપિનભાઈ, જેમને મેં બિરુદ આપ્યું છે...અમારા બબલભાઈ. દરેક કામ માટે તૈયાર, સામેથી કામ માટેની તૈયારી, શક્તિઓ નિચોવીને કામ કરે, કોરોના સમયમાં થયેલાં કામોમાં તેમનો મોટો ફાળો હતો. ઈશાનીબહેન, વિદ્યાર્થીઓને ઉત્તમ શીખવવા માટે ખૂબ મહેનત કરે. તે માટે પોતાની ક્ષમતાઓને સતત વિકસાવતા રહે. એકલા વિદ્યાર્થીઓને લઈને, હિંમતપૂર્વક બીજાં રાજ્યોમાં પ્રવાસ

માટે  જાય. મારા માટે અતિશય પ્રેમ. આવાં જ પ્રેમાળ બિનલબહેન. આજે પણ આવે, તો મને ભેટવું તેમને ગમે. મૅડમને બદલે મમ્મી બોલી નાખે. તેઓ પણ ચાઇલ્ડ લાઈનમાં હતાં ત્યારે કોઈ પણ કામમાં ના નહીં, બધાં કામ માટે તૈયાર, ચાઇલ્ડ લાઈનમાં સિમાચિહ્નરૂપ કેટલાંક કામો કર્યાં.


આ ઉપરાંત, પ્રોજેક્ટમાં મારી સાથે કામ કર્યું તેવાં અવનીબહેન, જેઓ હંમેશાં ખબર-અંતર પૂછે. મહેશભાઈ દરજીને મારા માટે ખૂબ પ્રેમભાવ. સમય મળે મળવા આવે. વિદ્યાપીઠમાં તેમને મારી સાથે કામ કરવાની તક મળી તેને માટે ખૂબ અહોભાવ ધરાવે. જીએફએટીએમ પ્રોજેક્ટની ટીમ મહેશભાઈ, મહેશભાઇ પરમાર, સમીનાબહેન, વૈશાલીબહેન અને મિલનભાઈએ પાંચ વર્ષમાં મારા પર કોઈ ભાર પડ્યા દેવા વગર સફળતાથી કાર્યો પાર પાડ્યાં હતાં. મનીષ, જેણે સેવક તરીકે ખૂબ ઉમદા સેવા આપી, તે પણ મને ખૂબ ચાહે, યાદ કરે. તેની સાથે અમારી મજાક ચાલ્યા કરે. તેજલબહેન પંચાલે પણ MPSWમાં આમારી સાથે કામ કર્યું. દરેક કામ કરવામાં તેમની તૈયારી, તેમના હાથનો ખીચડો તો અમને સૌને યાદ રહેશે. વિભાગમાં કોઈનો પણ જન્મ-દિવસ હોય તો એની ઉજવણીનો વિચાર એ કરી જ રાખે. જયશ્રીબહેન, જેમણે ચાઇલ્ડ લાઈનમાં પણ કામ કર્યું અને અમારા પ્રોજેક્ટમાં પણ કામ કર્યું, તેઓ પણ અમારાં દરેક કાર્યમાં ખૂબ મદદરૂપ થાય. તેમનું ખડખડાટ હાસ્ય ખૂબ યાદ રહેશે. ધર્મેશ ચૌધરી, જે મારો Ph.D.નો વિદ્યાર્થી, જેણે ચાઇલ્ડ લાઈનની કામગીરીને સમેટવામાં ખૂબ મહેનત કરી છે, બોલ્યા વગર કામ કરે જાય તેવો વિદ્યાર્થી!

**વિશેષ વ્યક્તિઓ જેમની ભાવનાઓ અને મદદ કાયમી યાદ રહેશેઃ**

જુદા-જુદા પ્રોજેક્ટના સંદર્ભમાં TISSમાંથી શ્વેતા બજાજ, SSAમાંથી દર્શનાબહેન સુથાર, મહિલા અને બાળ-વિકાસ વિભાગમાંથી જિગીષાબહેન, જૅન્ડર રિસોર્સ સેન્ટરમાંથી શૈલેન્દ્રબહેન અને મહેન્દ્રભાઈ, યુનિસેફમાંથી શર્મિલા, મિનલનો ખૂબ સહયોગ મળ્યો. તે સૌનો આભાર. MSUની સોશ્યલ વર્ક ફૅકલ્ટીનાં આદરણીય અરુણાબહેન સાથે બે પ્રોજેક્ટ્સના સંદર્ભમાં મળવાનું થયું, સારી મિત્રતા થઈ. એવી જ રીતે, ડૉ. ભાવનાબહેન મહેતા સાથે પણ કામના સંદર્ભમાં ખાસ દોસ્તી રહી. ડૉ. મગનભાઈ પરમાર, ડૉ. જગદીશભાઈ સોલંકી, ડૉ. છાયાબહેન અને સુરતનાં ડૉ. રેખાબહેન મિસ્ત્રી, સુરેન્દ્રનગરનાં ડૉ. જયશ્રીબહેન દેસાઈએ પણ પરીક્ષક તરીકે ખૂબ મદદ કરી છે. આ તબક્કે સૌને યાદ, અને આભાર વ્યક્ત કરું છું. નેશનલ ઍસોસિએશન અને વિભાગનાં પચાસ વર્ષની ઉજવણીના સંદર્ભમાં ડૉ. મુરલીબહેન આવ્યાં હતાં. તેમને પણ યાદ કરું છું.


જેમના સમયમાં અધ્યક્ષ તરીકે કામ કરવાનું થયું, તેવા વાઇસ ચાન્સેલરો શ્રી સુદર્શનભાઈ, શ્રી અનામિકભાઈ, શ્રી રાજેન્દ્રભાઈ અને શ્રી ભરતભાઈ તેમ જ હાલના કુલસચિવ શ્રી નિખિલભાઈનો આભાર. વિભાગમાં મૅનેજમેન્ટને માથું ન મારવા દઉં, વિભાગનાં કાર્યો-વ્યવસ્થાઓ માટે રજૂઆત કરું, જરૂર પડે ઝઘડું પણ ખરી, સાચું કહેવાનું હોય તો ડરું નહિ. આખરે બધામાં મારા વિભાગનું હિત જ હૈયે હોય. મ.દે.ના સંયોજકશ્રી કનુભાઈ નાયક અને શ્રી કમલેશભાઈ પટેલ સાથે કામ કર્યું. તેમાં તેમના સહયોગને કેમ ભૂલાય? સુખદેવ મારા જીવનસાથી, જેને આ બધું કામ કરવા માટે મને પૂરતી મોકળાશ આપી, માંદી હોઉં તો પણ રજા પર ન રહેવા દે, વિદ્યાપીઠ જવા પ્રેરે તેવા મારા જીવનસાથી, માંદગીને સ્વીકારે જ નહીં, કદાચ એટલે જ મજબૂત બની શકી હોઈશ!

છેલ્લે, વિદ્યાપીઠ મારી 'મા'ને વંદન!


રેવાર મિલન કાર્યક્રમ
સેમ્બર ૨૦૧૯ । સમય: ૨.૦૦ થી ૫.૦૦
: સભાગૃહ, ગુજરાત વિદ્યાપીઠ
સમાજકાર્ય વિભાગ,ગુજરાત વિદ્યાપીઠ






ગ્રામીણ મહિલા આગેવાનોની તાલીમ કાર્યશાળા
સમાજકાર્ય વિભાગ, મ. દે. સમાજસેવા મહાવિદ્યાલય
ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત તા.૩૧ માર્ચ થી ૧ અપ્રિલ
A TRAINING WORKSHOP FOR RURAL WOMEN LEADERS

# થોડીક (અ)મારી જાણવા જેવી વાત

**- સુખદેવ પટેલ**

વળગણ વગરનાં રહી જવાની તક કોઈ વિરલા(લી)ને જ સાંપડે છે. ફરક માત્ર એટલો જ કે, વળગણ જાતે સમજીને ઊભું કરેલું હોય કે જાણે-અજાણે દોરવાઈને વળગેલું હોય. પોતાના વળગણને ઓળખવામાં થાપ ન ખવાય, તો જીવી જવાયેલાં સંભારણાં, વાગોળવાંલાયક હોવાનાં સુખનું સદભાગ્ય મળે છે. મારા આનંદી-વળગણની વાતથી શરૂ કરીને આનંદીબહેનનાં વળગણની વાત કરવાનું ટાણું, તેમની એક કામગીરીમાં વયનિવૃત્તિએ છે.

મારી તરુણાવસ્થાના સમયમાં, સૌને થિયેટરમાં ફિલ્મો જોવાનું જબરું આકર્ષણ રહેતું હતું. મને પણ ફિલ્મો જોવાનું ભારે વળગણ હતું. ઘરથી દૂર છાત્રાલયમાં રહેવાની અનુકૂળતાએ, ફિલ્મો જોવાના ઘણા unbeatable રૅકોર્ડ કરેલા છે. આશ્રમ રોડના શિવ થિયેટરમાં રાજેશ ખન્નાની ફિલ્મ 'મેરે જીવન સાથી' પહેલા દિવસે, પહેલા જ શોમાં જોયેલી. તેના એક ગીતની પંક્તિઓ મગજમાં ઘર કરી ગયેલી... यूं तो अकेला गिर कर संभल सकता हूं मैं, मांगा है तुम्हें दुनिया के लिए। અને પછી તો આવી જ બીજી એક ધૂન મનમાં ગણગણ્યા કરે... कहीं करती होगी वह मेरा इंतजार, जिसकी तमन्ना में घूमता हूं बेकरार। ....અને ગુજરાતમાં પીડિત બહેનોની વહારે રહેવા પંકાયેલી સંસ્થા જ્યોતિસંઘમાં વિખરાયેલાં દંપતીઓને સમજવાની-સમજાવવાની કામગીરીમાં શીખવાની શરૂઆત કરતાં આનંદીબહેનમાં એ इंतजार અને बेकरारी પૂર્ણ વિરામ પામી હતી.

આનંદીબહેનની જ્યોતિસંઘ, ગુજરાત સમાજ કલ્યાણ સલાહકાર બૉર્ડ અને ગૂજરાત વિદ્યાપીઠની વ્યવસાયિક કામગીરી, કાર્યનિષ્ઠાનાં વળગણથી ભરપૂર રહી છે. વળગણ આનંદદાયી ત્યારે જ બને છે, જ્યારે પોતાનું ઉત્તરદાયિત્વ સોળે કળાએ નિખરે. આ માટે કામ અને જવાબદારીમાં પૂરેપૂરું તાદાત્મ્ય દાખવવું અનિવાર્ય છે. ગૃહિણી તરીકેનાં કૌટુંબિક ભારણ સાથે અનેક બહેનો કારકિર્દીની મથામણોમાં પીસાતી જોવા મળે છે. તેમાં કૌટુંબિક લાગણીઓની અનિવાર્યતાને કારણે, ક્યારેક વ્યવસાયિક જવાબદારીઓમાં બાંધછોડની આવશ્યકતા ઊભી થતી જોવા મળે છે. તેમાં સમાધાનોનું સંતુલન, કુશળતાની કસોટી કરાવે છે. આવી કસોટીઓમાં મૅનેજમેન્ટની કૃપાદ્રષ્ટિની માયાજાળમાં અટવાઈ ન જવાય, તે માટે સખત પરિશ્રમ કરતાં આનંદીબહેનને અમે ઘરના તમામ સભ્યોએ અનુભવ્યાં છે. તેનાં કેટલાંક અજાણ્યાં ઉદાહરણો આજે મૂકવા જરૂરી લાગે છે.

શરીરનો કે મગજનો પરસેવો પાડીને આજીવિકા રળતા તમામ શ્રમયોગીઓને તેમના હક્કો, સુવિધાઓ મળવા જોઈએ. તે સરળતાથી મળે તો તેના કારણે વધેલી ઉત્પાદકતાનો લાભ મૅનેજમેન્ટને મળતો હોય છે. સંગઠિત ક્ષેત્રમાં CL, LTC જેવી સગવડો આ કારણે છે. આનંદીબહેને (અમે કુટુંબીજનોએ) તેમનાં સમગ્ર કાર્યકાળમાં LTCનો એક વખત પણ લાભ લીધો નથી. પહેલી નજરે જરા ન સમજાય તેવી, અથવા સ્વ-આયોજનની નબળાઈ લાગે તેવી આ હકીકત, ઘણી બધી રીતે કામની જવાબદારીની પ્રાથમિકતાના વળગણને આભારી છે. આવી જ બીજી હકીકત, વર્ષ


દરમિયાન મળતી CL છે. આનંદીબહેન કેટલાંક વર્ષોમાં તેમની CLનો પૂરેપૂરો લાભ લઈ શક્યાં નથી. તણાવ વગર સમયસર કામ કરવાની હોંશમાં તેમની ઘણી વણવપરાયેલી CL રદ થઈ છે. વળી, તેમાંય ઑફિસમાં સમયની ખેંચના કારણે પૂરાં ન થતાં કામો, સમયસર કરવા માટે ઘરે રહીને નિરાંતે પૂરાં કરવાની સમજણે, CLનો ઉપયોગ કરવાની તેમની આદતના અમે સાક્ષી છીએ. વૅકેશનના સમયગાળામાં પણ જરૂર મુજબ કાર્યાલયમાં નિયમિત જતાં હોય તે રીતે તેમની રોજિંદી પ્રવૃત્તિઓ ચલાવતાં રહ્યાં છે.

કામકાજી તમામ વ્યક્તિઓ સામાન્ય રીતે ઘરનું કામ ઘરે, અને ઑફિસનું કામ ઑફિસમાં કરવાની ટેવ ધરાવતી હોય છે. તેમાં જે વળગણનું (ઘર અને ઑફિસ) પ્રાધાન્ય હોય તેની તરફેણમાં ભેળસેળ થતી જોવા મળે છે. કામકાજી મહિલાઓમાં બેવડી જવાબદારીના કારણે મોટાભાગે ઘરનાં કામ પહેલાં નંબરે હોય છે. જે તેઓ ઑફિસ કામ સાથે સુપેરે નિભાવતાં હોય છે. આ મુદ્દે આનંદીબહેનના કેસમાં થોડોક અઘરો દાખલો છે. મારું અલગારીપણું અને રખડપટ્ટીના કારણે ઘર શું છે ? તેની દરકાર મારાથી બિલકુલ થઈ નથી. તેથી ઘરનો એકલો ભાર તેમના ભાગે રહ્યો છે. તેના દબાણમાં તેમણે તેમના વ્યવસાયિક કામમાં મહિલા હોવાના દરજ્જાનો સહજ લાભ લેવાનો વિચાર-સુધ્ધાં કર્યો નથી. સ્વમાનની જાળવણી અને વ્યવસાયની ગંભીરતા સમજીને તેમણે વર્ગ-ખંડ કે ઑફિસ- રૂમની જવાબદારીઓમાં ક્યારેય છૂટછાટ લેવાની કલ્પના પણ કરી નથી. ઊલટું, વિભાગ અને સંસ્થાના વિકાસ, હિત માટે તેમણે ઘણા નવા પ્રકલ્પો માટે સાહસ કર્યું છે. તેના કારણે ઘરમાં સવારની ચા પછી તરત જ તેમનું ઑફિસ કામ ચાલુ થઈ જાય, તે સાંજે ભોજન પછી પણ મોડે સુધી ચાલતું રહે. આમ કામનું વળગણ (કાર્ય-નિષ્ઠા) અને સખત મહેનતના કારણે તેઓ જે ઠીક લાગે તે કરવાનું અને ઠીક લાગે તે કહેવાની નીડરતા કેળવી શક્યાં છે. તેનો અહેસાસ તેમની સાથે (સાથીઓ કે ઉપરીઓ) કામ કરવાનો પનારો પડ્યો છે, તે સૌને યથાયોગ્ય સમયે થયો જ હશે. હું પણ તેમાં સામેલ છું.

હું આજે જે કાંઈ છું તે, કે 'ગણતર' સંસ્થા જે કાંઈ છે, તેના મૂળમાં આનંદીબહેન છે. 'ગણતર' સંસ્થાની સ્થાપના તેમના વગર શક્ય જ ન બની હોત. મારા બાળપણમાં, નિશાળ નામનાં કૂંડાળામાંથી કૂદકા મારવાનાં ઘણાં નિમિત્ત મળ્યાં અને તરુણાવસ્થાએ સંપૂર્ણ ક્રાંતિનું ઘેલું લાગ્યું. આ દરમ્યાન, સમાજ-પરિવર્તનમાં પાયો તો કેળવણી (શિક્ષણ - ભણતર નહીં), 'ગણતર' છે તેવી સમજ પાકી થઈ ગઈ હતી. પુરુષ હોવાના નાતે, કૌટુંબિક જવાબદારી બધાની હોય, તેમ મારીય હતી. એટલે દુનિયા બદલવાના રવાડે ચડ્યા વગર કમાવાનું શીખવા પ્રયત્નો કરતો રહેતો હતો. જો કે, સુથારનું મન બાવળિયે, તેમ મારાં લખ્ખણ તો સો ટકા 'ગણતર'ની ઘેલછામાં જ ફસાયેલાં હતાં.

'બાવાના બેય બગડે' એવી કોઠાસૂઝે આનંદીબહેને મને ઘર ચલાવવાની કમઠાણમાંથી બહાર ખેંચી કાઢ્યો અને ઘરનો ભાર, તેમ જ બાળકોના ઉછેરની જવાબદારી એકલપંડે નિભાવવાના પડકારનો સાહસિક નિર્ણય કર્યો. અમારાં પતિ-પત્ની વચ્ચેના અલિખિત કરાર મુજબ, મારે ઘરમાં પૈસા આપવાના નહીં અને ઘરમાંથી પૈસા લેવાના નહીં. મારે જે કરવું હોય તે કરવાની છૂટ્ટી. આવી પ્રભુતામાં 'ગણતર' સંસ્થાનું મંગલાચરણ થયું છે. તે વાતને ૩૦ વર્ષ થયાં છે. મારા અને આનંદીબહેનની વચ્ચેના કરારની શરત મુજબ, ઘરમાં પૈસા લેવાના નહીં અને આપવાના નહીં, તેનું ૫૦ ટકા પાલન કરવામાં સફળ થયો છું. ઘરની આર્થિક જવાબદારીમાં મેં હિસ્સો નિભાવ્યો નથી,

પૈસા આપ્યા નથી. જોકે, શરત-ભંગ કરીને 'ગણતર'ની કપરી પરિસ્થિતિમાં ઘણીવાર આનંદીબહેનનાં ખિસ્સાં ખાલી કરાવડાવ્યાં છે, જે કદાચ મારી બેપરવાહી કે અણઆવડતને આભારી છે. હવે એક જવાબદારીમાંથી તેમના મુક્ત થવાનાં ટાણે, મારી અંતરની ઇચ્છા ખરી, કે તેમની ક્ષમતાનો લાભ 'ગણતર' સંસ્થાને મળે, જેથી મારી ઘેલછામાં તેમની સક્રિય ભાગીદારીથી, મારી મર્યાદાઓ ઓછી થાય અને અમારાં સહિયારાં જીવન-દર્શનને નવી ક્ષિતિજોનો પરિચય થાય.



આજેય મારો પ્રવાસ ખર્ચ, મોબાઈલ ફોનનું બિલ અને ખીસ્સાખર્ચી આનંદીબહેન ચૂકવે છે. પરણ્યાના પ્રતાપે ત્રણ દાયકાથી પૅન્શનરૂપે મારી ખાધાખોરાકી અને કપડાંલત્તાં તેમના શિરે છે. 'ગણતર'ની શરૂઆતમાં નળસરોવર વિસ્તારનાં ગામડાઓમાં કે કચ્છના નાના રણમાં અગરિયાઓ સાથેના ક્ષેત્રકાર્યમાં ઉત્પાદકતા સાચવવા પોતે લોન લઈને બજાજ સુપર સ્કૂટર અપાવ્યું હતું. મારા એસ.ટી. અને સિટી બસ-પ્રવાસોના સમય-વ્યયની ચિંતા કરીને, રીક્ષા કે ખાનગી વાહન વાપરવા માટે છેલ્લા ઘણા સમયથી માસિક-ભથ્થાંની દર માસે પહેલી તારીખે રોકડી કરાવે છે. આનંદીબહેનની મારા માટેની આવી પ્રેમાળ કાળજીની અનુકૂળતા તેમની સંગઠિત ક્ષેત્રની નોકરીના કારણે શક્ય બની છે. આનંદીબહેનની, તેમ જ મારી સીધી અને સાદી સમજ એ છે કે, ભારતના સીધા અને આડકતરા કરદાતાઓના પૈસાથી થતી સરકારી આવકમાંથી તેમના જેવા અનેકનો પગાર થાય છે. તેથી સોંપાયેલાં કામ પ્રત્યેની નિષ્ઠા, લાભ મેળવનારાઓ (અહીં વિદ્યાર્થીઓ) પ્રત્યેની વફાદારી, નોકરી આપનાર સંસ્થાનું ઉત્તરદાયિત્વ નિભાવવાનો ધર્મ જ, ખરો ધર્મ છે. તેમાં પણ સાતમા પગારપંચ પછીનાં વેતન એટલાં સારાં છે કે, આનંદીબહેન અને હું-અમે બન્ને અસંગઠિત ક્ષેત્રમાં મહત્ત્વના પદે કામ કરતાં હોત તો કદાચ આટલી આવક થઈ જાત. આ સંજોગોમાં મારી સ્વૈચ્છિક, જાતે સ્વીકારેલી અવેતન કામગીરીની ભરપાઈ તેમના પગારમાં આપોઆપ થઈ જાય છે. ટૂંકમાં, અમારાં સહજીવનનું આર્થિક ગણિત, આવાં સંતોષ-સુખનું છે, એટલે જ હું આનંદી સુખદેવ છું.

# મમ્મી, તું તારી આત્મકથા લખવા બેસીશ તો, તારી પાસે ટૉપિક્સની કોઈ અછત નહીં હોય

**- તપન**

મમ્મી, આજે જયારે તું નિવૃત્ત થઈ રહી છે, ત્યારે હું થોડો-ઘણો તો સાક્ષી છું, તારા અત્યાર સુધીના ઘણાબધા સાહસોનો. જો તું ક્યારેક તારી આત્મકથા લખવા બેસીશ (જે એક સારો આઈડિયા છે) તો, તારી પાસે ટૉપિક્સની કોઈ અછત નહીં હોય.

તારા સમાજ કલ્યાણ બૉર્ડના કાઉન્સેલિંગના અનુભવો, જ્યારે એક રીક્ષાચાલક પણ વર્ષો પછી તને ઓળખી જાય એ ઘટના, કે ગૂજરાત વિદ્યાપીઠની પદયાત્રા અને પ્રવાસના અનુભવો/વાર્તાઓ...આ બધું મારી યાદગીરીમાં પણ જોડાઈ ગયું છે. ઘણી વાર કામના સંદર્ભમાં કે ફિલ્ડવર્ક માટે તારી જોડે પ્રવાસમાં જોડાવાનો મોકો મળ્યો છે, ત્યારે તને કામ કરતા, લોકો જોડે સંવાદ કરતા અને તારા વિદ્યાર્થીઓને ગાઇડ કરતા જોઈ છે. તે ઘણા અંશે મારા ઘડતરમાં પણ મહત્ત્વનું રહ્યું છે.

અથાગ પરિશ્રમ અને કામ માટે સમર્પિત આટલાં વર્ષો પછી, હવે સમય છે, જયારે તું તારા પોતાના માટે સમય આપે, ખૂબ પ્રવાસ કરે, નવી યાદો બનાવે અને તે બધા જોડે શૅર કરે. અને થોડો સ્વાર્થી થઈને કહું તો, મન થાય ત્યારે અમારી સાથે આવીને રહે.



# સહકર્મીઓ અને સાથીઓનાં સંભારણાં

# Anandiben has contributed a lot in social work education and practice, both locally and nationally

**- Prof. (Dr.) Aruna Khasgiwala**
(Former Dean & Head, Faculty of Social Work,
The M.S. University of Baroda)

Thanks for inviting me to write few words for Anandiben. I feel very happy to write about Anandiben, who is a very close friend of mine and I have very lovely memories of my association with her, both academically and personally. It is more than 30 years since I have known her. We have interacted so much at various fronts that it is difficult to express in few words.

I found in Anandiben, a genuine Professional, Committed Academician, who have contributed a lot in social work education and practice, both locally and nationally.

She is a true Gandhian, who is having a blend of tradition and modernity; a sincere friend always ready to help; a woman of substance, who has concern to develop Social Work Literature in Gujarati; a thorough professional with convictions in Social Work Values.

I wish All thebest to Anandiben, for the years ahead. I wish her a healthy, peaceful and productive life. A teacher never retires; I am sure she will be more active, productive and continue contributing in Social Work Profession. May all her remaining dreams and wishes come true.



## પરસ્પર પારિવારિક ભાવના વિકસે, બધા એક બીજા સાથે વધારે હળેમળે અને ટીમ-વર્કથી કામ થાય એવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો તેમણે કર્યા

**- ડૉ. અશોક પટેલ**
(વિસ્તરણ અધિકારી (રિટાયર્ડ), સમાજકાર્ય વિસ્તરણ કેન્દ્ર-ગોતા, ગૂજરાત વિદ્યાપીઠ)
(MSW વર્ષ ૧૯૮૭)

પ્રોફેસર આનંદીબહેન પટેલ સાથેનો પરિચય, ખરેખર ખૂબ જ સુખદ રહ્યો. એમના કાર્યકાળ દરમિયાન તેમણે સમાજકાર્ય વિભાગ માટે અને ગૂજરાત વિદ્યાપીઠ માટે ખૂબ જ મહેનત કરી, પરિશ્રમ કર્યો અને વિભાગને એક ઊંચી દિશા મળે તે માટેના સતત નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કર્યા. તેમના પિતાશ્રી મ.જો.પટેલ સાહેબનો વારસો તેમણે જીવંત રાખ્યો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. શ્રી આનંદીબહેન કાર્યમાં સતત ગળાડૂબ અને વિભાગની પ્રવૃત્તિઓ વિશે સતત વિચારતા રહ્યા. પોતાના ઘેર જઈને પણ વિદ્યાપીઠની અને વિભાગની પ્રવૃત્તિઓ વિશેનું ચિંતન તેઓ કરતાં રહેતાં. જ્યારે નેક કમિટી આવવાની હતી ત્યારે તેની પૂર્વતૈયારી રૂપે મને એમની સાથે વધારે નિકટતાથી કામ કરવાનો મોકો મળ્યો. તેમનાં માર્ગદર્શન અને સૂચન પ્રમાણે એ કામગીરી સતત આગળ વધતી હતી. કોને, શું, અને કેટલું કામ સોંપવું તે તેઓ કુશળતાથી નક્કી કરતાં. સવારના ૭:૦૦ વાગ્યામાં પોતાના ઘેરથી, આજે શું કરવાનું છે તેનું માર્ગદર્શન વૉટ્સએપ દ્વારા પણ જણાવતાં. એટલે તેના પરથી નક્કી થાય કે, વ્યક્તિમાં વિભાગ પ્રત્યેની, કામ પ્રત્યેની કેટલી તત્પરતા અને તાલાવેલી છે. તેમની સાથેનો સમય એ ખરેખર કામમાં કુશળતા પ્રાપ્ત કરવાનો સમય હતો. આપણે જ્યાં અટકીએ ત્યાં તેમનું પૂરેપૂરું માર્ગદર્શન મળી રહેતું હોવાથી કામને એક નવી દિશા આપવામાં ખૂબ જ સરળતા રહેતી.

સમાજકાર્ય વિસ્તરણ કેન્દ્ર-ગોતાના સંચાલનની મારી સીધી જવાબદારી નિભાવવામાં પણ તેમણે મને સતત પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે. પરસ્પર પારિવારિક ભાવના વિકસે તેમ જ, બધા વધુ ને વધુ એક બીજા સાથે હળેમળે અને ટીમ-વર્કથી કામ થાય તેવા નિષ્ઠાપૂર્વકના તેમના પ્રયાસો સતત રહ્યા છે. જ્યારે જુઓ ત્યારે કામમાં ગળાડૂબ હોય. એ વિદ્યાર્થીઓ સાથેની પ્રવૃત્તિ હોય, વિભાગ સાથેની પ્રવૃત્તિ હોય, સ્ટાફ સાથેની પ્રવૃત્તિ હોય કે કોઈ વિશેષ આયોજન કરવાનું હોય તો તેમાં એ ગળાડૂબ રસ લેતાં. નવા-નવા જે પ્રોજેક્ટ લીધા એ પ્રોજેક્ટોને પણ સારી રીતે ન્યાય મળે તે રીતે પૂરી તાકાતથી પૂરા કરવાનો એમણે સતત પ્રયાસ કર્યો છે. આનંદીબહેનને કામ કરતા જોઈને આપણને પણ જુસ્સો ચડે, આપણને પણ કામ કરવાની નવી શક્તિ મળે. એમનું સમગ્ર જીવન પ્રવૃત્તિમાં પસાર થયું છે. હવે આ નિવૃત્તિના સમય પછીના જીવનમાં પણ એમની સતત કંઈ ને કંઈ પ્રવૃત્તિ તો ચાલતી રહેવાની જ છે. પણ, આટલી બધી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ સ્વીકારવી એ સમયને આધિન છે, થોડીક અઘરી પ્રક્રિયા છે. પરંતુ, બહેન સમજણથી આયોજનપૂર્વક વ્યવસ્થા ગોઠવશે જ એવી પૂરી શ્રદ્ધા છે.

આનંદીબહેનનું જીવન પ્રવૃત્તિમય, નિરામય અને આનંદિત બની રહે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

# ગાંધીવાદી સમાજકાર્યનો, નારીવાદી વિચારધારા સાથેનો સમન્વય એટલે આનંદીબહેન

**- પ્રો.(ડૉ.) ભાવના મહેતા**
(ડીન અને હેડ, ફેકલ્ટી ઑફ સોશ્યલ વર્ક, ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ વડોદરા)

ગુજરાતનાં સમાજકાર્ય-શિક્ષણ, સમાજકાર્ય ક્ષેત્ર જગતમાં, પ્રો.આનંદીબહેન પટેલનું નામ તેમના લગભગ ચાર દાયકાના યોગદાન માટે હંમેશાં યાદ રહેશે. હંમેશ હસતો, સોનેરી મસ્તક સાથેનો ચહેરો આનંદીબહેનની ઉપમા રહી છે. મારા તેમની સાથેના સંબંધની શરૂઆત, આશરે ૨૦ વર્ષ પહેલાં, કુટુંબ સલાહકેન્દ્રની માર્ગદર્શિકા બનાવવાથી થઈ. ત્યારથી જ હું તેમનાં વિચાર, વાણી, વર્તનથી પ્રભાવિત રહી છું. ગાંધીવાદી સમાજકાર્યનો, નારીવાદી વિચારધારા સાથેનો સમન્વય એટલે આનંદીબહેન!

બહેનો, બાળકો અને વંચિત સમુદાયોનાં જીવનમાં સમાજકાર્ય થકી પરિવર્તન લાવવા માટે આનંદીબહેન સતત પ્રયાસરત રહ્યાં છે. ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગનાં વડાં તરીકે તેમના લાંબા સમયગાળા દરમ્યાન જ્યારે-જ્યારે આનંદીબહેનને મળવાનું થયું, ત્યારે એક કુશળ વહીવટકર્તા તરીકે તેમને નિહાળ્યાં છે. સાથી સહકર્મીઓ સાથેની તેમની આત્મીયતા, વિભાગને લગતી તેમની દીર્ઘ દ્રષ્ટિ તેમ જ શિક્ષણકાર્યની સાથે-સાથે સંશોધન અને તાલીમને પણ આવરી લેવાની તેમની રીતિ કાબિલેદાદ છે. સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકલન કરી, વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી તે આનંદીબહેનની આગવી ઓળખ છે.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઑફ સોશ્યલ વર્ક સાથે, બૉર્ડ ઑફ સ્ટડીઝના ફેકલ્ટી બૉર્ડના સભ્ય તથા ડિપાર્ટમેન્ટ રિસર્ચ કમિટીના સભ્ય તરીકે તેઓ ઘણાં વર્ષો સુધી સંકળાયેલાં રહ્યાં. આ સમય દરમ્યાન તેમની સક્રિયતા, પ્રગતિશીલ સૂચનો અને સહકારને ફેકલ્ટી હંમેશાં યાદ રાખશે.

સક્રિય સેવામાંથી નિવૃત્તિ, એ જીવનની વાસ્તવિકતા છે. પરંતુ, આનંદીબહેન જેવાં પ્રતિબદ્ધ કાર્યકર્તા સેવાકાર્યમાંથી ક્યારેય નિવૃત્ત ન થાય. તેમનાં અનુભવ, આવડત અને જ્ઞાનરૂપી સંપતિના ભંડાર થકી તેઓ શૈક્ષણિક, સંગઠિત, બિનસંગઠિત સંસ્થાઓ સાથે સંકળાયેલાં રહેશે. આનંદીબહેનને ભાવિ માટેની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

આનંદમાં રહો, મસ્ત રહો,
જીવનના દરેક ક્ષેત્રમાં આગળ રહો,
કુટુંબ સાથે સમય ગાળજો, શોખ બીજા પૂરા કરજો,
સાથે અમને પણ થોડા યાદ રાખજો!!

# A Few Sweet Words of Associational Memory on Retirement of Professor Anandiben Patel

**- Prof. (Dr.) Chhaya Patel (Retired)**
(Faculty of Social Work, The M.S. University of Baroda)

I feel, saying 'Good Bye' or 'Farewell' is hugely challenging – be it on account of social, personal relationship or professional association. Past memories and sentiments of having been together and/or having worked together in numerous formal and informal settings, and in various personal and professional capacities get invoked and flood the mind. Emotions defy intent and aspirations to compose a suitable text. Nevertheless, I shall make a modest attempt at it to honour and celebrate my association with Professor Anandiben.

First question that shook my memory-box was: when did I first meet her? Had it been recent or of short duration, the answer would have been easy. But I had to think hard as us in-print and face to face association dates back now to several years.Learning, teaching, mentoring, researching and publishing in the same subject of Social Work, despite being based in different Universities, became our common ground of disciplinary and academic interest, concerns, exchanges, meetings, discussions and work. Let me recall and pick some of those memories and share them here.

Professor Anandiben deeply impressed me as an excellent academician in more than one senses. Her such personal virtues and professional values as simplicity, cheerful, pleasant and welcoming demeanour, ethics, integrity, time-bound functioning, hosting and receiving all her visitors with care and warmth have left a deep imprint on me. Whenever the bitterest, critical responses, sharp comments came from her mouth, they tasted sweet and well-intended. Many online meetings of DRC for monitoring doctoral researches, selection committees, Ph.D. viva voce examinations, PG examination work of confidential nature relating to paper setting, assessment and results, in both our universities respectively, bear testimony to this sentiment, impression, image and view about her.

Howsoever, busy in her schedules of daily routine administrative work and calendared academic engagements, her doors were always open to all her visitors – be they students and colleagues of her Department and University or to me during my visits for meeting and to my doctoral students seeking her

guidance and critical comments on their work. I have witnessed her practicing these virtues, values and qualities which always reminded me of my mentors, teachers and Founders of Baroda School of Social Work such as Professors Dr. Parin Vakharia, Dr. Indira Patel, K M Sharma, Indubhai Shelat and Dr. Armaity S. Desai of TISS, Mumbai.

This eminent fraternity of scholars and academicians to which Professor Anandiben belonged never really retired. To them, the formal retirement was like the pause button. After working incessantly for about three decades, a pause is indeed desirable and recommendable to Professor Anandiben. All the lost joys and pleasures of well-deserved but much missed leisure-escapes must be now indulged in as I am doing after my retirement.

Dear Anandiben, I wish you happy retirement. Do continue to enjoy good health andnow the luxury of – "Mann Marziyaa" as they say it in Hindi!! Welcome to the "Club65"!!



# જ્ઞાન, પ્રેમ, અને શક્તિનો સમન્વય : પ્રો. આનંદીબહેન પટેલ

**- ડૉ. દામિની શાહ**
(ઍસોસિયેટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ,ગૂજરાત વિદ્યાપીઠ)

મારાં સાથી,માર્ગદર્શક, મિત્ર અને ટીમલીડર એવાં વહાલાં આનંદીબહેન,

જીવનનાં ૬૫ વર્ષ પૂરાં કરીને ડિસેમ્બર ૨૦૨૩માં નિવૃત્ત થઈ રહ્યાં છો ત્યારે, એક વાત ખાસ કહેવાની કે પૂર્વસૂરીઓની પરંપરાને સાચવી, તમારી અથાગ મહેનત સીંચીને તમે વિભાગને વધારે આગળ લઈ ગયાં છો અને વિભાગનું નામ રોશન કર્યું છે. આ માટે અમે-વિભાગ હંમેશાં તમારાં ઋણી રહીશું.

મને ૧૯૯૭થી ૨૦૦૪ સુધી વિભાગમાં મુલાકાતી-અધ્યાપક તરીકે અને ૨૦૦૫થી આજદિન સુધી સાથી-અધ્યાપક તરીકે તમારી સાથે કામ કરવાની તક મળી. તમારી સાથે કામ કરવું અને તમને કામ કરતા જોઈને એમાંથી શીખવું એ મારા જીવનનો યાદગાર સમય રહ્યો છે. તમારામાં રહેલા લીડરના ગુણોનો વિશેષ પરિચય, તમે વિભાગનાં અધ્યક્ષ બન્યાં ત્યારે થયો. તમારી નીડરતાનાં અનેક ઉદાહરણો આજે મારી આંખ સામે છે. વિદ્યાર્થીઓના પ્રવેશથી માંડીને, વિદ્યાર્થીઓના અભ્યાસના દરેક તબક્કે વિદ્યાર્થીઓની, વિભાગની અને અધ્યાપકોની સ્વાયત્તતા અને સ્વતંત્રતા જાળવી રાખવા માટે તમે હંમેશાં સજાગતાથી અને ડર્યા વિના કામ કર્યું છે. એકલા ચલો રે...

વિભાગનાં અધ્યક્ષ તરીકે, સૂતાં-જાગતાં હંમેશાં વિભાગની વાત જ તમારા મનમાં ઘૂમતી હોય. સવારથી જ તમે ઇમેલ અને વૉટ્સએપ મૅસેજ દ્વારા, વિભાગ અને કામ સંદર્ભે વિચારોનું આદાન-પ્રદાન કરતાં. કૉલેજ આવો અને અમે મળીએ એટલે વિભાગ અને વિદ્યાર્થીઓને કેવી રીતે નવા વિચારો, સર્જનાત્મક કામો, અને વિવિધ તક આપી અનુભવ કરાવવો, તેની ચર્ચા કરીને તમે દિવસની શરૂઆત કરો. ઘણીવાર તેમાં અમે આનંદથી જોડાઈએ. ક્યારેક સોંપેલું કામ ન પણ થયું હોય તો પણ, તમે કોઈને કશું જ કહ્યા વિના, કામનાં અનેક ભારણની વચ્ચે, સહેજ પણ અણગમો દર્શાવ્યા વિના શાંતિથી એ કામ તમે જ કરી લેતાં. 'સ્થિતપ્રજ્ઞ'નાં લક્ષણોને જીવનમાં ઉતારવાની કોશિશ તમે સતત કરી રહ્યાં છો.

તમારી રાહબરીમાં જ ૭ વર્ષ HIV/AIDSનો કાઉન્સેલર્સની તાલીમનો પ્રોજેક્ટ, વિદ્યાપીઠ અને વિભાગમાં ચાલ્યો. તેના કારણે ટાટા ઇન્સ્ટિટ્યૂટ(TISS) સાથેનું આપણું જોડાણ મજબૂત બન્યું. વિભાગના અધ્યાપકો તરીકે અમને TISSમાં અનેક તાલીમોમાં જવાની તક મળી અને તેમાં ઘણું શીખવા મળ્યું. 'જનપથ' અને મિત્તલબહેન પટેલ સાથે મળીને 'રાહબર' કાર્યક્રમ થકી તમે ગુજરાતની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનો પરિચય વિદ્યાર્થીઓને કરાવ્યો અને તેનું દસ્તાવેજીકરણ પણ કર્યું. પદયાત્રા થકી ગુજરાતનાં અંતરિયાળ ગામોનો પરિચય થયો અને શિબિર દ્વારા ગુજરાતનાં લોકઆંદોલનો, સામાજિક ક્રિયા અને સામુદાયિક પ્રશ્નોનો સીધો સંપર્ક થયો. સમયનું

આયોજન, કામની ચીવટ,નિયમિતતા, પ્રતિબદ્ધતા, દૂરંદેશી, ઝડપી નિર્ણયશક્તિ, જોખમ ઉઠાવવાની તૈયારી, રમૂજી સ્વભાવ અને દ્રઢ સંકલ્પશક્તિ તેમજ આત્મવિશ્વાસ જેવા એક ટીમ લીડરના ગુણો થકી, તમે આજે  વિભાગને જે ઊંચાઈ સુધી લઈ ગયા છો તેનો અમને સૌને આનંદ અને ગર્વ છે.

વિભાગમાં રિસેસ દરમ્યાન, અમે સાથે ચા પીવા બેસીએ ત્યારે વિભાગ, વિદ્યાર્થીઓ, વિવિધ પ્રશ્નો અને વિદ્યાપીઠના સંદર્ભે ઘણી વાતો-ચર્ચા થાય. ક્યારેક ગંભીર અને ક્યારેક હળવી વાતો કરીએ. આનંદીબહેન બધાની ખૂબીને આધારે સરસ નામ પાડે. ખૂબ હસાવે. ૨૦૨૪ જાન્યુઆરીથી અમને તમારી ગેરહાજરી જરૂર સાલશે.

આનંદીબહેન ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ રસ્તો કાઢી શકે, ઠંડા દિમાગથી વિચારે, ગુસ્સો ઓછો કરે પણ એમને જે યોગ્ય લાગે તે જ કરે. અમે ઘણીવાર કહીએ કે, તમારે માથે કાયમ બરફ જ રાખો છો, કોઈ ગુસ્સો કરાવે તો પણ તમે કેવી રીતે ઠંડા દિમાગથી રહી શકો છો? જોકે, એટલે જ એ સાચા નિર્ણયો પણ લઈ શકે છે.

અધ્યક્ષ તરીકેના કાર્યકાળમાં તેમને મળવા અનેક લોકો આવે. બધાને જરૂરી સમય આપે, પણ સમયનો દુરુપયોગ ક્યારેય ન કરે. નિવૃત્તિનો સમય નજીક આવ્યો, અધ્યક્ષનો ચાર્જ બદલાયો, પણ એમની કામ પ્રત્યેની નિષ્ઠા અકબંધ. સતત કામમાં વ્યસ્ત. તેમના આ સ્વભાવ અને તેમની શાખને કારણે જ વિભાગને સરકારમાંથી અનેક પ્રોજેક્ટસ મળ્યા છે અને હજુ મળતા રહે છે.

જેમણે વિભાગમાં ૨૯ વર્ષ સક્રિય રીતે કામ કર્યું, તેમના વિશે હજુ ઘણું લખી શકાય, પરંતુ બીજા ઘણાબધાએ પણ તેમનાં સંભારણાં લખ્યાં છે, એટલે અહીં છેલ્લે એટલું જ કહીશ કે,આજે જ્યારે વયનિવૃત્તિને કારણે તમે વિભાગમાંથી જઈ રહ્યાં છો ત્યારે, તમારું નિવૃત્તિ પછીનું જીવન મનગમતાં કામો કરવામાં વીતે અને દેશ- દુનિયામાં તમે ફરી શકો તેવું સ્વાસ્થ્ય તમને મળે તેવી શુભેચ્છા.



# ડૉ. આનંદીબહેન : ઉત્તમ શિક્ષક અને માર્ગદર્શક

- **ડૉ. હેમુભાઈ આર. જાંબુકિયા** (MSW વર્ષ ૧૯૯૮)
(નાયબ કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

ડૉ. આનંદીબહેનનાં વ્યક્તિત્વની ઘણી વિશેષતાઓ જોવા મળી. તેમાંની ઘણી બાબતો અભ્યાસકાળ દરમ્યાન મને સ્પર્શી ગયેલી. વિદ્યાર્થીકાળ દરમ્યાનનાં સંસ્મરણોને વાગોળું છું ત્યારે, તેમની કામ પ્રત્યેની નિષ્ઠા, ધગશ અને પ્રામાણિકતાનો ખ્યાલ આવે છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ મક્કમપણે કામ કરતા રહેવું, તે તેમના વ્યક્તિત્વનું મહત્ત્વનું પાસું છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન મને પ્રત્યક્ષ રીતે તેમનાં માર્ગદર્શન હેઠળ કામગીરી કરવાની તક મળી તે મારા માટે ખૂબ મહત્ત્વની બાબત છે. આ બાબતો થકી વ્યવસાયિક રીતે મને ઘણું શીખવા મળ્યું છે. અભ્યાસકાળ દરમ્યાનના મારા કેટલાક અનુભવ ટૂંકમાં રજૂ કરું છું.

સમાજકાર્યના પ્રથમ વર્ષમાં 'સેતુ કાર્યક્રમ' પૂર્ણ થયા બાદ ક્ષેત્રકાર્ય માટે માર્ગદર્શકની ફાળવણી થઈ. તેમાં ડૉ. આનંદીબહેન. ક્ષેત્રકાર્યનાં મારાં માર્ગદર્શક તરીકે મળ્યાં. ક્ષેત્રકાર્યનાં માર્ગદર્શન માટે તેમને પ્રથમ વખત મળવાનું થયું. પ્રથમ દિવસે તેમણે ક્ષેત્રકાર્ય અંગે માહિતી આપી, વર્ષ-૨નાં વિદ્યાર્થીઓ સાથે ક્ષેત્રકાર્યનાં ગામો, ગોતા અને ઓગણજમાં જવાનું થયું. શરૂઆતમાં ક્ષેત્રકાર્ય વિશે ખ્યાલ ન હોવાથી લોકસંપર્ક કરવામાં મુશ્કેલી થતી. ક્ષેત્રકાર્યમાં જતાં પહેલાં થયેલી, અને કરવાની કામગીરીની ચર્ચા, ક્ષેત્રકાર્યનાં માર્ગદર્શક ડૉ. આનંદીબહેન સાથે થતી. તેઓ ખૂબ જ સરળ રીતે લોકસંપર્કનાં માધ્યમો, ક્ષેત્રકાર્યમાં સમાજકાર્યની પદ્ધતિઓના ઉપયોગ તેમ જ આંતરિક અને બાહ્ય સંસાધનો વિશે માહિતી આપતાં. વર્ગશિક્ષણમાં પણ તેઓ વિષયની ખૂબ જ ઊંડાણપૂર્વક ચર્ચા કરતાં અને વિદ્યાર્થીઓને જે-તે વિષયની સમજ આપતાં. સમાજકાર્યની સૈદ્ધાંતિક બાબતો અને પ્રત્યક્ષ કાર્યનું જોડાણ, તેઓ ખૂબ જ સરળ રીતે ઉદાહરણો સાથે કરતાં.

ઓગણજ ગામમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન, મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજ્યો હતો. આ દિવસે અમે ક્ષેત્રકાર્યમાં નિયત સમય કરતાં વહેલાં ગયાં. ગામમાં પહોંચ્યા કે તરત જ વરસાદ શરૂ થયો. વરસાદ થવાનાં કારણે કાર્યક્રમ થશે કે કેમ ? ડૉ. આનંદીબહેન અને વિષય-નિષ્ણાત આવશે કે કેમ ? વરસાદનાં કારણે ગામમાંથી મહિલાઓ આવશે કે કેમ ? આવા સવાલો અમને થયા. તે વખતે સંપર્ક માટે ખૂબ જ મર્યાદિત સાધનો હતાં. સવારના અગિયાર કલાકે સમાજકાર્ય વિભાગના વડા શ્રી રાજેન્દ્રભાઈ જાની (રા.જા.) સાથે ફોન ઉપર વાત થઈ. તેમને અમે વરસાદની પરિસ્થિતિથી વાકેફ કર્યા. તેમણે ડૉ. આનંદીબહેનને વાત કરી. ડૉ. આનંદીબહેને વિના વિલંબે ઓગણજ ગામના સરપંચશ્રીનો સંપર્ક કરી, અમારી સાથે વાત કરી અને જણાવ્યું કે આયોજન મુજબ અમે પહોંચી જઈશું. ચાલુ વરસાદમાં ઓગણજ ગામમાં આવવાં-જવાનાં નહિવત સાધનો હતાં. કોઈ ઑટોરીક્ષા-ચાલક પણ ઇન્કમટેક્સથી ઓગણજ ગામમાં આવવા તૈયાર થતા નહોતા. તેમ છતાં,

તેઓ કાર્યક્રમના સ્થળે વિષય-નિષ્ણાતને લઈને સમયસર પહોંચી ગયાં અને મહિલા જાગૃતિ કાર્યક્રમ થઈ શક્યો. તેઓ તે વખતે ત્યાં આવવાની ના પાડી શક્યાં હોત, પણ તેઓ મુશ્કેલી વેઠીને પણ ત્યાં પહોંચ્યાં તેનો અમને ખૂબ આનંદ સાથે સંતોષ થયો. તેમણે કાર્યક્રમ દરમિયાન અમને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં.

અહેવાલ-લેખન પણ તેમની પાસેથી શીખવા મળ્યું. અહેવાલ વાંચનારને તે વાંચતાં-વાંચતાં, તેમાં વર્ણવેલું દ્રશ્ય નજર સામે તરી આવે એવો અહેવાલ હોવો જોઈએ એવું તેઓ હંમેશાં કહેતાં. કોઈ ઘટના, પ્રસંગ કે વ્યક્તિ વિશે વિદ્યાર્થીઓ, સહકાર્યકરો કે અન્ય કોઈ પણ વ્યક્તિ તેમને રજૂઆત કે ફરિયાદ કરે, તો તેઓ જ્યાંસુધી રજૂઆત કે ફરિયાદ અંગેની હકીકતો અને તથ્યોની પૂરેપૂરી ચકાસણી ન કરે ત્યાં સુધી તેઓ તેમનો અભિપ્રાય કે નિર્ણય આપે નહીં. ચકાસણી કર્યા બાદ નિર્ભય રીતે તેમનો અભિપ્રાય કે નિર્ણય આપે અને તેમાં તેઓ અડગ રહે. સમાજકાર્યની સૈદ્ધાંતિક બાબતો, સમાજકાર્યની આચારસંહિતા વગેરે બાબતોનું અનુસરણ ડૉ. આનંદીબેનના વ્યવસાયિક અને સામાજિક જીવનમાં જોવા મળે. તેમના વ્યક્તિત્વની ઘણી વિશેષતાઓ જોવા અને શીખવા મળી.

તેઓ નિવૃતિમાં સદાય પ્રવૃત્તિમય રહે અને તેમનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહે તેવી પ્રભુને પ્રાર્થના.

ડૉ. આનંદીબહેનની વયનિવૃત્તિ સમયે તેમનાં સંભારણાં લખવાની, સૌને ઉમદા તક મળી તે બદલ અભિવાદન સમિતિનો આભાર.



# વિદ્યાર્થીઓ પાસે SWOT ઍનાલિસિસ કરાવી, પોતાની મર્યાદાઓ, ખામીઓ જાણવાનું ખુલ્લાપણું દાખવનાર અમારાં આદરણીય અધ્યાપક આનંદીબહેન

**- ડૉ. હિતેશ જાગાણી**
(MSW વર્ષ ૨૦૦૫)

આદરણીય આનંદીબહેન સાથેનો પ્રથમ પરિચય ૨૦૦૩માં ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એસ.ડબ્લ્યુ.ની મૌખિક પરીક્ષા વખતે થયો એવું મારું સ્મરણ છે. આનંદીબહેન સાથેનાં મારાં ૨૦ વર્ષનાં સંભારણા, વિદ્યાર્થી, સાથી કર્મચારી અને માર્ગદર્શન મેળવનાર તરીકેનાં રહ્યાં છે. એમ એસ.ડબ્લ્યુ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવતા 'સેતુ કાર્યક્રમ'નાં તેઓ સંચાલિકા હતાં. એ વખતે તેમણે સમાજકાર્યના વિવિધ વિષયોને તથા ક્ષેત્રોને આવરી લઈને વક્તાઓની પસંદગી કરી હતી.

આનંદીબહેનમાં નામ પ્રમાણેના ગુણ મને જોવા મળ્યા છે. તેમનું વ્યક્તિત્વ જોઈએ તો તેમના ચહેરા પરનું સ્મિત, આપણા પ્રત્યેનો હંમેશાં આદર, ક્યારેક મજાક-મસ્તી પણ કરી લે. ભૂલ કરતા હોઈએ ત્યારે ટપારે પણ ખરા. શિક્ષક તરીકે તેમના પોતાના સ્વતંત્ર વિચારો મને કાયમ ગમ્યા છે, જેના કેન્દ્રમાં હંમેશાં વિદ્યાર્થીઓ જ હોય. સતત પરિવર્તનશીલ વિચારધારા, તાર્કિક અને આલોચક દ્રષ્ટિ અને ઠરેલ વ્યક્તિત્વ. આપણને ધ્યાનથી સાંભળવાની ક્ષમતા ધરાવતાં અને કાયમ નવીન કેડીઓ કંડારનાર, જીવનમાં સતત જીવંતતા અને સંવેદના જ જોવા-શીખવા મળે. તેમનું જીવન અને વર્તન હંમેશાં પ્રેરણાદાયી, વિષય પ્રત્યેની ઊંડી સમજ, નિયમિતતા, સ્પષ્ટ વક્તા, નિર્ભયતા, જોખી જોખીને બોલવું, મહેનતુ, સંશોધક, વાતમાં દ્રઢતા, સરળતા, સત્યનો રણકાર, પ્રયોગશીલ, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, કામની ચીવટ, મૂલ્યનિષ્ઠા, અભ્યાસનિષ્ઠા, સૌજન્યપૂર્ણ અને ગરિમાપૂર્ણ વ્યક્તિત્વ વગેરે તેમની આગવી વિશેષતાનાં મને કાયમ દર્શન થયાં છે.

એમ.એસ.ડબ્લ્યુ. કરતી વખતે યોગાનુયોગ વર્ષ એક અને બેમાં તેઓ મારા ક્ષેત્રકાર્ય, કેન્દ્ર-નિવાસ અને શોધ-નિબંધનાં માર્ગદર્શક હતાં. ક્ષેત્રકાર્યમાં જતાં પહેલાં અને ક્ષેત્રકાર્ય પૂર્ણ કરી આવ્યા બાદ તેમનું નિયમિત માર્ગદર્શન મળતું. અમદાવાદનું ગોતા ગામ એ મારા ક્ષેત્રકાર્યનું ગામ હતું. તેઓ અમારી સાથે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડની ભૂમિકા નિભાવતાં. માર્ગદર્શક તરીકે નિયમિત મળે, સમય આપે, ચર્ચાઓ કરે, વિદ્યાર્થી તરીકે મનમાં ઊભા થતા પ્રશ્નોના અભ્યાસપૂર્ણ ઉત્તરો આપે, સામેથી કેટલુંક કામ પણ સોંપે. મને જ્યારે સમય મળે ત્યારે તેમને મળવા હું પહોંચી જતો. મને યાદ છે કે, વર્ષના અંતે તેમણે પોતાનું SWOT ઍનાલિસિસ વિદ્યાર્થીઓ પાસે કરાવ્યું હતું. તેમાં તેમની મર્યાદાઓ, ખામીઓ વિશે જણાવવા કહ્યું હતું. મેં હિંમતપૂર્વક તેમની મર્યાદાઓ જણાવી હતી. આ માટે તેમણે મને બિરદાવ્યો હતો. મને નિર્ભયતાનો ગુણ એમની પાસેથી શીખવા મળ્યો. તેઓ હંમેશાં સલાહ આપતા કે, "કોઈનાથી પ્રભાવિત ન થાવ, આલોચનાત્મક બનો, કુશળતાપૂર્વક કામ કરો અને સજ્જ બનો."

જન્મજાત નખશિખ અધ્યાપિકા. એક આદર્શ અધ્યાપક તરીકેના ગુણો મેં તેમનામાં જોયા છે. એમને તો એ વારસામાં પણ મળ્યું. પૂરી તૈયારી કરીને ભણાવવાં આવે. ઊભાં ઊભાં જ ભણાવે. સમાજકલ્યાણ વહીવટ, આદિવાસી કલ્યાણ, ગાંધીજીના અભિગમથી સમાજકાર્ય, અનુસૂચિત જાતિ-કલ્યાણ, પર્યાવરણ એ એમના રસના વિષયો. કુશળ અધ્યાપિકા તરીકે વિષય અંગેનું સ્પષ્ટ અને ઊંડું જ્ઞાન. ભણાવે તે બધું જ સમજાય, ગળે ઉતરે, દાખલા દલીલો સાથે ભણાવે. પરીક્ષા વખતે પેપરો પણ સારી રીતે લખી શકાય. વર્તમાન ઘટનાઓને સૈદ્ધાંતિક જ્ઞાન સાથે જોડી આપે, આલોચના પણ કરે, અસ્ખલિત વહેતી વાણીનો પ્રવાહ અને સ્પષ્ટ ઉચ્ચારણ.

અમે ભણતા એ વખતે રિફ્રેશર કોર્સ કરવા માટે ટાટા ઇન્સ્ટિટયૂટ ઑફ સોશિયલ સાયન્સ-મુંબઈ ગયેલા અને એમના અનુભવોનું વર્ણન વર્ગખંડમાં કરતા. મને યાદ છે કે, પ્રથમ વર્ષ દરમિયાન નઇ તાલીમ વિષય પર મને અસાઇન્મેન્ટ આપવામાં આવેલું. મારી જિંદગીમાં પહેલીવાર મેં તેમને જણાવેલું કે, આ વિષય અંગે વર્ગમાં હું ભણાવીશ. તેમણે મારી વાતનો સ્વીકાર કરી એક વિદ્યાર્થી તરીકે મને વર્ગમાં ભણાવવાની તક આપી. તેમના પ્રતિભાવમાં આનંદીબહેને એવું કહ્યું કે, “એક અધ્યાપકની અદાથી તમે ભણાવ્યું છે.” આ રીતે તેમણે મને પ્રોત્સાહિત કરેલો અને મારો જુસ્સો વધારેલો.

તેમના વર્ગની હું હંમેશાં આતુરતાપૂર્વક રાહ જોતો. એકદમ રસાળ શૈલીમાં ભણાવે. સારી રીતે સમજાઈ જાય. પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો વાંચવાની પ્રેરણા મને એમના થકી મળી. અધ્યાપક તરીકે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જગાડવાનું કાર્ય કરતાં મેં તેમને જોયાં છે. વ્યક્તિગત કાળજી-સંભાળ પણ રાખે, કેન્દ્રનિવાસ દરમ્યાન મને વીંછી કરડેલો, બહેનને ખબર પડી કે તરત જ ફોન કરીને ખબર-અંતર પૂછ્યા. જે  મારા પ્રત્યેની એમની વિશેષ લાગણીને પ્રદર્શિત કરે છે. હું જ્યારે પીએચ.ડી.નો માર્ગદર્શક બન્યો ત્યારથી સંશોધન અંગેની કોઈ પણ મૂંઝવણ હોય, તેમાં તેમનું નિયમિત માર્ગદર્શન મળતું રહ્યું છે. હું ઘણીવાર તેમને મજાકમાં કહેતો પણ ખરો કે, ‘તમે માર્ગદર્શકના પણ માર્ગદર્શક છો’. જ્યારે પણ તેમની સાથે ટૅલિફોનિક કે રૂબરૂ વાત થાય ત્યારે કશુંક નવું જાણવાં-શીખવાં-સમજવાં મળે જ મળે.

હું એમ.એસ.ડબ્લ્યુ.નો અભ્યાસ પૂર્ણ કરી અધ્યાપક તરીકે જોડાયો ત્યારે એમણે કહેલું કે, “વિદ્યાર્થી કાળમાં મને લાગતું હતું કે તમે અધ્યાપક બનશો.” પછીથી તેઓ મારાં કાયમી માર્ગદર્શક, આદર્શ અને પ્રેરણાસ્રોત રહ્યાં છે. એમના થકી મને અધ્યયન ક્ષેત્રે કારકિર્દી બનાવવાની પ્રેરણા મળી. ખેડૂત-પુત્ર અને ગામડાના વિદ્યાર્થી તરીકે મારા જીવન-ઘડતરમાં આનંદીબહેનનો ફાળો અનન્ય રહ્યો છે એવું હું સ્પષ્ટપણે માનું છું.

આનંદીબહેન સમાજકાર્ય વિભાગના અધ્યક્ષા બન્યાં બાદ વિભાગને એક ઊંચાઈ સુધી લઈ જવામાં દિવસ-રાત જોયા વગર અથાગ મહેનત કરી પોતાની જાતને ખર્ચી નાખી. તેઓ વિભાગમાં વહેલા આવે, મોડા જાય. વૅકેશનમાં કામ કરે ને ઘરેથી પણ કામ કરે. આ સમયગાળામાં નવા અભ્યાસક્રમની રચના, મનોચિકિત્સકીય અભ્યાસક્રમની શરૂઆત, સેતુ કાર્યક્રમ, ક્ષેત્રકાર્ય, કેન્દ્ર-નિવાસ, શિબિર, પ્રવાસ, પદયાત્રા, શોધનિબંધ વગેરેમાં ગૂજરાત વિદ્યાપીઠનાં ધ્યેયો સાથેનો અનુબંધ બાંધી નાવીન્ય લાગુ કરવાનો શ્રેય માત્ર ને માત્ર આનંદીબહેનને જાય છે. માટે તેમની

આગવી કાર્યશૈલીનો હું પ્રશંસક રહ્યો છું. અધ્યાપક તરીકે તેમણે ગૂજરાત વિદ્યાપીઠની પરંપરા જાળવી રાખી નવી કેડીઓ કંડારી છે. એ બધામાં આપણને એમની આગવી સૂઝનાં દર્શન થાય છે. પીએચ.ડી.નાં માર્ગદર્શક તરીકે સમાજકાર્યના મહત્ત્વના વિષયો અંગે તેમણે કામ કરાવ્યું છે. અધ્યાપિકા, અધ્યક્ષા તરીકેનો તેમનો કાર્યકાળ સરાહનીય રહ્યો છે. સમાજકાર્ય વિભાગ, બીજા વિભાગો કરતાં આપણને અલગ પણ લાગે. તેનો શ્રેય આનંદીબહેનને જાય છે. ક્યાંય પાછાં પડ્યાં વગર 'એકલો જાને રે...' સૂત્રને એમણે સાર્થક કર્યું છે. અમારા જેવા અનેક વિદ્યાર્થીઓ તૈયાર કરવામાં તેમનો ફાળો અનન્ય રહ્યો છે.

હું જ્યારે ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કૉલેજમાં નોકરી કરતો એ વખતે સમાજકાર્ય વિષયના ઍડહોક બૉર્ડના વિષય-નિષ્ણાત તરીકે આનંદીબહેન સાથે કામ કરવાનો મોકો મળ્યો હતો. એ વખતે તેમના દ્વારા અભ્યાસક્રમની રચના બાબતે હંમેશાં રચનાત્મક સૂચનો મળતાં તે પણ આ તબક્કે યાદ આવે છે.

આનંદીબહેન એટલે આનંદીબહેન. તેમની ઉપમા તેમની સાથે જ આપી શકાય. તેમનો કોઈ વિકલ્પ ન હોઈ શકે. આનંદીબહેન એટલે એક બહુમુખી પ્રતિભા. સમાજકાર્યના ક્ષેત્રે કામ કરતા લોકો માટે આનંદીબહેનનું નામ ભાગ્યે જ અજાણ્યું હશે. તેમનું વ્યક્તિત્વ અને વક્તવ્ય, બંને પ્રભાવિત કરે તેવાં. વ્યવસાયિક સમાજકાર્યના ક્ષેત્રે, શિક્ષણના ક્ષેત્રે તેમનું પદાર્પણ અનન્ય. તેમના દ્વારા સમાજકાર્ય વિષયનું ગુજરાતીમાં અભ્યાસપૂર્ણ 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો' પુસ્તક પ્રાપ્ત થયું અને સમાજકાર્ય વિષયમાં રહેલી ખોટ એમણે પૂર્ણ કરી. તેમનો નિવૃત્તિકાળ વિશેષ પ્રવૃત્તિમય, નિરામય, સર્જનાત્મક બને તેવી શુભેચ્છાઓ સાથે વંદન.



# સંભાળ અને જવાબદારીનો અદ્ભુત સમન્વય એટલે આનંદીબહેન

- ડૉ. ઈશાની પટેલ
(MSW વર્ષ ૨૦૦૬)

જીવનમાં ઘણાં બધાં અમૂલ્ય સંભારણાં હોય છે, જેને આપણે સૌ આપણી યાદોના પિટારામાં સાચવીને બેઠા છીએ. અનેક વ્યક્તિઓ સાથેની ખાટીમીઠી યાદો અને તેમાંથી કેટલાંક અમૂલ્ય અને ન ભૂલાય તેવા લોકોનો એક ચોક્કસ પ્રભાવ આપણા જીવનને સ્પર્શે છે, જે આપણા વ્યક્તિત્વની સારપમાં વધારો કરે છે. આમાંના જ એક એટલે મારાં પ્રિય અધ્યાપક ડૉ. આનંદીબહેન પટેલ.

મને તેમણે ભણાવી અને એમની જ સાથે કામ કરવાની પણ તક પ્રાપ્ત થઈ. માટે મેં તેમને એક શિક્ષક તરીકે તો અનુભવ્યાં જ છે, એની સાથે-સાથે એક કુશળ અને કર્મનિષ્ઠ વિભાગીય અધ્યક્ષ તરીકે પણ જોયાં અને સમજ્યાં છે. હું તેમના હાથ નીચે તૈયાર થઈ છું અને સમાજકાર્યના પ્રૉફેશનમાં જે પણ કરી રહી છું અને આગળ કરીશ તેમાં તેમનું ખૂબ મોટું યોગદાન છે તેમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

વિદ્યાર્થીકાળ અને ત્યાર બાદ તેમની સાથે કામ કરવાના સમયગાળા દરમ્યાન મેં તેમને સતત સમય અને વ્યવસાયિક ક્ષેત્રની માંગને અનુરૂપ વિકસતાં જોયાં છે. એક શિક્ષક તરીકે, અધ્યક્ષ તરીકે, ટીમ લીડર તરીકે, સહકર્મચારી તરીકે, વહીવટકર્તા તરીકે, ગૂજરાત વિદ્યાપીઠ સંસ્થાનાં સેવક તરીકે અને એક ઉત્તમ વ્યક્તિ તરીકે, દરેક ભૂમિકામાં સતત પોતાનું ઉત્તમ આપવાનો તેમનો પ્રયત્ન રહ્યો છે. મેં તેમને તેમનાં કામ પ્રત્યે ખૂબ જ સમર્પિત (Dedicated) જોયાં છે. એટલે જ તેમણે વિભાગને,



કામનું એક આદર્શ વાતાવરણ (Best Work Environment) પૂરું પાડ્યું છે. દરેક અધ્યાપકને કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા, જરૂર પડે ત્યાં યોગ્ય માર્ગદર્શન અને જો કદાચ ધાર્યાં પરિણામો ન મળે તો અધ્યક્ષ તરીકે સંપૂર્ણ જવાબદારી પોતાના પર લેતાં મેં તેમને જોયાં છે. એક કુશળ ટીમ લીડર તરીકે મેં તેમને અઘરા સમયમાં ખૂબ જ સૂઝ દાખવીને નિર્ણય લેતાં જોયાં છે અને તે નિર્ણયમાં તેમને ક્યારેક શરૂઆતમાં એકલાં જ ઝઝૂમતાં પણ જોયાં છે. તેઓ વિભાગ અને વિદ્યાર્થીઓ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત રહ્યાં છે. તેઓએ હંમેશાં તેમના દરેક નિર્ણય સમાજકાર્યના વિદ્યાર્થીઓ સતત વિકસે, એક ઉત્તમ સમાજોપયોગી સામાજિક-કાર્યકર બને અને ઉત્તમ વ્યક્તિ બને તે ધ્યાનમાં રાખીને લીધા છે. કાર્યમાં અને જીવનમાં સમાયોજન કેટલું મહત્ત્વનું પરિબળ છે તે હું તેમની પાસેથી શીખી છું, જેણે મને મારા જીવનના દરેક પડાવને સ્વીકારતા શીખવાડ્યું છે.

દરેકને સાથે લઈને ચાલવાનો તેમનો અભિગમ, દરેકમાં પડેલી ક્ષમતા અને શક્તિ મુજબનું કામ સોંપવાની તેમની કુનેહ, પોતાની વાત અને વિચારો ખૂબ જ સ્પષ્ટ તેમ જ ધારદાર રીતે રજૂ કરવાની તેમની કુશળતા, તેમની નિર્ણયશક્તિની ચપળતા, એ બધા ગુણોથી હું સતત પ્રભાવિત થતી રહી છું. તેમને જો એક વાક્યમાં મારે define કરવા પડે તો હું કહીશ “My Work is My Worship.”

Dear Anandi Ma’am.

It has been a Pleasure to be your student and it was my privilege and blessing of universe that I also got chance to work with you. I Know that you are a person, who cannot survive without work, so my Best Wishes to You Ma’am for your ongoing journey of work. Always Stay Happy & Healthy Ma’am. Love You Ma’am.

# Prof. Anandiben possesses a profound understanding of curriculum development, pedagogical methodologies, and student engagement strategies

**- Prof. (Dr.) Jagdish Solanki**

(Former Dean & Head, Faculty of Social Work,
The Maharaja Sayajirao University of Baroda)

It is a matter of pleasure, pride and privilege to pen down few lines of appreciation in favour of Prof. Anandiben Patel. I have worked with her as colleague, member in board of studies, member in board of examiners and member of Departmental Research Committee and many such forums.

Her dedication, leadership, andinvaluable contributions to the Department of Social Work at Gujarat Vidyapith-Ahmedabad have left an indelible mark.During my interactions with her, I have seen the very good administrative and academic acumen. In the realm of administration, she has consistently demonstrated a keen ability to streamline processes, allocate resources efficiently, and foster a collaborative environment. She has effectively demonstrated her leadership as Head of the Department showcasing a strategic mindset and a knack for problem-solving, whether it's optimizing workflow, workload or implementing innovative solutions. She consistently has ensured smooth operations within her purview.

As she embarks on the journey of retirement, it's a moment to reflect on her remarkable contributions to social work education and the profession. Her authored books in the Gujarati language stand as a testament to her commitment and expertise, enriching the field with valuable insights. Her efforts to author social work literature in Gujarati language will be recorded as a beacon of inspiration for those dedicated to advancing social work in rural areas of Gujarat.

On the academic front, Prof. Aanandi Patel has played a pivotal role in elevating educational standards. She possesses a profound understanding of curriculum development, pedagogical methodologies, and student engagement strategies. Her commitment to academic excellence is reflected in long period of headship, which has positively impacted both students and department. Furthermore, she has excelled in fostering a collaborative and inclusive academic environment, encouraging interdisciplinary dialogue and nurturing a culture of continuous improvement.

Acknowledging her pivotal role in establishing the local association of professional social work educators and practitioners, her leadership in addressing critical issues and fortifying social work education and the profession is commendable. This initiative stands as a testament to her commitment to the betterment of our field.

In summary, she has been an outstanding individual, whose blend of administrative prowess andacademic insight has significantly contributed to the success of Gujarat Vidyapith- Ahmedabad. Her dedication to excellence sets a benchmark for others to follow, making her an invaluable asset to our academic community and professional fraternity.

Her literary legacy will undoubtedly inspire future generations. Wishing her a fulfilling and well-deserved retirement, knowing that her contribution will continue to inspire those passionate about social work.



# કાર્યક્ષેત્રમાં નિપુણતાની સાથેસાથે, પ્રેમ અને વ્યવહારિકતા પણ વાત્સલ્યમૂર્તિ આનંદીબહેનની પ્રતિભામાં જોવા મળે

**- ડૉ. જયશ્રી નિખિલેશ દેસાઈ**
(મૈત્રી વિદ્યાપીઠ –સુરેન્દ્રનગર)

આદરણીય શ્રી આનંદીબહેન પટેલ મારાથી ઘણાં સિનિયર. તેમની સાથે પરિચય થયો ૨૦૦૭માં, જે આજદિન સુધી અકબંધ છે. અનેક સંભારણાં છે એ મૈત્રીનાં. એક વ્યક્તિ તરીકે, એક અધ્યાપક તરીકે, એક વહીવટકર્તા તરીકે તેમના વિભિન્ન વ્યક્તિત્વનો પરિચય થયો. તેમની સાથે પરીક્ષાલક્ષી કાર્ય કરવાની તક મળી, ત્યારે તેમની ચોક્કસતા, મક્કમતા અને સ્પષ્ટ ખ્યાલો સાથેના વિચારોનાં હંમેશાં દર્શન થયાં છે. જીવનમાં સાદગી અને ઉચ્ચ વિચારોથી સભર તેમનું વ્યક્તિત્વ છે. કાર્યક્ષેત્રમાં નિપુણતા અનેકમાં જોવા મળે, પણ તેની સાથે પ્રેમ અને વ્યાવહારિકતા બધામાં જ્વલ્લે જ જોવા મળે, પણ વાત્સલ્યમૂર્તિ આનંદીબહેનની પ્રતિભામાં તે જોવા મળ્યું છે. તેમની આદર–સત્કારની ભાવનાને માણી છે. તેઓ વ્યક્તિ કે સંસ્થાને પિછાણવાની એક આંતરસૂઝ ધરાવે છે. નિષ્ઠા અને પ્રામાણિકતાનું પલ્લું હંમેશાં કોઈ પણ ભોગે તેમણે ઊંચું જ રાખ્યું છે.

પિતાશ્રી મ.જો.પટેલ અને પતિશ્રી સુખદેવભાઈનું સાનિધ્ય જેમને સાંપડ્યું છે, તે હંમેશાં તેજોમય જ હોય!! તેમનામાં રહેલી આંતરિક શક્તિને વાતાવરણે–પરિવારે બહુ મોટું બળ પૂરું પાડ્યું છે.

આનંદીબહેનની નિવૃત્તિ સમયે એટલું જ પ્રાર્થું કે, તેઓ સદાકાળ પ્રવૃત્ત રહી શકે તેવું નિરામય સ્વાસ્થ્ય તેમને પ્રાપ્ત થાય. અમ જેવા અનેક માટે પ્રેરણાનો સ્રોત બનતાં રહે. અનેકગણી શુભકામનાઓ.... વાત્સલ્યમૂર્તિ આનંદીબહેનને.



## We all learned a lot from your compassionate and wise counsel

**- Kirtee Shah**
Architect
(ASAG)

I am delighted that your distinguished career-long service to the student-community and education field is being celebrated by colleagues, students and the institution on your retirement. Kind of individual that you are and nature of commitment that you bring to your work make you a rich deserver of this affection and honour. It is our privilege that through Childline, my colleague and I had the occasion to know and work with you. We all learned a lot from your compassionate and wise counsel. Wish you health and happiness in your new journey in retired life.



# આનંદીબહેને હજારો યુવક-યુવતીઓનાં જીવનમાં પ્રકાશ પાથર્યો છે

**- પ્રો.(ડૉ.) મગનભાઈ પરમાર**
(એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા)

આનંદીબહેન એટલે હંમેશાં આનંદમાં રાખનાર, કાળજી લેનાર, સંભાળ રાખનાર અને નાની બાબતોનું ચીવટથી ધ્યાન રાખનાર...આનંદીબહેન એટલે વિરલ, યશસ્વી, કુશળ વ્યક્તિત્વ...સાચો અભિપ્રાય આપનાર અને સાચું બોલવાવાળા...સમાજકાર્ય વ્યવસાયમાં જાણીતું નામ, સતત વ્યવસાયિક સમાજકાર્યને આગળ ધપાવવા પ્રયત્નશીલ, કાર્યશીલ અને જાગૃત...ગૂજરાત વિદ્યાપીઠનો મહાદેવ દેસાઈ સમાજકાર્ય વિભાગ અને આનંદીબહેન બન્ને ખૂબજ તંદુરસ્ત રીતે જોડાયેલ...સંસ્થાની પ્રગતિ એજ સ્વ-પ્રગતિની ભાવના કેળવી, સતત સંસ્થાનાં હિત તથા વિદ્યાર્થીઓનાં હિતની કાળજી રાખતાં.

'નયામાર્ગ' પાક્ષિક અને ગુજરાતની પ્રગતિશીલ સામાજિક સંસ્થાઓ દ્વારા ૧૯૮૮-૮૯ના અરસામાં, અમદાવાદમાં અત્યાચાર ધારા અંગે એક સેમિનાર યોજાયો હતો. તેમાં વડોદરાથી પ્રો.જગદીશભાઈ તથા હું તેમને પહેલીવાર મળેલા. અમે ખૂબ ચર્ચા કરી અને ત્યારપછી સારા મિત્રો બન્યા.

આનંદીબહેન સાથે એમ.એસ.ડબ્લ્યુ. તથા પીએચ.ડી.ના વાયવામાં તેમ જ બૉર્ડ ઑફ સ્ટડીઝ વગેરેમાં કામ કરવાનું થયું. તેમની સાથે કામ કરવાની ખૂબ મજા આવતી.તેમનો અલગ વિચાર, ઊંડી સમજ અને બહુ વ્યવહારુ સ્વભાવ, તેમના વ્યક્તિત્વને આગવું બનાવે. ચાઇલ્ડ લાઈન (૧૦૯૮) પ્રોજેક્ટમાં સાથે કામ કર્યું. અમે ચાઇલ્ડ લાઈન તરફથી ગોવામાં ત્રણ દિવસ તાલીમમાં સાથે રહ્યા. આનંદીબહેન દરેક પ્રવૃત્તિમાં હિસ્સેદારી નોંધાવતાં, બોલતાં, અનુભવ રજૂ કરતાં અને બૌદ્ધિક રમતોમાં પણ ભાગ લેતાં. મને એ ત્રણ દિવસો હજુ પણ યાદ આવે છે. આનંદીબહેન વિના સંકોચે પોતાની વાત બધાને સમજાવતાં અને આનંદ કરાવતાં. છેલ્લે દિવસે એમના વિશે લોકોએ ખૂબસુંદર પ્રતિભાવો આપ્યા હતા.

આનંદીબહેન વિદ્યાર્થીઓમાં પણ ખૂબ જ પ્રિય. વિદ્યાર્થીઓની વ્યક્તિગત કાળજી રાખે, ખખડાવે અને વિદ્યાર્થીઓને પ્રેમ પણ એટલોજ કરે. વિદ્યાર્થીને હંમેશાં નામથી બોલાવે, તેમને ભણવામાં મુશ્કેલી હોય તો સમજે અને મદદગાર બનીને વિદ્યાર્થીના જીવન-પરિવર્તનમાં મદદરૂપ બને. આનંદીબહેને હજારો યુવક-યુવતીઓનાં જીવનમાં પ્રકાશ પાથર્યો છે. ઘણાંનાં જીવન ઉજ્જ્વળ બનાવ્યાં છે. આનંદીબહેન એક સારાં વ્યાખ્યાતાની સાથે સારાં લેખક પણ ખરાં. સમાજકાર્યમાં બહેનના લેખો અને અન્ય લખાણો અતિ ઉત્તમ... સમાજકાર્યને લગતાં ગુજરાતી પુસ્તકોની યાદી બનાવીએ તો એમાં આનંદીબહેનનું નામ અચૂક આવેજ.

ગુજરાતમાં વ્યવસાયિક સમાજકાર્યકરો એક થાય, તેમનું સંગઠન થાય તે માટે તેઓ સતત કાર્યશીલ રહ્યાં. તેઓ ગુજરાતમાં સમાજકાર્ય માટે કાઉન્સિલ બનાવવા ઇચ્છતાં હતાં. મને લાગે છે કે, સમાજકાર્યના બધા વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ જો કામે લાગે, તો જરૂરથી આ કાઉન્સિલ બનાવવાનું કામ આગળ ધપે.

આનંદીબહેન સદાય આનંદમાં રહે, લોકોને ઉપયોગી કાર્યો કરતાં રહે અને સારા લેખો લખતા રહે,તેમનું સ્વાસ્થ્ય સારું રહે એજ અભ્યર્થના.આનંદીબહેનને સમર્પિત આ પંક્તિ...

“ઇન્સાન વો નહિ, જો હવા કે સાથ ચલતા હૈ;ઇન્સાન વો હે, જો હવા કા રુખ બદલતા હૈ.”



# સ્વાયત્તતા અને સ્વતંત્રતાની સમજણ ધરાવતું વ્યક્તિત્વ એટલે ડૉ.આનંદીબહેન

**- ડૉ. મનોજ પરમાર**
(એસોસિયેટ પ્રોફેસર, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ)

ઉચ્ચ શિક્ષણનો મુખ્ય આધાર શિક્ષણકર્તાનું મનોવલણ, બુદ્ધિમત્તા અને કાર્યક્ષમતાને સ્થાપિત કરી શકે તેવી તેની કુશળતામાં રહેલો છે. આ ત્રણેય આયામને વ્યવહારિક સ્વરૂપ આપવા માટે પાયાની શરત એ, શિક્ષણકર્તાને સોંપાયેલી જવાબદારીમાં તેને આપવામાં આવતી સ્વાયત્તતા અને સ્વતંત્રતા છે. સ્વાયત્તતા અને સ્વતંત્રતા પ્રાપ્ત કરવી, અન્યને આપવી અને તેનાં પરિણામ પ્રસ્થાપિત કરવાની ઊંડી સમજણ ધરાવતું વ્યક્તિત્વ એટલે પ્રો.આનંદીબહેન.

સ્વાયત્ત અને સ્વતંત્ર રહેવું એટલે મુખ્યધારા સાથે ચાલવાનું, સીમાંત નહીં બનવાનું, કેંદ્રબિંદુથી દૂર નહીં જવાનું, તેની સાથે-સાથે શિક્ષણ અને તેના હિતધારકોને કેવી રીતે સમન્વિત કરવા તેની સમજણ ધરાવવી. પ્રો.આનંદીબહેન જે કાર્ય હાથ પર લે તેને પાર પાડવાનું ઉચ્ચ કૌશલ્ય ધરાવતા અધ્યાપક તરીકે મેં એમને જોયાં છે. તેઓ કોઈ પણ કાર્યને સ્વતંત્ર અને સ્વાયત્ત રીતે સ્વીકારતાં અને પાર પાડતાં હતાં.

હું ૨૦૦૬ સપ્ટેમ્બરમાં ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયો. તેમણે મને બહુ જ સહજ રીતે આવકાર્યો અને મારી જગ્યા મને ફાળવી. પ્રથમ વર્ષે જ વિભાગમાં રાષ્ટ્રીય મહિલા સંચાલક કાર્યશાળા (National Woman Managerial Workshop) યોજાઈ હતી, જેમાં ઉદ્‌ઘાટન-બેઠકમાં કુલનાયક સુદર્શન આયંગરે સંબોધન કરતાં જણાવ્યું કે, “તમે બધાં મહિલા તરીકે કોઈ વિભાગ, એકમ, સંસ્થા કે કંપનીમાં વિભાગીય વડા છો અથવા બનશો તો તમે પુરુષો જે રીતે સંચાલન કરે છે તેમ જ સંચાલન કરશો? કે મહિલા તરીકે મહિલાઓની કુદરતી જે લાક્ષણિકતા છે તેને તેમાં કેવી રીતે લાવશો?” અહીં મહિલાઓની લાક્ષણિકતાનો અર્થ છે અનુઆધુનિકવાદ (Postmodern theory) મુજબ “વ્યક્તિત્વ અને વ્યક્તિગત સ્વાયત્તતાને મૂલ્યવાન ગણવું, વ્યક્તિગત અનુભવો અને ઓળખની વિશિષ્ટતા પર ભાર મૂકવો.” આ સમજણ પ્રો.આનંદીબહેન ધરાવે છે. તેઓ મહિલા-સંચાલક તરીકેની તેમની છાપ તેમના કાર્યમાં હંમેશાં ઉપસાવે. મહિલાઓના કાર્યમાં એક પ્રકારની સુવ્યવસ્થિતતા, સુંદરતા, સુઘડતા, એક બીજાનો સ્વીકાર અને સહયોગીપણું, અન્યને સાંભળવા જેવી મહત્ત્વપૂર્ણ લાક્ષણિકતા છે. તેઓ અન્યને નિરાંતે સાંભળવાનું ઉમદા કૌશલ્ય ધરાવે છે. વિદ્યાર્થીઓને સાંભળવાથી અનેક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય છે, તેમાં તેઓ વિશ્વાસ ધરાવે.

મેં વૈધિક શિક્ષણ તેમની પાસેથી નથી મેળવ્યું, પણ અવૈધિક શિક્ષણ-કાર્યની શક્ય તેટલી ઉચ્ચત્તમ કક્ષા શું હોઈ શકે તે હું તેમની પાસેથી શીખ્યો છું. ઉચ્ચ શિક્ષણમાં “ભણવું અને ભણાવવું, સંશોધન કરવું અને કરાવવું, વિસ્તરણ કરવું અને કરાવવું, તાલીમ લેવી અને આપવી, વહીવટ કરવો અને કરાવવો” જેવાં મહત્ત્વપૂર્ણ કાર્યો, જવાબદારીપૂર્વક શીખ્યો. વિદ્યાર્થી-શિક્ષક સંબંધો વિકસાવવા અને મર્યાદાઓ બાંધવી, વહીવટને પ્રવાહી રીતે ચલાવવા, સહયોગ લેવો અને આપવો એ શીખવા

મળ્યું. વિભાગનું કોઈ પણ કાર્ય કરવાનું આવે ત્યારે જવાબદારીની ફાળવણીમાં સહયોગ મેળવવાની તેમની એક રીત રહેતી. અમે કાર્ય સ્વીકારીએ, પરંતુ જ્યાં અટકીએ ત્યાં અંતિમ જવાબદારી વહીવટી વડા તરીકે સ્વયંની જ છે, તે સતત ધ્યાનમાં રાખનાર રહ્યાં છે. અંતિમ જવાબદારી મારી, તમે નચિંત રહો, અટકો તો પ્રેરિત કરે અને અવરોધ દૂર કરે, પ્રશ્ન ઉકેલવામાં વિશ્વાસ ધરાવે, પ્રશ્નો ઊભા ન કરે. અમે સહયોગ કરીએ તેની નોંધ લેનાર, જવાબદારી સ્વીકારવા બદલ રિવૉર્ડ આપવો. જેની જેવી શક્તિ અને વલણ તેને તેવી જવાબદારી આપવામાં માનનારાં. તેના કારણે અમારો વિભાગ કામગરો વિભાગ (Workaholic Department) એવી છાપ ઊભી થઈ શકી. નવું કાર્ય સ્વીકારે તેને ઉચ્ચત્તમ કક્ષાએ પહોંચાડવાની મનોવૃત્તિ ધરાવતું વ્યક્તિત્વ.

**સ્વતંત્રતા અને સ્વાયત્તતા શેમાં જોવા મળે છે ?**

**અભ્યાસક્રમ-ઘડતર અને વિષય-શિક્ષણના કોર્સનું ઘડતરઃ**

સમાજકાર્યના(MSW) અભ્યાસક્રમને તેમના કાર્યકાળમાં બે વાર વિકસાવ્યા, તથા MPSWનો અભ્યાસક્રમ વિકસાવ્યો અને સારી રીતે ચલાવ્યો. અભ્યાસક્રમ ઘડતરમાં CBCS અને Elective કોર્સ દાખલ કરવાનું શ્રેય તેમને આપું છું. સમગ્ર દેશમાં વાર્ષિક પદ્ધતિમાંથી સત્ર પદ્ધતિમાં ગયા, ત્યારે નવા અભ્યાસક્રમની રચના કરવામાં આવી ત્યારે અધ્યાપકોની પોતાની વિશિષ્ટ સૂઝ, સમજણ, નિષ્ણાતપણું કે જાણકાર હો તો તમે નવા કોર્સ વિકસાવી શકો છો તેવી તક આપી.

સમાજકાર્યના શિક્ષણમાં યુવાનો સાથે સમાજકાર્ય ઇલેક્ટિવ કોર્સ તેમ જ CBCS માટે વ્યક્તિત્વ અને કારકિર્દી વિકાસ તથા જીવન-કૌશલ્ય વિકાસ જેવા વિષયોને વિકસાવવામાં જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું, જેના કારણે હું તે દિશામાં નવું વિચારતો, વાંચતો અને વિકસતો ગયો. જો વિભાગીય અધ્યક્ષ તરીકે આવા કોર્સ વિકસાવવાની સમજણ ન ધરાવતા હોય તો આવા વિષય વિકસી શકે નહીં. આ વિષય વિકસાવવા અને તેના અમલીકરણ માટે સ્વતંત્રતા અને સ્વાયત્તતા સતત મળતી રહી તેથી સમાજકાર્ય વિભાગ સિવાયના અનેક વિદ્યાર્થીઓને ભણાવવાની તક મળી.

**ક્ષેત્રકાર્ય અને સંલગ્ન કાર્યક્રમોઃ**

સમાજકાર્યનું વ્યવસાયિક સ્વરૂપ તેના ક્ષેત્રકાર્યમાં સમાયેલું છે, જેમાં હંમેશાં ક્ષેત્ર સાથે જોડાયેલા રહેવા માટે પ્રતિસાદ (Feedback) મેળવતા રહેવું જરૂરી છે. તેઓ સતત કોઈ પણ કાર્યક્રમ હોય તેના પ્રતિસાદ મેળવતા રહે અને તેનું સ્વરૂપ નવીન બનાવ્યા કરે. અમારા ગ્રામશિબિર કાર્યક્રમનું ખૂબ જ વિશિષ્ટ સ્વરૂપ આપવામાં તેમનું માર્ગદર્શન સતત રહ્યું છે. અમારી ગ્રામશિબિર, વિશિષ્ટ સંસ્થાઓની કામગીરીની અસર અને પ્રસારના મૂલ્યાંકનલક્ષી બનાવી, કોઈ વિશિષ્ટ સામાજિક ક્રિયા કે આંદોલન ચાલતું હોય તેમાં સહયોગી કે સહભાગી બનાવી, અને કોઈ વિશિષ્ટ સમસ્યાની તપાસ અને ક્રિયામાં સહભાગી બનીને તેનો અનુભવ મેળવવાની દિશામાં લઈ ગયા.

શૈક્ષણિક પ્રવાસનું સ્વરૂપ સમાજકાર્ય શિક્ષણ માટે કેવું હોય તેના નમૂનારૂપ પ્રવાસમાં સ્વયં જતાં અને અમને મોકલતાં. કાર્યક્રમના આયોજન અને અમલીકરણની સંપૂર્ણ જવાબદારી આપે, અને કાર્યક્રમ ઘડતરમાં બજેટ, વહીવટ અને તેની મંજૂરી માટે નચિંતતાનો અહેસાસ કરાવે. 'સેતુ

કાર્યક્રમ’ એ સમાજકાર્ય વિભાગની વિશેષતા ગણાતો કાર્યક્રમ હતો. તેને વધુ વ્યવસાયિક બનાવવા વૈયક્તિક અને વ્યવસાયિક વિકાસ કોર્સ (PPDC) વિકસાવ્યો, એ સમાજકાર્યના અભ્યાસક્રમમાં એક નમૂનારૂપ અભિમુખતા કાર્યક્રમ બન્યો.

**વિભાગની શૈક્ષણિક-પ્રવૃત્તિ ઉપરાંત સંશોધન, તાલીમ અને વિસ્તરણ પ્રવૃત્તિમાં તક આપનાર**

પ્રો.આનંદીબહેન સમાજકાર્યનાં મહત્ત્વપૂર્ણ કાર્યક્ષેત્રોમાં જોડાયેલાં રહ્યાં છે, જેમાં બાળકો, મહિલાઓનાં ક્ષેત્રમાં સવિશેષ જોડાયેલાં રહ્યાં છે. તેઓ જે કાર્યક્રમમાં જોડાયાં તેમાં અમને બધાને સહભાગી બનવાની તક આપી. GFATM પ્રોજેક્ટ અંતર્ગત હું માસ્ટર ટ્રેનર બની શક્યો. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતમાં સમાજકાર્યનો પાયો જ્યાં નંખાયો છે તેવી TISSમાંથી માસ્ટર ટ્રેનર બનવાની તાલીમ લેવાની તક આપી, તેના કારણે ગુજરાતના HIV/AIDS કાઉન્સેલર સાથે સંપર્ક અને કાર્ય કરવાની તક મળી. તેમાંથી ખૂબ શીખવાનું મળ્યું. ‘આદર્શ અમદાવાદ’ સાથે સહયોગી બનીને કુટુંબ-સલાહ અભ્યાસક્રમ વિકસાવ્યો અને ત્રણ મહિનાની TOTમાં સહભાગી બનાવ્યો. ‘કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય’માં (KGBV) અભ્યાસ કરનારી કન્યાઓની મનોસામાજિક સ્થિતિનો અભ્યાસ, ઘરેલું હિંસા કાયદાનું મૂલ્યાંકન (DVA) અને કિશોરી વિકાસ પ્રોજેક્ટ, એ મહત્ત્વપૂર્ણ સંશોધન-પ્રોજેકટમાં મને વિકસવાની તક આપી. હમણાં જ ‘દિવ્યાંગ માટેના પાયલોટ પ્રોજેક્ટની અસર’ પર એક સંશોધન-પ્રોજેકટ મળ્યો, જે તેમની ક્રેડિટથી જ મળ્યો, તેમાં સહભાગી બનવાની તક મળી.



**વ્યાખ્યાનો આપવાં તથા સેમિનારમાં જવા માટે બિન-અવરોધક અને પ્રોત્સાહક**

વિદ્યાપીઠમાં જોડાયા બાદ ૧૨૫થી વધુ વ્યાખ્યાનો ગુજરાત અને ગુજરાતની બહાર વિવિધ વિભાગો, સંસ્થાઓ, કંપનીઓમાં આપવાનાં થયાં છે. તેમાં જવા માટે મંજૂરી અને પ્રોત્સાહન આપનાર. તેઓની માન્યતા હતી કે, અધ્યાપકો પોતાના કાર્યક્ષેત્રમાં પોતાની ઓળખ ઊભી કરે. ગ્રામ વિકાસ, જીવન-કૌશલ્ય, કામદારો સાથે સમાજકાર્ય, યુવાનો સાથે સમાજકાર્ય જેવા વિષયોમાં હંમેશાં મને વાર્તાલાપ માટે જણાવે, તક આપે. મારી કારકિર્દીમાં ૩૦ આર્ટિકલ લખાયા છે, જે બધા કોઈક સેમિનારમાં પેપર સ્વરૂપે રજૂ કર્યા બાદ પ્રકાશિત થયેલા છે. સેમિનારમાં કેવું પેપર રજૂ કરશો તેની જાણકારી મેળવે, ચર્ચા કરીએ તો તેમાં સૂચનો પણ આપે. આ બધા સેમિનારમાં જવા માટે ક્યારેય અવરોધ કે નામંજૂર કર્યું નથી. પરિણામે, મારે રાજ્ય અને રાજ્ય-બહાર કેટલાક સંપર્ક વધ્યા, ખાસ કરીને, મહારાષ્ટ્રની ઘણી બધી યુનિવર્સિટીઓ અને તેના પ્રાધ્યાપકો સાથે જોડાણ થયું, તેના કારણે વિદ્યાપીઠના MSW વિભાગની જાણકારી અન્ય સુધી પહોંચાડી શક્યો.

અંતે, કોરોનાની આફતને વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને શીખવાનો અવસર તેમ જ માધ્યમ બનાવી દીધી. સમગ્ર દેશમાં ગૂજરાત વિદ્યાપીઠ એકમાત્ર યુનિવર્સિટી, કે જેના વિદ્યાર્થીઓ અને વાલીઓને કોરોનામાંથી મુક્તિ મેળવવામાં વિદ્યાર્થીઓની સહભાગિતા માટે સંવેદનશીલ બનાવ્યા. ગૂજરાત વિદ્યાપીઠની શિક્ષણ-પ્રણાલીને કેન્દ્રબિંદુ બનાવીને વ્યવસાયિક સમાજકાર્યને વિકસાવ્યું. રાષ્ટ્રીય સ્તરે સમાજકાર્ય શિક્ષણ અને NEP-૨૦૨૦ અંતર્ગત દેશવ્યાપી કાર્યશાળાઓ અને સેમિનાર યોજાયા. તેમાં ગાંધી-વિચારધારાનું સમાજકાર્ય કેવું હોય તેની રૂપરેખા રજૂ કરીને રાષ્ટ્રીય સ્તરે ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગની ઓળખ ઊભી કરનાર પ્રો.આનંદીબહેનને વંદન.



# ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા અનેક વિભાગોમાં સમાજકાર્ય વિભાગનું સ્થાન ખૂબ ઊંચાઈ પર લઈ જવામાં આનંદીબહેનનું યોગદાન રહ્યું

**- ડૉ. બાદર કુરેશી**
(MSW વર્ષ ૧૯૮૮)
(આસિસ્ટન્ટ પ્રોફેસર)

આદરણીય મોટાંબહેનશ્રી આનંદીબહેનને હું તેમના પિતાશ્રી મ.જો. પટેલ થકી ઓળખું. આદરણીયશ્રી મ.જો. પટેલ ખૂબ જ ઉચ્ચ કક્ષાના અધ્યાપક. તેઓશ્રીના અધ્યાપનકાર્યનો લાભ મને મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય - ગૂજરાત વિદ્યાપીઠ - સાદરા ખાતે મળેલો. મારા સ્નાતક અભ્યાસકાળનાં બે વર્ષ દરમિયાન 'જગતના ધર્મો' વિષય તેમણે સરસ રીતે ભણાવ્યો હતો. આવા ઉચ્ચકક્ષાના અધ્યાપકશ્રીનાં દીકરી આનંદીબહેન.

આદરણીય ડૉ. આનંદીબહેનનો વધુ પરિચય મારા સમાજકાર્ય વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયા બાદ થયો. તેઓ સખત અને સતત મહેનત કરવાવાળાં વ્યક્તિ. એ બાબતનાં ઘણાં ઉદાહરણો છે. ખાસ જોઈએ તો, તેમણે અધ્યાપનકાર્ય કરતાં-કરતાં, અધ્યક્ષ તરીકેની જવાબદારી પણ ઉમદાપણે નિભાવી. ઉપરાંત, આ વિભાગમાં બહારના પ્રોજેક્ટ લાવવામાં તથા મદદ-માર્ગદર્શન પૂરું પાડીને તે ચલાવવાની વિશેષ કામગીરી કરી.

ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા અનેક વિભાગોમાં સમાજકાર્ય વિભાગનું સ્થાન ખૂબ ઊંચાઈ પર લઈ જવામાં આનંદીબહેનનું યોગદાન રહ્યું. એવું વિશેષ વ્યક્તિત્વ ધરાવતાં ડૉ.આનંદીબહેનને ખૂબખૂબ અભિનંદન, સાથે આગળના જીવનની શુભકામનાઓ.

# મૅડમ પાસેથી, કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ, શાંતિ અને આત્મવિશ્વાસથી કામ કરવાની શીખ મળી

**- મહેશ બી. દરજી**
(પૂર્વ પ્રોગ્રામ ઑફિસર, જીએફએટીએમ પ્રોજેક્ટ,
સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ)



ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગને પોતાના અનુભવો થકી શ્રેષ્ઠ સ્થાને લઈ જનાર પરમ આદરણીય આનંદી મૅડમને વયનિવૃત્તિ ટાણે ભાવિ જીવનની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ૧૯૯૮માં મારું એક સ્વપ્ન હતું કે, ગૂજરાત વિદ્યાપીઠ જેવી નામી સંસ્થામાં એમ.એસ.ડબ્લ્યુ.નો અભ્યાસ કરવાની તક મળે. પરંતુ, કૉમર્સ ગ્રૅજ્યુએટ હોવાના કારણે તે વખતે અભ્યાસ કરવાની તક મળી નહીં. તેથી જ્યારે ૨૦૦૯માં ગૂજરાત વિદ્યાપીઠ અને તેમાંય સમાજકાર્ય વિભાગમાં કૅપેસિટી બિલ્ડિંગ ઑફિસર તરીકે કામ કરવાની તક મળી ત્યારે હું રોમાંચિત થઈ ગયો હતો. અહીં બે વર્ષને બદલે, ચાર વર્ષ શીખવા મળ્યું એનું ગૌરવ અનુભવું છું.

નોકરીના પ્રથમ દિવસે હાજર થવા ગયો ત્યારે વિભાગનાં અધ્યક્ષ અને પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી આનંદીબહેન પટેલ મૅડમને મળ્યો. ત્યારે તેમણે ખૂબ સહજ રીતે વાત કરી. એક સૌથી મહત્ત્વની બાબત મને સમાજકાર્ય વિભાગમાં કામ કરતાં-કરતાં અનુભવવા મળી કે, અહીં માત્ર શિક્ષક અને વિદ્યાર્થીનો નહીં, પરંતુ ગુરુ અને શિષ્યનો સંબંધ જોવા મળ્યો. આનંદી મૅડમ વિદ્યાર્થીઓના ઘડતરમાં એટલો ઊંડાણથી રસ લે કે, એમ થાય કે આવું જ ઉચ્ચ શિક્ષણ બીજે પણ ક્યાંક હશે કે કેમ ?

ગ્લોબલ ફંડ ટુ ફાઇટ એઇડસ, ટીબી એન્ડ મલેરિયા પ્રોજેક્ટનાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડૉ. આનંદીબહેન પટેલ પાસેથી કામ કરવાનો જે અનુભવ મળ્યો, જે હુંફ મળી, જે પ્રેમ મળ્યો તેને શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે. નેતૃત્વના ગુણોનો વિકાસ તો થયો જ, પરંતુ સાથે-સાથે કોઈ પણ પરિસ્થિતિમાં ધીરજ અને શાંતિથી કેવી રીતે કામ કરવું તે મૅડમ પાસેથી શીખવા મળ્યું. તેમની પાસેથી દ્રઢતાપૂર્વક અને આત્મવિશ્વાસથી કામ કરવાનો અભિગમ મળ્યો. સાદગી અને આધુનિક વિચારધારા બન્નેનો સમન્વય કરીને ઉત્તમ કામ કરવાની શીખ મળી. માત્ર ભૌતિક સુવિધાઓ કરતાં જરૂરિયાત મુજબ જીવન જીવવાનો અભિગમ મળ્યો.

તાલીમ માટે આવનાર તાલીમાર્થીઓએ અત્યાર સુધી હોટલ-કલ્ચરમાં તાલીમ લીધી હોય, તેથી તેઓ અહીં આવે ત્યારે વિદ્યાપીઠની સાદગીપૂર્ણ સુવિધાઓ જોઈ તેમને ઘણા જ પ્રશ્નો થાય. ત્યારે વિચલિત થયા વિના સ્વસ્થ રહેવાનું કૌશલ્ય, મૅડમ પાસેથી શીખવા મળ્યું. એનું પરિણામ એ આવતું કે, પાંચથી દશ દિવસની તાલીમ માટે આવેલા તાલીમાર્થીઓ, તાલીમના છેલ્લા દિવસે ભીની આંખે ચોક્કસ કહેતા કે, આ સુખદ અનુભવ જીવનમાં ક્યારેય ભૂલી શકાશે નહીં.

છેલ્લે મૅડમને એટલું જ કહીશ કે, આજે પણ જ્યારે જીવનમાં કોઈ પણ પડકાર આવે છે ત્યારે, આપનું સ્મરણ-માત્ર મને એક હૂંફ આપે છે, હિંમત આપે છે. આપને આપના ભાવિ જીવનની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.



## પ્રા. આનંદીબહેને ભારત અને ગુજરાત સરકારનાં અનેક સંશોધનો, તેમ જ કાર્યક્રમ-મૂલ્યાંકનના પ્રકલ્પો કર્યા, જેની વિશેષતા તેમનું ટીમવર્ક અને તટસ્થતા હતી

**- પ્રો. (ડૉ.) મંજુલા લક્ષ્મણ**
(ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

આનંદીબહેન સાથેનો સંબંધ વિદ્યાશાખાના વિષયથી પણ વિશેષ રહ્યો છે. જીવનમાં ખૂબ ઓછાં વ્યક્તિત્વોથી પ્રભાવિત થઈ છું, જેમાં આનંદીબહેનનો સમાવેશ થાય છે.

વિદ્યાપીઠમાં વિદ્યાર્થી અવસ્થાથી સમાજકાર્ય વિભાગનાં અધ્યક્ષ, પ્રા. આનંદીબહેનને ઓળખતી હતી. તે પરિચય, ગ્રામ અર્થશાસ્ત્ર વિભાગમાં મદદનીશ અધ્યાપકની મારી યાત્રાથી સઘન બન્યો. વિશેષ સમાજકાર્ય વિભાગનાં સહપ્રાધ્યાપક દામિનીબહેન શાહ મારાં અંગત મિત્ર. તેથી જ વિભાગનાં વડાં પ્રા. આનંદીબહેન અને બીજા અધ્યાપકો સાથેનો સંબંધ ઘનિષ્ઠ બન્યો. શરૂઆતના ગાળામાં મારી સંશોધન-પ્રક્રિયામાં મૂંઝવતી વૈચારિક અસ્પષ્ટતાઓ, કહેવાતી સ્પષ્ટતાઓ અને સંશયોના નિરાકરણની પ્રક્રિયામાં પ્રા. આનંદીબહેનનો હૂંફાળો સહયોગ મળ્યો. મારા શરૂઆતના લેખો અને વ્યાખ્યાનોમાં તેમણે આપેલાં સંદર્ભગ્રંથો ઘણાં સહાયક બન્યાં હતાં. તેમનો ગુજરાતમાં દલિતોની હિજરત અંગેનો અભ્યાસ તથા વિશેષ સમાજકાર્ય વિભાગમાં દલિત અને આદિવાસી વિકાસ અંગેનો પાઠ્યક્રમ ચાલતો હોવાથી, તેઓની સાથેની ચર્ચા તેમ જ સંદર્ભ-સાહિત્ય, દલિતોના પ્રશ્નો સમજવામાં-મૂલવવામાં ઘણાં ઉપયોગી રહ્યાં.

ગૂજરાત વિદ્યાપીઠમાં સમાજકાર્ય વિભાગે સક્ષમ, ખમતીધર અને નેતૃત્ત્વ આપનાર અધ્યાપકો આપ્યા છે. તેમાં પ્રા. આનંદીબહેનનો સમાવેશ થાય છે. વિભાગના વિકાસમાં તેમના આગવા યોગદાનની હું સાક્ષી છું. ગૂજરાત વિદ્યાપીઠે પ્રથમવાર નેક (NAAC) સમક્ષ ૨૦૧૫માં વિશ્વવિદ્યાલયનું મૂલ્યાંકન કરાવવાનો નિર્ણય લીધો. ત્યારે સમાજકાર્ય વિભાગ પાસે વિભાગની તમામ વિગતોનું દસ્તાવેજીકરણ હતું, જે અન્ય વિભાગો માટે માર્ગદર્શક બન્યું હતું. આનંદીબહેન વિભાગની તમામ પ્રવૃત્તિઓની મહેનતથી, ધીરજથી અને સતત નોંધ રાખતાં હતાં, જ્યારે નેક ન હતી!

પ્રા. આનંદીબહેને ભારત અને ગુજરાત સરકારનાં અનેક સંશોધનો, અને કાર્યક્રમ-મૂલ્યાંકનના પ્રકલ્પો કર્યા, જેની વિશેષતા તેમનું ટીમવર્ક અને તટસ્થતા હતી. બીજાને સાથે રાખવાની સાથે કામમાં તેઓ પોતે હંમેશાં આગળ રહેતાં. તેમની સમયનિષ્ઠા અને તટસ્થતા તેમ જ સઘન હેવાલોએ વિભાગની શાખમાં વધારો કર્યો અને સરકારી વિભાગો માટે પહેલી પસંદગી બન્યાં. અલબત્ત, હાલ નિવૃત્તિની નજીક હોવા છતાં તેઓને સંશોધન પ્રકલ્પો માટે સામેથી પ્રસ્તાવો આવે છે અને તેમને ના કહેવી પડે છે.

આનંદીબહેન સાલસ, શાંત, ધૈર્યશીલ, પરિશ્રમી અને નિડર વ્યક્તિત્વના ગુણો ધરાવે છે, જેની ખુમારી તેમનાં કાર્યોમાં દેખાય. તેમણે ક્યારેય વ્યક્તિગત વિચારો બીજા ઉપર થોપ્યા નથી.

ચર્ચાઓમાં હંમેશાં શાંત, તટસ્થ ભાસે. ક્યારેય કોઈના પ્રભાવ કે કોઈની શેહ-શરમમાં આવ્યા વિનાના તેમના વિચારો-પ્રતિભાવો રહેતા. સાથે બેસી 'ચા'ની ચૂસકી લેતાં, ત્યારે તેમની હાજરીથી જ હું વધુ મોકળાશ, વિશ્વાસ અને સુવાસ સાથે ઘણીબધી અંગત-સામાજિક વાતોમાં નિરાંત અનુભવતી. વાહ શું દિવસો હતા એ!

આનંદીબહેને અધ્યક્ષ તરીકે ખંત, નિષ્ઠા અને મૂલ્યો સાથે વિભાગને નવી ઊંચાઈ આપી છે. તેના મારી જેમ અનેક વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટકર્તાઓ સાક્ષી છે. તેમની પાસે જે શ્રેષ્ઠ હતું, તે સંપૂર્ણ વિભાગને આપી દીધું છે અને તેથી જ જ્યારે તેમની નિવૃત્તિની ઘડી નજીક આવી રહી છે, ત્યારે તેમની આંખોમાં એક શાંતિ અને સંતોષ ડોકાય છે. આ જ તેમનાં કાર્યોની સિદ્ધિ છે. તેમણે વિભાગની જવાબદારી નિભાવવામાં ઘણો અંગત ત્યાગ આપ્યો છે. તેમણે કામ અને અંગત નવરાશ વચ્ચે કામને પસંદ કર્યું. નિવૃત્તિ પછી તેમની પાસે ઘણી પસંદગીઓ રહેશે. સમય, મિત્રો, કુટુંબીજનો, સહકાર્યકરો અને તેમનું ગમતું કામ તેમ જ બીજું ઘણું બધું.

વિભાગીય નિવૃત્તિ બાદ, આનંદીબહેન, આપ બસ આમ જ આગળ વધતાં રહો અને સહુને પ્રેરિત કરતાં રહો!



# આનંદીબહેને છાત્રાલયની વિદ્યાર્થિનીઓ તથા અમારી સરસ કાળજી રાખી, તેમ જ અમારું મનોબળ વધારવાનું કાર્ય કર્યું

**- ડૉ. રીટાબહેન પટેલ**
(ગૃહમાતા- ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

આનંદનું સરનામું એટલે આનંદીબહેન. આનંદીબહેન પાસે જઈએ એટલે ગમે તેટલાં ટૅન્શનમાં હોઈએ તો પણ હળવા થઈ જઈએ. બહેનનું વ્યક્તિત્વ એકદમ સ્વસ્થ, સરળ અને શાંત.

છાત્રાલયની બાબત હોય તો વિદ્યાર્થિનીઓના આહારમાં વિવિધતા અને પૌષ્ટિકતાનો આગ્રહ હોય. બહેનોને પ્રાથમિક સુવિધા, ટેબલ, ખુરશી તથા ગરમ પાણીની વ્યવસ્થા આપવાના તેમના આગ્રહને લીધે છાત્રાલયમાં ગૅસ-ગિઝરની વ્યવસ્થા દરેક બ્લૉકમાં કરવામાં આવી. તેમણે છાત્રાલયની વિદ્યાર્થિનીઓ તથા અમારી સરસ કાળજી રાખી તેમ જ મનોબળ વધારવાનું કાર્ય કર્યું.

તેમની પાસેથી મને ઘણી-બધી બાબતો શીખવા મળી. પ્રથમ તો કોઈ પણ પ્રશ્ન હોય તો શાંતિથી સાંભળતાં. ત્યારબાદ સહજ રીતે, સમજપૂર્વક અને વિદ્યાપીઠનાં મૂલ્યોને હાનિ ન થાય તેવી રીતે તેનું નિરાકરણ લાવતાં. છાત્રાલયમાં બહેનનો સહયોગ ખૂબ જ રહ્યો. તેમની સાથે કામ કરવાની મઝા આવી. એ હંમેશાં મારાં માર્ગદર્શક અને અને રાહબર બની રહ્યાં છે. દરેક કામને મહત્ત્વ આપી, તે કામ ચીવટ અને ચોકસાઈથી સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની તેમની સુટેવ મને ખૂબ જ ગમી. એટલું જ નહિ, દરેક મિટિંગ હોય કે પછી મુખ્ય કાર્યાલયના આદેશોના પત્રો હોય, તે દરેકની નોંધ સાથેની ફાઈલ હોય, જે અમને વખતોવખત ઉપયોગી થઈ.

આનંદીબહેનને પ્રભુએ અખૂટ ધીરજ આપી છે. તેઓ હિંમતવાન અને નીડર છે. ગમે તેવા પડકારોને પણ પહોંચી શકે તેવા અથાગ પ્રયત્નશીલ બહેને હંમેશાં અમને પ્રેરણાબળ પૂરું પાડ્યું છે.

તેમણે મહિલાઓ અને બાળકો માટે ખૂબ જ કામ કર્યું છે, જે વર્ણવી શકાય તેમ નથી. દિલના સાફ અને હંમેશાં પોતાનું માનીને કાર્ય કરનારાં બહેનને પ્રભુ, નિવૃત્તિ પછી પણ પ્રવૃત્ત રાખે તેમ જ તેમની નીરોગી રાખે એવી પ્રભુને પ્રાર્થના.

# આનંદીબહેનઃ નારીનું ગૌરવ અને ગૌરવવંતી નારી

**- રૂચિતા શાહ**
(આસિસ્ટન્ટ પ્રોફેસર અને સભ્ય, મહિલા-સેલ)

મારી નિમણૂક મહિલા-સેલનાં પ્રિસાઇડીંગ ઑફિસર તરીકે થઈ ત્યારે મેં આનંદીબહેનને નજીકથી જાણ્યાં. તેમનું એક મહિલા પ્રોફેસર તરીકેનું composure અદ્‌ભુત છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિને કેવી રીતે કુશળતાથી સુલઝાવવી અને સાનુકૂળ ઉકેલ મેળવવો તે ખરેખર આપણે સૌએ તેમનામાંથી શીખવાની જરૂર છે. વિવિધ પરિસ્થિતિઓમાં યોગ્ય શબ્દપ્રયોગ કરવાની તેમની કુશળતાથી હું ઘણી જ પ્રભાવિત થઈ છું. તેમને મળવા-માત્રથી જ કોઈને પણ ખ્યાલ આવી જાય કે હવે પોતાની મુશ્કેલીનો ૧૦૦ ટકા ઉકેલ મળી શકશે, અને મળે પણ છે. તેમની કામ કરવાની પદ્ધતિ અને ટાઇમ મૅનેજમેન્ટ પણ જીવનમાં ઉતારવા જેવું છે. જ્યારે પણ મળીએ ત્યારે શાંતિથી જ વાત સાંભળે, કદીય ઉતાવળ ન કરાવે.

આનંદીબહેન, તમારી નિવૃત્તિ બાદ મહિલા-સેલ સૂનું પડી જશે. મને ખબર છે કે, તમે અમને જરૂર પડ્યે માર્ગદર્શન આપશો જ, પણ મહિલાઓની સતામણી અંગેની વાતની રજૂઆત વખતના તમારા અવાજના એ રણકાની ખોટ સાલશે.

આપની કંડારેલી કેડી પર ચાલવાનો પ્રયાસ કરનાર આપની સાથી.



# આનંદીબહેને સમાજકાર્યના વિદ્યાર્થીઓની સરકારમાં ભરતી અને પસંદગી માટે સરકાર સાથે સતત પરામર્શન કર્યું છે

**- ડૉ.રોશન અગ્રવાલ**
(MSW વર્ષ ૧૯૯૭)
(અધ્યાપક, સમાજકાર્ય વિભાગ, હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિવર્સિટી-પાટણ)

વંદનીય ડૉ. આનંદીબહેનનો ૧૯૯૪માં અધ્યાપન-કાર્યમાં અનુભવ થયો. 'સેતુ કાર્યક્રમ'ના સુચારુ સંચાલન અર્થે પ્રવેશ થતાની સાથે સતત દસ દિવસ વિભાગમાં એમને વધુ મળવાનું થયું. 'સેતુ'ના સૂક્ષ્મ આયોજન અને અમલીકરણમાં એમની પ્રતિબદ્ધતા સ્વભાવમાં વણાઈ ગઈ. હું પણ ૨૦૦૪થી અધ્યાપન-કાર્યથી હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી સાથે સંકળાયેલો છું. એટલે શિક્ષણના કોઈને કોઈ નિમિત્તથી તેમને મળવાનું થાય છે. અમારા વિભાગમાં પણ દલિતોની આજ-કાલ કે સમાજકાર્યનાં મૂલ્યો જેવા વિષયો અંતર્ગત એક સિનિયર પ્રાધ્યાપિકા તરીકે વિભાગમાં વિદ્યાર્થીઓને 'સેતુ'ના રૂપમાં માર્ગદર્શન અર્થે તેમના અનુભવોનો લાભ મળતો રહ્યો છે.

સમાજકાર્ય વિષય રાજ્ય અને દેશમાં વધુ અસરકારક બને તે માટે કાઉન્સિલ રચનાની બાબત હોય, કે વિદ્યાર્થી પસંદગી માટે રાજકીય નીતિની બાબત હોય, તેમાં તેમના નેતૃત્વમાં જોડાવાનો અનુભવ છે. સમાજકાર્ય ક્ષેત્રના વહીવટી અધિકારી માટેની રાજ્ય સરકાર તરફથી પ્રસ્તુત થયેલી જાહેરાતમાં સમાજ-વિજ્ઞાનના દરેક વિદ્યાર્થીને સમાવવા અંગેની રજૂઆત માટે, ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકોને સાથે રાખી, અગ્રસચિવ સુધીની તાત્વિક રજૂઆત સરકારે સંભાળવી અને સમજવી પડી હતી. રજૂઆત એટલી સચોટ અને તાત્વિક હતી કે, સરકાર તેને અવગણી કે નકારી ન શકે. તેમણે સમાજકાર્યના વિદ્યાર્થીઓની સરકારમાં ભરતી અને પસંદગી માટે સરકાર સાથે સતત પરામર્શન કર્યું છે, દરમિયાનગીરી કરી છે. ત્યાંથી ન અટકતાં, ઉક્ત સવાલોના ઉકેલ માટે સતત ચિંતન અને મનન કર્યું છે. પરિણામ સ્વરૂપે, કાયમી ઉકેલ માટે રાષ્ટ્રીય સ્તરે આપણા શિક્ષણમાં કાઉન્સિલની રચના થાય તે માટે રાજ્ય સ્તરે નેતૃત્વ પૂરું પાડ્યું છે.

નિવૃત્તિની વયે પણ તેમનો ઉત્સાહ અડગ રહ્યો છે. ૨૦૨૨માં ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ કાયદાના મૂલ્યાંકન અર્થે સંશોધનની કામગીરીમાં આપના નેતૃત્વમાં જોડાવાનું થયું. સમગ્ર કાયદાના સઘન અભ્યાસ અર્થે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓના અધ્યાપકોને જોડવાનું સંકલન, જુસ્સો, રુચિ, કામની પ્રતિબદ્ધતા, ચીવટ, આવડત, આત્મવિશ્વાસ, તટસ્થતા વગેરેનો સાક્ષી રહ્યો.


આનંદીબહેને અધ્યાપનની સાથે લેખનનાં ખૂબ જ ઉમદા કાર્યો કર્યાં છે. 'વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો' પુસ્તકની, પ્રસ્તુત શિક્ષણમાં ગુજરાતી માધ્યમમાં રજૂઆત એ તેમની આગવી પહેલ છે. પુસ્તકમાં રજૂ થયેલું તત્વદર્શન સચોટ અને વિદ્યાર્થી પણ સારી રીતે ગ્રહણ કરી શકે તેવી શૈલીમાં છે. સમાજકાર્ય શિક્ષણ માટે તે આજીવન સંભારણું બની રહેશે. અંતમાં, આપ અને પરિવાર સાથેનો સ્નેહ સતત સધાતો રહે તેવી અપેક્ષા સહ વંદન.

## Anandiben has contributed tremendously to the Social Work profession

**- Shweta Bajaj**

(Senior Program Manager, Saksham, TISS)

I was privileged to get to know Anandiben, when we partnered with Gujarat Vidyapith for a pioneering project called 'Saksham'. As the name suggests, 'Saksham' in collaboration with the National AIDS Control Organisation, developed a national strategy and undertook capacity building of HIV Counsellors. Anandiben is an embodiment of Social Work Principles and walks her talk. My Social Work education continued and I kept learning because of my interactions with Anandiben. Anandiben has contributed tremendously to the Social Work profession and I wish her the best for her future endeavors. As they say, a Social Worker never retires and I look forward to the newer work that I am sure, Anandiben will undertake.



# આનંદીબહેન પટેલ : નખશિખ સામાજિક નિસબતને વરેલાં અધ્યાપક

**- પ્રો. (ડૉ.) સત્યકામ જોષી**
**(નિવૃત્ત નિયામક - પ્રોફેસર, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ-સુરત)**

ગુજરાતમાં ૮૦ના દાયકા સુધી વ્યવસાયિક સમાજકાર્યનું શિક્ષણ, મહાદેવભાઈ દેસાઈ સમાજકાર્ય વિભાગ-ગૂજરાત વિદ્યાપીઠ અને ફેકલ્ટી ઑફ સોશિયલ વર્ક-એમ.એસ. યુનિવર્સિટી-વડોદરા દ્વારા જ અપાતું હતું. આ બંને સમાજકાર્ય વિભાગોનો ગુજરાતમાં વ્યવાસાયિક સમાજકાર્યને વેગવંતુ બનાવવામાં અદકેરો ફાળો છે.

ગૂજરાત વિદ્યાપીઠનો સમાજકાર્યનો અભ્યાસક્રમ, મહદઅંશે ગાંધી-વિચારને કેન્દ્રમાં રાખીને ગુજરાતમાં પાયાના સમાજકાર્યકરો તૈયાર કરવાનો રહ્યો. પાંચ દાયકાથી વધુ સમયથી કાર્યરત વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગમાં અનેક પ્રતિભાશાળી, વિદ્યાવાસંગી અધ્યાપકોએ કાર્ય કર્યું અને સમાજકાર્યકરોની એક આખી ફોજ તૈયાર કરી. આ ફોજના જ એક વિદ્યાર્થિની તે પ્રો. આંનદીબહેન પટેલ. સમાજકાર્યમાં અનુસ્નાતક, એમ.ફિલ. અને પીએચ.ડી.ની પદવી આ જ વિભાગમાંથી મેળવીને, અહીં જ વિભાગનાં વડા અને પ્રોફેસરના પદે રહ્યાં. અહીંથી જ નિવૃત્ત થઈ રહ્યાં છે. આવી ઘટના જ્વલ્લે જ બનતી હોય છે. આ કારણે આનંદીબહેનને પોંખવા અનિવાર્ય છે.

ગાંધી-વિચારથી રંગાયેલા પરિવારમાં જન્મેલાં આનંદીબહેને ખરા અર્થમાં પરિવારનાં સપનાંને સાકાર કર્યું. તેમને મેં કાયમ ખાદીની સુઘડ સાડીઓમાં જ જોયાં છે. ચંદ્ર જેવા ગોળ ચહેરા પર સતત એમનું સ્મિત મલકાયાં કરે. કામની વ્યસ્તતા અને ભાર વચ્ચે પણ પ્રેમસભર ઉષ્મા સાથે બધાની સાથે મન મૂકીને વાતો કરતાં આનંદીબહેનને જોવા અને સાંભળવાનો મોકો વિશેષ હોય છે. ગૂજરાત વિદ્યાપીઠના કેન્દ્ર સ્થાને જે ગાંધી વિચાર રહ્યો છે, તેનો પ્રચાર-પ્રસાર આનંદીબહેને સમાજકાર્ય વિભાગ દ્વારા અવિરતપણે, નિષ્ઠાથી કર્યો. તેનું ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન છે.

વિભાગના વડા તરીકે એમની સાથે મને કામ કરવાનો મોકો અનેકવાર મળ્યો છે. એમના માર્ગદર્શન નીચે તૈયાર થયેલા વિદ્યાર્થીઓના એમ.ફિલ. તેમ જ પીએચ.ડી.ના નિબંધોને પણ તપાસવાનો મોકો મળ્યો છે. આ અનુભવોના આધારે આનંદીબહેનના વ્યક્તિત્ત્વની કેટલીક બાબતો, જે અનુસરણીય છે તે આ તબક્કે નોંધવી આવશ્યક લાગે છેઃ

- તેમની સામાજિક નિસબત, ગરીબો પ્રતિ સંવેદના તેમ જ સામાજિક-પરિવર્તન માટેની નિષ્ઠા અને પ્રતિબદ્ધતા આંખે ઉડીને વળગે તેવી છે.
- વ્યવસાયિક સમાજકાર્યના શિક્ષક માટે આવી નિષ્ઠા હોવી અનિવાર્ય છે, જે આનંદીબહેનમાં સહજ છે અને તેથી જ ગૂજરાત વિદ્યાપીઠનો સમાજકાર્ય વિભાગ નોખી ભાત પાડે છે. તેનો શ્રેય આનંદીબહેનને આપવો ઘટે.

- નખ-શિખ પ્રામાણિક અને કર્તવ્ય-પરસ્ત શિક્ષક એવાં આનંદીબહેન, ગરીબો-વંચિતોની સમસ્યાઓ પ્રતિ વિદ્યાર્થીઓ, કઈ રીતે સંવેદનશીલ બને તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે.
- ગાંધી-વિચારને પ્રવર્તમાન સંજોગોમાં કઈ રીતે અમલી કરી શકાય, તે બાબતે સતત ચિંતનશીલ રહે અને નવા-નવા પ્રયોગો કરતાં રહે. વિદ્યાર્થીઓને પણ નવા-નવા વિષયોમાં ખેડાણ કરવાનું સૂચવતાં રહે.
- તેમની નમ્રતા-વિવેકીપણું અને નિસ્વાર્થ પ્રેમળતાનું સૌને વિશેષ આકર્ષણ.
- વિભાગને સુચારુ ઢબે ચલાવવા માટે જરૂરી એવા સબળ નેતૃત્ત્વના તેમના ગુણની ખાસ નોંધ લેવી ઘટે.
- બધાને સાથે લઈને ચાલવાની કળા તેમની પાસે ખાસ શીખવા જેવી. વહીવટ સંપૂર્ણપણે પારદર્શી અને લોકતાંત્રિક રાહે ચાલે તે માટે પ્રતિબદ્ધ.
- શિક્ષણની સાથે-સાથે, સંશોધન અને અધ્યયનની પ્રવૃત્તિ માટે પણ એટલી જ સજ્જતા, સક્રિયતા અને હોશિયારી. "વ્યવસાયિક સમાજકાર્યનાં આધારસ્તંભો" પુસ્તકની ત્રણ-ત્રણ આવૃત્તિઓ થઈ તે આની સાબિતી છે.
- વિદ્યાર્થીઓના અંગત પ્રશ્નો પર ખૂબ જ ધ્યાન આપે અને તેને હલ કરવાની સતત મથામણ કરતાં રહે, એટલે જ તેઓ વિદ્યાર્થીઓના પ્રીતિપાત્ર રહ્યાં છે.

આવાં, આનંદીબહેન નિવૃત્ત થાય છે ત્યારે, ગૂજરાત વિદ્યાપીઠનો સમાજકાર્ય વિભાગ નોંધારો બની જશે એવી ભીતિ જરૂરથી રહે, પરંતુ તેમણે નવા અધ્યાપકોને વ્યવસાયિક સમાજકાર્યના પાયાના વિચારો અને સિદ્ધાંતો બરાબર શીખવાડીને તૈયાર કર્યા છે એટલે નિરાંત છે. આમ છતાં, તેમના પ્રતિભાવંત વ્યક્તિત્વની ખોટ દરેકને સાલશે તેમાં બેમત નથી. નિવૃત્ત જીવન, નિરામય-સુખમય અને અર્થપૂર્ણ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.



# પ્રૉફેશનલની સાથે-સાથે પર્સનલ લાઇફમાં પણ તેમણે હંમેશાં સારી સલાહ, સપોર્ટ અને સાંત્વના આપ્યાં છે

**- સમીના મન્સૂરી**
(પૂર્વ આસિ. પ્રોગ્રામ ઑફિસર, જીએફએટીએમ પ્રોજેક્ટ,
સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ)

આનંદીબહેન સાથે મેં ૨૦૦૯થી ૨૦૧૫ સુધી TISS GFATMના કાઉન્સેલર ટ્રેનિંગ પ્રોજેક્ટમાં કામ કર્યું હતું. લાઇફનો સૌથી મહત્ત્વનો અનુભવ આ જ કાર્યકાળમાં રહ્યો. આનંદીબહેન અમારાં પ્રોજેક્ટ ડાયરેક્ટર અને હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ હતાં. મારું અગાઉનું શિક્ષણ અને કામનો અનુભવ હોવા છતાં, પણ આનંદીબહેન સાથે કામ કરવાથી મને વિશેષ શીખવા મળ્યું. તેમની સાથેનો સમય સદાય યાદગાર રહેશે.

એમને ચાલવું ખૂબ ગમે, ડુંગર ચઢવા ખૂબ ગમે. એ હૉબી મેં પણ અપનાવી! એમની સાથે ચા પીતાં-પીતાં કોઈ અનુભવ વહેંચવા બેસીએ ત્યારે સમય ક્યાં વીતી જાય એ ખ્યાલ જ ન રહે. મને જાણે એમ થયા કરતું કે તેમને સાંભળ્યાં જ કરું. પ્રોજેક્ટમાં નાના-મોટા સંઘર્ષ પણ આવે, ત્યારે અમે પૅનિક થઈ જઈએ, પણ મૅમ તે શાંતિથી હેન્ડલ કરે, અને તેમનો તે નિર્ણય અંતે તો પરફેક્ટ જ હોય.

હું હાલમાં કાઉન્સેલર તરીકે ટીબીના દર્દીઓ સાથે કામ કરું છું. એટલે આજે પણ આનંદીબહેનને બહુ યાદ કરું છું. હું રોજ અલગ-અલગ પ્રકારના લોકોને મળું ત્યારે આનંદીબહેનનું શીખવેલું રિકોલ થતું હોય છે.



તેઓ નિવૃત્ત થાય છે એ વાતનું મને દુખ છે, કેમ કે મારા લાયક કામ આવે તો હું તેમની સાથે કામ કરવાનું વિચારતી હતી. મારું મન હજુ ધરાયું નથી, હજુ તેમની સાથે ઘણું કામ કરવું છે. એમને સાંભળવા છે અને તે શીખવે તે હજુ જીવનમાં ઉતારવું છે. પ્રૉફેશનલથી સાથે-સાથે પર્સનલ લાઇફમાં પણ તેમની સલાહની જરૂર પડી છે. તેમણે હંમેશાં સારી સલાહ, સપોર્ટ અને સાંત્વના આપ્યાં છે. કહેવાનું તે બહુ છે, પણ મને તેમના જેવું લખતા નથી આવડતું એટલે અહીં વિરામ લઉં છું.



# સમાજકાર્ય (મનોચિકિત્સા) અભ્યાસક્રમનાં નિર્માતા અને રાહબર : ડૉ. આનંદીબહેન

**- ડૉ. વિપિન મકવાણા**
(આસિસ્ટન્ટ પ્રોફેસર)
(MSW – ૧૯૯૭)

આનંદીબહેનના વ્યક્તિત્વની ઘણી વિશેષતાઓ છે. આનંદીબહેન એટલે સમાજકાર્યનાં ઉત્તમ શિક્ષક, સંશોધક અને માર્ગદર્શક. તેમનું સમાજકાર્યના વિવિધ વિષયો તથા ક્ષેત્રોમાં આગવું ખેડાણ અને આગવું ચિંતન છે. તેઓ કોઈ પણ મુદ્દાને સમાજકાર્યના દ્રષ્ટિકોણથી તપાસે અને મુલવે. બાળકો, મહિલાઓ, દલિત અને આદિવાસી સમુદાય સાથે માનસિક આરોગ્યના ક્ષેત્રે પણ તેમનું આગવું ચિંતન રહ્યું છે. માનસિક આરોગ્યના વધતા જતા પ્રશ્નોમાં તેમણે સામાજિક કાર્યકરની ભૂમિકાને ખૂબ મહત્ત્વની ગણાવી છે. આનંદીબહેનના આ ક્ષેત્રના પ્રદાન અંગેની કેટલીક નોંધપાત્ર વિગતો આ તબક્કે રજૂ કરું છું.

## સમાજકાર્ય (મનોચિકિત્સા)અભ્યાસક્રમની શરૂઆત

હૉસ્પિટલ ફોર મેન્ટલ હેલ્થના સહયોગથી સમાજકાર્ય વિભાગમાં ૨૦૧૭-૧૮ના વર્ષથી MSW (Psy.) કોર્સની શરૂઆત કરવામાં આવી. તે માટે સરકાર સાથે MoU કરી, અભ્યાસક્રમ તૈયાર કરીને કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. બધું જ નવેસરથી કરવું તે ખાસ્સી મહેનત માંગી લે તેવું કામ હોય છે, પણ તેમની વહીવટી કુશળતાને કારણે આ કામ સરળતાથી થઈ શક્યું હતું. પ્રથમ બૅચમાં ૮ વિદ્યાર્થીઓ હતા અને પછી ક્રમશઃ વધારો થયો હતો. ફિલ્ડવર્ક, કેન્દ્રનિવાસ, જૉબ પ્લેસમેન્ટ જેવાં તમામ કાર્યો ખૂબ સરસ રીતે થઈ શક્યાં હતાં. તે તમામ કામો આનંદીબહેનની રાહબરી હેઠળ ગોઠવાયાં હતાં.

## માનસિક બીમારીમાં સમુદાય સાથે કામ કરવા ફિલ્ડ ઍક્શન પ્રોજેક્ટ

માનસિક બીમારી ધરાવતી વ્યક્તિની સારવાર અને પુનઃસ્થાપનની પ્રક્રિયામાં, કુટુંબ અને સમુદાયની ખૂબ મહત્ત્વની ભૂમિકા છે. આ અંગે વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ તાલીમ મળે તે માટે નવસારી જિલ્લા ખાતે કાર્યરત કસ્તુરબા સેવાશ્રમ-મરોલી સાથે એક ફિલ્ડ ઍક્શન પ્રોજેક્ટ તૈયાર કરી MOU કરવામાં આવ્યું હતું. સંસ્થાની આજુબાજુનાં ૫૦ ગામોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટની સૌથી મહત્ત્વની બાબત એ હતી કે, વિદ્યાર્થીઓને, શીખવાની પ્રક્રિયાના ભાગરૂપે તમામ પ્રક્રિયાઓમાં સામેલ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની શિબિર, પદયાત્રા અને કેન્દ્ર-નિવાસની બધી જ કામગીરી આ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવી હતી, જેના પરિણામે વિદ્યાર્થીનું ખૂબ સારું લર્નિંગ થઈ શક્યું હતું. આ બધી જ કામગીરીમાં આનંદી મૅડમનું ખૂબ સુંદર માર્ગદર્શન મળ્યું હતું. તેથી આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક થઈ શક્યો હતો.

## કોરોનાની કામગીરીમાં સમાજકાર્ય

**"આખો સમાજ ભયભીત હોય ત્યારે આપણે શાંતિથી કઈ રીતે બેસી શકીએ ? રોગચાળો ફાટી નીકળે ત્યારે આપણું કામ લાયબંબા જેવું છે."** એમ કહી આનંદી મૅડમે કોરોનાની મહામારીમાં સમાજકાર્યની ભૂમિકાને મહત્ત્વની ગણાવી હતી. ગુજરાતમાં કોરોનાના ડરના લીધે ઘણાં લોકોનાં મોત થઈ રહ્યાં હતાં. ત્યારે હૉસ્પિટલ તરફથી કહેણ આવ્યું કે, "વિદ્યાર્થીઓ, દર્દીઓના કાઉન્સેલિંગનાં કામમાં જોડાશે ? ત્યારે મૅડમે વિનાવિલંબે, હા પાડી હતી. અને પછી વિદ્યાર્થીઓને તૈયાર કરી કોરોનાની કામગીરીમાં જોડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ PPE કીટ પહેરીને કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે કામગીરીમાં જોડાયા હતા. અમદાવાદ, સુરત, રાજકોટ સહિત જુદી-જુદી હૉસ્પિટલોમાં અને ગામોમાં અંદાજિત ૧૩૩ જેટલા વિદ્યાર્થીઓએ તબક્કાવાર જોડાઈને ખૂબ સુંદર કામગીરી કરી હતી. પ્રથમ વર્ષના ૫૮ જેટલા વિદ્યાર્થીઓએ 'કોરોનામુક્ત ગામ'ની કામગીરીમાં જોડાઈ કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમનાં કુટુંબોને રાહત-સામગ્રી પૂરી પાડી હતી. આ તમામ કામગીરીની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવાઈ હતી. આ તમામ કામગીરી આનંદી મૅડમની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. તેમણે કોરોનાની મહામારી દરમ્યાન કોઈનો પણ ડર રાખ્યા વગર નિર્ભયપણે કામગીરી કરી હતી. કોરોનાની મહામારીમાં સામાજિક કાર્યકરની ભૂમિકાનું ઉત્તમ ઉદાહરણ તેમણે સૌને પૂરું પાડ્યું હતું. તેમની નિર્ભયતા અને નિર્ણયશક્તિને હું નમન કરું છું.

## સરકારમાં ભરતી માટે લોકપેરવી

આનંદીબહેન એક સારાં લોક-પેરવીકાર છે. તેમણે લોક-પેરવીનાં ઘણાં ઉત્તમ કાર્યો કર્યાં છે. પ્રોબેશન ઑફિસરની ભરતીમાં MSWને અને ગ્રામસેવકની ભરતીમાં BRSને અગ્રતા મળે તે માટે સરકારના વિવિધ અધિકારીઓને સમજાવવામાં તેઓ સફળ રહ્યાં હતાં. એ જ રીતે, સરકારમાં MPSWના વિદ્યાર્થીઓની ભરતી થાય તે માટે, સામાન્ય વહીવટી વિભાગના નવા ભરતીના નિયમોમાં ઉમેરો કરાવવાનું મહત્ત્વનું કામ પણ તેમણે કર્યું હતું. પરિણામે, હવે પછી આરોગ્ય વિભાગની ભરતીમાં MPSWના વિદ્યાર્થીઓને અગ્રતા મળશે. નીતિ-વિષયક સ્તરે આ ખૂબ મહત્ત્વની બાબત છે.

સમાજકાર્ય વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ સિવાય, તેમણે મને વ્યક્તિગત રીતે પણ ઘણાં મદદ-માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે, તે બદલ તેમનો હું ઘણો ઋણી છું. આનંદીબહેન નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિમય રહી સમાજોપયોગી કામો કરતાં રહે અને એમનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રભુને પ્રાર્થના.

# હૃદયમાં સ્નેહ અને માનવીય સંવેદના સાથે જ્ઞાન વહેંચનારાં ઉમદા શિક્ષકઃ આનંદીબહેન

**- સંજય દવે**
(લેખક-પત્રકાર, ચરખા-વિકાસ સંચાર નેટવર્ક, ગુજરાત)

આનંદીબહેનની છબી મારે મન એક ખુશમિજાજ વ્યક્તિ તરીકેની છે. ગૂજરાત વિદ્યાપીઠનાં સમાજકાર્ય વિભાગનાં વડાં હોવા છતાં, તેમના વાણી-વર્તન-વ્યવહારમાં ક્યારેય, હોદ્દાનો ભાર વર્તાય નહીં. તેઓ હંમેશાં સહજ, સરળ રહે. મને દર વર્ષે તેમના વિભાગના પ્રથમ સત્રના વિદ્યાર્થીઓ માટે દસ્તાવેજીકરણ અને અહેવાલ લેખનની એક દિવસીય કાર્યશિબિર કરવાની તક મળે. તે વખતે તેઓ તેમના વ્યસ્ત શિડ્યુલમાંથી મારી સાથે થોડીકવાર અનૌપચારિક સંવાદ કરવાનો સમય અચૂક ફાળવે. તેમની સાથે મેં જ્યારે પણ રૂબરૂ સંવાદ રચ્યો છે ત્યારે મને નિતાંત શાતા મળી છે.

પ્રોફેશનાલિઝમની સાથેસાથે માનવીય સંવેદનાનો તાલમેલ તમને તેમના વ્યક્તિત્વમાં જોવા મળે. તેમને મેં કાયમ, બીજાને આદર આપતા જોયા છે. તેમના સમિપે મેં સ્વમાનની લાગણીનો અનુભવ કર્યો છે. વિદ્યાર્થીઓ, સાથી-પ્રાધ્યાપકો, સામાજિક કાર્યકરો, પત્રકારો અને અન્ય હિતધારકો સાથેના તેમના ઉમદા વર્તન-વ્યવહારનો હું સાક્ષી રહ્યો છું. 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા' એ ઉક્તિ આનંદીબહેનના વ્યક્તિત્વને અનુરૂપ છે. માત્ર સમાજકાર્યની નહીં, પણ જીવનમૂલ્યોની શીખ તેમણે તેમના હજારો વિદ્યાર્થીઓને આપી છે. તેમના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં તેનું સિંચન થયેલું મેં જોયું છે.

આનંદીબહેન કામના ભારણ વચ્ચે પણ આપણી વાત ખૂબ હળવાશથી સાંભળે, આપણાં જીવનમાં રસ દાખવે અને માગીએ તો માર્ગદર્શન પણ આપે. એક કાબેલ કાઉન્સેલર અને ઉમદા શિક્ષક હોવાની અનુભૂતિ અનેકોને થઈ હશે. જવાબદારીના ભાર વચ્ચે પણ તેમના ચહેરા પણ મને હંમેશાં સ્મિત જોવા મળ્યું છે. જીવનમાં આવતા ચઢાવ-ઉતાર દરમ્યાન, સમય સાચવી લેવાની ધીરજ તેમ જ પરમશક્તિમાં શ્રદ્ધા રાખવાનું તેમનામાંથી શીખવા મળે.

વર્ષો સુધી હૃદયમાં સ્નેહ સાથે જ્ઞાન વહેંચનારાં આનંદીબહેનને અંતઃકરણપૂર્વકના અભિનંદન પાઠવું છું. એક ઉમદા વ્યક્તિત્વનાં સ્વામી એવાં આનંદીબહેનને નિવૃત્તિ ટાણે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ અને સ્નેહવંદન.





